पुस्तक ६०

विविध ग्रन्थमाला

वर्ष ५ मुं
सं. १९७१

टुंकी वार्ताओ

भाग २ जो.

अनुवादक:
कल्याणजी विठ्ठलभाइ महेता.

प्रकाशक: सस्तुं साहित्य वर्धक कार्यालय

મૂલ્ય—
અર્ધો રૂ.

विविध ग्रंथमाळा: पुस्तक ६० मुं. वर्ष पांचमुं.

टुंकी वार्ताओ

भाग ३ जो.

કુટુંબબોધક ૨૩ ટુંકાં ગૃહચરિત્ર.

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे

અનુવાદક:-કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા
(પાટીદાર યુવકમંડળ) નિવાસ—સુરત.

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ—અખંડાનંદ
ઠે. કાલબાદેવીરોડ—મુંબઇ.

પહેલી આવૃત્તિ-પ્રત ૫૩૦૦ વિ. સં. ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય—વાર્ષિક ફાળો ૦।, પાકું પૂઠું ૦।≈, પો. માફ.
છુટક ૦।≈, પાકું ૦॥—, પો. જૂદું.

અમદાવાદ
શ્રી 'ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ'માં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અનુક્રમણિકા.

વાર્તાનું નામ.	પૃષ્ઠાંક.
૧. પતિ કે પરમાત્મા ?	૧ થી ૧૬.
૨. અંગના કે દેવાંગના ?	૧૭ થી ૩૧.
૩. અભિમાની સ્ત્રી.	૩૨ થી ૫૪.
૪. હૃદયની અશાંતિ.	૫૫ થી ૫૮.
૫. 'કોઇ ભૂખ્યાને ખવડાવો.'	૫૯ થી ૬૬.
૬. શુભાનાં લગ્ન થયાં કે ?	૬૭ થી ૭૧.
૭. ગરીબ બિચારો પાંચો પટેલ.	૭૨ થી ૭૬.
૮. પ્રામાણિક ગબો પટેલ....	૭૭ થી ૯૮.
૯. લક્ષ્મીની ત્રણ ઠોકર.	૯૯ થી ૧૦૧.
૧૦. મનાવવામાં માનભંગ.	૧૦૨ થી ૧૧૩.
૧૧. ખરી પ્રભુસેવા.	૧૧૪ થી ૧૧૯.
૧૨. ચૂડેલ અને ચોર.	૧૨૦ થી ૧૩૫.
૧૩. 'તીજ'ની સાડી.	૧૩૬ થી ૧૪૧.
૧૪. પોથી–પુરાણ.	૧૪૨ થી ૧૫૬.
૧૫. પુરુષનું ગૌરવ કોના હાથમાં ?	૧૫૭ થી ૧૬૧.
૧૬. દોષ કોનો ?	૧૬૨ થી ૧૬૮.
૧૭. નવ્વાણુનો ફેર.	૧૬૯ થી ૧૭૪.
૧૮. 'ઇસ હાથ દે, ઉસ હાથ લે.'	૧૭૫ થી ૧૭૭.
૧૯. દેવી સુશીલા.	૧૭૮ થી ૧૯૦.
૨૦. પુનર્જન્મ.	૧૯૧ થી ૨૦૩.
૨૧. કાઇનો ઘોડો.	૨૦૪ થી ૨૧૨.
૨૨. દેવી ભગવતી.	૨૧૩ થી ૨૧૬.
૨૩. "માતા ઉઘાડી અને છોકરી ફૅનસી ?"	૨૧૭ થી ૨૨૩.

પ્રકીર્ણ વિષયો. શરૂનાં પૃષ્ઠ. ૬ થી ૧૬ તથા છેવટનાં ૨૨૪ થી ૨૪૦.

૧—આવતું પુસ્તક વી. પી. થી મોકલાશે.

આવતા (સં. ૧૯૭૨ ના) વર્ષનું પહેલું પુસ્તક 'સ્વામી રામ-તીર્થના સદુપદેશ—ભાગ ૮ મો' દિવાળી પછી તરતમાંજ એટલે કે કાર્તિક સુદી ૫ થી પ્રત્યેક ગ્રાહકપર વેલ્યુપેબલ પોસ્ટથી અનુક્રમવાર મોકલવાનુ શરૂ થનાર હોવાથી સવિનય જણાવવાનું કેઃ—

૧—વી. પી. સ્વીકારી લેવા વિષે.

ઉપલાં વી. પી. મોકલવાનું કાર્ય રજીષ્ટરના અનુક્રમ પ્રમાણે એકથી દોઢ માસ સુધી ચાલુ રહેતું હોવાથી તેટલા સમય સુધીમાં તે આવી પહોંચતાં વી. પી. ખર્ચ સહિત રૂ. ૨—૧—૦ અને પાકા પૂઠાનાં ગ્રાહકોએ રૂ. ૩—૧—૦ ભરીને તે સત્વર સ્વીકારી લેવા તસ્દી લેવી. ઉપલા સમય દરમિયાન બહારગામ જવું પડવાથી કે બીજા કોઈ કારણથી માલિકથી ઘર આગળ ન રહી શકાય તેમ હોય, ત્યારે વી. પી. આવ્યેથી પૈસા ભરીને સ્વીકારી લેવાની ખબર પોતાના ઘરનાં માણસોને પ્રથમથી આપી રાખવી; અથવા તો વધુમાં વધુ દશ દિવસની મુદ્દત સુધી પોસ્ટ ઑફિસમાં વી. પી. રખાવી શકાતાં હોવાથી તેમ કરવાની ખબર પોસ્ટમેનને અથવા પોસ્ટમાસ્તરને પ્રથમથીજ આપવી.

૨—ગ્રાહકમાંથી બંધ પડવા વિષે.

આવતા વર્ષથી જેમને ગ્રાહકમાંથી બંધ પડવું હોય તેમણે ઉપલી મુદ્દત (કાર્તિક સુદી ૫) સુધીમાં પોતાના રજીષ્ટર્ડ નંબર સાથે આ સાથેના કાર્ડપર યા બીજી રીતે અવસ્ય લખી મોકલવા તસ્દી લેવી. કેટલાકો આ સાદી સીધી બાબતપર પણ ધ્યાન નહિ આપતાં વી. પી. આવ્યેથી પાછું વાળીને આ સંસ્થાને નાહક બે ત્રણ આનાના ખર્ચ અને મહેનતમાં ઉતારે છે એ બહુજ શરમભરેલું હોઇને તે નુક-સાન ભરી આપવાને તેઓ જવાબદાર છે.

૩–લાયબ્રેરીઓ વિષે.

જે લાયબ્રેરીઓ વડોદરા રાજ્યના અધિકારી મારફત ગ્રાહક હશે, અથવા તો નવા વર્ષની મંજુરી મળ્યા પછીજ ગ્રાહકમાં ચાલુ રહેતી આવી હશે; તેમના તરફથી તેમનો અથવા તે ખાતાના ઉપરીનો ઑર્ડર મળ્યેથીજ પુસ્તકો મોકલવાં શરૂ થશે. તેઓ પ્રથમથી નાણાં નહિ મોકલતાં વી. પી. થીજ મંગાવશે તો તે ઉભયને વધુ અનુકૂળ થઈ પડશે, છતાં જેવી તેમની અનુકૂળતા. આવી લાયબ્રેરીઓને ખાસ જૂદી પાવતીની આવશ્યકતા રહેતી હોવાથી હવેથી તેમનાપર પહેલું પુસ્તક વી. પી.થી કે બુકપોસ્ટથી મોકલાશે તેની અંદરજ તેવી પાવતી મોકલી અપાશે.

એ સિવાયની બીજી જે લાયબ્રેરીઓ સાથે ચાલુ ધોરણ મુજબ અન્ય ગ્રાહકોની પેઠે વર્ષનું પહેલું પુસ્તક વી. પી. થી મોકલવાનું ધોરણ ચાલુ છે, તેમનાપર તેજ પ્રકારે મોકલાશે.

૪–આફ્રિકા ઇ૦ અન્ય દેશો વિષે.

આફ્રિકા ઇ૦ જે અન્ય દેશોમાં વી. પી. જઇ શકતાં નથી, ત્યાના ગ્રાહકોને પોતાનું લવાજમ સત્વર મોકલી આપવા વિનતિ છે. લવાજમ મળતાં તરતજ તેમના તરફ પુસ્તકો મોકલવાં શરૂ થશે.

૫–લવાજમ અગાઉથી ભરવા વિષે.

કોઇ કારણસર જેમને વી. પી. ને બદલે મનીઑર્ડરથી કે બીજી રીતે નાણાં મોકલવાં કે ભરાવવાં વધુ અનુકૂળ હોય તેમણે પણ ઉપલા સમય સુધીમાંજ મુંબઇ કે અમદાવાદના કાર્યાલયમાં પહોંચાડીને પાવતી મેળવવી જોઇએ.

૬–ઠેકાણું બદલાવવા વિષે.

જેમનું ઠેકાણું બદલાયું હોય અથવા તરતમાં બદલાનાર હોય તેમણે તે વિષે પણ ઉપલા સમય સુધીમાં લખી જણાવવું. એ પછી

પણ જેમનું ઠેકાણું બદલાય તેમણે તે બદલવા પૂર્વેજ ખબર આપી દેવી જોઇએ. મહીનો બે મહીના માટે બદલવાનું હોય તો ત્યાંની પોસ્ટ ઑફિસને તે વિષે લખી દેવું. વધુ સમય માટે બદલવાનું હોય તોજ આ ખાતાપર લખવું જોઇએ. કેટલાકો ઠેકાણું બદલ્યા પછી મહીનાઓ સુધી ખબર નહિ આપવાની ગફલત કરતા હોવાથી તેના ફળરૂપે તેમનાં પુસ્તકો ગેરવલ્લે જઇ ફરીથી તેમને ખરીદવાં પડે છે.

૭–સાદાંને બદલે પાકાં પૂઠાંનાં પુસ્તકો લેવા વિષે.

સાદાં પૂઠાં કરતાં પાકાં પૂઠાંનાં પુસ્તકોમા માત્ર એકજ રૂા. નો ફેર હવે રહેલો છે, તેમાં પણ ચારેક આના તો એકલા પોસ્ટેજમાં વધુ ખરચાય છે એટલે ખરૂ જોતાં માત્ર બાર આનામાંજ પાકાં પૂઠાં ગ્રાહકને મળી શકે છે, તેમજ સાદાં પૂઠાં કરતાં તે અનેક ગુણ્ પોચ-વડા થઈ પડે છે; એ વાતની સ્મૃતિ આ પ્રસગે પણ પ્રત્યેક ગ્રાહક સજ્જનને આપીને સૂચવવામાં આવે છે કે જેમનાથી બની શકે તેમણે પાકાં પૂઠાંના વર્ગમાંજ ગ્રાહક થવુ ઉચિત છે. જેમને આવી ફેરફારી કરાવવી હોય તેમણે પણ ઉપલી મુદ્દત સુધીમા ત વિષે લખી જણાવવું જોઇએ.

૮–ચાલુ વર્ષનાં પુસ્તકો વિષે ગ્રાહકોનો અભિપ્રાય.

વિવિધ ગ્રંથમાળા તેમજ ચરિત્રમાળાનાં ચાલુ વર્ષનાં પુસ્તકો-માંથી પોતાને કયાં વધુ ગમ્યાં, કયાં સાધારણ ગમ્યાં અને કયાં ઓછાં ગમ્યાં કે સાવ નજ ગમ્યાં, તે બાબત જાણવા માટે ગત વર્ષની માફક આ વખતે પણ કાર્ડની પાછળ દરેક પુસ્તકનું નામ છપાવેલું છે, અને બનતાં સુધી ઉપર લખ્યા જેવાજ શબ્દોમા ટુંકાણથી ઉત્તર લખી શકાય તે માટે પ્રત્યેક પુસ્તકની સ્હામે જગ્યા ખાલી રાખી છે, તો પ્રત્યેક ગ્રાહકને પોતપોતાની મરજી પ્રમાણેના ઉત્તરો તે જગ્યાએ ભરી મો-કલવા વિનતિ છે. અગાઉ તેજ પુસ્તક બીજેથી ખરીદેલું હોવાથી

જેમને ત્યાં તે પુસ્તક ખેવડાયું હોય તેમણે તે વાત પણ લખવી; પણ એપરથી તે પાછું લેવામાં આવશે એવો વિચાર બાંધવો નહિ.

૨—આવતા વર્ષના નિયમો.

હરકોઈ વર્ષ પૂરૂં થયું હોય કે થાય તે પછીથી તે વર્ષનાં પુસ્તકોનો સૅટ ટપાલ રસ્તે મંગાવનાર પાસેથી પોસ્ટેજ ખર્ચ હવેથી જૂદું લેવાશે.

એ સિવાયના સર્વ નિયમ સં. ૧૯૭૧ માટે પુસ્તક ૪૯–૫૦ માં છપાયલા નિયમો પ્રમાણેજ સં. ૧૯૭૨ માટે પણ ચાલુ રહેશે.

૩—આવતા વર્ષમાં નીકળનાર પુસ્તકો.

૧૯૭૨ ના વર્ષમાં આ સંસ્થાદ્વારા નીચલામાંનાં બનશે તે તે પુસ્તકો નીકળશે. વિશેષ પસંદગી જારી રહી ફેરફારીની છૂટ રહેશે.

વિવિધગ્રંથમાળાદ્વારા—

સ્વામી રામતીર્થના સદુપદેશ—ભાગ ૮–૯, **આરોગ્ય વિષયક સૂચનાઓ**—**મો. ક.** ગાંધીકૃત, **દૈવીજીવન**—અથવા ઇન્ટ્યૂન વિથ ઇન્ફીનેટનો અનુવાદ—**મ. ન.** દોશી બી. એ નો કરેલો, **સુખનો સિદ્ધાંત, રવીન્દ્રનાથ ટાગોરના નિબંધ, વિજ્ઞાન** (સાયન્સ) **વિષયક ઉપયોગી લેખો, ટુંકીવાર્તાઓ**—ભાગ ૪ થો, **લઘુલેખ સંગ્રહ** ભાગ ૨ જો, **નવાયુગની વાર્તાઓ**—ભાગ ૩ જો, **સ્વામી રામતીર્થનું વિસ્તૃત જીવન, સ્વામી વિવેકાનંદના સદુપદેશ ભાગ ૩ જો, સુખી થવાનો માર્ગ** (પ્લેઝર ઑફ લાઇફનો અનુવાદ ડા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇએ કરેલો) **દુઃખમાં ઉન્નતિ. શીખોનું પરિવર્તન, ઇંગ્લંડની રાજ્યવ્યવસ્થાનો ઇતિહાસ.**

ચારિત્રમાળાદ્વારા—

રાજા રામમોહનરાય, બાયજાબાઈ શિંદે, ગ્લૅડસ્ટોન,

પ્રિન્સ બિસ્માર્ક, મીલ, ટૉલ્સટૉય, કરનલ સુરેશ વિશ્વાસ, અશોક, ચંદ્રગુપ્ત, બ્રહ્મેન્દ્રસ્વામી, અહલ્યાબાઇ હૉલ્કર, મહાન અકબર, મહાન પિટર, મહાન આલ્ફ્રેડ, પ્રેસીડૅન્ટ ગારફીલ્ડ અને લિંકન, વિદેશી સ્ત્રીરત્નો, વિદેશી વીર-પુરુષો, મહાકવિ બાણભટ્ટ.

બૃહદ્ ગ્રંથમાળાદ્વારા—

બૃહદ્ ગ્રંથમાળાદ્વારા બનતાં સુધી નીચલાં તમામ પુસ્તકો ચાલુ વર્ષમાંજ નીચે જણાવેલા સમયના સુમારપર નીકળશે.

લડાઇની અગવડોને લઇને એ સર્વ પુસ્તકો માટે જોઇતા કાગળોની સગવડ અત્યાર અગાઉથી પૂર્ણ કરી રાખવામાં આવી છે. તેમજ ભાષાંતરની યોજના પણ યોગ્યરીતે ગોઠવાઈ ચૂકેલી છે.

દાસબોધ ભાષાંતર—પોષ માસમાં નીકળશે.
યોગવાસિષ્ઠ ભાગ ૨ જો—ફાગણ માસમાં નીકળશે.
શ્રી જ્ઞાનેશ્વરી ગીતા—નવી આવૃત્તિ ઉનાળામાં નીકળશે.
રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ ૨ જો—ઉનાળામાં નીકળશે.
મહાભારતનાં આદિ અને સભાપર્વ—ચોમાસામાં નીકળશે.
,, **વન, વિરાટ અને ઉદ્યોગ પર્વ**—દિવાળીપર નીકળશે.
વાલ્મિકી રામાયણ—દિવાળીપર નીકળશે.

૪—વાર્ષિક સૅટોનું પોસ્ટેજ જૂદું.

વિવિધ અને ચરિત્રમાળાનાં પુસ્તકો અત્યાર સુધી ગ્રાહકોની ચાલુ સંખ્યા કરતાં હજાર દોઢહજાર સુધી વધુ છપાતાં હતાં, અને વર્ષ પૂરૂં થયા પછીથી પણ તેના સૅટો ચાલુ વાર્ષિક મૂલ્યે અપાઇને પોસ્ટેજ ખર્ચ મજરે લેવાતું નહિ.

પરંતુ એટલા સૅટો ખપવામાં પાંચથી દશ વર્ષ નીકળી જતાં હોવાને લીધે હવેથી માત્ર પાંચસો સાતસો પ્રતજ વધુ છપાતી રહેશે અને ચાલુ વર્ષમાંજ ગ્રાહક થનાર તેમજ વર્ષ પૂરૂં થયા પછી સૅટ ખરીદનાર વચ્ચે કંઇક તફાવત રહેવાની જરૂર હોવાથી, હવેથી આગલાં તમામ વર્ષોના વાર્ષિક સૅટ તેમજ ચાલુ વર્ષ પુરૂં થયા પછી તે વર્ષના સૅટ બંધાશે તે સર્વેનું પોસ્ટેજ ખર્ચ ખરીદનારને માથેજ રહેશે. ભવિષ્યનાં વર્ષો માટે પણ બંને માળાઓ માટે એજ નિયમ ચાલુ રહેશે. પોસ્ટેજ જૂદું ખર્ચવા નહિ ઇચ્છનારે વર્ષ પૂરૂં થયા પછીથી સૅટ ખરીદવાનુ નહિ રાખતાં વર્ષની શરૂઆતથી તે આખરી સુધીમાંજ તે વર્ષના ગ્રાહક થવું એજ ઉચિત છે. કેમકે કોઇ પણ ચાલતા વર્ષની આખર સુધીમાં તે વર્ષના ગ્રાહક થનાર પાસેથી પોસ્ટેજ જૂદું લેવાતું નથી,

એ ધોરણમાં બે માસની રાખેલી છૂટ.

જે સજ્જનો વિવિધ તથા ચરિત્રમાળાના ૧૯૭૧ સુધીના વાર્ષિક સૅટોમાંથી એક અથવા વધુ સૅટો તરતમાં ખરીદવા ઇચ્છતા હોય તેમને ૧૯૭૨ ના માગશર માસ સુધી આગલા 'પોસ્ટેજ માફ' વાળા નિયમથી તે આપવાની છૂટ રાખવામાં આવી છે; અને દરેક વર્ષના સૅટમાં કયાં કયાં પુસ્તકો છે તે બાબત પ્રત્યેક વાંચકની જાણને માટે એક જૂદા કાર્ડપર છપાવીને તેવાં કાર્ડ આ પુસ્તક સાથે વહેંચવામાં આવ્યાં છે. માટે ઇચ્છા હોય તેમણે ઉપલી મુદ્દત સુધીમાં આ તકનો લાભ લેવો. એ મુદ્દત પછી પોસ્ટેજ જૂદુંજ લેવાશે. નિયમ બદલવા અગાઉ આગલા નિયમ પ્રમાણે જેમને સૅટો ખરીદવા હોય તેઓ ખરીદી શકે, એટલા માટેજ આ છુટ મૂકવામા આવી છે. એ મુદ્દત પછીથી એવી છુટ મળી શકશે નહિ. પોસ્ટેજ ખર્ચ હરકોઇ ૧૫૦૦ પૃષ્ઠના સૅટ માટે શુમારે પાંચ આના અને પાકાં પૂઠાં હોય તો સાત આના થવા જશે. બે હજાર પૃષ્ઠવાળા સૅટ માટે છ અને આઠ આના શુમારે સ્હમજવું.

૫—ચાલુ વર્ષમાં નીકળેલાં પુસ્તકો.

૧—વિવિધગ્રંથમાળાનો ચાલુ વર્ષનો પૃષ્ઠમેળ—

૪૯—૫૦	**સ્વામી વિવેકાનંદ એમના સદુપદેશ—** ભાગ ૧ લો.	૨૯૬	૧
૫૧—૫૨	**અખાની વાણી**—ભાગ ૧ લો.	૩૨૦	૦
૫૩ થી ૫૬	**સાચું સ્વર્ગ.**	૬૮૦	૦
૫૭ થી ૫૯	**સ્વામી વિવેકાનંદ એમના સદુપદેશ—** ભાગ ૨ જો.	૪૭૨	૧
૬૦	**ટુંકી વાર્તાઓ**—ભાગ ૩ જો.	૨૫૬	૦
	કુલ.	૨૦૨૪	૨

ચાલુ ધોરણ મુજબ ઉપલી કુલ ૨૦૨૪ ની પૃષ્ઠ સંખ્યામાં ૨ ચિત્રબદલના પૃષ્ઠ ૩૨ ઉમેરી તેમાંથી બહારની મૂલ્યથી લેવાયલી જાહેર ખબરોનાં પૃષ્ઠ ૧૦ બાદ કરતાં નક્કી પૃષ્ઠ સંખ્યા ૨૦૪૬ની રહે છે; જેમાં આ સંસ્થા તરફની નેમજ બદલામા અને લોકહિતાર્થે વિના મૂલ્યે લેવાયલી જા૦ ખ૦ ના પૃષ્ઠ ૩૮ નો સમાવેશ છે.

૨—ચાલુ વર્ષમાં ચરિત્રમાળાદ્વારા નીકળેલાં પુસ્તકો—

૩૭–૩૮ **જોન ઑફ આર્ક**, ૩૯–૪૦ **ભારતની દેવીઓ**—ભાગ ૧ લો, ૪૧–૪૨ **મહાન અલેકઝાંડર**, ૪૩ થી ૪૫ **મહાન શીખ ગુરુઓ**, ૪૬ થી ૪૮ **જગવિખ્યાત પુરુષો**—ભાગ ૩ જો.

એમાંના છેલ્લા બે પુસ્તક આ લખાણ લખતી વખતે છપાઇ રહેવા આવેલા છે જે દિવાળી સુધીમાં ગ્રાહકો તરફ રવાના થઇ જશે.

૩—બૃહદ્ ગ્રંથમાળાનાં પુસ્તકો—

શ્રીમદ્ ભાગવત ભાષાન્તર—આવૃત્તિ ૫ મી, **શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ**—ભાગ ૧ લો, **શ્રીમદ્ ભગવતી ભાગવત.**

૬—ભગવતી ભાગવતનું મૂલ્ય.

આ ગ્રંથ ભાદ્રપદની આખર સુધીજ સવાબેથી આપવા ઠરાવેલુ, પરંતુ તે તૈયાર થવામાં વધુ વિલંબ થવાને લીધે દિવાળી સુધી તેજ મૂલ્યે આપવાનું ઠરાવ્યું છે. મુંબઈ હ૦ બહારનાં સ્થળોમાં બે આના વધુ લેશે. એ પછી બીજા એક વર્ષ સુધી એટલે સંવત્ ૧૯૭૨ સુધી તે રૂ. ૨॥ થી અપાશે, અને તે પછીથી તેનું મૂલ્ય પૂરેપુરૂ રૂ. ૨॥। (પોણાત્રણ)જ લેવાશે.

૭—આ સંસ્થાનો હિસાબ અને રિપોર્ટ.

આ કાર્યની ઉતાવળ અમારા જેટલી બીજા કોઇને ભાગ્યેજ હશે, પરંતુ સંસ્થાના "તુરતમાજ ન કરવાથી ખાસ અગવડ ઉભી થાય" એવાં ચાલુ કાર્યોની રોકાણમાંથી અવકાશ ભાગ્યેજ મળેલો હોવાથી આ કાર્ય હજીએ પૂર્ણ થઈ શક્યુ નથી. આમ છતાં ગતવર્ષ સુધીનો હિસાબ તો ચાલુ વર્ષમા જેમ તેમ કરીને તૈયાર થઇ ચૂક્યો છે. રિપોર્ટ પણ અર્ધોક લખાઈ ચૂક્યો છે, બાકીનો ભાગ આસો માસમાં તૈયાર કરી દઇને ચાલુ પુસ્તક સાથેજ તે રવાના કરી દેવા આતુરતા છતા તેજ અરસામાં અમદાવાદના કાર્યાલયની ફેરફારી વગેરેનુ કામ આવી પડતા તેમ બની શક્યું નથી. હવે તો પોષ માસમા રવાના થનારા પુસ્તક સાથેજ તે વહેંચી શકાવા સભવ છે. હિસાબ અને રિપોર્ટના અભાવે દ્વેષીઓ અનેક પ્રકારની ગપસપ ફેલાવી રહ્યા છે અને તેથી કેટલાક સમજુઓ પણ તેવાઓની વાક્યજાળમાં ફસાઈ પડયા છે, એ વાતની ખબર હોવા છતાં તેથી ગભરાઇ ઉઠીને સંસ્થાના ચાલુ કાર્યમાં ક્ષતિ આવવા દઇને હિસાબ—રિપોર્ટમાં મંડી પડવું એવી અશ્રદ્ધા 'સત્ય' પ્રત્યે રાખવાની કશીજ જરૂર નથી.

૮—અમદાવાદના ઠેકાણામાં ફેરફાર.

ચાલુ આસો માસથી અમદાવાદના કાર્યાલયનું સ્થળ "સલાપોસ રોડ" તરફથી બદલીને નીચલે સ્થળે લઇ જવામાં આવ્યું છે.

ત્રણ દરવાજા બહારથી નદી તરફ જતી ડાબી બાજુની મ્હોટી સડક ઉપર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના મકાનની પેલી તરફ **"સંસાર સુધારા હૉલ"** વાળા નવા મ્હોટા મકાનની નીચે.

વધુ માહિતી માટે જણાવવાનું કે એ મકાનની ચારે તરફ ખુલ્લી જગ્યા છે. એક તરફ સેશન્સકૉર્ટ અથવા મ્હોટી પોસ્ટ ઑફી-સનો ખુણો છે ને એક તરફ મીશન હાઇસ્કુલની પીઠ છે.

પત્ર વ્યહવારમાં તો માત્ર **અમદાવાદ** લખવું પૂરતું થઇ પડશે.

અમદાવાદનું કાર્યાલય ખુલ્લું રહેવાનો સમય.

રવીવાર તથા મુખ્ય તહેવારો સિવાય દરરોજ સ્ટૅન્ડર્ડ ૧૧ થા ૬ સુધી.

મુંબઇનું કાર્યાલય ખુલ્લું રહેવાનો સમય.

રવીવાર તથા મુખ્ય તહેવારો સિવાય દરરોજ સ્ટૅન્ડર્ડ ૭ થી ૧૦ સુધી માત્ર સ્હવારેજ.

સ્હાંજે બહુ જરૂરી કામ હશે તો ૬ થી ૬ાા સુધીમાં થઇ શકશે.

કોઇ કારણસર કોઇને રવીવારેજ ખાસ જરૂર હશે તો અગા-ઉથી ખબર આપવાથી અમદાવાદ અથવા મુંબઇના કાર્યાલયમાં તે ટાઇમે તે કામ થવા પુરતી સગવડ બનતાં સુધી કરી અપાશે.

૯—બે સારાં પુસ્તકો બહુજ સસ્તામાં

ગુજરાતી ભાષામાં 'હિંદના મિત્રો અને પુત્રો'નાં જીવનચરિત્રો સારારૂપમાં તૈયાર કરાવીને પ્રસિદ્ધ કરવાની એક ઉપકારક યોજના અમદાવાદમાં રા. રા. પાંડુરાવ જીવણલાલે કરેલી, પરંતુ કેટલાંક કારણોસર તે તેમને પડી મૂકવી પડી હતી. એ યોજનાદ્વારા પ્રકટ થયેલાં પુસ્તકો પૈકી સીલકે રહેલી નીચેની બે બુકો બે માસ સુધીને માટે માત્ર નામની કીંમતે આપવાનું તેના માલીકે કબૂલ કરવાથી, સર્વે ગુજરાતી વાંચક બંધુઓને ભલામણ કરવાની કે,—એ બન્ને બુકો ખાસ વાંચવા યોગ્ય હોઇને આવી જૂજ કિંમતે મળતી હોવાથી આવી ક્વચિતજ મળતી તકનો લાભ જેમનાથી બને તેમણે અવશ્ય લેવો. પુસ્તકનાં નામ, કદ, મૂલ્ય તથા પોસ્ટખર્ચ નીચે પ્રમાણે છે.

મહાન દેશભક્ત દાદાભાઈ નવરોજજી—લેખક ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ. એલ. સી. પી. ઍન્ડ એસ. કદ રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૧૩૬ એમાં એ મહાત્માનું જીવનચરિત્ર તથા ભાષણો ઇ૦ નો સમાવેશ છે. સાદું પૂઠું મૂલ્ય ૦)॥ હાલનું હંગામી મૂલ્ય ૦)–

ગોપાળકૃષ્ણ ગોખલેનું ચરિત્ર—ભાગ ૨ જો—કદ ૧૬ પેજી પૃષ્ઠ ૧૯૨ સાદું પૂઠું, મૂલ્ય ૦।≈ હાલનુ હંગામી મૂલ્ય ૦)–ા

આ પુસ્તકમાં એ મહાત્માના જીવનની કેટલીક હકીકત ઉપરાંત તેમનાં કેટલાંક અગત્યનાં ભાષણો તથા હિલચાલો અને તેમણે સ્થાપેલી સર્વંટસ ઑફ ઇન્ડીયા સોસાઇટી અને તેના તરફથી બજાવાતા કેટલાક કામકાજની ઉપયોગી હકીકત આવેલી છે.

બંને પુસ્તકોના ૦)≈ા, પો૦ સાથે ૦)॥ા. વી. પી. સાથે ૦।– આ પુસ્તકો સં. ૧૯૬૯ તથા ૭૦ માં છપાયલાં છે.

મળવાનું ઠેકાણું:—પાંડુરાવ જીવણલાલ દેસાઈ.
માધવબાગ સામે—**અમદાવાદ.**

નિવેદન

વિવિધ ગ્રંથમાળાનું આ ૬૦ મું પુસ્તક છે. આ માળાનું પાંચમું વર્ષ આ પુસ્તક સાથે સમાપ્ત થાય છે. ટુંકી વાર્તાઓના રૂપમાં કુટુંબબોધક ૨૩ ગૃહચિત્ર એમાં આપેલાં જણાશે. વાર્તાઓ સાથે વિષયને અનુસરતા, ટુંકા પણ ઉપયોગી નિબંધ બે સ્થળે જોડવામાં આવેલા જણાશે.

આ પુસ્તકના અનુવાદક શ્રીયુત કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતાનો પરિચય આ માળાના વાચકો સાથે પહેલોજ હોવા છતાં ગુણજ્ઞ વાચકો તેમના આ કાર્યથી સંતોષ પામ્યા વિના રહેશે નહિ.

અનુવાદ તૈયાર કરવામાં અનુવાદક તેમજ સંપાદકને યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં યથામતિ ફેરફાર અને વધઘટ કરવામાં આવ્યાં છે. વાર્તાના પરિણામરૂપે ફળીભૂત થતો બોધ, કે જે પરોક્ષ વા અપરોક્ષરૂપે પ્રત્યેક વાર્તાને છેડે સમાયલો હોય છે; તેને વધુ ઉપયોગી અને સ્પષ્ટ બનાવવાના હેતુથી ઘણીખરી વાતોમાં તે ભાગ નવેસરથી લખ્યા છે.

ગયા વર્ષમાં નીકળેલા ટુંકી વાર્તાઓના બીજા ભાગનું નિવેદન આ પુસ્તકના વાચનપૂર્વે વાચકોએ જોઇ જવું ઉચિત છે; પરંતુ તેમ થોડાઓજ કરી શકે એમ લાગવાથી તથા નવીન ગ્રાહકો પાસે તો તે ભાગ હોય પણ નહિ, જેથી તેમાંનો આવશ્યક ભાગ સહજ સુધારાશુ સાથે આ નીચે આપવામાં આવે છે.

“હરકોઈ વિષયનો બોધ દૃષ્ટાંત કે વાર્તામાં ગુંથીને આપવાથી તે અધિક રસિક અને અસરકારક થઇ પડતો હોવાથી તેવા ઉદ્દેશથી અનેક વાર્તાઓ પ્રકટ થાય છે; પરંતુ ઘણી વાર્તાઓમાં કેટલેક સ્થળે યોગ્ય મર્યાદા ન રહેવાથી તેમાં આનંદ તથા સદ્બોધદાયક અંશો

રહેલા હોય છતાં પણ માતા, ભગિની, બંધુ કે વૃદ્ધજનોને એવી વાર્તાઓ વાંચવા આપી શકાતી નથી કે વાંચી સંભળાવી શકાતી નથી; જેથી એવો અંતરાય ન નડે અને કુટુંબીઓને વિના સંકોચે વંચાવી, સંભળાવી શકાય, તેમજ શાળાઓમાં ઇનામ દાખલ વહેંચી શકાય એવી વાર્તાઓ વધુ ને વધુ પ્રકટ થતી રહેવાની જરૂર છે."

"આ પુસ્તકમાં એવી ઉપકારક વાર્તાઓજ બનતી કાળજીથી ચુંટી કહાડીને દાખલ કરવામાં આવી છે, જેથી આશા છે કે વાંચકો તેનો ઉપયોગ પોતાનાં ભણેલાં તેમજ વગર ભણેલાં કુટુંબીજનો વગેરે માટે કાંઇ પણ સંકોચવિના છૂટથી કરી શકશે."

"આમાંની વાર્તાઓમાં ગુણ તેમજ અવગુણનાં પ્રદર્શક જે પાત્ર અને ચિત્ર આપેલાં છે; તેમાંનાં થોડાં વા ઘણા જેને લાગુ પડતાં ન હોય, તેમજ એમાંથી પ્રાપ્ત થતો સદ્‌બોધ જેમને ઉપકારક ન થઇ પડે તેમ હોય, એવું એક પણ મનુષ્ય જેમના ગૃહ–કુટુંબમાં ન હોય; તેમને એવા સદ્‌ભાગ્ય માટે મુબારકબાદી આપી બાકીના સર્વ જનસમાજ માટે તો કહેવુંજ પડશે કે વધુ નહિ તો એક પણ એવું સુધારણાને પાત્ર મનુષ્ય દરેક ગૃહમાં કોઈ નહિ ને કોઇ હશે ને હશેજ."

"આવી વાર્તાઓ એવાં મનુષ્યોના શ્રવણમાં કે વાચનમાં સીધી કે આડકતરી રીતે લાવવાની કાળજી રાખવાથી તેમને વિનોદ તથા આનંદ સાથે સદ્‌બોધ પ્રાપ્ત થઇ તેમના સ્વભાવ તેમજ સ્થિતિમાં કાંઈ પણ સુધારો થયા વિના રહેશે નહિ; એવી આ વાર્તાઓની ખુબી છે. ગુણવાન મનુષ્યને પણ આવી વાર્તાઓ વિનોદ સાથે આનંદ આપી તેમના સત્ સંસ્કારોમાં વૃદ્ધિ અને દઢતા કરનારીજ થઇ પડશે."

બીજા ભાગની પેઠે આ ત્રીજા ભાગમાં પણ એવી ઉપકારક વાર્તાઓજ ચુંટી કહાડીને આપવામાં આવી છે.

આમાંની પ્રથમની ત્રણ વાર્તાઓ રા. વ્રજલાલ જાદવજી ઠક્કર

પાસે કેટલાક સમયપર તૈયાર કરાવેલી હતી. નં. ૬ વાળી વાર્તા 'વૈશ્યપત્રિકા'માં, તથા સાતમી અને આઠમી વાર્તાઓ 'પટેલબંધુ'માં આવેલી છતાં સ્થાયીત્વને યોગ્ય હોવાને લીધે તે આમાં પણ દાખલ કરી છે.

એ સિવાયની તમામ વાર્તાઓ શ્રીયુત કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતાના હાથની છે. એમાં ૮, ૧૧ તથા ૨૩ મી તેમણે સ્વતંત્ર લખેલી છે; ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ આ વાર્તાઓ પ્રયાગમાં પંડિત સુદર્શનાચાર્ય બી. એ. તથા શ્રીમતી ગોપાલદેવીના સુયોગ્ય સંપાદકપણા નીચે ચાલતા 'ગૃહલક્ષ્મી' માસિકના જૂદા જૂદા અંકોમાંથી લેવાયલી છે; તેમજ ૪, ૫, ૧૨, ૧૩, ૧૬ એ વાર્તાઓ સુપ્રસિદ્ધ હિંદીપત્ર 'વેંકટેશ્વર સમાચાર' તથા માસિકપત્રો 'ઇન્દુ,' 'સ્ત્રીદર્પણ' અને 'મર્યાદા' એમાંથી લેવામાં આવી છે. આ સર્વ મૂળ વાર્તાઓના લેખક, સંપાદક તેમજ પ્રકાશક મહાશયોનો આ સ્થળે સપ્રેમ આભાર માનવામાં આવે છે. વાર્તાઓમાં રહેલી ખૂબીઓ તથા ઉપકારકતાનું મુખ્ય માન તેના મૂળ લેખક વિદ્વાનોનેજ છે.

બનતાં સુધી "વિવિધ ગ્રંથમાળા"ના દરેક વર્ષમાં આવું એકાદ પુસ્તક અપાતું રહે તેમ થશે.

સં. ૧૯૭૧ આશ્વિન સુદ બીજ.
તા. ૧૦–૧૦–૧૯૧૫ } **મંત્રી.**

તા૦ ક૦ આ નિવેદનની અગાઉ અપાયલા પ્રકીર્ણ જરૂરી વિષયો જેમ કે—**આવતું પુસ્તક વી. પી.થી મોકલાશે, વાર્ષિક સેટોનું પોસ્ટેજ જૂદું, અમદાવાદના ઠેકાણામાં ફેરફાર** ઇત્યાદિ તથા પુસ્તકોની છેડે આપેલા **સહાયસ્વીકાર** તથા **ગ્રંથસ્વીકાર**વાળા વિષયો તરફ પ્રત્યેક વાંચક બંધુનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

ટૂંકી વાર્તાઓ

ભાગ ત્રીજો.

૧

પતિ કે પરમાત્મા?

(૧)

"ઓ બા ! નિર્મળાનો વર તેને ત્યાં આવ્યો છે. મ્હારો વર આપણે ત્યાં ક્યારે આવશે ?"

આ વાક્યે માતાના મર્મસ્થળને વીંધી નાખ્યું. અભાગિની માતાનાં નેત્રોમાંથી 'ખર–ખર' આંસુઓ ખરી પડ્યાં. તરતજ તેણે ઘરની બહાર જઇને પોતાની આંખો લુછી નાખી. આમ છતાં તેના મનની વેદના દૂર થઈ નહિ ! પુનઃ આંસુ ભરાઈ આવ્યાં. શરીર શક્તિવગરનું થઈ પડ્યું, ચેતના ધીમે ધીમે ઘટવા લાગી અને થોડાજ સમયમાં અભાગિની માતા બેભાન થઇને ઢળી પડી.

'શું થયું?' 'શું થયુ?' કરતાં દાસ–દાસીઓ દોડી આવ્યાં. અજ્ઞાન બાલિકા આશા ઘરમાંથી બહાર નીકળી. તેણે બહાર જતાંની સાથેજ જોયું કે તેની સ્નેહાળ માતા જમીન ઉપર પડી રહી છે. આશા પોતાની માતા પાસે જઈ તેના શરીરને બાઝી પડીને મુખ ઉપર મુખ રાખી વ્યાકુળ કંઠે કહેવા લાગી:–"બા ! ઓ બા ! બા રે !"

તેની માતાએ ઉત્તર આપ્યો નહિ. દાસીઓ શેઠાણીના મસ્તક ઉપર જળ છાંટવા લાગી, કોઇ પવન નાખવા લાગી, કોઇ દિવાનખાનામાં શેઠને ખબર આપવા દોડી ગઈ. આશા પોતાની બા ઉત્તર નહિ આપતી હોવાથી તેના શરીર ઉપરજ પડી રહી રૂદન કરવા લાગી.

સમાચાર મળતાંજ કૃષ્ણલાલ પોતાની ગૃહલક્ષ્મી પાસે આવી પહોંચ્યા, અને તરતજ ડૉકટરને બોલાવી લાવવા નોકરને દોડાવ્યો.

વિનાવિલંબે ડૉકટર આવી પહોંચ્યો. કૃષ્ણલાલની ગૃહિણીની ચિકિત્સા કરી દવા લખી આપી, રોગીને શાંતિમાં રાખવાની સૂચના કરી તે ચાલ્યો ગયો.

(૨)

આનંદપુરમાંના પ્રતિષ્ઠિત પુરુષોમાં કૃષ્ણલાલ સૌથી પ્રથમ છે. તે મ્હોટા જમીનદાર છે. તેમના માયાળુ અને ઉદાર સ્વભાવને પરિણામે અનેક ગરીબ માણસોને અનેક પ્રકારની સહાય મળે છે. નિરાધાર વિધવાઓને અન્ન—વસ્ત્રાદિની પ્રાપ્તિ થાય છે. તેમના ઉપર ગામના સર્વ લોકોની માયા—મમતા અપાર છે.

ગયા વૈશાખ માસમાંજ એક સુપાત્ર વર શોધી કાઢીને કૃષ્ણલાલે પોતાની આશાનું લગ્ન બહુ ધામધૂમથી કર્યું છે. પોતાની એકની એક પુત્રીને તેની આઠ વર્ષની ઉમ્મરમાંજ ગૌરીદાન કરવાનો લ્હાવો તે લઇ ચૂકયા છે. જમાઇ પણ રાજપુત્રના જેવો મળ્યો છે. વર તેમજ ઘર સર્વ તેમના સુભાગ્યે સારૂં મળી આવ્યું છે. જમાઇની ઉમ્મર સોળ વર્ષની છે. તે મુંબઇની વિલ્સન કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરે છે. મુંબઇમાંજ તે પોતાનાં સગાં—વ્હાલાં સાથે નિવાસ કરે છે. કૃષ્ણલાલ વારંવાર કહે છે કેઃ—" મ્હારી આશાનું ભાગ્ય ઉત્તમ પ્રકારનું છે, નહિ તો આવો દેવ સમાન જમાઇ

ક્યાંથી મળી આવે ? જેવી મ્હારી આશા ગુણવાન અને ચાલાક છે તેવોજ જમાઇ પણ મળી ગયો છે.”

પરંતુ ભાગ્યની ગતિ ન્યારી છે. આજે જે સુખમાં ફરે છે તેનો દિવસ કાલે કેવો જશે તે કાંઇ નક્કી નથી. જો ભાગ્યની ગતિ ન્યારી ન હોત તો રામને વનવાસ શા માટે વેઠવો પડત ? મૂળ તો કુદરતી ધોરણુજ આવું અકળ છે, તેમાં વળી આપણા પૂજ્ય મહર્ષિઓની ઉત્તમ આજ્ઞાઓ કરતાં કનિષ્ટ રૂઢીઓને આધીન થવામાં આવે એટલે તેનાં અનિષ્ટ ફળ ભોગવવાં પડે તેમાં નવાઇ શી ? ક્યાં પુખ્તવયે કન્યાદાન કરવાની ઋષિઆજ્ઞા અને ક્યાં બાળલગ્નની અધમ રૂઢી ! અફસોસ !

આશાનો વિવાહ થયાને ત્રણ માસ પણ પૂરા નહિ વીત્યા હોય એટલામાં એક દિવસે મુંબઇથી કૃષ્ણલાલના ઉપર તાર આવ્યો કેઃ–“ જલદી આવો, મોહન બિમાર છે.”

“ કૃષ્ણલાલ વ્યાકુળ ચિત્તે તરતજ મુબઈ ગયા તો સર્વ શેષ થઈ ગયું હતું. આશાનું કપાળ ફૂટી ગયું હતું. ગરીબ બિચારી, વિવાહનો અર્થ પણ નહિ સમજનારી બાલિકા આશા માતા–પિતાની મૂર્ખતાનો ભોગ થઇ પડીને વિધવા (!) થઇ હતી. અધમ રૂઢીના ગુલામ બનેલા જનસમાજમાં તેનો કહેવાતો પતિ મોહન કરાળ કાળના પંઝામાં સપડાઈ ગયો હતો.

કૃષ્ણલાલ નિરાશ ચિત્તે વૈરાગ્યવૃત્તિથી સ્વગૃહે આવ્યા. જમીનદારીની દેખરેખ ઉપરથી તેમનું મન ઉઠી ગયું. ઘરમાંથી નીકળતા રૂદનના આર્ત–આકાશભેદી સ્વરો તેના હૃદયને કતલ કરી નાખવા લાગ્યા. સર્વને રૂદન કરતાં જોઇ આશા પણ રૂદન કરી ઉઠતી હતી. માતા–પિતાને રૂદન કરતાં જોઇનેજ તેને રૂદન આવતું હતું. તે કેવી રીતે શાંત રહી શકે ? બાકી પોતાના ફૂટેલા નશિબની તો તેને કલ્પના પણ નહોતી.

બીજે દિવસે પોતાનાથી એક મ્હોટી ઉમ્મરની સખીને આશાએ પૂછયુંઃ-"સૂરજ ! આ બધાં કાલ રાતનાં શા માટે રડે છે?"

સૂરજે નેત્રોમાંનાં આંસુ સાફ કરતાં કરતાં ઉત્તર આપ્યોઃ-"આશા ત્હારો વર—"

આશા વચમાંજ બોલી ઉઠીઃ—"નિર્મળાનો વર આવ્યો છે, અને મ્હારો વર નથી આવ્યો તેથી ?"

સૂરજે મહાકષ્ટે ધીમેથી કહ્યુંઃ-"ત્હારો વર મરી ગયો છે."

આશાએ સૂરજની વાત માની નહિ. તેણે કહ્યુંઃ-"વર તે વળી મરી જતો હશે? નિર્મળાનો વર તો કાંઇ મરી ગયો નથી. એ તો નિર્મળાને ત્યાં રહ્યો છે. વર તો અમરજ રહે છે."

બિચારી આશા શું જાણે કે આ સૃષ્ટિનું પ્રત્યેક મનુષ્ય આજે નહિ તો કાલે કાળને આધીન થયા સિવાય રહેતું નથી! અજ્ઞાન બાલિકા સૃષ્ટિનો નિયમ કયાંથી જાણે ? આશાના અંગમાં જે અલંકારો હતા તે કાઢી લેવા જેટલી નિર્દયતા તેની માતાનામાં નહોતી. આશાના હાથમાંની ચુડીઓ તેની કાકીએ ભાંગી નાખી ત્યારે આશાએ ઘણું રૂદન કર્યું હતું, એટલે પુત્રીને વિશેષ દુઃખ દેવાનું સામર્થ્ય તેની સ્નેહાળ માતામાં નહોતું.

ઉપર લખેલો બનાવ બન્યો ત્યારે દીપોત્સવીને માત્ર થોડા દિવસની વાર હતી. કૃષ્ણલાલની પત્ની સુકુમારી રોગને આધીન થઇ પથારીપર પડી છે. તેને મૂળથીજ હિસ્ટિરિયાનો રોગ હતો. આજે સાત વાગ્યાની તે બેભાન બની છે. દશ વાગ્યા પરંતુ હજુ તેનામાં ચૈતન્ય આવ્યું નથી. કૃષ્ણલાલનાં નેત્રોમાંથી નિદ્રા દૂર થઇ છે. તેઓ ચિંતાતુર ચિત્તે પત્નીનું લેવાઇ ગયેલું મુખ જોઇ રહ્યા છે. છેવટે પત્નીની અવસ્થા જોઇ શકવા જેટલું તેમનું હૃદય કઠિન રહ્યું નહિ. તેઓ અગાસીમાં ગયા. આકાશમાં દૃષ્ટિ કરી. ચંદ્ર ધીમે ધીમે વૃક્ષોની

છાયામાંથી ઉંચે આવતો જણાય છે. આકાશ નિર્મળ છે.

ઘણા સમય સુધી આકાશનું દર્શન કર્યા કર્યું. છેવટે કાંઇક નિર્ણય કરી તેમણે નોકરને હાંક મારી. આજ્ઞાધારક નોકર તરતજ હાજર થયો. કૃષ્ણલાલે તેને આજ્ઞા કરી કેઃ—" જા, કાકાજીને બોલાવી લાવ."

કાકાજીનું નામ વિષ્ણુપ્રસાદ છે. કૃષ્ણલાલના પિતાના વખતથી તેઓ તેમની જમીનદારી સંબંધી સર્વ કામકાજ કરે છે. અત્યારે તેમની વૃદ્ધાવસ્થા હોવા છતાં તેઓ અર્થલોભને લીધે નહિ, પરંતુ માયાને લીધે કૃષ્ણલાલની જમીનદારીની દેખરેખ રાખે છે, અને જે ચાર પૈસા પ્રાપ્ત થાય છે તેમાં સુખથી પોતાનો નિર્વાહ ચલાવે છે.

વિનાવિલંબે વિષ્ણુપ્રસાદ આવી પહોંચ્યા. કૃષ્ણલાલે તેમને યોગ્ય માનપૂર્વક આસન આપી કહ્યું:—" કાકાજી ! હવે હું આ ઘરમાં રહી શકીશ નહિ. "

વિષ્ણુપ્રસાદે ઉત્તર આપ્યો:—" શું કરીશ ભાઇ, ભાગ્યમાં જે સહન કરવાનું નિર્માણ થયું હોય તે વેઠયાવિના કાંઈ છુટકો છે ?

કૃષ્ણલાલે કહ્યું:—" કાકાજી ! થોડા દિવસને માટે મને રજા આપો. થોડા દિવસ અમે બધાં ફરી આવીએ એવો મ્હારો વિચાર છે."

વિષ્ણુપ્રસાદે કહ્યું:—" ભલે ત્યારે, ખુશીથી જાઓ. અહીંના કામકાજની કોઇ રીતે ફિકર રાખશો નહિ. દીપોત્સવી પછી બેલાશક જાઓ. "

" ના કાકાજી ! મ્હારો તો અત્રેથી આવતી કાલેજ કાશી તરફ ઉપડી જવાનો વિચાર છે. હું અહીં રહીશ તો મ્હારા દીપોત્સવીના દિવસો પણ ચિંતામાંજ જશે. "

વિષ્ણુપ્રસાદે ઘણો આગ્રહ કર્યો, પરંતુ કૃષ્ણલાલે હા પાડી નહિ. તે તેજ વખતે પ્રવાસની સઘળી તૈયારી કરવાને માટે બહાર નીકળી પડયા. બીજે દિવસે પ્રભાત સમયે કૃષ્ણલાલ પોતાની પત્ની, પુત્રી

તેમજ બે ચાર દાસ–દાસીને સાથે લઈ કાશી તરફ ચાલી નીકળ્યા. આનંદ વગરના ઘરમાં દીપોત્સવીના દિવસો આનંદ વગરજ વીતી ગયા.

(૩)

કૃષ્ણુલાલ પત્ની પુત્રી તેમજ દાસ–દાસીઓ સાથે કાશીનિવાસી થયા છે. છ માસ કાશીમાંજ વીતી ગયા. ઘેરથી વૃદ્ધ વિષ્ણુપ્રસાદે પત્ર લખ્યો કેઃ—" ભાઈ, હવે ક્યાં સુધી વિદેશમાં રહેશો ? જલદીથી ઘેર આવો."

કૃષ્ણુલાલે ઉત્તર લખ્યો કેઃ—" કાકાશ્રી ! બીજા પણ છ એક માસ સુધી અત્રે રહેવાનો વિચાર છે."

આ ઉત્તર લખ્યાને પણ છ માસ વીતી ગયા અને બીજી દીપોત્સવી આવી પહોંચી; છતાં કૃષ્ણુલાલ ઘેર ગયા નહિ.

કાશી જવાથી શાંતિ મળશે એમ ધારીને તેઓ કાશી આવ્યા હતા. મનમાં ધાર્યું હતું કે પરમકૃપાળુ વિશ્વનાથનાં દર્શનથી સઘળું દુઃખ તેમજ ચિંતા ચાલ્યાં જશે; પરંતુ તેમ કશું થયું નહિ. જ્યારે જ્યારે તેઓ પોતાની સુકુમાર પુત્રી આશાને જોતા ત્યારે ત્યારે તેમના ધૈર્યનો બંધ ટૂટી જતો હતો. તેમના હૃદયમાં ભયંકર ચિંતા સળગી ઉઠતી હતી. પુણ્યસલિલા ગંગાના જળમાં સ્નાન કરવાથી પણ એ અગ્નિ શાંત થતો ન હતો. જાણે પરમકૃપાળુ વિશ્વનાથ સુદ્ધાં પોતાના ચિંતાતુર ભક્તની ચિંતા દૂર નહિ કરતાં તેના સામે ટગર ટગર જોઇજ રહેતા હોયની ! ગરીબ ભક્તની પ્રાર્થનાનો આર્તસ્વર વારંવાર ઉઠવા છતાં કાંઇજ પરિણામ આવતું ન હતું. હાય ભાગ્ય !

આમ કરતાં કરતાં કૃષ્ણુલાલ છ વર્ષ સુધી કાશીમાં રહ્યા. વૃદ્ધ વિષ્ણુપ્રસાદ પણ હવે પરલોકયાત્રા કરી ગયા. ગામમાં સર્વની ધારણા હતી કે હવે તો કૃષ્ણુલાલ અવશ્ય ઘેર આવશે, પરંતુ તેમ થયું નહિ. વિષ્ણુપ્રસાદના પુત્રના હાથમાં જમીનદારીની વ્યવસ્થા સોંપી તેઓ કાશીમાંજ રહ્યા.

કૃષ્ણુલાલ પોતે વિદ્વાન પુરુષ હતા. તેઓ ઇંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત વગેરે સાહિત્યનું સારૂં જ્ઞાન ધરાવતા હતા, તેમણે આશાને જ્ઞાનસાગરમાં ડૂબાવી રાખવાનો પોતાના મન સાથે નિશ્ચય કર્યો. એ સિવાય આશાનું દુઃખ દૂર કરવાનો બીજો એક પણુ માર્ગ તેમને જણાયો નહિ. તેઓ ધીમે ધીમે આશાને તેજ પ્રકારનું શિક્ષણુ આપવા લાગ્યા. તેમણે પુત્રીને ઇંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત વગેરે સાહિત્યનો અભ્યાસ કરાવવાની શરૂઆત કરી. કેટલાંક વર્ષ આવી રીતે પસાર થઇ ગયાં.

ઘર છોડયાને લગભગ ૭ વર્ષ વીતી ગયાં છે. હમણાં આશાની ઉમ્મર ચૌદ વર્ષની છે. તે ઉમ્મરમાં જો કે તેને બાલિકા કહી શકાય, પરંતુ જ્ઞાનથી તે ઘણી ઉન્નત બની ગઈ છે. કૃષ્ણુલાલે જેટલા શાસ્ત્રગ્રંથોનો મનનથી અભ્યાસ કર્યો હતો તે સઘળા તેમણે આશાને સમજાવી દીધા હતા, પરંતુ આશાના જ્ઞાનની તૃષા આટલાથી પૂર્ણ થઇ નથી એમ તેમને સ્પષ્ટ રીતે માલૂમ પડી આવ્યું. શું કરવું તેનો તેઓ કાંઇ નિશ્ચય કરી શક્યા નહિ.

એક દિવસે સંધ્યા સમયે કૃષ્ણુલાલ દશાશ્વમેધના ઘાટ ઉપર બેઠા હતા, એવામાં એક સંન્યાસી મહાત્મા આવીને તેમનાથી થોડે દૂર બેઠા. મહાત્માની વય ૭૦ વર્ષની લાગતી હતી. પરંતુ આવી ઉત્તરાવસ્થામાં પણુ તેમના નયનોનુ તેજ, હૃદયનું બળ, શરીરની શક્તિ અપાર હોય એમ તેમની આકૃતિ સ્પષ્ટ રીતે કહી આપતી હતી. કૃષ્ણુલાલ પોતાની પાસે બેઠેલા એ સંન્યાસીના મુખ તરફ થોડા સમય સુધી જોઇ રહ્યા. તેમના મનમાં એમ થવા લાગ્યુ કે પરમકૃપાળુ વિશ્વનાથ પોતેજ જાણે સંન્યાસીનો વેશ ધારણુ કરીને આવ્યા છે ! કાશીમાં આવ્યા પછી કૃષ્ણુલાલે અનેક સંન્યાસીઓનાં દર્શન કર્યાં હતાં, પરંતુ આવા એક પણુ સંન્યાસી મહાત્મા તેમણે હજી સુધી જોયા નહોતા.

" કૃષ્ણુલાલને પોતાના તરફ ટગર ટગર નિહાળતા જોઈ તે મહાત્મા ધીમે ધીમે ઉભા થયા તથા તેમની છેક પાસે આવીને હિંદી ભાષામાં પ્રશ્ન કર્યો:—" ભાઇ ! તમારૂં નામ શું છે? "

કૃષ્ણુલાલે મહાત્માશ્રીને પ્રેમથી પ્રણામ કરી પોતાની ઓળખાણ આપી. મહાત્માએ કહ્યું:—" ભાઇ ! તમારા વંશને હું જાણી શક્યો પરંતુ તમારા દુઃખને હજુ સુધી હું જાણી શક્યો નથી, તો તે જણાવશો ? "

કૃષ્ણુલાલે આવા શબ્દો કોઇના પણ મુખે સાંભળ્યા નહોતા. સંન્યાસી મહાત્માના શબ્દોથી તેમના નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. તેમનો સ્વર બંધ થઇ ગયો.

કૃષ્ણુલાલની સ્થિતિ જાણી જઇ મહાત્મા તેમની પાસે બેઠા, અને તેમણે તેમનો હાથ પોતાના હાથમાં લીધો. પછી કહ્યું:—" તમે ઘણા દુઃખી હો એમ જણાય છે. ભાઈ! મને તમારા દુઃખનો ભાગ આપોને ! એમ કરવાથી તમારી છાતી ઉપરનો ભાર કાંઇક અંશે ઓછો થશે. તમારી ચિંતાની ચિતા કાંઇક ઠંડી પડશે. "

કૃષ્ણુલાલે વિચાર્યું કે ખરેખર પરમકૃપાળુ પિતા વિશ્વનાથજ પોતાના ઉપર પ્રસન્ન થયા છે. તેથી કરીને જ તેમણે આ સંન્યાસી સ્વરૂપે પોતાને દર્શન આપ્યાં છે. તેઓ હવે સ્થિર રહી શકયા નહિ. બાળકની માફક રૂદન કરવા લાગ્યા. સંન્યાસીએ કૃષ્ણુલાલનું અશ્રુજળ પોતાના હાથથી સાફ કરવા માંડયું. અહા ! કેવો તે શીતળ સ્પર્શ ! કૃષ્ણુલાલનું શરીર એક વખત કંપી ઉઠયું. આજ સુધી તેઓ જે અગ્નિમાં બળી મરતા હતા તે અગ્નિ જાણે કે એક ક્ષણુને માટે હોલવાઇ ગયો. તેઓ નેત્રો બંધ કરી જેની તુલના થઇ શકે નહિ એવી શાંતિનો ઉપભોગ કરવા લાગ્યા.

કેટલાક સમય પછી કૃષ્ણુલાલ શાંત થયા તે સમયે અંધારૂ થઈ ચૂકયું હતું. ઘાટ ઉપર વિશેષ માણસો નહોતાં. સંન્યાસી મહાત્મા

શાંતચિત્તે કૃષ્ણલાલની કર્મકથા સાંભળવા લાગ્યા. તેમની કર્મકથા પૂર્ણ થતાંની સાથેજ સંન્યાસીએ કહ્યું:—" ભાઇ ! હવે ગભરાશો નહિ, રૂદન કરશો નહિ, હું તમારા દુઃખને દૂર કરવાનું ઔષધ આપીશ. ચાલો આપણે તમારે ઘેર જઇએ. "

(૪)

કૃષ્ણલાલની સાથે તેના નિવાસસ્થાને જઇ પહોંચ્યા પછી સંન્યાસીએ તેમને કહ્યું:—" ભાઈ! તમારી પુત્રીને અહીં લઈ આવો. હું પ્રથમ તેને નજરે જોઇશ પછીજ આસન ગ્રહણ કરીશ. "

સંન્યાસી ઉભા રહ્યા. કૃષ્ણલાલે ત્વરાથી ઘરમાં જઈ આશાને કહ્યું:—" બ્હેન ! સહેજ બહાર આવો તો, એક સંન્યાસી મહાત્મા આવ્યા છે, તેઓ આપણું દુઃખ દૂર કરવાનું ઉત્તમ ઔષધ લાવ્યા છે."

તરતજ આશા જે સ્થિતિમાં હતી તે સ્થિતિમાંજ પિતાની પાસે જવા દોડી. તેણે ધાર્યું હતું કે સંન્યાસી બહાર ઉભા હશે. તેથી તે વિખરાયલા કેશકલાપ સાથે, ઉઘાડા મસ્તકે, કોઇ પણ પ્રકારની કૃત્રિમતા સિવાય દિવાનખાનામાં થઈ બહાર જવા લાગી તો એકાએક દિવાનખાનામાંજ સફેદ દાઢી મૂછવાળા, ભગવાં વસ્ત્રધારી, તેજસ્વી લલાટવાળા મહાત્માનાં તેને દર્શન થયાં. આશાએ એક વખત મહાત્માના તરફ દષ્ટિ કરી; પરંતુ તે ફરીથી તેમના તરફ નજર કરી શકીજ નહિ. મહાત્માને પ્રણામ કરવાનું પણ તે ભૂલી ગઇ અને હાલ્યા—ચાલ્યા વિના—સ્થિરતાથી ઉભી રહી.

મહાત્મા અત્યાર સુધી નિર્નિમેષ નયને આશા તરફ જોઇ રહ્યા હતા. તેમની દષ્ટિ જાણે કે આશાના હૃદયના ગંભીર પ્રદેશ સુધી પહોંચી ગઇ હતી.

લગભગ બે મિનિટ આમ ગયા પછી સંન્યાસીએ કૃષ્ણલાલ તરફ નજર કરી પ્રશ્ન કર્યો:—" કૃષ્ણલાલ ! આજ તમારી કન્યા કે ?"

કૃષ્ણુલાલે માથું હલાવી સંન્યાસીને ઉત્તર આપ્યો. ત્યાર પછી સંન્યાસીએ આવેગભર્યા સ્વરે પરંતુ ગંભીરતાથી ઉત્તર આપ્યો કે:- "કૃષ્ણુલાલ ! હું તમારી વાત માનતો નથી. કોણ કહે છે કે તમારી પુત્રી વિધવા છે? હું તો એનામાં વિધવાનું કોઇ પણ ચિહ્ન જોઇ શકતો નથી. આ કન્યા વિધવા હોઇ શકેજ નહિ; અને જો એ વિધવા હોય તો શાસ્ત્રો ખોટાં છે, સાધના ખોટી છે, જગત ખોટું છે, તમે ખોટા છો અને હું પણ ખોટો છું ! લક્ષ્મિ ! બ્હેન ! એક વખત મ્હારી પાસે આવ જોઇએ! કૃષ્ણુલાલ તમે એક દીવો લઇ આવો. હું તમારી પુત્રીને ફરીથી એક વખત સારી રીતે જોવાની ઇચ્છા રાખું છું.

કૃષ્ણુલાલ દીવો લઇ આવ્યા. સંન્યાસીએ આશાને કહ્યું:- "લક્ષ્મિ ! દયામયિ ! ત્હારો હાથ જોઉં ?"

આશાએ બ્હીતાં બ્હીતાં પોતાનો જમણો હાથ આગળ ધર્યો. સંન્યાસીએ હસી પડી કહ્યું:-"ના બ્હેન ! જમણો હાથ નહિ. હું ડાબો હાથ જોવા ઇચ્છું છું. તું શક્તિસ્વરૂપિણી છે. ત્હારો હાથ જમણો નહિ પરંતુ ડાબોજ જોવાય."

આશાએ તરતજ ડાબો હાથ લાંબો કર્યો. દીવાને પાસે રખાવી સંન્યાસીએ ઘણા સમય સુધી આશાના હાથનું નિરીક્ષણ કર્યું. ત્યાર પછી કૃષ્ણુલાલ તરફ નજર કરી કહ્યું:-"કૃષ્ણુલાલ ! હું તમારી વાત માનતો નથી. આશાના નશિબમાં તેના જીવનપર્યંત સ્વામીસુખ ભોગવવાનું લખેલું છે, એના જીવનમાં વૈધવ્યનો લેખજ નથી !

કૃષ્ણુલાલે કહ્યું:—"આપ શું કહો છો તે હું સમજી શકતો નથી. લગભગ છ વર્ષથી મ્હારી આશા વિધવા થઈ છે, તેના સર્વસ્વનો નાશ થયો છે ! આથી કરીનેજ હું મ્હારી એ કનકપ્રતિમાને સાથે લઇને શાંતિ મેળવવા માટે પરમકૃપાળુ વિશ્વનાથના પાદપદ્મમાં

આશ્રય મેળવવાને આવ્યો છું–"

સંન્યાસીએ કૃષ્ણુલાલની વાતને વચ્ચેથીજ અટકાવીને કહ્યું:– "અરે, અરે, પણુ હું કહું છું કે તમારી પુત્રી જીવનપર્યંત સ્વામી-સુખ ભોગવશે. તમે મ્હારી વાતને ખોટી માનો છો ! ભલે ! તમે તમારી ઇચ્છા પ્રમાણે માનો. આશા ! બ્હેન ! તું ઘરમાં જતી રહે. હું વિશ્રામ લેવા ઇચ્છું છું."

આશા તરતજ સંન્યાસીને પ્રણામ કરી ચાલી ગઇ. સંન્યાસીએ હસીને કહ્યું:–"કોણ જાણે કે કોણ કોને ક્યારે પ્રણામ કરે છે, તે સમજી શકાતું નથી."

કૃષ્ણુલાલે કહ્યું:—"આપ ભોંય ઉપર કેમ બિરાજ્યા છો ? આ આસન ઉપર બિરાજો."

સંન્યાસીએ કહ્યું:—"આસનની કાંઇ જરૂર નથી. આસન ઉપર બેસવાનો વખત વીતી ગયો છે, હવે તો સોનાની માટીનું આસ-નજ ઉત્તમ છે."

આ સમયે આશાએ ત્યાં આગળ આવી પોતાના પિતાને પ્રશ્ન કર્યો:–"પિતાશ્રી ! મ્હારી બા પૂછાવે છે કે સંન્યાસી મહાત્માની ભિક્ષા સંબંધી શી વ્યવસ્થા કરવાની છે ?"

સંન્યાસીએ આશા તરફ નજર કરી કહ્યું:—"બ્હેન ! હવે આજે આહારની કાંઈ જરૂર નથી. બ્હેન ! આજે ત્હેં જે આશા આપી છે તેથીજ આહાર થઇ ગયો છે. હવે કોઇ પણુ પદાર્થની આવશ્યકતા નથી."

આશા બોલી ઉઠી:—"એમ કેમ બને ? આપ જો કાંઇ પણુ નહિ ખાઓ તો અમારે બધાંને ઉપવાસ કરવો પડશે."

સંન્યાસીએ હસી પડીને કહ્યું:—"ભલે ત્યારે બ્હેન ! આજ તમારે ઉપવાસ !"

મ્હારે માટે માત્ર એક ગંગાજળ ભરેલું પાત્રજ અત્યારે બસ છે. હમણાં હું સૂઇ જવાને ઇચ્છુ છું. બ્હેન ! તું સૂતી વખતે એક વખત મ્હારી પાસે આવી જજે." આમ કહી સંન્યાસી સૂઇ રહ્યા.

રાત્રે સૂતી વખતે આશા પોતાના પિતાની સાથે સંન્યાસી પાસે આવી. સંન્યાસી એ સમયે જાગતા હતા. તેમણે કહ્યું:—" કૃષ્ણુલાલ ! તમે માત્ર થોડા સમયને માટે બીજા ઓરડામાં જાઓ. હું તમારી કન્યાને કેટલીક હકીકત પૂછવાની ઇચ્છા રાખું છું."

" તરતજ કૃષ્ણુલાલ ચાલ્યા ગયા. સંન્યાસીએ કહ્યું:—" બ્હેન ! હું તને માત્ર એકજ વાત પૂછવા ઇચ્છું છું, તેનો સત્ય ઉત્તર આપજે. મ્હારી આગળ કાંઈ છુપાવીશ નહિ. કહે જોઇએ, આ જીવનમાં ત્હારી શી ઇચ્છા છે ?"

આશાએ થોડા સમય સુધી તો કાંઇ ઉત્તર આપ્યો નહિ. લજ્જાએ તેના અવાજને રોકી રાખ્યો. સંન્યાસી આશાની સ્થિતિ સમજી ગયા. તેમણે કહ્યું:—"કહે, છુપાવીશ નહિ. ત્હારી જે ઇચ્છા હોય તે સંકોચ રાખ્યા સિવાય મને કહે."

રાત્રિનો વખત અને ઠંડી પડતી હોવા છતાં આશાના સર્વાંગ- પર પસીનો ઉપસી આવ્યો. તેણે ધીમેથી અસ્પષ્ટ સ્વરે કહ્યું—"પ્રભુ ! હું એક વખત મ્હારા પતિનાં દર્શન કરવાની અભિલાષા રાખું છું !"

સંન્યાસીએ આશાને કહ્યું:—" ઠીક બ્હેન ! હવે તું ત્હારી માતા પાસે જતી રહે.

આશા ઉઠીને ચાલી ગઇ. ત્યાર પછી કૃષ્ણુલાલને બોલાવી સંન્યા- સીએ કહ્યું:—" કૃષ્ણુલાલ ! કાલે આખો દિવસ તમારી પુત્રીને ઉપવાસ કરવો પડશે. સંધ્યા સમયે તેને તેના પતિનાં દર્શન કરાવવા લઈ જઇશું."

કૃષ્ણુલાલ આશ્ચર્યથી પત્થરના પુતળાની પેઠે સંન્યાસી તરફ દૃષ્ટિ કરી સ્થિર ઉભા રહ્યા. છેવટે તેમણે પ્રશ્ન કર્યો:—" શું પતિનાં દર્શન કરાવવા ?"

સંન્યાસીએ આવેગપૂર્ણ સ્વરે ઉત્તર આપ્યો:–" અલબત્ત ! "

(૫)

બીજે દિવસે પણ મહાત્મા કૃષ્ણલાલને ત્યાંજ રહ્યા. તેમણે કાંઈ આહાર કર્યો નહિ, તેમજ બીજી કાંઇ વાતચીત પણ કરી નહિ. તે દિવસે કૃષ્ણલાલને ત્યાંનાં સર્વ માણસોએ પણ ઉપવાસ કર્યો હતો. સન્યાસીએજ સર્વને અનાહાર રહેવાનો આદેશ કર્યો હતો.

સંધ્યા સમયને લગભગ એક કલાકનો વિલંબ હતો તેવે સમયે સંન્યાસીએ કહ્યું:–" ચાલો, ગંગાતીરે જઇએ. કૃષ્ણલાલ તમે તમારી પત્ની તથા પુત્રીસહ ગંગાતીરે આવી પહોંચો. હું જાઉં છું." આમ કહી સંન્યાસી પોતાના કમંડળને હાથમાં લઇ ગંગાતીર તરફ ચાલી નીકળ્યા.

થોડા સમયમાં કૃષ્ણલાલ પોતાની પત્ની તથા પુત્રીને લઇ મણિકર્ણિકાના ઘાટ ઉપર જઇ પહોંચ્યા. ત્યાં જતાંની સાથેજ તેમણે જોયું કે સંન્યાસી મહાત્મા કમર સુધીના જળમાં ઉભા રહ્યા છે, તેમનું કમંડળ તેઓએ જમણા હાથમા પકડી રાખ્યું છે. કૃષ્ણલાલને પોતાની પત્ની તેમજ પુત્રી સાથે આવેલા જોઇ તેમણે કહ્યું:–" કૃષ્ણલાલ ! તમારા પત્ની સાથે તમે પગથીઆં ઉપર ઉભા રહો અને આશા ' તું અહીં મ્હારી પાસે આવ. "

આશા જળમાં પડી સન્યાસી મહાત્મા પાસે ગઇ, તરતજ પોતાના કમંડળમાંનું જળ આશાના મસ્તક ઉપર રેડી સંન્યાસીએ કહ્યું:– " આશા ! બ્હેન! નેત્રોને બંધ કર. "

આશાએ ભયભીતચિત્તે આંખો મીંચી દીધી.

મસ્તક ઉપર શરદ્‌ના ચંદ્રનો પ્રકાશ પડી રહ્યો હતો. શરીરની આસપાસ થઇને પુણ્યમયી સરિતા ગંગાનું જળ વહેતું ચાલ્યું જતું હતું. થોડે દૂર કોઇનો શબ–દેહ ચિતામાં ભસ્મીભૂત થતો હતો. જગત

નિસ્તબ્ધ હતું—પ્રકૃતિ શાંત હતી. કાશી યોગમગ્ન હતું !

એકાએક સંન્યાસીએ કહ્યુંઃ—“ આશા ! તું કાંઇ જોઈ શકે છે કે ? ”

આશાએ ઉત્તર આપ્યો નહિ. સંન્યાસી સમજી ગયા કે હવે આશાનામાં ઉત્તર આપવાની શક્તિ નથી, એ પતિદેવતાના રૂપ-સાગરમાં મગ્ન બની ગઇ છે ! તરતજ સંન્યાસીએ આશાના મસ્તક ઉપર પોતાનો હાથ મૂક્યો. આશા કંપી ઉઠી. સ્વપ્નમાંથી જાણે જાગી ઉઠી હોય તેમ તે બોલી ઉઠીઃ—“ સન્યાસી મહાત્મા ! ફરીથી એક વખત દર્શન કરાવો.”

સંન્યાસીએ કોમળકંઠે કહ્યુંઃ—“ આશા ! આ તો શરૂઆત છે. સાંભળ, આ પુણ્યમયી ગંગામાં ઉભો રહી હું તને કહું છું, કે જો દેવતા સાચા હોય, જો સાધના સાચી હોય, જો તું અને હું સાચા હોઇએ તો હું કહું છું, કે આજથી જ્યારે પણ ત્હારા સ્વામીના દર્શન કરવાની તને ઇચ્છા થશે ત્યારે તેઓ ત્હારા હૃદયમાં ઉપસ્થિત થશે, ત્યારે આશા ! ત્હારી આશા પૂર્ણ થશે. ચિરંજિવિનિ ! તું સ્વામીસુખ ભોગવી શકીશ. પાર્થિવસ્નેહ તુચ્છ છે, તેમાં સ્વર્ગીયસ્નેહનું બિંદુ માત્ર પણ નથી. તને આજે મ્હેં જે સ્વામીસુખની અધિકારિણી થવાનો ઉપદેશ આપ્યો છે તે અતુલ્ય—અપ્રમેય, અવિનશ્વર, અપાર્થિવ છે. તેની સાથે બાહ્યેન્દ્રિયનો કાંઈ સંબંધ નથી સ્થૂલ—ક્ષણીક લાલસાનો પ્રવાહ તેને સ્પર્શ પણ કરી શકતો નથી. આ સંબંધ એજ પતિ—પત્નીનો પવિત્ર સંબંધ છે. આશા ! આજથી તું સધવા સ્ત્રીઓમા શિરોમણિ થઇ છે. જા, ત્હારાં માતા—પિતા ત્હારી રાહ જુએ છે. મ્હારો ઉપદેશ મનમાં રાખજે. તેનાથી તું અતુલસુખ ભોગવી શકીશ. જા, હવે હું સ્નાન કરીશ.

આશા જળમાંથી બ્હાર નીકળી. તેની માતાએ જિજ્ઞાસાથી પ્રશ્ન

કર્યો:—"બ્હેન ! ત્હારો હેતુ સિદ્ધ થયો ?"

આશાએ ભક્તિપૂર્ણ સ્વરે ઉત્તર આપ્યો:—"હા, મા સિદ્ધ થયો."

(૬)

દીપોત્સવીને ત્રણ દિવસ બાકી રહ્યા છે; સંન્યાસી મહાત્માએ કૃષ્ણલાલને ત્યાં આવીને કહ્યું:—"કૃષ્ણલાલ ! તમે લગભગ સાત વર્ષથી દેશમાં ગયા નથી. હવે દેશમાં જાઓ. ઘેર સમાચાર મોકલો. કાલેજ પ્રયાણ કરો. જે માટે તમે અત્રે આવ્યા હતા તે હેતુ સફળ થયો છે. તમારો દુઃખદાવાનળ દૂર થયો છે. હવે તમે તમારી પ્રાણાધિક પુત્રીના મુખ ઉપર ચિંતાની રેખા દેખશોજ નહિ. તે હવે આજથી આનંદમયી બની છે. હવે હું આ સ્થળે વધારે વખત રોકાઈ શકું તેમ નથી. હમણાંજ પ્રયાણ કરીશ."

તરતજ કૃષ્ણલાલ, તેમની પત્ની તથા આશાએ સંન્યાસી મહાત્માને પ્રણામ કર્યા. સંન્યાસી સર્વને આશીર્વાદ આપી ચાલ્યા ગયા.

દીપોત્સવીને દિવસેજ સંધ્યા સમયે સાત વર્ષ પછી કૃષ્ણલાલ પોતાને ઘેર આવી પહોંચ્યા. ઘેર આગળથીજ સમાચાર મોકલાવેલા હતા તેથી સર્વ તેમની રાહ જોતા હતા. ઘેર આજે દીપોત્સવીની ઘણી ધામધૂમ ચાલી રહી હતી.

ઘેર આવતાંની સાથેજ આશાએ જોયું કે તેની બાલ્યાવસ્થાની સહચરી નિર્મળા તેની રાહ જોઇ રહી છે. બીજી પણ અનેક સ્ત્રીઓ ત્યાં એકત્ર થઇ છે. આશા નિર્મળા પાસે જઇ તેને ભેટી પડી. તેના હૃદયનો આનંદ આજે તે રોકી શકતી નથી. તેનું રૂપ આજે જાણે ઉછળી પડવા લાગ્યું.

આશા નિર્મળાના ગળામાં પોતાના બન્ને હાથ નાખી બોલી:—"નિર્મળા ! ચાલ, આપણે પહેલાં દેવનાં દર્શન કરી આવીએ, પછી આપણે બીજી બધી વાતો કરીશું."

બન્ને સખીઓ દેવાલયમાં જઈ પહોંચી અને આસન ઉપર પ્રતિષ્ઠિત થયેલી દેવની મૂર્ત્તિનાં બન્ને સખીઓએ પ્રેમપૂર્વક દર્શન કર્યાં.

દર્શન કરી રહ્યા પછી આશાએ નિર્મળાને પ્રશ્ન કર્યો:—" બ્હેન નિર્મળા ! ત્હારા પતિ આવ્યા છે કે ? "

નિર્મળાએ ઉત્તર આપ્યો:—" હા, મ્હારા પતિ ગઇ કાલેજ આવ્યા છે. " આમ કહી તે શાંત રહી. આશાએ કહ્યું:—" ત્યારે જો બ્હેન, આ મ્હારા પતિ કેવા સુંદર છે ? તેઓ સદા સર્વદા મ્હારા અંતઃકરણમાંજ બિરાજી મને અપૂર્વ સુખનો ઉપભોગ કરાવે છે. " આમ કહી આશાએ દેવની સુંદર પ્રતિમા તરફ પોતાની આંગળી કરી. તેના નેત્રોમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં.

નિર્મળાથી બોલાઇ જવાયું કે:—" આ તે **પતિ કે પરમેશ્વર ?** "

અંગના કે દેવાંગના?

(૧)

રમણિકે પત્નીના મુખ તરફ દૃષ્ટિ કરી નમ્રસ્વરે કહ્યું:—
"નિર્મળા!"

નિર્મળાએ ઉત્તર આપ્યો નહિ. તેના હાથમાં સીવવાનું એક કામ હતું. વ્યાકુળતાથી તે પોતાના હાથમાંના કામને ઉધું છતું કરીને વારવાર જોવા લાગી.

રમણિકે સહજ પાસે આવી તેના ગળામાં હાથ નાખીને ફરીથી વિશેષ નમ્રસ્વરે કહ્યું:—"નિર્મળા! ઉત્તર કેમ નથી આપતી?"

નિર્મળાએ પોતાનાં પ્રશાંત નેત્રો સ્વામીના મુખતરફ ફેરવી ધીમેથી કહ્યું:—"જાઓ જાઓ, વારંવાર કહ્યા છતાં પણ તમે ક્યાં માનો છો?"

"કેમ ત્હારૂં શું કહેવું છે? ફરીથી કહે જોઇએ."

"હું એકલીજ સઘળું સ્વામીસુખ ભોગવવા ઇચ્છતી નથી—તમે શા માટે પતિસુખનું સર્વસ્વ મને આપી દેવાને ચ્હાઓ છો?"

"એજ વાત પાછી કરવા માંડી કે?" આ સમયે રમણિકનો કંઠસ્વર એક અપરાધીના સ્વર જેવો હતો.

"તમે ગુસ્સે ભરાશો નહિ. થોડો વિચાર કરી જુઓ!" આ પ્રમાણે કહીને નિર્મળાએ પતિના ખભાપર પોતાનું તેજસ્વી મુખ મૂક્યું.

રમણિકે થોડો સમય વિચાર કર્યા પછી કહ્યું:—"હું માત્ર એક પ્રકારની તૃપ્તિને માટે ત્હારી પાસે આવું છું, ત્યારે તું મને આ પ્રમાણે આઘાત કરે છે, તો પછી હું હવે ત્હારી પાસે આવીશ નહિ."

નિર્મળા પતિનાં વચનો સાંભળી ધ્રૂજી ઉઠી. તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું:–"ક્ષમા કરો, ક્ષમા કરો; તમે મને જે કાંઈ સમર્પણ કર્યું છે, તેનો અમુક અંશ મ્હારી ભગિની (શૉક્ય)ને પણ આપો, એટલે પછી મ્હારે તમને કાંઈ કહેવાનું રહેશે નહિ."

નિર્મળાના કંઠમાંથી પોતાના બન્ને હાથ પાછા ખેંચી લઇને સહજ રોષપૂર્ણ સ્વરે રમણિકે કહ્યું:–"તું મને કર્તવ્ય શીખવે છે?"

નિર્મળાએ જોયું કે રમણિક ધીમે ધીમે ક્રોધે ભરાતો જાય છે, આથી તેણે નમ્રતાથી કહ્યું:–"હું તો તમારા ચરણની ધૂળ છું; મ્હારાપર આટલો બધો સ્નેહ રાખો છો, તેથીજ હું મ્હારૂં કર્તવ્ય માનીને આપને બે શબ્દ કહું છું. નાથ! મને માફ કરો." આ પ્રમાણે કહીને નિર્મળાએ વ્યાકુળતાથી રમણિકના ચરણોને સ્પર્શ કર્યો. રમણિકને એમ લાગ્યું કે તે અન્યાય કરે છે, પરંતુ જે નિર્બળ પુરુષ હોય છે તે જેના તરફ અન્યાય કરે છે તેનેજ આઘાત કરીને પોતાના મનને એમ સમજાવવાની ઇચ્છા રાખે છે કે તે જે કાંઈ કરે છે, તે વાજબીજ કરે છે.

રમણિકે પણ નિર્મળાના અંતરને આઘાત કરીને પોતાના દુઃખને છુપાવવાનો વિચાર કર્યો.

ઉત્તર નહિ મળવાથી નિર્મળાએ મહા મુશીબતે અસ્પષ્ટ સ્વરે કહ્યું:–"કહો, મને ક્ષમા આપી?"

રમણિકે નિર્મળાની પાસે જઇ તેને ભેટી પડીને કહ્યું:–"નિર્મળા! સાંભળ, આજે હું તને કહી દઇશ! હું એવો હૃદયશૂન્ય નથી, કે ત્હારા નિઃસ્વાર્થ સ્નેહને સમજી ન શકું! હું સઘળું સમજી શકું છું.

પરંતુ હવે નિરૂપાય છું. યૌવનની શરૂઆતમાં મ્હારાથી જે થઇ ગયું છે, તેને ફેરવવાનો આજે કાંઈ ઉપાય નથી. જે પ્રેમ પોતાના હૃદયમાંથી ગળી જઇને બહાર નથી આવતો તે કૃત્રિમ છે. પ્રેમનો દેખાવ કરવાની શક્તિ મ્હારામાં નહિ હોવાથી એ સુખી થઇ શકશે નહિ—હું પણ સુખી થઇ શકીશ નહિ.” આમ કહીને રમણિકે નિર્મળાના મુખ તરફ દૃષ્ટિ કરી તો તેને જણાયું કે તેના મુખપર એક પ્રકારની ચિંતાની છાયા છવાઈ ગઈ છે; અને બન્ને કપોલને ભીંજવતી અશ્રુધારા વહી રહી છે.

નિર્મળાએ મૃદુસ્વરે કહ્યું:—“તે પોતાનું શુષ્ક નારીજીવન કેમ કરીને ગાળી શકશે ? જો તમે તેનાપર પ્રેમ ન રાખો-તેને તમારા હૃદયમાં સ્થાન ન આપો તો—”

નિર્મળાના હૃદયવેગથી કંપતા કંઠનો આ મૃદુ આક્ષેપ સાંભળી રમણિક વિસ્મિત તેમજ સ્તબ્ધ બની ગયો.

રમણિકે વિચાર્યું: આ નારી કોણ છે ? દેવી કે માનવી ? અંગના કે દેવાગના ? જે આવી રીતે પોતાના સુખનો અંશ અન્યને આપવાની ઇચ્છા રાખે છે એવી આ મહામહિમામયી નારી તે કોણ હોવી જોઇએ ?

રમણિકનાં વચનોમાં જે એક પ્રકારની કઠોરતા જણાતી હતી તે હવે દૂર થઈ ગઈ. તેના હૃદયને કોઇએ જાણે કે પરાણે દબાવી રાખ્યું હોય તેમ તેની ચિંતા તેમજ કલ્પનાનો પ્રવાહ એકાએક અટકી ગયો; માણસને આ સ્થિતિમાં કોઈ પણ માર્ગ સૂઝી શકતો નથી.

નિર્મળાની વાતનો તે શો ઉત્તર આપે ? શ્રદ્ધાથી તેમજ માનથી તેનું મન પરિપૂર્ણ બની ગયું ! આ દેવાંગનાસ્વરૂપ નિર્મળાને થોડા સમય પૂર્વેજ તે આઘાત કરીને શાંત કરવાને તૈયાર થયો હતો !

રમણિકે ફરીથી નિર્મળાની પાસે આવી તેના ગળાને હાથ વીંટીને

કહ્યું:—" નિર્મળા ! તું શું કરવાનું કહે છે ? "

નિર્મળાએ પોતાની આંસુથી ભરેલી આંખો પતિના મુખ તરફ ફેરવી અને તરતજ તેમના ખભાપર પોતાનું મુખ છુપાવીને નેત્રોમાં વહી રહેલા અશ્રુપ્રવાહને રોકવાનો વ્યર્થ યત્ન કરવા લાગી.

રમણિકે નિર્મળાને પોતાની છાતી સરસી ચાંપી. એ કુસુમ સમાન દેવીના, એ પ્રેમની પ્રતિમાના પ્રેમમય કોમળ સ્પર્શથી રમણિક આત્મભાન ભૂલી ગયો.

શું આ સુખ છે ? શું આ દુઃખ છે ? શું આ તૃપ્તિ છે ?

રમણિક એમાંનું કાંઇજે સમજી શક્યો નહિ. તે એકી ટસે પત્નીના મુખ તરફજ જોઈ રહ્યો. પછી તેનાં નેત્રો એકાએક પોતાની મેળેજ મીંચાઇ ગયાં.

(૨)

બીજા માળના એક ન્હાના ઓરડામાં બે રમણીઓ બેઠી છે, એક નિર્મળા અને બીજી તેની બ્હેન (શૉક્ય) લીલી !

હાથમાંનું સીવણકામ બંધ કરીને લીલીએ કહ્યું:—" નિર્મળા ! શુ તું મને શાંતિમાં રહેવા દઇશ નહિ કે ? "

" કેમ મ્હેં શું કર્યું છે ?—" નિર્મળાના મુખપર એક પ્રકારનું સ્મિત હાસ્ય પ્રકાશી રહ્યું હતું. તેણે પોતાના હાસ્યને દબાવી રાખવાનો વ્યર્થ યત્ન કરતાં કહ્યું:—" કેમ, હું ત્હારૂં સર્વસ્વ ધન અગર તો ત્હારા નયનમણિને કાઢી લઉં છું કે શું ? "

" જે દિવસ મને એમ લાગતું હતું, કે તું મ્હારા સર્વસ્વ ધનને—મ્હારા નયનમણિને કાઢી લે છે, તે દિવસે આ જીવમાં જેવી શાંતિ હતી તેવી હમણાં જણાતી નથી. "

નિર્મળાએ જોયું કે લીલીનાં નેત્રોમાંથી આંસુઓ સરી પડે છે, તેનો સ્વર ગાઢ બની ગયો છે, છાતી જોરથી ઉછળી રહી છે.

નિર્મળા લીલીની પાસે આવી અને તેનો જમણો હાથ પકડીને તેને પોતાના ઓરડામાં લઇ ગઈ. ત્યાર પછી કોમળ કંઠે તેણે કહ્યું:–" બ્હેન—"

" કેમ શું છે ? "

" મ્હેં કાંઇ અપરાધ કર્યો છે ? "

" તુ મ્હારી શૉક્ય થાય છે છતાં આમ કેમ કહે છે ? "

" હું ત્હારી શૉક્ય નહિ, પરંતુ બ્હેન થાઉં છું ! "

" શું તુ ખરૂં કહે છે ? "

" જો સાંભળ, પોતાની સર્વથી પ્રિય વસ્તુપર જો કોઈ બીજું પ્રેમ રાખે તો તે સુખની વાત નથી ? જગતમાં શૉક્યજ પતિનાપર ઘણો પ્રેમ રાખે છે, તેથી સર્વથી વિશેષ પ્રિય તો પોતાની શૉક્યનેજ માનવી જોઇએ, તેને માની જણી બ્હેન માનવી જોઇએ. "

શૉક્યને મ્હોડે લીલી આ શું સાંભળે છે ! શું આ ત્યાગનો મહામંત્ર છે ?

" આપણે બન્ને બ્હેનો મળીને જો તેમને સુખી કરી શકીએ તો પછી બીજું આપણે શું જોઇએ બ્હેન ? "

" ત્યારે શું તું ત્હારી ગાંડી શૉક્યને ભાગ આપીશ કે ? "

" કોનો ભાગ ને કોણ આપે છે, બ્હેન ? "

" ત્હેં તો સર્વસ્વ મેળવ્યું છે. તેઓ તો મને ભૂલી ગયા છે; તું શા માટે હવે તેમને અતૃપ્ત રાખે છે ? જે પ્રવાહનું સુખ સૂકાઇ ગયું છે, તે પ્રવાહને તુ આગળ વહેવડાવવાની ઇચ્છા શા માટે રાખે છે ? "

" એ પ્રવાહ વહેતો થશે ત્યારે જ હું મ્હારૂં મહાભાગ્ય માનીશ."

" ખોટી વાત, એ પ્રવાહ કાંઇ ખેંચી લાવ્યે આવતો નથી. નિર્મળા ! તું મને ક્ષમા કર. મને આમ દુઃખી કરવામાં તને શો લાભ છે ? "

નિર્મળા કાંઈ બોલી નહિ. એવામાં એકાએક ઓરડાનાં બારણાં પાસે રમણિક આવી ચઢયો; તથા તે બોલી ઉઠયોઃ–નિ–લીલી !—”

લીલી જાણુતી હતી કે નિર્મળાના દૈવીત્યાગના મહિમાએ પતિના હૃદયમાં એક એવો ઝણકાર કર્યો છે, કે જેને તેઓ હંમેશાં અભિનંદન કરે છે. જે પ્રેમપ્રવાહ સહેલાઇથી નિર્મળાની તરફ આગળ વધતો હતો તેને પતિ પોતાની તરફ આણવાનો નિષ્ફળ યત્ન કરતા હતા!

જે સંબોધન નિર્મળાને માટેજ હૃદયમાં રમ્યા કરતું હતું તેને લીલીની તરફ ફેરવી નાખવાને માટે રમણિકને જે કૃત્રિમતાનું અવલંબન કરવું પડયુ તે કૃત્રિમતાએ લીલીના હૃદયમાં દારૂણ દર્દ ઉત્પન્ન કર્યું.

સ્વામીનું સંબોધન સાંભળીને લીલીના કપોલ તેમજ લલાટમાં લોહીનો એક ક્ષણિક પ્રવાહ નૃત્ય કરી ગયો; અને પાછું તરતજ તેનું મુખમંડળ મલિન થઈ ગયુ. નિર્મળા આ પ્રકાર સમજી ગઈ. પથારી પાસે પડેલા એક પંખાને ઉચકી લઇને નિર્મળાએ કહ્યું:—“ બ્હેન ! તું આ પંખો લઇને વાયુ નાખ, અને હું ભોજનનો થાળ લઇ આવું.”

નિર્મળા બહાર ચાલી ગઈ. લીલી હાથમા પખો લઈ રમણિકની પાસે જઇને ઉભી રહી. રમણિક કાંઇક વિચાર કરી પોતાના બન્ને હાથ લંબાવીને હૃદયના ગાઢ પ્રેમના ઉમળકાપૂર્વક તેને ભેટી પડયો. લીલીનું ઉછળતું હૃદય વધારે જોસથી ઉછળવા લાગ્યું.

બારણા આગળથી નિર્મળા આવતી હતી તે આ પ્રકાર જોઇને સ્મિતહાસ્ય કરી દ્વારની પાછળ ખસી જઇને ઉભી રહી.

(૩)

પોતાના સુંદર દિવાનખાનામાં બેઠા બેઠા રમણિક વિચાર કર્યા કરે છે કે આવી રીતે તે પોતાના જીવનને કયી દિશામાં ખેંચી જાય છે ? શું તેને આ કૃત્રિમ પ્રેમનું નાટક હંમેશાંજ ભજવવું પડશે ! એ નાટકનો અંત કયાં છે? સાધ્વી નિર્મળાની પાસેથી ત્યાગનો જે મહામંત્ર

રમણિક શીખ્યો છે તેજ મહામંત્ર તેને બાળી ભસ્મ કરી મૂકે છે.

રમણિકના હૃદયની આકાંક્ષા નિર્મળાની સાથેજ પ્રેમનું નાટક ભજવવાને લલચાય છે. ભાગ્યનો આ કેવો વિચિત્ર મહિમા !

એક કોમળાંગી નારીના હૃદયમાં પરમાત્માએ કેટલી બધી શક્તિ ભરેલી છે ! એ મહાશક્તિ પાસે પુરુષ કેવી રીતે પોતાના મનની દુર્બળતા જાહેર કરી શકે ?

પરંતુ ત્યારે આમને આમ ચાલી શકે પણ કેટલા દિવસ ? રમણિક દિનપ્રતિદિન પોતાના હૃદયના બંડને કેવી રીતે અટકાવી શકે ?

પ્રેમના આ ખોટા ખેલમાં લીલીને તો શાંતિજ મળતી નથી ! રમણિક તેને જે પ્રેમનો અંશ આપવાને ચ્હાય છે એ કાંઇ ખરો અંશ નથી. એ તો માત્ર એક પ્રકારનું દયાદાનજ છે ! આ દાનજ લીલીને હંમેશાં દુઃખી કર્યાં કરે છે ! એથી તો ઉલટું તેના નારીત્વનું અપમાન થાય છે. આવી રીતે નિર્દોષ લીલીને દુઃખી કરવાનો રમણિકને અધિકાર નથી.

પરંતુ હવે તેનાથી નિર્મળાનાં વચનો ભૂલી શકાય તેમ નથી. તેનાં–નિર્મળાનાં અશ્રુબિંદુઓ આવી રીતે લીલીનું વધુ અપમાન થવા દેશે નહિ—

એવામાં કોઇના હાથમાં કુંચીઓનું ઝુમખું ખખડતું સાંભળવામાં આવ્યું. રમણિકે પાછા ફરીને જોયું તો તેને નિર્મળા જણાઇ !

એક મહિમામયી દેવીની પ્રતિમા પ્રમાણે નિર્મળાની મૂર્ત્તિ ભવ્ય જણાતી હતી. રમણિક એ પવિત્ર, સ્વાર્થશૂન્ય મુખમંડળ તરફ ટગર ટગર જોઈ રહ્યો. અહા કેવું અનુપમ એ સૌંદર્ય છે ! વાયુ સાથે ક્રીડા કરતો કેશકલાપ નિર્મળાની પીઠપર ઝુલી રહ્યો છે. હોઠપર સ્મિત હાસ્ય નૃત્ય કરી રહ્યું છે.

રમણિકે નેત્રસંકેત કરીને નિર્મળાને પાસે બોલાવી. નિર્મળાએ કહ્યું:—" સામેનું દ્વાર બંધ કરો, હું આવું છું—"

રમણિકે ફરીને બારણાં બંધ કર્યાં, એટલે નિર્મળા તેની પાસે આવી.

કોમળ તેમજ ધ્રૂજતા સ્વરે રમણિકે કહ્યું:—" નિર્મળ—"

નિર્મળા ઉત્તર આપે તે પહેલાં તો રમણિક તેને બંને હાથવડે ભેટી પડયો.

પતિના સ્નેહપાશના સુખમાં નિર્મળાનાં નેત્રો મીંચાઈ ગયાં; અને પોતાનું અસ્તિત્વ મૃત્યુલોકમાં છે કે સ્વર્ગલોકમાં તે પણ એક ક્ષણને માટે તે ભૂલી ગઈ.

નિર્મળા સમજતી હતી કે રમણિક તેના પ્રત્યેના પ્રેમને કોઇ પણ પ્રકારે લીલીની તરફ વાળી શકતો નથી; તે માત્ર તેને પોતાનેજ સુખી જોવાનો યત્ન કરે છે. રમણિકના અંતરમાં આ પ્રકારથી એક જાતનું દુઃખ થતું હતું એ પણ નિર્મળા જાણતી હતી, પરંતુ જો આવે સમયે તે પોતેજ નિર્બળ બની જાય તો પતિપ્રેમના વેગને લીલી તરફ ફેરવવાનો માર્ગ સમૂળોજ બંધ થઇ જાય તેમ હોવાથી પોતાના પ્રયત્નને ચાલુ રાખવો, એનેજ નિર્મળા પોતાનું કર્તવ્ય સમજતી હતી.

પરંતુ આવા સુખ તથા આવા લોભનો ત્યાગ કઇ નારી કરી શકી છે? એક પ્રેમપૂર્ણ હૃદયનો પ્રેમપ્રવાહ પ્રચંડ જોરથી નિર્મળા તરફ ધસ્યો આવે છે; ત્યારે તે તેને નિષ્ઠુરની માફક બીજી દિશા તરફ ફેરવવાનો યત્ન કરે છે!

હે પરમાત્મન્! હે નિર્મળાના અંતરના દેવતા! તમે નિર્મળાને શક્તિ આપો, બળ આપો. એક આર્ય સન્નારી કેવી રીતે પોતાની બ્હેનને પતિપ્રેમના સુખથી વંચિત કરે? નહિ નહિ, તેમ બની શકેજ નહિ. તેની સ્નેહમયી બ્હેન લીલી;–પતિના ઉપર તો તેનોજ પહેલો અધિકાર છે! તે સાધ્વી નારીને એ કેવી રીતે દુઃખી જોઈ શકે?

નિર્મળા સ્વામીના સમસ્ત સ્નેહને પ્રાપ્ત કરી શકે તેમ હતી, પરંતુ

એવા સ્વાર્થી સુખ—ભોગમાંજ આનંદ છે કે ત્યાગમાં ? નિર્મળા શું એવી સાધારણ સ્ત્રી છે કે તે માત્ર એવા સ્વાર્થસુખનેજ ચ્હાય ?

પતિના પ્રેમપૂર્ણ સંબોધને તેના કાનમાં પ્રવેશ કર્યો કે:—
" નિર્મળ ! "

નિર્મળાના હૃદયમાં અપાર ચિંતા થયા કરતી હતી, તે આ સમયે કેવી રીતે સ્વામીના સ્નેહાવેગને પાછો હઠાવી શકશે ? આમ છતાં તેણે પોતાનું હૃદય દૃઢ કર્યું. આ કસોટીમાંથી પાર ઉતરી જવાનો તેણે નિશ્ચય કર્યો. ઘણાજ કોમળ સ્વરે સંકોચ પામીને તેણે ઉત્તરમાં કહ્યું:—" કેમ શું છે ? "

રમણિક વિચારમાં પડી ગયો કે પ્રેમપૂર્ણ સંબોધનનો માત્ર આટલોજ ઉત્તર ? જો નિર્મળા ધારત તો આ સમયે તે પતિના પ્રેમપ્રવાહમાં પોતાનાં સુમધુર વચનોવડે પોતાના પ્રેમપ્રવાહનું ઐક્ય કરી અધિક આનંદ મેળવી શકત. પણ શું ત્યારે નિર્મળા એક પત્થરની પ્રતિમા છે ? શું ત્યારે તેના હૃદયનો પ્રેમ તેના હૃદયમાંજ રહેશે ?

રમણિકે વેદનાપૂર્ણ સ્વરે કહ્યું:—" નિર્મળા ! શું કરવાથી હું તને સુખમાં જોઈ શકીશ ? આનંદમાં જોઇ શકીશ ? "

નિર્મળાનું હૃદય ત્વરાથી ધડકતું હતું, તેના હૃદયમાંનો પ્રેમપ્રવાહ તેના શરીરને કંપિત કરી રહ્યો હતો, આમ છતાં તેણે આત્મસંયમને દૂર કર્યો નહિ—હૃદયની દૃઢતાને મહામુશીબતે પણ તેણે સાચવી રાખી !

નિર્મળાએ કહ્યું:—" જે દિવસે મ્હારી મમતામયી બ્હેન લીલીને આ પ્રમાણે તમે ખરા હૃદયના પ્રેમથી ભેટશો તે દિવસેજ હું સુખી થઇશ—"

રમણિક આશ્ચર્યમાં પડી ગયો ! સ્તબ્ધ બની ગયો ! ! તેના સર્વાંગમાં એક ભયંકર આવેગ કંપતો હતો. તેણે નિર્મળાના મુખ તરફ

ઘણા સમય સુધી ટગર ટગર જોઇ રહ્યા પછી કહ્યું:—" નિર્મળા ! તું કોણ છે ? દેવી કે રાક્ષસી ? અંગના કે દેવાંગના ?—"

" હું તમારીજ છું. " નિર્મળા આ શબ્દો બોલી રહી તે પૂર્વે તો રમણિક એ સ્થાનેથી ચાલ્યો ગયો હતો. આથી કરીને નિર્મળા આકુળ—વ્યાકુળ બની ગઈ. તેના હૃદયમાં વેદના થવા લાગી. તેના મનમાં વારંવાર એવો પ્રશ્ન થવા લાગ્યો કે શું તે પોતે રાક્ષસીજ છે ?

(૪)

એક દિવસે પ્રભાત થવાને ઘણા વખતની વાર હતી અને નિર્મળા જાગી ઉઠી. સપ્તમીનો ક્ષીણચંદ્ર તે સમયે પણ આકાશમાં હસતો હતો. ઉઘાડી બારીમાંથી પ્રવેશ કરીને બે ત્રણ ચંદ્ર કિરણો નિર્મળાના અંગપર પડયાં હતાં.

નિદ્રા ઉડી ગયા પછી નિર્મળાનું હૃદય જોરથી ધડકતું હતું. તેના હૃદયમાં વ્યથા, વેદના, માન, અભિમાન કશાનું હવે સ્થાન નહોતું. ભાદ્રપદ માસમાં વહેતી સરિતાના તરંગોની માફક તેનું હૃદય અનેક તરંગોથી ઉછળી રહ્યું હતું.

નિર્મળાએ બારીમાંથી આકાશ તરફ દૃષ્ટિ કરી. ત્યા તેને સર્વ પ્રકારની પરિપૂર્ણતા જણાઇ.

નિર્મળા ઓરડાનાં દ્વાર ઉઘાડી છજામાં આવીને ઉભી રહી.

ચાંદની રાત્રિ હતી. નિર્મળા વિચારમગ્ન સ્થિતિમાંજ એક સ્ટૂલપર બેઠી. કઠેરાની પાસે પાસે વિવિધ પ્રકારનાં પુષ્પોનાં કુંડાંઓ ગોઠવ્યાં હતાં. કોઇ કોઈ છોડને બે ચાર પુષ્પો ફૂટયાં હતાં. મૃદુ પવનથી છોડવાઓ થોડા ઘણા હાલતા હતા. ઉપર અનંત આકાશમાં કેટલાક તારાઓ પ્રકાશી રહ્યા હતા. પૃથ્વીપર અમૃત ઝરી રહ્યું હતું.

નિર્મળાએ જોયું કે એ વિરાટ વિશ્વપ્રકૃતિમાં કોઇ પણ સ્થળે દુ:ખ નથી, ભિન્નતા નથી.

મનુષ્ય પોતાની આકાંક્ષાઓથીજ દુઃખની સૃષ્ટિ ઉભી કરે છે, તે જે દુઃખ પામે છે તેનું કારણ એ છે કે તે ત્યાગમાં આનંદ માનતું નથી. દેવતાની આ સુંદર સૃષ્ટિમાં મનુષ્ય શા માટે સ્વેચ્છાથી દુઃખને પોતાની પાસે ખેંચી લાવે છે ?

હે વિશ્વરાજ! તમેજ નિર્મળાના અંતરને શાંત કરો, આનંદિત કરો.

કોઈના મૃદુસ્પર્શથી નિર્મળા ચમકી ઉઠી. તેણે આંખો ફેરવીને જોયું તો લીલી તેની નજરે પડી.

નિર્મળાએ પુછ્યું:–" બ્હેન ! તું વહેલી કેમ ઉઠી ? "

લીલીએ ઉત્તર આપ્યો:–" તું વહેલી ઉઠી છે માટે. "

નિર્મળાઃ–એકાએક ઉંઘ ઉડી, બારીમાંથી જોયુ તો પ્રકૃતિ ઘણી શાંત અને સુંદર માલૂમ પડી, તેથીજ હું અહિં આવીને બેઠી છું.

થોડા સમય સુધી શાંત રહ્યા પછી નિર્મળાએ ફરીથી કહ્યું:– " બ્હેન ! પતિદેવ ઉઠયા છે ? "

લીલી:–"ના ! આજે તેમને ઉંઘજ આવી નથી." આ ઉત્તર લીલીએ અસ્પષ્ટ સ્વરે આપ્યો.

આશ્ચર્ય પામીને નિર્મળાએ કહ્યું:–" એમ કેમ ? "

લીલીએ મહામુશીબતે રૂદ્ધકંઠે કહ્યું:–" નિર્મળા ! બ્હેન ! તું મ્હારૂં રક્ષણ કર. ત્હેંજ મને આ પરીક્ષામાં મૂકી છે ! હવે મ્હારા હ્રદયથી વિશેષ દુઃખ સહન કરી શકાશે નહિ ! "

નિર્મળાએ વિશેષ આશ્ચર્ય પામીને કહ્યું:–" કેમ શું થયુ છે, બ્હેન ? "

લીલી:–ત્હેં શૉકય તરીકેનો ત્હારો ભાવ ભજવી બતાવ્યો છે ! પરંતુ ત્હેં આવી રીતે કેમ ભજવી બતાવ્યો ? જો નિર્મળા, હું માત્ર સ્વામીને સુખી થયેલા જોઇનેજ સુખી થઇ શકીશ. તું શા માટે આમ કરીને તેમના હ્રદયના આવેગને ફેરવવાનો યત્ન કરે છે ? એથી

કરીને તેઓ સુખી થઇ શકતા નથી. નિર્મળા તું રમણી છે કે રાક્ષસી ? હવે હું તને આ પ્રમાણે કદાપિ વર્તવા દઇશ નહિ—"

"બ્હેન, બ્હેન, મને ક્ષમા કર !" .નિર્મળાનો કંઠ અટકી ગયો. તે સ્ટૂલપરથી ઉઠીને લીલીના ચરણોમાં નમી પડી. એવામાં પાસેથીજ કોઇના પગનો અવાજ સંભળાયો.

નિર્મળા તથા લીલીએ સ્વામીને જોયા. બન્ને જણીઓ તરતજ ઉઠીને ઉભી થઈ ગઈ.

ચાંદનીના પ્રકાશમાં રમણિકે નિર્મળા તથા લીલીને જોઇ. આ બન્ને રમણીઓ તેના જીવનક્ષેત્રમાં ગંગા–યમુનાના પ્રવાહની માફક વહે જાય છે. તે જો કદાચ તેના પ્રેમને આ બન્ને પ્રવાહિત ધારાઓની સાથે મેળવી શકયો હોત તો કેવું સારૂં ?

રમણિકનું હૃદય જોરથી ધડકવા લાગ્યું, તેની આંખો મીંચાઈ જવા લાગી, એક ગરમ નિશ્વાસ તેના હૃદયને દુઃખી કરીને બહાર નીકળી પડયો. એવું તે કયું દુઃખ છે કે જે તેને હંમેશાં આવી રીતે અસાધારણ દુઃખી કરે છે ?

રમણિકે આંખો ઉઘાડીને જોયું તો તેને લીલી ચાલી ગયેલી જણાઇ. હવે તેની આગળ રૂપવતી નિર્મળાજ ઉભી રહી હતી. રમણિક તરતજ નિર્મળાને ભેટી પડયો.

નિર્મળા મનમાં ને મનમાંજ બોલી કેઃ—"લીલી ! બ્હેન ! પતિદેવ ત્હારા છે, હું તે તનેજ સ્વાધીન કરીશ."

(૫)

એક વર્ષ વીતી ગયું. બીજા માળના એક ઓરડામાં એક સફેદ શય્યામાં નિર્મળા સૂઈ રહી હતી તેની પાસેજ એક ન્હાનો સુકુમાર બાળક ઉંઘતો હતો. નિર્મળા એ પુષ્પ સમાન કોમળ, સુંદર શિશુ તરફ ટગર ટગર જોઈ રહી હતી. બે માસ પૂર્વે બાળકે જે દિવસે

પોતાના અસ્પષ્ટ સ્વરથી ' ઉઆ–ઉ–આ ' કરીને પોતાનું આગમન જાહેર કર્યું હતું તે દિવસથીજ નિર્મળા રોગશય્યામાં સૂતી છે. આ બે માસમાં કેટલાક એવા પ્રસંગો વીતી ગયા છે કે જેને લીધે અનેક વાર નિર્મળા જીવન અને મરણ વચ્ચે ઝૂલી ચૂકી છે. આ પ્રત્યેક પ્રસંગે લીલીએ અપાર સેવા–ચાકરીથી તેને બચાવી રાખી છે. પરંતુ નિર્મળા સમજી ચૂકી છે કે હવે ઇશ્વરને ત્યાંથી તેને આમંત્રણ થઈ ચૂક્યું છે. સ્વામીના અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવામાટે તેણે જે ભયંકર અગ્નિ પોતાના હૃદયમાં સળગાવી રાખ્યો હતો–તેજ અગ્નિ તેને દિવસે દિવસે વધારે બાળી મૂકતો હતો અને પ્રશાંત, સુંદર મૃત્યુની દિશાનો માર્ગ દર્શાવતો હતો.

નિર્મળા પોતાના અસ્તિત્વને લીલીનામાં મેળવી દેવાની ઇચ્છા રાખતી હતી. લીલી અને તે, ગંગા તથા યમુનાની માફક, એકજ પ્રવાહમાં મળી જઇને, જીવનમાર્ગમાં આગળ ન વધી શકે તો પછી તેના નારીજીવનનું સાર્થક શું ? આર્યનારીનું પ્રેમપૂર્ણ હૃદય લઇને તે વિશ્વમાં આવી છે;–ત્યાગમાં પોતાના જીવનનો અંત લાવીને તે શું પોતાના જીવનને સાર્થક કરી શકશે નહિ ?

ધીમે ધીમે નિર્મળાએ નેત્રો મીંચી દીધાં. સુખમાં પણ દુઃખનો એક સચેતન કોમળ સૂર તેની મર્મવીણામાં ધીમે ધીમે વાગતો હતો. શય્યામાં સૂઈ રહેલો સુકુમાર બાળક, આજે તેનાં નેત્રો આગળ એક જ્યોતિઃપૂર્ણ દીપશિખાની માફક પ્રકાશિત થઇને, તેને તેના અંતરની ચિર સમસ્યાનો મીમાંસા માર્ગ દેખાડતો હતો.

ધીમે પગલે લીલી એ ઓરડામાં આવી. બાળક જાગીને વ્યાકુળતાથી તેના હાથપગ હલાવી રહ્યો હતો. લીલીએ નીચી નમીને તેના લલાટમાં ચુંબન કર્યું. તેનાં નેત્રોમાંથી બે અશ્રુબિંદુઓ મુક્તાફલની માફક સરી પડ્યાં.

આ સમયે નિર્મળાએ આંખો ઉઘાડીને કહ્યું:-" બ્હેન—"

" શું છે ? "

" બ્હેન ! જો આ વખતે હું મરી જાઉં તો ! "

" નિર્મળા ! તું ભાગ્યવતી થા. પરમાત્મા તને સુખી કરો ! "

નિર્મળાના હૃદયમાં ભયંકર દર્દ થતું હતું. તેણે અસ્પષ્ટ સ્વરે કહ્યું:—" બ્હેન ! હું મ્હારે હાથે આ મ્હારા રત્નને ત્હારા હાથમાં તો હજી સુધી આપી શકી નથી ! "

" તું એક વખત સારી થઈ જા, પછીથી બધુ થશે. "

" હવે હું બચવા ઇચ્છતી નથી. બ્હેન ! આ બાલકે મ્હારે પેટે જન્મ ધારણ કર્યો છે તેથી તે શું મ્હારો એકલીનોજ છે ? "

" તું ત્હારો એકલીનો ગણે તો હું ગણવા દઉં તેમ ક્યાં છુ તે ? " આમ કહીને લીલી એક ક્ષણને માટે હસી પડી.

એવામાં નીચેથી રમણિકનો કંઠસ્વર સાંભળવામાં આવ્યો.

નિર્મળાએ કહ્યું:—" બ્હેન ! પતિદેવે કદાપિ આ મ્હારા રત્નને તેમની પાસે નથી લીધું. તેમના હાથમાં આપણા આ રત્નને જોવાની મને ઘણી ઇચ્છા થઈ છે. મ્હારી આ ઇચ્છા મ્હારૂં મૃત્યુ થતાં પૂર્વે શું પૂરી નહિ થાય ? "

લીલીએ નિર્મળાના મસ્તકપર પોતાનો એક હાથ ફેરવીને કહ્યું:—" તું તો ગાંડી છે ! હું તને મરવા દેવાની નથી, સમજી ? "

ઓરડાના દ્વાર પાસે કોઇનો પગ ખખડયો. બન્નેએ જોયું કે સ્વામી આવે છે ! રમણિક અતૃપ્ત નયને આ અપૂર્વ દેખાવ જોવા લાગ્યો !

એક દિવસ જે મોહ, જે અંધ આવેગમાં તે બંધાઇ રહ્યો હતો તે મોહ તેમજ તે આવેગ આજે આ નિર્મળ, પવિત્ર દેખાવ જોઇને ઉડી ગયો. રમણિક બંધનમુક્ત થયો. દિનપ્રતિદિન તે આ બન્ને રમણિઓના અપૂર્વ અંતર-સૌંદર્યને નિહાળીને આશ્ચર્ય પામતો

હતો. તેના હૃદયમાં એક પ્રકારની વેદના પણ થતી હતી; પરંતુ આજે આ અપૂર્વ દેખાવ જોવામાં આવતાંજ તેણે પોતાને મહા સૌભાગ્યશાળી સમજી અભિનંદન કર્યું.

જગતનો કોઈ શ્રેષ્ઠ ચિત્રકાર આવું એક પણ ચિત્ર ચિતરી શકયો છે?

રમણિકે જલદીથી નિર્મળાની શય્યા પાસે જઇ પહોંચીને કહ્યું:—" નિર્મળા ! પ્રિયે ! મ્હેં ભયંકર ગુન્હો કર્યો છે, તું મને ક્ષમા કર."

લીલીએ સહજ આગળ ખસી પોતાના હાથમાંના સુકુમાર બાળકને સ્વામીએ લંબાવેલા હાથમાં મૂકયો.

એક ક્ષણુ માત્રમાંજ સમસ્ત—અભિમાન, વ્યથા અને હરકત દૂર થઇ ગયાં ! રમણિકે આગળ વધીને નિર્મળાના લલાટપર ચુંબન કર્યું ! લીલીએ પણ પતિ પ્રમાણે નિર્મળાના કપાળમાં ચુંબન કર્યું !

નિર્મળાએ સુખ તેમજ તૃપ્તિના આવેગથી આંખો મીંચીને કહ્યું:—" બ્હેન ! આ વખતે તો મૃત્યુ પમાયું નહિ."

રમણિકે પોતાના ખોળામાંના બાલકને લીલીના ખોળામાં આપીને ગદ્ગદ કંઠે કહ્યું:—" લીલી ! "

અરેરે ! આજે કેટલી હકીકત, કેટલી કથા—વાર્ત્તાઓ, કેટલી વેદના તથા અપમાન તેના મનમાં જાગી ઉઠે છે ?

રમણિક અપરાધી છે—નિર્મળાની પાસે અપરાધી છે, લીલીની પાસે પણ અપરાધી છે. સ્વેચ્છાથી—ઇચ્છા નહિ હોવા છતાં પણ તે નારી હૃદય—રહસ્યનું અપમાન કરતો આવ્યો છે.

લીલીએ કાંઇ પણ બોલ્યા સિવાય સ્વામીની તરફ મસ્તક નમાવ્યું. રમણિકે તેની કંપતી છાતીને પોતાની છાતી પાસે ખેંચી લાવીને ખરા સ્નેહથી ભેટી પડયો ! આજે પહેલીવારજ આ ત્રિવેણીનો સંગમ થયો !

"૩

અભિમાની સ્ત્રી

(૧)

સુકુમારીનો પિતા જેમ ધનવાન હતો તેમ તેનો પતિ ડેપ્યુટી કલેક્ટર હતો. એકની એક દીકરી હોવાથી તે લાડ-કોડમાં ઉછરેલી હતી. આ સર્વ કારણોથી સાસરીમાં પોતાની સાસુ સાથે તેમજ સરળ અને ગરીબ સ્વભાવના સસરા કાળીચરણની સાથે તેનું વર્તન અભિમાન ભરેલું રહેતું હતું. આમ છતાં કાળીચરણ પ્રત્યે તો તે કોઈ કોઇ સમયે કૃપા દૃષ્ટિથી વર્તતી, પરંતુ સાસુ અને નણંદો તરફ તો તે બાડી નજરે પણ જોઈ શકતી નહોતી; અને તેમની સાથે તે છતાં કંઇક પ્રસંગ નીકળી પડે તો તેમાં તે પોતાની હાર નહિ થવા દેતાં આખરે પોતાનો શબ્દજ ઉપર રાખતી. સાસુ બિચારી તેને પહોંચી શકતી નહિ, તો પણ તેનો જીવ સુકુમારી વિના રહી શકતો નહોતો, જેથી છેવટે લાચાર થઇને પણ તેને સલાહ-સંપ કરવો પડતો હતો. સુકુમારીને તો પોતાના અભિમાન આડે તેની બિલકુલ પરવાજ નહોતી. સાસુ ગુસ્સે થઈ હોય કે ભૂખી રહી હોય તો પણ તે પોતે તો આનંદથી ખાઇપીને પતિની સાથે મોજ કરતી હતી.

સુકુમારીના સસરા કાળીચરણ ઘણાજ નમ્ર સ્વભાવના હતા. સાસુ-વહુના ઝઘડામાં પડવાનું તેમને ગમતું નહિ. કાળીચરણનો ગૃહસંસાર કાંઈ સુકુમારીના પિતાના ધનથી ચાલતો નહોતો. તેઓ વૃદ્ધ છતાં પોતાને મળતા પેન્શનમાંથી પોતાનો ગૃહખર્ચ ચલાવ્યા જતા હતા.

જેથી તેઓ કાંઇ પોતાની પુત્રવધુ સુકુમારીથી ડરતા નહોતા, પરંતુ કંકાસથી ડરતા હતા. બીજી તરફ સુકુમારી તો એમજ માન્યા કરતી કે પોતે મોટા ઘરની પુત્રી અને ડેપ્યુટી સાહેબની સ્ત્રી છે તેથીજ સર્વે લોકો પોતાનાથી ડરે છે.

કાળીચરણની સહનશીલતા તથા તેમનું અપમાન થતું જોઈને યોગમાયાના મનમાં ઘણું લાગી આવતું હતું, પરંતુ કલહનો પ્રસંગ આવતાં કાળીચરણ સાસુ-વહુના કજીયામાં પડતા નહિ.

એવે પ્રસંગે તેઓ બહારના દિવાનખાનામાં પગ ઉપર પગ ગોઠવીને અનેક ગાઢ નિશ્વાસો મૂકતા બેસી રહેતા હતા, અને તેમનો પૌત્ર ગોપાળચંદ્ર દાદાની મૂછો આમળતો રમત-ગમત કરતો હતો. ઘરમાં શાન્તિથી બેસવા જેવું બીજું સ્થળ નહિ હોવાથી બહારના નિર્જન દિવાનખાનામાં આ બન્ને-દાદો તથા પૌત્ર આનંદ કરતા હતા. સર્વે દાદાઓ પોતાના પૌત્ર ઉપર પ્રેમ રાખે છે તથાપિ કાળીચરણની વાત તો ન્યારીજ હતી.

ગોપાળના સહવાસથી કાળીચરણ પોતાની પત્ની તથા પુત્રવધુનો સર્વ કલહ ભૂલી જતા હતા, અને ગોપાળની સાથે આખો દિવસ આનંદનો ઉપભોગ લેતા હતા. બીજી બાજુએ મોટા ઘરની પુત્રી સુકુમારી તો પોતાના મનમાં એમજ સમજતી હતી કે:-"ગરીબ સસરાજી મ્હારા ગોપાળને રમાડી કૃતાર્થ થાય છે."

ગોપાળની ચંચળતાથી કાળીચરણના નાકે શ્વાસ આવી પહોંચતો, તે વૃદ્ધ દાદાને થોડો સમય પણ શાન્ત બેસી રહેવા દેતો નહિ. સંધ્યા સમયે જ્યારે કાળીચરણ હિસાબની ચોપડી લઇ બેસતા હતા ત્યારે તેઓને વ્યવસ્થિત સ્થળેથી ખડીઓ મળી આવતો નહિ, એટલે તેઓ આજુબાજુની ઓરડીઓમાં તપાસ કરવા લાગતા, તો કોઇ ઓરડીમાં એ ખડીઆમાંથી શાહી કાઢીને ચાદર

બગાડતો ગોપાળ તેમની નજરે પડતો હતો. સ્નાન કરવાની વખતે નોકર તે સ્થળે જલ અને તેલ મૂકી જતો હતો, પરંતુ જ્યારે તેઓ સ્નાન કરવા જતા ત્યારે જોતા કે તેલની શીશીને ડોલમાં ડૂબાવી ગોપાળ તેને પાણીમાંથી કાઢી રહ્યો છે, તથા બધું તેલ જલ ઉપર તરી રહ્યું છે! કાળીચરણ છીંકણી સૂંઘતાં સૂંઘતાં જો કદાચ છીંકણીની ડબ્બી કોઈ સ્થળે ભૂલમાં મૂકી દેઇને નિદ્રાધીન થઈ જતા તો બરોબર ગાઢ નિદ્રા આવેલી હોય એવા સમયે ગોપાળ એ છીંકણીની ડબ્બી ઉઘાડી તેમાંથી થોડી ઘણી છીંકણી દાદાના નાક આગળ મૂકી ગચ્છંતિ કરી જતો હતો ! વૃદ્ધ દાદા જ્યારે ગાઢ નિદ્રામાંથી 'છીં છીં' કરતા જાગ્રત થતા ત્યારે ગોપાળ તેમની તરફ નજર કરી 'ખડખડ' હસ્યા કરતો હતો ! આ પ્રમાણે તે પ્રતિદિન એક નહિ તો બીજો અને બીજો નહિ તો ત્રીજો ઉપદ્રવ કર્યાજ કરતો હતો. પૌત્ર તરફથી આવા પ્રકારનો ઉપદ્રવ થવા છતાં કાળીચરણનો પૌત્ર-પ્રતિનો પ્રેમ લેશમાત્ર ઓછો થતો નહિ. ઉલટું જે દિવસે ગોપાળ ઓછો ઉપદ્રવ કરતો હતો તે દિવસે વૃદ્ધનું ચિત્ત ઉદાસ રહેતું હતું.

(૨)

ઘરની અંદર આજે બે દિવસથી સુકુમારી તથા તેની સાસુનો કલહ—કંકાસ ચાલી રહ્યો છે. ભોળા નામના નોકરને ઘરમાંથી કાઢી મૂકવાને માટે સુકુમારીની સાસુ યોગમાયાએ ઘણીજ હઠ લીધી છે. યોગમાયાને ભોળાના વ્યવહાર તથા આચરણથી સ્પષ્ટ માલૂમ થતું હતું કે તેના મત પ્રમાણે ઘરની ખરી ધણિયાણી યોગમાયા નહિ પરંતુ સુકુમારી છે. યોગમાયાને ગુસ્સો આવવાનું બીજું એક મુખ્ય કારણ એ છે કે આ તરફ ભોળો બે ચાર દિવસથી સુકુમારીનેજ 'શેઠાણી, શેઠાણી' કહીને બોલાવે છે. આ 'શેઠાણી' શબ્દમાં જે ગૂઢ અર્થ રહેલો છે તેને યોગમાયા સારી રીતે સમજતી હતી. જેથી ઉઠતાં-

બેસતાં, સૂતાં-જાગતાં સદા સર્વદા તેણે ભોળાને વઢવાનું શરૂ કર્યું.

પરંતુ સુકુમારીએ વિરૂદ્ધ પક્ષ લીધો. તે પોતાની સાસુને ભોળાના ઉપર ગુસ્સે થયેલી જોઇને તેના ઉપર અધિક સ્નેહ કરવા લાગી.

એક દિવસે કલહ કરીને યોગમાયાએ ભોળાને ઘરમાંથી કાઢી મૂક્યો. ભોળાએ પોતાનો પાઇએ પાઇનો હિસાબ ગણી લીધો, તથા મારીને સાષ્ટાંગ પ્રણામ કરી તે ચાલ્યો ગયો.

પરંતુ બીજે દિવસે સવારે શય્યા ઉપરથી ઉઠતાંજ યોગમાયાએ જોયું કે ભોળો સુકુમારીની કન્યાને પોતાના ખોળામાં બેસાડી રમાડે છે. તેને પોતાના ઘરમાં જોતાંજ યોગમાયાએ કહ્યું:-" તું મારે ત્યાં કેમ આવ્યો ? "

ભોળાએ બિલકુલ બેપરવાઇથી ઉત્તર આપ્યો:-"મને તો મ્હારી શેઠાણીએ બોલાવ્યો છે તેથી હું આવ્યો છું. "

" વહુ " કહીને યોગમાયાએ બૂમ પાડી. સુકુમારી તરતજ પોતાની સાસુ સમીપ આવી પહોંચી. યોગમાયાએ સુકુમારીને જોતાંજ કહ્યું:-" તેં કોના હુકમથી ભોળાને આ ઘરમાં રાખ્યો છે ? "

સુકુમારીએ ઠાવકે મ્હોડે ઉત્તર આપ્યો:-" ભોળાને રાખ્યા સિવાય કામ ચાલી શકશે નહિ. તેનો પગાર તમારે નહિ આપવો પડે, મ્હારા પિતા આપશે. "

થયેલા અપમાનથી યોગમાયાના મુખમાંથી સ્પષ્ટ વચનો નીકળી શકતાં નહોતાં. તેણે કહ્યું:-" ઓહો ! શું ત્હારી સત્તા આટલી બધી હદ સુધી પહોંચી ગઇ છે ? ઠીક છે, આજે આ સકળ વાતો હું તેમને કહીશ. આ ઘરમાં પછીથી તું નહિ કે હું નહિ ! "

આ પ્રમાણે કહી યોગમાયા રૂદન કરતી કરતી ત્યાંથી ચાલી ગઈ.

બપોરે કાળીચરણ બાબુ ભોજન કરીને હાથ મ્હોં સાફ કરી રહ્યા છે, આ સમયે યોગમાયા રૂદન કરતી કરતી તેમની આગળ

જાઇને ઉભી રહી. રૂદન, ક્રોધ તથા અપમાનથી તેનું સમગ્ર શરીર કંપી રહ્યું છે!

યોગમાયાએ કહ્યું:—" તમે કદાપિ મારી એક પણ વાત સાંભળતા નથી; પરંતુ જો આજે મારી વાત તરફ લક્ષ નહિ આપો તો હું ઝેર ખાઇશ. કાલે મેં ભોળાને આપણે ત્યાંથી રજા આપી કાઢી મૂક્યો હતો, પરંતુ તમારી સ્વતંત્ર પુત્રવધૂએ આજે મને ભોળાની મારફત અપમાનિત કરવાને તેને પુનઃ બોલાવ્યો છે. મને તેણે કહ્યુ છે કે:—" હું મારા પિતાની કમાણીમાંથી ભોળાને પગાર આપીશ." ભોળાએ મ્હારી આગળ આંખો લાલ કરી એવું કહ્યું છે, કે જેથી તે મ્હારો નોકર નથી, હું તેને એક પણ શબ્દ કહી શકવાને અધિકારિણી નથી, એમ માલૂમ પડે છે. હવે તમે તમારી આ પુત્રવધુ વગેરેને લઇ જૂદા રહો અને હું પણ તમારા સર્વેનાથી જૂદી રહીશ."

કાળીચરણના મસ્તકપર યોગમાયાના અપમાનથી જાણે કે વજ્રના આઘાત થયા જેવું થયું. તેમણે મ્હોટેથી હાંક મારી કહ્યુ:—" ભોળા!"

ભોળાએ ત્યાં આવી પહોંચી કહ્યુ:—"આજ્ઞા."

આ સમયે કાળીચરણને સારાસારનુ જ્ઞાન રહ્યું નહિ. તેમણે ભોળાને જોરથી બે થપ્પડ ખેંચી કહાડી, અને કહ્યું:—"પાજી! હમણાં ને હમણાંજ મ્હારા ઘરમાંથી ચાલ્યો જા!"

સુકુમારી પડદા ઓથે ચૂપચાપ ઉભી હતી, પરંતુ જ્યારે ભોળાએ રૂદન કરતાં કરતાં કહ્યું:—" શેઠાણીજી! હવે તમે મને રજા આપો. માર ખાઇને હું આ ઘરમાં હવે રહી શકીશ નહિ."

સુકુમારીએ ભોળાને કહ્યું:—" એ માર તને પડ્યો નથી, પરંતુ મને પડ્યો છે. ત્હારે હવે અહિં રહેવુ પડશે નહિ. જા, એક ગાડી બોલાવી લાવ. હું હવે આ ઘરનું જલ સુદ્ધાં પીનાર નથી. હમણાં ને હમણાં હું મારે પિયર ચાલી જઇશ."

(૩)

બપોરનો સમય છે. બહારના દિવાનખાનામાં દાદા અને તેમનો પૌત્ર બેસીને શરીરશાસ્ત્ર સંબંધી વાદવિવાદ ચલાવી રહ્યા છે.

ગોપાળે પૂછ્યું:–" દાદા ! સ્ત્રીઓને મૂછ કેમ નથી ઉગતી ?"

આવા કઠિન પ્રશ્નનો કાળીચરણ શું ઉત્તર આપે ? એ સંબંધી તેઓ વિચાર કરતા હતા; એ સમયે રામુની મા (દાસી)એ આવીને કહ્યું:–" ગોપાળ ! તને હારી માતા બોલાવે છે, ગાડી આવી ગઇ છે; હારે હારા મામાને ત્યાં જવાનું છે."

ગોપાળે તેની વાત સાંભળી ના સાંભળી કરીને કહ્યું:–"દાદા ! રામુની બાને મૂછ કેમ નથી ઉગી ?"

આ પ્રશ્નને સાંભળતાંજ રામુની બા ગભરાઈ ગઇ. કાળીચરણ કાંઇ પણ બોલ્યા નહિ. રામુની બાના શબ્દો સાંભળી તેઓ અનુમાનથી કાંઈ પ્રકાર સમજી જઈ ઘણા ચિંતાતુર થઈ ગયા. તેમણે કેટલાક સમય પછી ધીમે સ્વરે પ્રશ્ન કર્યો:–" રામુની બા ! વહુ એકદમ પોતાને પિયર કેમ જાય છે ?"

રામુની બાએ ઉત્તર આપ્યો:–" હુ શુ જાણું ? આજે વહૂએ ખાધુ પણ નથી. તેમણે ગાડી મંગાવી છે, અને હવે તેઓ જલદીથીજ પોતાને પિયર ચાલ્યાં જશે."

ગોપાળને લઇ અતિ ઉદાસ મનથી કાળીચરણ અંદર ગયા. ઘરમાં જતાંની સાથેજ તેમણે જોયું કે સુકુમારી ગોપાળની રાહ જોતી ઉભી રહી છે. કાળીચરણે તેની પાસે જઇને કહ્યું:–"વહૂજી ! શુ હજુ સુધી તમે નથી ખાધું ?"

સુકુમારી કાળીચરણ સાથે હમ્મેશાં વાતચીત કરતી હતી, તે બિલકુલ શરમાતી નહિ; પરંતુ આજે તેમને જોતાં જ તે ઘૂમટો ખેંચી જ્યાં હતી ત્યાંની ત્યાંજ ઉભી રહી. તેણે બિલકુલ ઉત્તર આપ્યો નહિ.

કાળીચરણે ધીમેથી કહ્યું:—"ખાધા પીધા વિના શા માટે પિયર જાઓ છો? શું મ્હારા ઉપર ગુસ્સે થયાં છો? મ્હેં તો તમને કશું કહ્યું નથી."

સુકુમારી ગોપાળને પોતાના શ્વસુર પાસેથી લઇ પોતાના ઓરડામાં ચાલી ગઇ. કાળીચરણ પણ તેની પાછળ પાછળ ગયા, અને બોલ્યાઃ—"વહૂજી! તમારે વડિલ માણસોને દુઃખી કરવાં જોઇએ નહિ. જાઓ, પહેલાં જઇને થોડું ખાઇ લ્યો અને પછીથી પિયરમાં જવું હોય તો ભલે બે ચાર દિવસ જઇ આવો, પરંતુ ગોપાળને તમારી સાથે લઇ જશો નહિ. તમે જાણો છો કે ગોપાળ સિવાય હું એક ક્ષણ પણ રહી શકતો નથી." આટલું બોલતાં બોલતાં કાળીચરણનું હૃદય ભરાઇ આવ્યું.

સુકુમારીનું પત્થર જેવું હૃદય સહજમાં પીગળે તેમ નહોતું. ગોપાળને સાથે લઈ તે ગાડીમાં જઇને બેઠી. મામાને ત્યાં જવાની વાત જાણમાં આવતાં પ્રથમ તો ગોપાળ ઘણો ખુશી થયો હતો, પરંતુ જ્યારે તેને એમ માલૂમ પડયું કે તેના દાદા પોતાની સાથે આવવાના નથી ત્યારે તે ગાડીમાંથી માથું બહાર કાઢી કહેવા લાગ્યોઃ— "દાદા! તમે પણ ચાલો, દાદા! તમે પણ ચાલો," છેવટે ગાડીમાંથી ઉતરી પડવાને માટે ગોપાળ રૂદન કરવા લાગ્યો. "દાદા! હું મામાને ત્યાં નહિ જાઉં, તમારી પાસેજ રહીશ." પરન્તુ સુકુમારીએ ઘણી નિર્દયતાથી ગોપાળને દબાવી રાખ્યો.

કાળીચરણનાં નેત્રોમાં અશ્રુજલ ભરાઇ આવ્યું! તેઓ ગોપાળના શિર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહેવા લાગ્યાઃ—"ગોપાળ! આમ શામાટે કરે છે? મામાને ત્યાં તો હસતાં હસતાં જવું જોઇએ. તું રડે છે શામાટે?"

ગાડી ચાલી નીકળી. ગાડીના ગડગડ અવાજમાં પણ ગોપાળનો

રૂદન—સ્વર સંભળાતો હતો. કાળીચરણ પોતાના કાન દઈ સાંભળવા લાગ્યા—ગોપાળ બોલ્યાજ કરે છે કેઃ—“ હું નહિ આવું, હું તો મારા દાદા સાથેજ રહીશ, મને છોડી દે. ” આ શબ્દો સાંભળતાંજ કાળીચરણના હૃદયમાં કોઈ અતિ નિર્દયતાથી બાણ ખોસતું હોય એમ તેમને થવા લાગ્યું.

ગલીના વાંકને વટાવીને ગાડી નજરથી દૂર થઇ તો પણ ગોપાળનો રૂદનસ્વર ઘણોજ ધીમો સંભળાવા લાગ્યો. બાંકીપુર શહેરના કાનને ફોડી નાખે એવા કોલાહલમાં ગોપાળનો રૂદન—સ્વર દૂરથી પણ સ્પષ્ટ સંભળાતો હતો. હવે ગાડીનો અવાજ સંભળાતો નહોતો. એ ગાડીના ચાલ્યા ગયા પછી બીજી પણ ચાર પાંચ ગાડીઓ એ રસ્તેથી ચાલી ગઇ, છતાં જાણે કાળીચરણના કાનમાં એજ શબ્દોના ભણકારા વાગી રહ્યા હતા કેઃ—“ હું મ્હારા દાદા સાથે રહીશ, મને છોડી દે. ”

એક ઉન્હો દીર્ઘ શ્વાસ મૂકીને કાળીચરણ પોતાના નિર્જન દિવાનખાનામાં જઇ બેઠા. નોકર આવીને હુક્કો મૂકી ગયો. હુક્કાની નળી મુખમાં લેતાંની સાથેજ કાળીચરણના નેત્રોમાંથી અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યાં. એ સમયે પણ તેમના કાનમાં એવા ભણકારા થયા કરતા હતા કેઃ—“ મને છોડી દે, મને છોડી દે. ”

આ સમયે કાળીચરણ બાબુના મકાનમાં કોઈ પણ પ્રકારની ધામ—ધુમ નથી, ઉપદ્રવ નથી; ખડીઆની શાહી ખડીઆમાંજ રહે છે, છીંકણીની ડબ્બી ઉઘાડીને કોઈ છીંકણી ઢોળી નાખતું નથી, શરીરે મસળવાના તેલની શીશીને કોઈ ઉંધી વાળી દેતું નથી, કાળીચરણની નિદ્રાને પણ કોઇ અટકાવતું નથી, સમયનો પણ અભાવ નથી; આમ છતાં કાળીચરણ અશાંતિથી ચિંતાતુર બની ગયા છે. જ્યારે તેઓ સ્નાન કરવા જાય છે, ત્યારે તેમનાં નેત્રોમાં જલ ભરાઇ આવે છે.

ભોજન કરવા બેસે છે, તો ખોરાક ગળે ઉતરતો નથી. મહામુશીબતે બે ચાર ગ્રાસ ભરે છે. દિવસે વારંવાર તેમને એવા ભણકારા થયા કરે છે કે જાણે કોઈ તેમને પોકાર કરી રહ્યું છે. "દાદા" એવો ભણકારો થતાંની સાથેજ કાળીચરણ આશ્ચર્યથી ચારે દિશાએ દષ્ટિ કરે છે; પરંતુ સઘળું વ્યર્થ થઇ પડે છે. કોઇ તેમની નજરે પડતું નથી. માત્ર ઉદાસ હવા બહારથી કરૂણ આર્તનાદ કરતી ઘરની અંદર પ્રવેશ કરે છે.

આજકાલ કરતાં ગોપાળને ગયાને પાંચ છ દિવસ થઇ ગયા છે.

જો કે પોતાનો દિવસ તો આમ તેમ ફરીને તેઓ પૂરો કરે છે, પરંતુ સંધ્યા સમયે તેઓ આત્મસંયમ કરી શકતા નથી. દષ્ટિથી અગોચર પરંતુ અંદરની ઇંદ્રિયને પરિચિત એવી એક અજેય શક્તિએ તેમના દેહ તથા મનને આકર્ષિત કરી લીધું છે. હાથમા લાકડી લઇને કાળીચરણ બાબુ ઘરની બહાર નીકળ્યા. પોતાના પૌત્ર ગોપાળના માત્ર પાંચ દિવસના વિયોગમાંજ તેમના શરીરનું સઘળું લોહી સૂકાઇ ગયું છે. આમ છતાં કોણ જાણે કે કોઇ એક પ્રકારના મંત્રબળથી તેઓ ગોપાળના મામાને ઘેર જઇ પહોંચ્યા. અંદર જવાનેમાટે વિચાર કરી રહ્યા હતા એવામાં તેમને કાને વ્યાકુળ અવાજ પડયો કેઃ—"દાદા !"

કોણ જાણે કે ક્યાંથી એકદમ ગોપાળ આવીને કાળીચરણના શરીરને બાઝી પડયો. કાળીચરણે ગોપાળને પોતાની છાતી સરસો ચાંપી ઘરની અંદર પ્રવેશ કર્યો, ત્યાર પછી ઉભય મિત્રોમાં વાતચીત થવા લાગી.

ગોપાળે કહ્યુંઃ—"દાદા ! તમે મ્હારી સાથે કેમ આવ્યા નહિ ? ખરેખર તમે ઘણાજ ખરાબ માણસ છો."

કાળીચરણે ગોપાળને પુનઃ પોતાની છાતી સરસો ચાંપી કહ્યુંઃ—"હા ભાઈ ! હું ખરાબ માણસ છું, તુંજ સારો માણસ છે !"

ગોપાળે કાળીચરણને સાંત્વના આપવાના ઇરાદાથી કહ્યું:–"ઠીક, તમે પણ સારા છો! કહો, હવે અહિંથી ચાલ્યા તો નહિ જાઓને?"

આવા પ્રકારે સ્નેહપૂર્વક પૂછાયલા પ્રશ્નનો છળ–કપટથી ઉત્તર આપવો એ કાળીચરણને ઘણું અયોગ્ય લાગ્યું. તેમણે કહ્યું:–"તું પણ મારી સાથેજ ચાલને!"

ગભરાઇ જઇને ગોપાળ કાળીચરણનો હાથ છોડી દઇ બોલ્યો:– "ઠીક ત્યારે; હું મ્હારો કોટ પહેરી આવું." આટલું બોલી ગયા પછી અલ્પ સમયમાંજ ગોપાળનું મુખ મલિન થઇ ગયું; કારણ કે તેના મનમાં તેની માનો ઘણો ભય ઉત્પન્ન થયો, તે ગદ્દગદ કંઠે બોલ્યો:–"દાદા! હું તમારે ત્યાં આવીશ તો મ્હારી માતા મને મારશે."

કાળીચરણનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં:–"તો ભાઇ! આ વાત તેમને કહેવાની શું જરૂર છે?"

"દાદા! ભોળો ઘણો દુષ્ટ છે?"

"હા, ઘણોજ દુષ્ટ છે."

"હું જ્યારે મ્હોટો થઇશ ત્યારે ભોળાને ખૂબ મારીશ."

ગોપાળના મામા વગેરે બહાર ફરવા ગયા હતા. દાસ–દાસી તથા નોકર–ચાકર વગેરે જે લોક હતાં તે લોકોએ પૈસાદાર સંબંધીઓને ત્યાં ગરીબ સંબંધીઓને જેવું માન મળે છે તેવુંજ માન કાળીચરણને પણ આપ્યું. તે લોકોએ માત્ર એટલુંજ પૂછ્યું કે:–"કેમ છો?" "સારા તો છો ને?" "નમસ્કાર" આ સિવાય બીજો કાંઈ વિવેક કર્યો નહિ. કાળીચરણને કોઇએ હુક્કો સુદ્ધાં ભરી આપ્યો નહિ; પરંતુ તેમનું એ તરફ બિલકુલ લક્ષ પણ નહોતું. તેઓ તો ગોપાળને પોતાના ખોળામાં બેસાડી તન્મય બની ગયા હતા.

ગોપાળ તથા તેના દાદાની વચ્ચે ઘણા સમય સુધી અનેક પ્રકારની વાતો ચાલ્યા કરી. ત્યાર પછી એક દાસીએ આવીને ગોપાળને

કહ્યું:—“ બબલા, ચાલ, દૂધ ગરમ થઇ ગયું છે, પી લે; નહિ તો પછી ઠંડુ થઈ જશે.”

ગોપાળે ગુસ્સે થઇ કહ્યું:—“ જાઓ, આજે હું દૂધ પીવાનો નથી.”

દાસી કાંઇક ગુસ્સે થઇ બોલી:—“ કેમ, આજ તું શા માટે દૂધ નહિ પીએ? જલદી ચાલ, નહિ તો ત્હારી મા જો આ પાસેના ઓરડામાં જ ઉભાં છે.”

કાળીચરણે ઘણા પ્રેમથી કહ્યું:—“ જા ભાઇ! દૂધ પી લે અને પછીથી અહિં આવજે.”

ગોપાળને જ્યારે એમ માલૂમ પડયું કે દૂધ પીધા વિના આજે જીવ બચનાર નથી ત્યારે:—“ દાદા ! હું દૂધ પીને તુરત આવું છું; તમે કોઇ પણ સ્થળે જશો નહિ; અહિંજ બેસી રહેજો.” એમ કહીને કાળીચરણ તરફ વારંવાર ફરી ફરીને નજર કરતો ગોપાળ દાસીની સાથે ચાલ્યો ગયો.

લગભગ અર્ધા કલાક સુધી બેસી રહ્યા પછી કાળીચરણને માલૂમ પડયું કે બીજા માળના એક ઓરડામાં ગોપાળ ઘણાજ જોરથી રડતો રડતો કહી રહ્યો છે કે:—“ નહિ, હજુ સુધી દાદા ગયા નથી. હું તેમની પાસે જઇશ; નહિ તો એ ચાલ્યા જશે.”

કાળીચરણ ઘણાજ ચિંતાતુર થઈ ગયા. ગોપાળને એમ કોણે કહ્યું કે તે ચાલ્યા ગયા; તે તો ગોપાળની રાહ જોતા જ્યાં બેઠા હતા ત્યાંજ દેવની માફક શાંતિથી બેસી રહ્યા છે.

જે દાસી ગોપાળને દૂધ પીવાનું કહેવા આવી હતી એ દાસી એક રકાબીમાં બે પેંડા અને બે ત્રણ લાડુ લઈને આવી. પાનનાં બે બીડાં પણ એ રકાબીમાં મૂકેલાં હતાં. જાણે કે એ બે પાનનાં બીડાં એમ ના કહી રહ્યાં હોય કે:—“ નમસ્કાર ! હવે મને આપના મ્હોમાં મૂકી, આપ આપને રસ્તે ચાલ્યા જાઓ ! ”

રકાબી તથા એક પ્યાલો ગંગાજળ મૂકી દાસીએ કહ્યું:—
" જળપાન કરો. "

કાળીચરણે વ્યાકુળ હૃદયથી પૂછ્યુ:—" ગોપાળ હજી સુધી કેમ આવ્યો નહિ ? "

સર્વ વાત પોતાની જાણમાં આવ્યા પછી દાસી સુકુમારીના ઉપર ગ્હીડાઇ ગઇ હતી. તે બોલી:–" કોણ જાણે; મને તે સંબંધી કાંઈ ખબર નથી. કદાચિત ગોપાળ દૂધ પીને સૂઇ ગયો હશે. બ્હેને કહ્યું છે કે હવે તેને ત્યાં જવાની કાંઈ જરૂર નથી. આપ જળપાન કરો. " આમ કહીને દાસી ચાલી ગઇ.

અત્યાર સુધી ગોપાળનો રૂદનધ્વનિ સંભળાતો હતો. કાળીચરણના ઉપર જાણે વિદ્યુત પડી હોય તે પ્રમાણે તેઓ જ્યાં બેઠા હતા ત્યાંજ બેસી રહ્યા. દુઃખ અને અપમાનથી તેમની દૃષ્ટિ—શક્તિનો નાશ થયો હતો. કેટલાક સમય પછી તેમણે આંખ ઉઘાડી જોયું તો ભોળો સારાં સારાં કપડાં પહેરી એક સુંદર હુક્કાની ચાંદીની નળીને પોતાના મુખમાં રાખી ગુડ્ગુડૂ અવાજ કરતો બેઠો હતો.

કાળીચરણ બાબુથી હવે ત્યાં એક ક્ષણ પણ રહી શકાયુ નહિ. તેઓ પોતાની લાકડી હાથમાં લઇને ત્યાંથી ઉભા થયા.

ભોળાએ પ્રશ્ન કર્યો:—" શું આપે જળપાન સુદ્ધાં કર્યું નથી ? "

ભોળાનો પ્રશ્ન સાંભળતાંની સાથેજ કાળીચરણના સમગ્ર શરીરમા ક્રોધાગ્નિ સળગી ઉઠયો. તેઓ મહામુશીબતે આત્મસંયમ કરી કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય ઘરની બહાર નીકળી પડયા.

ભોળો પાણીનો પ્યાલો અને રકાબી લઇને સુકુમારી પાસે ગયો. રકાબીમાંના પદાર્થો જેવીને તેવી સ્થિતિમાં રહેલા જોઇને સુકુમારીએ પૂછ્યું:–" આને શામાટે ઉચકી લાવ્યો ? "

ભોળાએ ઉત્તર આપ્યો:—" શેઠાણીજી ! હું શું કરૂં ? મ્હેં તો

તેમને ઘણુંએ કહ્યું; પરંતુ તેઓ એમ કહેતા કહેતા ચાલ્યા ગયા કે "હું આ ઘરનું પાણી પીશ નહિ તેમજ તેનું મુખ સુદ્ધાં જોઈશ નહિ."

ભોળાનાં વચનો સાંભળતાંજ સુકુમારીની મુખમુદ્રા ક્રોધથી લાલ બની ગઈ. તેણે કહ્યું:—"ઠીક ત્યારે; હવે જેટલો અધિકાર મ્હારા હાથમાં છે તે બધો હું તેમને બતાવીશ. આટલો બધો રૉફ! મ્હારે ઘેર આવીને મ્હારૂંજ અપમાન!"

રકાબીમાંના પેંડા તથા લાડુને કરૂણાપૂર્ણ દૃષ્ટિથી જોઇ ભોળાએ પૂછ્યું:—"શેઠાણીજી! હું આને ક્યાં મૂકું?"

સુકુમારીએ ગુસ્સાથી ઉત્તર આપ્યો:—"લઇ જા; તેને ફેંકી દે."

બીજી કાંઇ વાત નહિ બોલતાં ભોળો રકાબી લઇને ત્યાંથી ચાલ્યો ગયો, રકાબીમાંની મીઠાઈ તેણે ક્યાં નાખી દીધી એ હવે કહેવાની જરૂર નથી.

(૫)

કાળીચરણ આ અપમાનથી બહુજ દુઃખી થયા. જેના પ્રેમની ઉપર બીજા કોઇનો અધિકાર છે તેના ઉપર પ્રેમ કરવા જવું એ એક પ્રકારની દુર્બળતાજ છે! તેમની આગળથી ખડખડ અવાજ કરતી ઘોડાગાડી ચાલી જાય છે, સડક ઉપર આમતેમ જનાર આવનાર લોકોનો કોલાહલ થઈ રહ્યો છે, પરંતુ કાળીચરણનું એ તરફ બિલકુલ લક્ષ્ય નથી. તેઓ એ સઘળા લોકોની વચ્ચે થઇને પોતાનું શિર નીચું રાખી ઘર તરફ ચાલ્યા જાય છે.

પાંચ છ દિવસ સુધી તેમનું હૃદય અપમાનની ભયંકર આગમાં સળગી રહ્યું; પરંતુ હવે ધીમે ધીમે એ આગ હોલવાતી જાય છે. તેમના હૃદયમાંથી જે સ્નેહધારા રાત્રિ–દિવસ વહન કરતી હતી તે તદ્દન અટકી ગઇ—અર્થાત્ સૂકાઇ ગઇ. જે રસાર્દ્ર ભૂમિમાં હરહમ્મેશાં અનેક પુષ્પલતાઓ પ્રસ્ફુટિત થતી હતી, તે ભૂમિ આઘાતપર થયેલા

આઘાતથી અત્યંત કઠિન બની ગઇ છે. જો કે હજુ સુધી તેમાં કંટક વગેરે એકત્ર થયા નથી, છતાં પુષ્પની આશા નથી.

આખો દિવસ ઘેર બેસી રહેવું કાળીચરણને ગમતું નથી. દિવસનો જમાખર્ચનો હિસાબ માત્ર પાંચજ મિનિટમાં પૂરો થઈ જાય છે. ભોજન પછી બપોરના સમયે નિદ્રાની આરાધના તપસ્યાના જેવી કઠિન બની જાય છે, કોઇ પણ પ્રકારના આમોદ–પ્રમોદમાં ચિત્ત લાગતું નથી, જ્યારે કોઇ સાથે શેતરંજ રમવા બેસે છે ત્યારે પણ વારંવાર ભૂલ કરે છે. આ સર્વના કરતાં વિશેષ દુઃખની વાત તો એ છે કે તેમના પાડોસી હરનાથ બાબુ પોતાના પૌત્રને જ્યારે જ્યારે કાળીચરણને ત્યાં લઇ આવે છે ત્યારે તે કાળીચરણને "દાદા" કહીને તેમને વ્યાકુળ કરી નાખે છે. વારંવાર તેના મુખમાંથી નીકળતો "દાદા" શબ્દ સાંભળીને કાળીચરણ ચિંતાતુર બની જાય છે; તથા તે પોતાનું હૃદયકષ્ટ જેટલું છુપાવવાની ઇચ્છા રાખે છે; તેટલુંજ એ કષ્ટ તેમને વ્યાકુળ કરી નાખે છે. જાણે કે કાળીચરણનેમાટે ભાગ્યદેવતાની આ ચતુરાઇજ કેમ ના હોય! તેઓ જ્યારે પોતાના પૌત્રને ભૂલી જવાની મહેનત કરે છે ત્યારે કોઇ બીજાનો પુત્ર આવીને વારંવાર તેમને તેમના પૌત્રની યાદદાસ્ત તાજી કરાવે છે! કાળીચરણ પોતાના મનને અનેક પ્રકારે ભૂલાવવાને યત્ન કરે છે, પરંતુ તેઓથી પોતાના મનને સંયમમાં રાખી શકાતું નથી.

કાળીચરણ સંધ્યા સમયે રાણીબાગ તરફ ફરવા નીકળ્યા. આ વખતે રસ્તે જતાં જતાં તેમને સ્ત્રી સાથે કાશી જવાની વાતનો વિચાર થઇ આવ્યો. તેમણે વિચાર્યું "અહા! એ કેવો સુખનો દિવસ થઇ પડશેઃ એક ન્હાનું મકાન રાખી પતિ–પત્ની સાથે રહીશું, મળસ્કે ઉઠીને પુણ્યસલિલા ગંગાનું સ્નાન કરીશું, કોઈ દિવસે દશાશ્વમેધ, કોઈ દિવસે કેદારનાથ વગેરે પવિત્ર સ્થળોએ જઇશું, ત્યારપછી બે પહોર

સુધી પૂજા—પાઠ કર્યા કરીશું, સંધ્યા સમયે ગંગાને કિનારે બેસી સાંધ્યછટાનું દર્શન કરીશું, રાત્રે આઠ વાગે વિશ્વનાથની આરતીનાં દર્શન કરી આવીશું." આવા પ્રકારના વિચારોમાં ને વિચારોમાં મગ્ન બની જઇ તેઓ રાણીબાગમાં જઇ પહોંચ્યા.

"દાદા !"

કંઠસ્વર પરિચિત હતો તેથી કાળીચરણ ચમકી ઉઠયા. આંખ ફેરવી જોયુ તો બાગમાં લોઢાના તારને પકડીને ગોપાળ ઉભો છે. તેની આંખોએથી તથા મ્હોડેથી આનંદનો ફુવારો છુટી રહ્યો છે.

"દાદા ! અહિં આવો."

સંસાર ત્યાગવાની ઇચ્છા રાખનાર વ્યક્તિના ગળાને જ્યારે તેનુ કોઇ પ્રેમપાત્ર પકડે છે, ત્યારે તેની જેવી દશા થાય છે તેવીજ દશા કાળીચરણની પણ થઈ. એ સમય સુધી પણ કાશીની કલ્પનાનો પ્રભાવ મનને આનંદિત કરી રહ્યો હતો અને અશરીરી આત્મા વિચાર દેશમાંથી પાછો ફર્યો નહોતો. કેટલાક સમય સુધી શાંત રહ્યા પછી કાળીચરણ બોલ્યા:—"નહિ ભાઇ ! હું ઘેર જાઉં છું."

ગોપાળ વ્યાકુળ બની જઇ બોલી ઉઠયો:—"નહિ દાદા ! તમે આવો; જલદી આવો ! જશો નહિ."

પેલી પહેલાંની દાસી પણ ગોપાળની સાથે હતી; તેણે કહ્યું:—"બાપુજી ! એક વખત અહિં આવો, ગોપાળ આપને માટે આકુળ-વ્યાકુળ બની ગયો છે."

કાળીચરણના હૃદયમાં ક્ષણસ્થાયી પરંતુ પ્રબળ યુદ્ધ થઇ રહ્યું હતું. તેમાં પ્રેમની જીત થઇ. કાળીચરણ ગોપાળ પાસે આવી ઉભા રહ્યા.

(૬)

ગોપાળે દાદાને બાઝી પડી અશ્રુપૂર્ણ નયને કહ્યું:—"હરિ ! હાર ! ! દાદા ! તમે અમારે ત્યાં કેમ નથી રહેતા ?"

કાળીચરણે કહ્યું: “ તુંજ મ્હારે ત્યાં કેમ નથી રહેતો ? ”

ગોપાળે ઘણોજ ઉદાસ થઇ જઇ કહ્યું:–“તમે મને ક્યારે તમારી સાથે લઇ ગયા છો કે હું તમારી સાથે નથી આવ્યો ?”

આ સિવાય અનેક પ્રકારના તર્ક–વિતર્કો, આલોચના પ્રત્યાલોચના થયા પછી નક્કી થયું કે બન્નેમાંથી કોઇ પણ એક બીજાની સાથે રહી શકે એ સર્વથા અસંભવિત છે; તેથી કરીને આવી દશામાં સંધ્યા સમયે આ બાગમાંજ કેટલાક વખતનેમાટે આવી એક બીજાને મળવાનું ઠીક થઈ પડશે.

રામુની માએ આ સંબંધી પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ પ્રકટ કરી, અને એવો નિશ્ચય થયો કે આ સલાહની વાત એ ત્રણના સિવાય બીજું કોઇ જાણી શકશે નહિ; વળી ભલેને જીવ જાય તો પણ આ વાત સુકુમારી તથા ભોળાને કાને તો જવા દઇશુંજ નહિ; એમ ત્રણેએ જણાવ્યું. બાળક ગમે તેટલું ન્હાનું હોય તો પણ તેની બુદ્ધિ હવામાં ઉડાવી દેવા જેવી હોતી નથી, ભોળો તથા સુકુમારી પોતાના દાદાની વિરૂદ્ધ છે, એ વાત ગોપાળ હવે સારી રીતે સમજી ગયો છે, તેથી આ બાગમાં મળવાની પોતાની મસલતને ભોળાથી તથા પોતાની માતાથી છુપી રાખ્યા સિવાય દાદાની મુલાકાત થાય એવો અન્ય એક પણ ઉપાય નથી, એમ સમજતાં ગોપાળને વિલંબ થયો નહિ.

સંધ્યા સમય વીતી ગયો. આકાશમાં ધીમે ધીમે બે ચાર તારા પ્રકાશી નીકળ્યા. તારાઓ જોઇને ગોપાળે પ્રશ્ન કર્યો:–“ દાદા ! શું સર્વ પુરુષો મરી ગયા પછી તારાઓ થાય છે ? ”

કાળીચરણે ઉત્તર આપ્યો:—“ ના ભાઇ ! ખરાબ પુરુષ મરી ગયા પછી તારો થતો નથી; જે સદ્‌ગુણી પુરુષ હોય છે તેજ પોતાનું મૃત્યુ થયા પછી તારો થાય છે. ”

“ ત્યારે ભોળો મરી ગયા પછી તારો નહિ થાય કે દાદા ? ”

મરી ગયા પછી ભોળો તારો થઈને ચમકશે નહિ એવી કાળી-ચરણને પણ ખાત્રી હતી તેથી તેઓ બોલ્યાઃ—"ના."

"ત્યારે શું થશે ?"

"ભોળો મરી જઇને કીડો થશે."

બીજા જીવનમાં ભોળાની દુર્ગતિની વાત સાંભળીને ગોપાળ ઘણો પ્રસન્ન થયો. આ વાત રામુની માતાને પણ ખોટી લાગી નહિ.

"દાદા ! મારી માતા મરી જશે તો તારો થશે ?"

કાળીચરણ ઘણા ગુંચવાડામાં પડયા. છેવટે તેઓ બોલ્યાઃ—"બાઇ ! આવી વાત ભૂલથી પણ બોલવી જોઈએ નહિ. તારી માતા ચિરાયુ રહે."

ગોપાળે આ વાત બીજી યુક્તિથી જાણવાને માટે પૂછ્યુંઃ—"દાદા ! મારી માતા સારી છે કે ખોટી ?"

રામુની મા મનમાંને મનમાં હસી પડી. કાળીચરણે ઉત્તર આપ્યોઃ—"સારી છે."

ગોપાળે કહ્યુંઃ—"ત્યારે માતા તો તારો થશે ? પરંતુ દાદા, એ મ્હોટો તારો થશે કે ન્હાનો ?"

મૃત્યુ પછી પોતાની માતા તારો થશે એવી ગોપાળને ખાત્રી નહોતી, પરંતુ કદાચ દાદાના કહેવા પ્રમાણે તે તારો થશે તો પણ ગોપાળની માન્યતા પ્રમાણે તો તે ગોપાળને તેના દાદા સાથે મળવા દેતી નહિ હોવાથી એ મ્હોટો તારો તો કદાપિ નહિજ થાય !!

રામુની માતાએ કહ્યુંઃ—"બાબુજી ! રાત્રિ પડી ગઇ છે, જો હવે આપ રજા આપો તો હું ગોપાળને ઘેર લઇ જાઉં !"

કાળીચરણ ઉદાસ બની ઉભા થયા. બીજે દિવસે ગોપાળને આજ સ્થળે લાવવાનું કહી રામુની માતા તેને સાથે લઇને ચાલી ગઇ. કાળીચરણ ઘર તરફ વળ્યા. કાશી જવાના સંકલ્પમાં એક

મ્હોટી હરકત આવીને ઉપસ્થિત થઇ.

બીજે દિવસે ચાર વાગતાંજ કાળીચરણ ઘેરથી બહાર નીકળ્યા. તે સમયે રસ્તાપર સખ્ત તાપ પડતો હતો, છતાં વૃદ્ધને તડકાની બીલકુલ દરકાર નહોતી. તેઓ સખ્ત તાપમાં મુખ ઉપર ઉપસતાં પરસેવાનાં ટીપાંને સાફ કરતા ત્વરિત ગતિથી બાગ તરફ જવા લાગ્યા. તેઓ મનમાં વિચારી રહ્યા હતા કેઃ—“ મને આવતાં વિલંબ થઇ ગયો છે; ગોપાળ ત્યાં આવીને બેઠો હશે. ” પરંતુ ત્યાં જઇને જુએ છે તો ગોપાળ આવ્યો નહોતો; તેઓજ પહેલા જઇ પહોંચ્યા હતા. જ્યા સુધી ગોપાળ ન આવ્યો ત્યાં સુધી કાળીચરણ ઘણાજ આકુળ-વ્યાકુળ રહ્યા. પાંચ વાગે ગોપાળ આવનાર હતો, તેથી તેઓ વારંવાર ઘડીઆળ કાઢીને વખત જોતા હતા. કાળીચરણ પોતાના જીવને ખુશી રાખવાને માટે રસ્તાની તરફ ઘણાજ ધ્યાનથી જોઇ રહ્યા હતા. એ રસ્તેથી કેટલાક પુરુષો, કેટલીક સ્ત્રીઓ, કેટલાક વૃદ્ધો અને કેટલાંક બાલકો આમતેમ જતાં આવતાં જણાતાં હતાં. થોડા સમય પછી વૃદ્ધ કાળીચરણે દૂરથી એક દાસી સાથે એક બાલકને બાગ તરફ આવતો જોયો ત્યારે તેમનું મુખારવિંદ એકાએક પ્રફુલ્લ બની ગયું. તેમની આંખો ખીલી ઉઠી.

લગભગ એક માસ સુધી આવી રીતે ગોપાળ તથા કાળીચરણની મુલાકાત થયા કરી. આ એક માસમાં માત્ર એકજ દિવસ મુલાકાત થયા સિવાય પસાર થવા પામ્યો હતો. તે દિવસે બપોરથીજ મુશળધાર વરસાદ વરસતો હતો. દુર્ભાગ્યે તે દિવસે બહાર નીકળી શકાય તેમ નહોતું. બાગમાં જવા છતાં પણ તે દિવસે ગોપાળની મુલાકાત થઇ શકવી સર્વથા અસંભવિત હતી. આથી કરીને નિરૂપાયે કાળીચરણનું શરીર ઘરમાં પડયું રહ્યું; પરંતુ તેમનું દીવાનું મન એ વૃષ્ટિધારાનો ભેદ કરીને અનેક વખત એ બાગમાં જઇ આવ્યું. મનુ-

ધ્યનું મન ભલે ગમે તે બીજી કોઇ વસ્તુથી ભીંજાઈ જાય, પરંતુ વૃષ્ટિધારાથી તો તે બીલકુલ ભીંજાતું નથી, એ સત્ય છે; નહિ તો એ દિવસે કાળીચરણ બીમાર થઇ ગયા સિવાય રહેત નહિ.

(૭)

ગોપાળ ફરી આવીને ઘેર આવ્યો છે. સુકુમારી તેને માર મારે છે. માર મારતાં મારતાં સુકુમારીએ તેને પૂછ્યુ:—"જલદી કહે, તને આ જમરૂખ કોણે આપ્યાં છે? જો સાચે સાચું નહિ કહી દે તો એક પણ હાડકું સાજું રહેવાનું નથી."

ગોપાળ ચુપચૂપ ઉભો ઉભો રૂદન કર્યા કરે છે; સુકુમારીના ક્રોધની આગ પ્રચંડ સળગી ઉઠી છે: આવો પ્રકાર જોવામા આવતાંજ રામુની માતા ત્યાંથી ચાલી ગઇ.

"કેમ જલદીથી બોલાતું નથી કે?"

ગોપાળ કાંઈપણ ઉત્તર આપ્યા વિના પૂર્વ પ્રમાણે રૂદનજ કરવા લાગ્યો. તેના હાથ ઠંડા થવા લાગ્યા. રૂમાલમાં જે જમરૂખો હતાં તે એક પછી એક જમીન ઉપર પડવા લાગ્યાં.

એકાએક ભોળો ત્યાં આગળ આવી ચડયો. તે બોલ્યો:—"શેઠાણીજી! ગોપાળને કોણે જમરૂખ આપ્યાં છે તે હું જાણું છું. તમારા શ્વસુર હરહમ્મેશાં ગોપાળને મળવા રાણીબાગમાં આવે છે. આ જમરૂખ પણ તેમણેજ આપ્યાં છે."

સત્ય વાત પ્રકટ થઇ જવાથી રામુની માતાને પણ આ વાતનો સ્વીકાર કરવો પડયો. સુકુમારી એ પ્રકારને સહજમાં સંપૂર્ણ કરી નાખે એવી નહોતી.

સુકુમારીના હૃદયમાં જે આગ સળગી રહી હતી તેની સીમા નહોતી. એ દુબળી પાતળી સુકુમારી જ્યાંસુધી શાંત રહે છે ત્યાં સુધી તો ઘણી સુંદર દેખાય છે, પરંતુ જ્યારે તેનો મીજાજ બગડે છે ત્યારે

તેના ભીષણ સ્વરૂપને જોઇને ભીષણતા પોતેજ ડરી જાય છે.

બસ એકદમ હુકમ થઇ ગયો કે કાલથી ગોપાળ રામુની માતા સાથે ફરવા નહિ જતાં ભોળાની સાથે જશે.

બીજે દિવસે સંધ્યા સમયે કાળીચરણ બાગમાં બેઠા બેઠા ગોપાળની રાહ જોયા કરતા હતા, એવા સમયે પાછળથી ગોપાળે આવી કહ્યું:—" દાદા ! "

કાળીચરણે પાછા ફરીને જોયું. ગોપાળની સાથે ભોળાને જોતાંજ તેઓ ચમકી ઉઠયા. સર્પને દોરડી સમજી મનુષ્ય જ્યારે તેને પકડવા જાય છે, અને પછીથી જ્યારે તેનો ભ્રમ દૂર થતાંજ તેને જ્યારે સર્પ જણાય છે ત્યારે તે જેવી રીતે ચમકી ઉઠે છે, તેજ પ્રમાણે કાળીચરણ પણ ચમકી ઉઠયા.

ભોળાએ આંખો ચઢાવી ગોપાળને કહ્યું:—" ગોપાળ ! પાછો તું એમની સાથે બોલવા લાગ્યો ? કાલે તારી માતાએ કોઇની સાથે તને વાતચીત કરવાની મના નથી કરી ? "

ઘણાજ ક્રોધથી ગોપાળે ઉત્તર આપ્યો:—" ચૂપ રહે; હુ દાદાની સાથે શા માટે ના બોલુ ? હું તો તેમની સાથે બોલવાનોજ. "

ભોળાએ ઘણાજ જોરથી ગોપાળનો હાથ પકડયો અને તે તેને ઘસડતો ઘસડતો ખેંચી જવા લાગ્યો; જતાં જતાં તેણે કહ્યું:—"જોજે તો ખરો કે આજે ત્હારી માતા પાસે હું ત્હારી કેવી દશા કરાવું છું!"

ગોપાળના રૂદનથી આખો બાગ ચકિત થઇ ગયો. ગોપાળ ભોળાના હાથમાંથી છુટવાનો યત્ન કરવા લાગ્યો; પરંતુ તેનો સઘળો યત્ન વ્યર્થ ગયો. ભોળો ગોપાળને પકડીને તેને બાગની બહાર ખેંચી ગયો.

એક મુહૂર્ત સુધી કાળીચરણ વિચાર કરતા કરતા જ્યાં બેઠા હતા ત્યાંજ બેસી રહ્યા. ક્રોધ તથા અપમાનથી સમગ્ર સંસાર તેમને અંધકારમય દેખાવા લાગ્યો; થોડા સમય પછી તેઓ ઉઠયા અને ત્વરાથી ચાલી નીકળ્યા.

(૮)

ઉપરની ઘટનાને લગભગ એક માસ વીતી ગયો છે—આ સમય દરમ્યાન કોઇએ કાળીચરણને બાગમાં દીઠા નહિ. તેમને બાગમાં નહિ આવતા જોવાથી ભોળો એમ કહ્યા કરતો હતો કે "ખુદ્દો ઠીક પીટાયો છે" પરંતુ વાસ્તવિક રીતે કોણ પીટાયુ છે તે શ્રીનારાયણ સિવાય અન્ય કોઈ જાણતું નથી. ક્યાંથી વાદળાં થશે અને ક્યાં વૃષ્ટિ થશે? કોને મારી રહ્યો છે અને કોને તે માર પડશે; એ સર્વ પ્રકારો જાણવાનું સામર્થ્ય પરમાત્મા સિવાય અન્ય કોઇનામાં હોતું નથી.

એક દિવસે સુકુમારીના પિયરમાં સમાચાર આવ્યા કે શંકરદયાળ (સુકુમારીનો પતિ) ઘણોજ બીમાર થઇ જવાથી બાંકીપુર (પોતાને ઘેર) આવ્યો છે. સુકુમારીએ આ વાતની ગુપ્ત રીતે બરોબર તપાસ કરાવી તો તેને એ વાત સત્ય જણાઇ. ઉલટું તેની જાણમાં એટલા સુધી આવ્યું કે તેનો પતિ માત્ર બીમાર નથી, પરંતુ મરણશય્યા ઉપરજ સૂતો છે. પોતાને શ્વસુર પક્ષમાંથી કોઈ બોલાવવા આવશે એવી આશામાને આશામાં જેમ તેમ કરીને સુકુમારીએ ત્રણ દિવસ પસાર કર્યા, પરંતુ તેની આશા નિષ્ફલ નિવડી. કોઇએ તેને બોલાવી નહિ, તેમ કોઇએ તેને સમાચાર સુદ્ધાં મોકલ્યા નહિ અને કોઈ બોલાવવા પણ આવ્યું નહિ. તેના મનને માત્ર એમ લાગ્યું કે જાણે કોઇ રૂદન કરી રહ્યું છે—તેને એમ થયા કરતું હતું કે જાણે તેની ચારે દિશાએથી વિપદ્ ઘેરાઇ આવતી હતી. જાણે એ સઘળું પૂર્વે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્તજ કેમ ન હોય! હવે **અભિમાનીનીમાં** પોતાનું **અભિમાન** કાયમ રાખવાનું સામર્થ્ય રહ્યું નથી, કોણ જાણે ક્યાંથી તેનાં નેત્રોમાં શરમ પણ ઘણી આવી પહોંચી છે, રાત્રિ—દિવસ ઇચ્છા અને સંકોચ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલ્યા કર્યું. ઇચ્છા જેટલી આગળ વધતી હતી તેટલીજ સંકોચ તેને પાછી ખેંચી લાવતો હતો.

આ ત્રણ દિવસમાં સુકુમારીનું લુપ્ત થયેલું સ્ત્રીત્વ ધીમે ધીમે સજીવન થયું. પુત્રને તેણે અપાર દુઃખ દીધું છે; બિચારા વૃદ્ધ શ્વસુરનું તેણે વિના કારણ અપમાન કર્યું છે. છેવટે સ્વામી આ સમયે રોગશય્યા ઉપર સૂતા છે. કોણ જાણે તેઓ બચશે કે નહિ? દિવસમાં સેંકડો વખત સુકુમારી કંપી ઉઠતી હતી, તથા તેને એમ માલૂમ પડતું હતું કે જાણે વિધાતાની શિક્ષા તેને સહન કરવી પડે છે—કર્મફળ ભોગવવાનો સમય જાણે કે સમીપ આવી પહોંચ્યો છે.

આખી રાત બિછાના ઉપર પાસું ફેરવતાં ફેરવતાં કહાડી. પ્રભાતકાલે સુકુમારીએ શય્યાનો ત્યાગ કર્યો. પૂર્વ દિશાનો અંધકાર હજુ બરોબર દૂર થયો નથી, ઘરમાંના સર્વ જનો અદ્યાપિ નિદ્રાધીન છે. સુકુમારીએ ભોળાને જગાડીને એક ગાડી લઈ આવવાની સૂચના કરી. ગાડી આવતાં સુધીમાં સુકુમારી ગોપાળ તથા પોતાની પુત્રીને લેઇને તૈયાર થઇ ગઇ.

સુકુમારીએ ભોળાને કહ્યું:—"માને જઇને કહી દો કે હું મ્હારા શ્વસુરાલય તરફ જાઉં છું."

ભોળાએ પ્રશ્ન કર્યો:—"શેઠાણીજી! શું હું પણ તમારી સાથે આવું કે?"

સુકુમારીએ વિનાવિલંબે ઉત્તર આપ્યો:—"ના, ત્હારી કાંઇ જરૂર નથી; મ્હારી સાથે મહેશ આવશે."

(૯)

જે સમયે કાળીચરણના ઘરમાં એક દુઃખથી રીબાતો જીવ પોતાના છેવટના નિશ્વાસો ધીમે ધીમે પૂરા કરી રહ્યો હતો, જે ઘરમાં સમગ્ર રાત્રિએ કોઇનાં પણ નેત્રો મીંચાયાં નહોતાં, તે ઘરમાં આ સમયે એક પ્રાતઃકાળના ઝાંખા પ્રકાશની ઉદાસીનતા અને સ્તબ્ધતા

પોતાનો અધિકાર ફેલાવી રહી છે! આ સમયે એક ગાડી દરવાજા પાસે આવી પહોંચી.

ગાડીનો અવાજ સાંભળતાંજ કાળીચરણે ઉન્મત્ત પ્રમાણે દોડીને દ્વાર ખુલ્લું કરી કહ્યું:—" ડૉક્ટર સાહેબ! જલદી પધારો."

પરંતુ ડૉક્ટર સાહેબ તો ત્યાં નહોતા. એક સ્ત્રી એક બાલકનો હાથ પકડીને દીનતાથી બહાર નીકળીને ઉભી રહી.

કાળીચરણ ક્રોધથી રસ્તો રોકી ઉભા રહ્યા.

" બાપુજી."

" કોણ, વહૂ?"

" હા—હુંજ અભાગિની, બાપુજી!"

કાળીચરણની આંખો લાલચોળ બની ગઈ.

" વહૂ! હવે એમ બનશે નહિ. તમારે આ ગાડીમાં જ પાછું તમારે પિયર ચાલ્યા જવું પડશે. જે સમયે તમારા પુત્રને મને મળવાની તમે મના કરી હતી તે સમયે તમે શું એ વાત ભૂલી ગયા હતાં કે મ્હારે પણ એક પુત્ર છે? મ્હારા પુત્ર સાથે હવે તમારી મુલાકાત પણ નહિજ થાય. જાઓ, ગાડીમાં બેસી પાછાં ચાલ્યાં જાઓ."

ઘરમાં બેઠેલાં મનુષ્યો એકાએક જોરથી રડી ઉઠયાં—એ રૂદનનો જે સ્વર સંભળાયો તે સાંભળતાંજ સુકુમારીનો ચેતનાવિનાનો દેહ કાળીચરણના ચરણોમાં ઢળી પડયો.

પ્રભાતના સૂર્યનાં કિરણો સુકુમારીનાં સોનાનાં કંકણો ઉપર ચમકતાં ચમકતાં તેના અભિમાન ઉપર હાસ્ય કરવા લાગ્યાં.

४

હૃદયની અશાંતિ

(૧)

પ્રાતઃકાળનો સમય છે, પૂર્વ દિશામાં સૂર્યદેવનુ આગમન સૂચવતી અરુણુની લાલાશ પ્રકટી ચૂકી છે, પંખીઓ પોતાના મધુર કલરવથી પરમાત્માનું ગાન કરી રહ્યાં છે, અને જગજ્જનોને ઉપદેશ આપી રહ્યાં છે, કે અમારાં જેવાં પંખીઓ પણ પોતાનુ કર્તવ્ય ભૂલતાં નથી તો તમે સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ટ હોવાનો દાવો રાખનારાં મનુષ્યોને તો તે પવિત્ર પ્રભુનુ કેટલું બધું સ્મરણ રહેવું જોઇએ?

ચારે તરફથી મંદમંદ શીતલ સમીર વહી રહ્યો છે. પાછલી રાત્રિ સુધી નિદ્રાદેવીની કૃપાથી વિમુખ રહેલાં રોગપીડિત માણસો પણ અત્યારની ખુશનુમા હવાથી ગુલાબી નિદ્રાનો અનુભવ કરી ક્ષણભર દુઃખ ભૂલીને સૂતાં છે.

એવા સમયમાં એક દુઃખી સ્ત્રી વ્યાકુળ ચિત્તે એક ઓરડામાંથી બીજા ઓરડામાં આવજા કરતી, કદી કદી ઓરડાનાં બારણાં ઉઘાડી આતુરતાથી દૂર સુધી જાણે કોઇના આગમનની વાટ જોતી હોય તેમ નજર ફેંકતી, અને ક્ષણવાર પછી વળી ત્યાં પણ ઉભા રહેવાની ધીરજ નહિ રાખી શકવાથી અંદર જતી અને વળી બહાર આવતી નજરે પડે છે; છેલ્લીવારે તે એક ઓરડાનાં દ્વાર બહુજ ધીમેથી ઉઘાડીને અંદર ચાલી ગઈ.

ત્યાં એક નાની સરખી પલંગડી ઉપર સ્વચ્છ વસ્ત્રથી ઢંકાયલું એક સુંદર બાલક સૂતું છે, તેના માથા આગળ ચુપચૂપ બેસી જઇને

તે રમણી નેત્ર બંધ કરીને શાંતિદાતા ભક્તવત્સલ ભગવાનની પ્રાર્થનામાં નિમગ્ન થઈ. પ્રાર્થના કરતાં કરતાં તેનો કંઠ રૂંધાઇ ગયો અને આંખોમાંથી અવિરામ અશ્રુધારા વહી રહી. તેના જલથી તેનું વક્ષઃસ્થળ તરબોળ થઈ ગયું. એટલામાં ક્ષીણ સ્વરથી એક 'હાય'નો સ્વર સંભળાયો. તરતજ તે સ્ત્રી ધ્યાનભંગ થઇ અને સફાળી ચારે તરફ જોવા લાગી. ક્ષણભર તેને એવો ભાસ થયો, કે કોઇ દેવદૂત તો મને શાંતિ આપવા નથી આવ્યો? પણ બીજીજ ક્ષણે તેના ધ્યાનમાં આવી ગયું અને તરતજ તે પેલા બાળક તરફ અનિમેષ નયનથી જોઇ રહી તથા હલકે હાથે તેનાં વસ્ત્ર ખસેડવા મંડી ગઇ.

વાંચક ! કહેવાની જરૂર છે કે આ રમણી પેલા બાલકની માતા છે? બાળક ત્રણ ચાર મહીનાથી ઘણું અસ્વસ્થ રહે છે. દિનપ્રતિદિન તેનો વધતો જતો રોગ પ્રતીતિ કરાવે છે, કે હવે એ બાળક જલદીજ પોતાની વિધવા માતાનાં દુઃખોમાં પુત્રવિયોગનાં દુઃખનો ઉમેરો કરાવશે. પતિના અવસાન પછી દુઃખી માતાના જીવનનો આ એકલોજ આશાતંતુ પણ હવે ટૂટી જવાની તૈયારીમાં હતો !

(૨)

દિવસ વીતી ગયો છે અને રાત્રિનો અંધકાર જગતમાં ફેલાવા લાગ્યો છે, તેનીજ સાથે અંધારી રાત્રિ જેવાં કાળાં કૃત્યોનો આરંભ પણ નિશાચરો તરફથી થઈ રહ્યો છે. એવા સમયમાં પેલી પૂર્વપરિચિત રમણી એક બળતા દીવાની સામે કપાળે હાથ દઇને બેઠી છે, અને તેની આંખમાંથી બોર બોર જેવાં આંસુઓ વહી રહ્યાં છે. હાય ! આજે તેના પૂજ્ય પ્રિયપતિની પ્રતિમૂર્તિ, તેનું હૃદય કે આત્મા જે કહો તે એકાએક વિલીન થઇ ગયું છે! **लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः?** "લલાટમાં લખાયેલું ભૂંસી નાખવાને કોણ સમર્થ છે?"

તેનાં અશ્રુભર્યાં નયન ચારે તરફ ફરી રહ્યાં છે, પણ આજે તે

કશું પણ દેખી શકતી નથી. એકાએક બાલ્યાવસ્થામાં પોતાની માતાના મુખથી સાંભળેલા એક વાકયનું તેને સ્મરણ થઇ આવ્યું, **"જ્યારે તમે કોઇ ઘોર ચિંતામાં ડૂબી ગયા હો ત્યારે પરમાત્માનું સ્મરણ કરો."**

આટલા સ્મરણ માત્રથી તેનામાં કોઇ નવીન બળનો સંચાર થયેલો જણાયો. તરતજ તે પ્રભુ—સ્મરણમાં લીન થઈ. પ્રાર્થના પછી તેને ઘણીક શાંતિ મળી, પરન્તુ એ શાન્તિ ક્ષણિકજ હતી. વળી તે શોક અને દુઃખથી ઘેરાઈ ગઇ! ઘડીકમાં તે પારણા તરફ નજર નાખતી તો ઘડીકમાં રમકડાં તરફ દૃષ્ટિ ફેંકતી, પરંતુ તેની નજર જેને શોધતી હતી તેનું દર્શન આજે નજ થઇ શક્યું. માતાના હૃદયદીપકની સાથે તેના ગૃહદીપકની જ્યોતિ પણ ઝાંખી થઈ ગયેલી જણાતી હતી!

(૩)

દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા, છતાં એ સમયના વહેવાથી પણ માતાના શોકમાં તલમાત્રનો ફેર પડયો નહતો. "દુઃખનું ઓસડ દહાડા" એ કહેવત અહીં ખોટી પડી. ખરેખરઃ—

" વિયોગે ભૂલાયે, પ્રીતિ જન વૃથા એમ વદતાં;
ભૂલાયે ભૂંસાયે, પ્રીતિ નહિજ એ સ્વાર્થ સ્વમાં ! " *

આખું જગત જ્યારે શાંતિમાં ઘોરતું હોય છે ત્યારે પણ એ માતાના હૃદયને શાંતિ ન હતી. દરરોજ અર્ધી અર્ધી રાત્રિ સુધી તે **શોકમગ્ન થઇને દીવાની સામે નિઃસ્તબ્ધપણે બેસીજ રહેતી.**

આજે પણ મધ્યરાત્રિએ તે એજ પ્રમાણે વ્યગ્રચિત્તથી બેઠી છે, અને દીવાનાની પેઠે એકીનજરે વાદળ તરફ જોઈ રહી છે. એકાએક તેની સામે એક શ્વેત વાદળનો ટુકડો આવતો જણાયો. એ મેઘખંડની અંદરથી તેનો બરફ જેવા શ્વેત કપડાથી વિંટાયલો વહાલો

* કલાપી.

પુત્ર ઉતરી આવીને પોતાની નાનકડી ગોદડી ઉપર બેસી ગયો હોય અને માતાની સામે સ્નેહપૂર્ણ નજરથી એકી ટસે જોઈ રહ્યો હોય એવો તેને ભાસ થયો ! આથી માતા પહેલાં તો જરા ડરી ગઈ, પણ પછી તેના મુખમાંથી નીચે પ્રમાણેના શબ્દો નીકળી પડયાઃ— " ભાઇ ! આ મૃત શરીરમાં તું તારા શાંતિધામમાંથી નીકળીને કેવી રીતે આવ્યો ? તારા જીર્ણ અસ્થિપિંજરમાં જીવનસંચાર થવો હવે તો અસંભવિતજ છે. ત્યાં જા અને નિરાંતે આરામ લે." બાલકના સૂકા હોઠ ઉપર જરાક હાસ્યરેખા જણાઈ અને ધીમા સ્વરે તે બોલ્યોઃ— " નહિ માતા, જ્યાં સુધી તારો શોક ઓછો થાય નહિ ત્યાં સુધી હું અહીંથી જઈ શકીશ નહિ. શાંતિસદનમાં શાન્તિથી રહેવા ઘણોએ પ્રયત્ન કર્યો, પણ તેમ જરા પણ બની શકયું નહિ. તારાં નેત્રોમાંથી વહેતી શોકપૂર્ણ અવિરામ અશ્રુધારાથી મારૂં કફન તદ્દન ભીંજાઇ ગયું છે, તેની શરદીમાં મને કેવી રીતે ઉંઘ આવી શકે ?"

આ સાંભળીને માતાએ ઘણા સાહસપૂર્વક બોલવાનો પ્રયત્ન કર્યો, અને કહ્યું, કે—" બેટા, તારાં આ તેજસ્વી નયન અને સરળ વચનો મારા હૃદયમાં દુઃખ સહન કરવાને નવ શક્તિનો સંચાર કરાવે છે; જો તને મારાં આંસુઓથી કષ્ટ થાય છે તો હું એને સૂકવી નાખું છું. જો મારાં નેત્ર તારી નિદ્રામાં વિઘ્નરૂપ થતાં હોય તો હું તેને બહાર કાઢી નાખીશ અને જો મારૂં હૃદય તારી શાંતિનો ભંગ કરતું હોય તો હું તેને ચીરી નાખીશ. હું મારી જાત ઉપર ઘણી શરમાઉ છું. બેટા, તું જા, સુખે શાંતિ મેળવ !"

માતાનું કથન પૂર્ણ થતાંજ તે વાદળનો ટુકડો દેવદૂતના આકારમાં ફેરવાઇ જઇ અંતિમ વિદાયની નજરથી જોઇને " પરમાત્મા તારૂં રક્ષણ કરો " એમ કહેતો અદશ્ય થઈ ગયો !

૫

કોઈ ભૂખ્યાને ખવડાવો

ઉચિત દાનનો મહિમા

(૧)

"પ્રિયે! જે મૂર્ખ છે તેનું હૃદય શૂન્ય છે, અને જે પુત્રહીન છે તેનું ઘર સૂનું છે. જો એક કાણી દીકરી પણ આપણને હોત—"

નગરશેઠ રત્નચંદે એટલું કહેતામાંજ તેમનાં પત્ની હીરાબાઈએ વચમાંજ વાત ઉપાડી લીધી.—"હા! કદાચ થઈને મરી જાય તોએ ઠીક, પણ પછી વાંઝીઆ મહેણું તો ન રહે."

રત્નચંદ ઉંડો નિશ્વાસ નાખી બોલ્યા:—"હાય! સન્તાનને માટે શું શું નથી કીધું? કેટલો પૈસો ખરચ્યો! પરન્તુ વ્યર્થ! સઘળુંજ વ્યર્થ!!"

હીરા સજળનયને બોલી:—"હજી પણ કોઈ એક પુત્ર અમને અપાવી દે અને મોંમાગ્યા પૈસા લઈ જાય. હાય દૈવ! મારૂં આ જીવન શા કામનું? જ્યારે હું કોઈનું બાળક હસતું–રમતું જોઉ છું તો મારી છાતી ફાટી જાય છે, અને જ્યારે કોઈ સોહાગણ મારો વન્ધ્યા સમજીને તિરસ્કાર કરે છે ત્યારે તો મને રડવુંજ આવી જાય છે!"

શેઠજી:—"પ્રિયે! કોઈના સેંથામાં સિંદૂર દેખીને પોતાનુ માથું ફોડવાથી શો લાભ?"

હીરા:—"પ્રાણનાથ! મેં તમને કેટલીએવાર કહ્યું કે તમે એક

દિવસ બાબા હરનામદાસ પાસે જાઓ અને તેમને હાથ બતાવો, પણ તમે માન્યું નહિ."

રત્નચંદઃ—"પ્રિયે ! ઘણુંએ બતાવ્યું, સંભળાવ્યું, હોમ, યજ્ઞ, દાન–પુણ્ય કર્યાં, પરન્તુ કંઇ લાભ થયો નહિ.

"સકળ પદારથ છે જગમાંહિ;
કર્મહીન નર પામે નાહિ."

હીરા—"કાલે આપણા પાડોશવાળી ગંગા બાબાજી પાસે ગઇ હતી, તેણે પોતાની જન્મપત્રી બતાવતાં બાબાજીએ કહ્યું કે તેં પેલા જન્મમાં કોઇનું સોનું ચોર્યું હતું, તેથી તારાં સંતાન જીવતાં નથી. સ્વામી ! હું પ્રાર્થના કરૂં છું, કે તમે કાલે જઇને તેમને કોઇ ઉપાય પૂછો કે જેથી આપણે ઘેર પણ પુત્ર–પુત્રી થાય."

ધનવાન રત્નચંદજી પુત્રની લાલસામાં બીજે દિવસે સ્નાન–સન્ધ્યા કરીને એક થાળમાં મેવા–મિઠાઇ ભરીને "સિદ્ધિદાતા ગણેશ" બોલતાં બોલતાં બાબા હરનામદાસજીના સ્થાનકે ગયા.

બાબા હરનામદાસ એક સાચા, નિષ્કામ, સિદ્ધ સાધુ હતા. થોડા સમયમાં શેઠ રત્નચંદ તેમના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં મોટી ભીડ મચી રહી હતી. શેઠજીએ ભેટનો થાળ આગળ ધર્યો, પરન્તુ બાબાજીએ તેની કંઇ પરવા કરી નહિ. એક ચેલાએ થાળ ઉઠાવી લીધો અને અંદર લઇ ગયો. એટલામાં એક યુવતીએ હાથ જોડીને બાબાજીને કહ્યું–"સ્વામીજી ! મારી એવી મનોવાંછના છે કે મારા પતિ મારી આજ્ઞા પ્રમાણે ચાલે. હું ઉઠ કહું તો ઉઠે અને બેસ કહું તો બેસે."

બાબાજી હસીને બોલ્યા—"માઈ! જો તું એવું ઇચ્છે છે તો જા, તારા પતિની નિશ–દિન સાચી સેવા કર, તેનાપર સાચો પ્રેમ રાખ અને પતિવ્રતાના ધર્મ પાળ; એટલે તારો પતિ જરૂર તારો સેવક બનીનેજ રહેશે.

કંઇક માણસો પછી શેઠજીએ પોતાની મનોકામના પ્રકટ કરી, અને એક પુત્રની પ્રાપ્તિ માટે ઇચ્છા બતાવી. બાબાજી બોલ્યા, "શેઠજી! જાઓ, **કોઇ ભૂખ્યાને ખવડાવો,** ઇશ્વિર તમને પુત્ર આપશે."

શેઠજી બોલ્યા—"કોઇ ભૂખ્યાને! મહારાજ, મેં આ મનોવાઞ્છનાની તૃપ્તિમાટે એક તો શું પણ હજારો સાધુ, બ્રાહ્મણ, ભિખારી, વગેરેને ખવડાવ્યું, સદાવ્રત ચલાવ્યાં, પરન્તુ મારો હેતુ પાર પડયો નહિ."

બાબાજી—"તમે જેમને ખવડાવ્યું હતું તેઓ ભૂખ્યા ન હતા; જાઓ કોઇ ભૂખ્યાને ખવડાવો!"

શેઠજીએ કહ્યું—"મહારાજ કોઇનું પેટ ચીરીને તો ભૂખ્યા ધરાયા જોઈ શકાય નહિ, પણ જેઓ ભોજનનેમાટે આવતા તેમને ે. અનેક વાર જમાડયા છે."

પરન્તુ બાબાજીએ પુનઃ એમજ કહ્યું, કે "શેઠજી, જાઓ કોઇ ભૂખ્યાને ખવડાવો."

શેઠજી ત્યાંથી નિરાશ, ઉદાસ થઇને પાછા ફર્યા અને મનમાંજ કહેવા લાગ્યા કે "બાબાજીની આ બધી વાતોજ છે, કોણ જાણે કેટલાએ ભૂખ્યા ખાઇ ગયા, શું કોઇનો પણ આશીર્વાદ નહિ ફળ્યો!" શેઠજીએ જઈને બધો વૃત્તાન્ત શેઠાણીને કહ્યો અને ભૂખ્યાની તલાશ કરવા લાગ્યા.

(૨)

રામલાલ અને શ્યામલાલ.

સ્યામલાલ—રામલાલ! કાલે તું બજારમાંથી એક **દોઢ રૂપિયાની** નવી ધોતલી લાવ્યો?

રામલાલ—હા ભાઇ, શું કરૂં? મારી ધોતી એવી છિન્ન–ભિન્ન થઈ ગઈ હતી કે હવે પહેરવા લાયક જરાપણ રહી નહોતી.

સ્યામલાલ—એ સાચું છે, પરન્તુ ભાન છે કે "ભેખથી ભીખ

મળે છે," જો તું તારા દેશથી ભીખ માગવા આવ્યો છે તો તને આવાં ઉજળાં કપડાં પહેરવાનું શું પ્રયોજન? "દેશમાં ચોરી, પરદેશમાં ભીખ." જ્યારે આપણે દેશ જઇએ ત્યારે સારી પેઠે ખાવું પહેરવું, પણ હમણાં તો માગી-તાગીને કરો એકઠું !"

રામલાલ—"આપ મારા મુરબ્બી છો. જે કહો તે માન્ય છે."

શ્યામલાલ—ભાઇ રામલાલ, જ્યાં સુધી ભીખ માગવી છે ત્યાં સુધી દરિદ્ર અને દુઃખી બની રહેવું. જો કોઇ સારી ચીજ ખાવાનુ મન થાય તો રાત્રે બારણાં બંધ કરીને કોઈ જાણે નહિ તેમ ચોરી બારીથી ખાવું. હાં ! ભલા, એ તો કહો કે કાલે એકઠા થયેલા રૂપિયા આપણે ગણ્યા હતા તે કેટલા હતા ?"

રામ૦—એકસોનેએક.

શ્યામ૦—એને જમીનમાં દાટી દીધા?

રામ૦—હાજી.

શ્યામ૦—તમે કંઇ ખાધુ ?

રામ૦—હાજી, આજે તો બાસુદીપુરી લાવીને સંતાઇને ભોગ ધરાવ્યો !

શ્યામ૦—અરે ! તમે તો વ્યર્થ પૈસા ઉડાવો છો !

ઠીક, લ્યો ચાલો, હવે શરીરે ભભૂત લગાવી દો અને ફાટયા-તૂટયાં કપડાં પહેરી માગવા નીકળો.

બન્ને વેશધારી શિયાળ આ પ્રમાણે વાતો કરી રહ્યા હતા, એટલામાં દૂરથી શેઠ રત્નચંદના માણસને આવતો જોયો. શ્યામલાલે તેને સંભળાવી સંભળાવીને રામલાલને કહેવું શરૂ કર્યું—"ભાઈ બે દિવસથી એક કોડી પણ કહીંએથી મળી નહિ. હવે ભૂખે રહી શકાતું નથી, ચાલો કોઈ ઠેકાણે માગવા જઇએ."

શેઠના માણસે પાસે આવીને કહ્યું—"નહિ, નહિ, કહીંએ ન

જશો, મારી સાથે આવો. અમારા શેઠ તમને બોલાવે છે, તમારા જેવા ભૂખ્યાને ખવડાવવાને માટે તે આતુર થઇ રહ્યા છે. ”

એ સાંભળી બન્ને બોલ્યાઃ-“ ખરેખર અમે ભૂખ્યાજ છીએ. ચાલો, શેઠજીની જય થાઓ.” બન્ને ભાઇ રૂપિયા દાટવા છતાં ભૂખ્યા બનીને મફતનો માલ ખાવા ગયા !

શેઠ રત્નચંદે રામલાલ, શ્યામલાલ અને એના જેવા બીજા કેટલાકોને એક વરસ સુધી જમાડયા. સઘળા ખાઇ-પીને અલમસ્ત થયા, પરન્તુ શેઠજીને કંઈ પણ ફળ મળ્યુ નહિ. લાચાર થઇને શેઠજી બાબા હરનામદાસ પાસે ફરીથી ગયા. બધી હકીકત કહી, પરન્તુ બાબાજીએ તો ફરીથી એમજ કહ્યું કેઃ-“ શેઠજી, જ્યાં સુધી તમે ભૂખ્યાને નહિ ખવાડો ત્યાંસુધી સંતાન પામશો નહિ. ” આથી શેઠજી બોલ્યાઃ-“ હું હમણાં પણ અનેક ભૂખ્યાને ખવડાવી ચૂકયો છું. ”

બાબાઃ—તેઓ ખરા ભૂખ્યા નહતા.

શેઠજીઃ—ત્યારે હવે હું ખરા ભૂખ્યા કયાંથી લાવું ? શું નગરમાં ઢંઢેરો પિટાવું ?

બાબાજીઃ—“ એથી પણ કંઈ વળશે નહિ. ખરો ભૂખ્યો તો શરમાશે અને તમારે ત્યાં કદી પણ ખાવા આવશે નહિ. ”

શેઠજીઃ—તો પછી ?

બાબાજીઃ—આપ અક્કલથીજ તેને ઓળખો, અને પ્રેમપૂર્વક સમજાવી લઈ જઇને તેને સંતુષ્ટ કરો.

શેઠજી ત્યાંથી પાછા ફર્યા અને રસ્તામાં વિચાર કરવા લાગ્યા.

(૩)

લાચાર લાલાજી

“ હાય ! રામ ! આજે પણ કંઇ કોઈ ધંધો મળ્યો નહિ ! અરે ! શું મારા દુર્ભાગ્યથી આ નગર કંગાલ થઇ ગયું છે ? હવે હું ક્યાં

જાઉં ? કોને કહું ? શું હું કોઇ પાસે ભીખ માગું ? કોઈની આગળ હાથ લાંબો કરૂં ? નહિ, નહિ, એ તો મારાથી કદી પણ બનશે નહિ. હાય ! તો પછી આ પાપી પેટને કેવી રીતે પાળું ? એક દહાડો એવો હતો કે જ્યારે હું ચાર જણને જમાડીને જમતો અને આજે મારેજ ખાવાનું ઠેકાણું નહિ ! ”

ફાટયાં તૂટયાં, જૂનાં મેલાં કપડાં પહેરીને હેરાન થયેલો, ત્રાસ પામેલો, દુર્બળ અને દુઃખી લાલાજી નદીને કિનારે બેસી આ પ્રમાણે નિસાસા મૂકી રહ્યો હતો, તેના ચહેરા અને દેખાવ ઉપરથી સાફ માલૂમ પડતું હતું કે તે સાચો નિષ્કપટી ક્ષુધાતુર છે !

લાલાજીએ દીર્ઘશ્વાસ લઈ કહ્યું—“ હવે તો ભૂખના માર્યા રહી શકાતું નથી પણ શું કરૂં ? ખેર, ચાલ, થોડું પાણી તો પી લઉં ! ”

એમ કહીને લાલાજી ઉઠયો, અને નદીતટ તરફ ચાલતો હતો એટલામાં તેને પાછળથી કોઇએ પકડી લીધો—“ નહિ, નહિ, થોભો, ભૂખ્યા પેટે પાણી ન પીશો.”

એ કોણ ? આ તેજ શેઠ રત્નચંદ હતા, જેમણે ભૂખ્યાની શોધ–ખોળમાં આવીને પાછળ ઉભા રહી લાલાજીની સઘળી વાતો સાંભળી લીધી હતી.

શેઠજીએ કહ્યું—“ ખાલી પેટે પાણી ન પીઓ, ચાલો મારે ત્યાં ભોજન કરો.”

લાલા—હું કોઇ બ્રાહ્મણ નથી, ભિખારી નથી !

શેઠ—પણ આપ ભૂખ્યા છો અને ભોજન ભૂખ્યાનેજ માટે છે.

લાલા—“ હાં. હું–હું–હું ભૂખ્યો છું, અભાગી છું.” એટલું કહીને લાલાજી લજ્જિત થઇ નીચું જોઇ રહ્યો.

શેઠ—ચિંતા નહિ; આપ ચાલો, મારા ઘરને આપનું પોતાનુંજ સમજો.

લાલાઃ—હું આવું ખરો, પરંતુ મને કંઈ પણ કામ સોંપો તો. મફત આપનું અનાજ નહિ ખાઉં, હું હરામખોર નથી.

શેઠઃ—હું આપને જમાડીને તેનો બદલો લઇ શકું એમ નથી, તેથી કંઇ કામ તો સોંપી શકીશ નહિ!

લાલાઃ—શું આપ નોકર–ચાકર નથી રાખતા?

શેઠઃ—"રાખું છું, પણ આમાં કંઇક ભેદ છે. આપ કેટલાક દિવસ મારા મહેમાન બનીને રહો, એવું હું હાથ જોડીને આપની પાસે માગુ છું. મારી પ્રાર્થના માની ઉપકારી કરશો."

આવા સમયમાં જ્યારે કોઇ કોઇને પાણીનો ભાવ પણ પૂછતું નથી, ત્યારે શેઠજીની આવી વાત સાંભળીને લાલાજી જરા ગભરામણમાં પડયો. તેણે સંકુચિત મને કહ્યું:–"આપની સાથે મારો પરિચય નથી તો પણ—"

શેઠઃ—ચિંતા નહિ; આપ શરમાશો નહિ, મારી સાથે પધારો.

લાલાઃ—"ઠીક, ચાલો. કોઇનું દિલ દુભાવવું એ પણ મહાપાપ છે, પરન્તુ જ્યારે હું કંઇ કામ મેળવી શકીશ ત્યારે પછી આપને ત્યાં જમવા નહિ આવું–મંજુર છે?"

"હા, કબૂલ!" કહીને શેઠજી લાલાજીને ઘેર લઇ ગયા અને આદર–માનથી કેટલાક દિવસ સુધી તેને પોતાને ત્યાં રાખ્યો. મહિના પછી વિદિત થયુ કે શેઠજીની આશા કંઇક ફળીભૂત થતી લાગે છે.

શેઠજીને ત્યાં ચંદ્ર જેવો પુત્ર જન્મ્યો. શેઠજીના આનંદનો પાર રહ્યો નહિ. તે બાબા હરનામદાસ પાસે ગયા, તેમને પગે પડયા અને પુત્રજન્મની વધાઈ કહી.

બાબાજીએ હસીને કહ્યું: "જુઓ, શેઠજી, છેવટે તમને એક ખરો ભુખ્યો મળી ગયો અને તમારો અર્થ સિદ્ધ થયો. યોગ્ય દાનનું

ફળ આવું છે. શેઠજી, શરીરની શુદ્ધિ સ્નાનથી, મનુષ્યના મનની તૃપ્તિ જ્ઞાનથી અને હાથની શોભા દાનથી છે; પરન્તુ આપણા દેશમાં ઉચિત દાન–સુપાત્રે દાન નથી થતું. માલમતાદાર પુરોહિતોને, કુમાર્ગે ધન ઉડાવનારા મહન્તોને અને નામનાજ ગુરુજી કહેવડાવનારા દંભીઓને દાન આપવામાં આવે છે; જ્યારે વિદ્યાર્થીઓ, બિચારાં આંધળાં, લૂલાં, લંગડાં, ઘરડાં–ખોખરાં, અશક્ત, રોગી, દુઃખી અને લાચારની કોઇ પણ ખબર લેતું નથી. યાદ કરો ભગવાન શ્રીકૃષ્ણનું વચનઃ—

" दरिद्रान्भर कौंतेय मा प्रयच्छेश्वरे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं निरुजस्य किमौषधैः ॥ "

હે કૌન્તેય–અર્જુન ! દરિદ્રાને આપ. શક્તિવાળાને આપીશ નહિ. રોગીઓને ઔષધ હિતકારક છે, પણ તન્દુરસ્તને શું ?



૬

શુભાનાં લગ્ન થયાં કે?

રાવસાહેબ નારાયણરાવ બહુજ જુના વિચારના ગૃહસ્થ હતા પરંતુ તે સરકારી નોકરીમાં હતા ત્યારે સાહેબ લોકોના પરિચયમા ઘણું આવવું પડતું હોવાથી તેઓએ દક્ષિણી વેષમાં કેટલોક સાહેબ-સાઈ વેષ ઉમેરી દીધો હતો, અને તેઓ દર પ્રસંગે મોટી લાલ બ્રાહ્મણીઆ પાઘડી, લીલો અંગરખા જેવો કોટ, પીળા સુરવાળ જેવો પાટલુન, મેલા જુના ને પગની પાનીઓ દેખાય તેવા ધોળા મોજા ને શુદ્ધ પુનાશાહી દક્ષિણી જોડા ચડાવીને બહાર નીકળતા. કદી કદી પાટલુનમા ધોતીયુ પહેરેલું હોય તો તેનો એકાદ છેડો ઉપરથી કે નીચેથી ડોકીયાં કરતો. પરંતુ રાવસાહેબના પહેરવેશ ઉપર પ્રસ્તુત લેખ ન હોવાથી આ રસીક રસમય રંગબેરંગી ને ચિત્રવિચિત્ર વિષય છોડી દઈને તેમના એકના એક દીકરા રંગરાવનાં લગ્ન શુભા નામની કન્યા સાથે થયા કે કેમ, તે આપણે જોઈએ.

વાંચકો સ્વભાવિક રીતે પૂછશે કે શુભા કોણ? શુભા એ રાવ-સાહેબ નારાયણરાવનાજ ગામની રહેનારી કન્યા છે, અને તેનાં મા-બાપ ઘણાં સાધારણ સ્થિતિનાં છે. શુભાના બાપનું નામ લક્ષ્મીરાવ છે, પરંતુ તેમને લક્ષ્મી સાથે બરોબર બનાવ નહોતો; છતાં પરમેશ્વરનો ઉપકાર એટલોજ માનવાનો હતો કે તેમને ત્યાં સંખ્યાબંધ છોકરાં નહોતાં, તેમને શુભા ને આનંદરાવ એજ બાળક હતાં. આનંદરાવને હાલમાં સરકારી ઑફીસમાં રાવસાહેબ નારાયણરાવે ગોઠવી અપાવ્યો

હતો અને દર મહિને રોકડા બાર રૂપિયાનો મહાભારત પગાર શરૂ કરાવી દીધો હતો. શુભા પણ હવે પરણવા લાયક ઉમ્મરની થઈ ગઇ હતી, પરંતુ તેનાં માબાપની ગરીબાઇને લીધે તેનો જલદી વિવાહ થતો નહિ. છેવટે રાવસાહેબ નારાયણરાવના દીકરા સાથે તેના જન્માક્ષર બરાબર મળ્યા, તેથી રાવસાહેબે શુભાનાં માબાપની ગરીબીપર નજર રાખીને અને પોતે આનંદરાવને માસીક બાર રૂપિયાનો મહાભારત પગાર અપાવીને જે મહાન ઉપકારનો વરસાદ વરસાવ્યો હતો તેના ફળરૂપ રૂપિયા બે હજારની, ન્યાતના રીવાજ કરતાં સહેજ વધારે, પણ રાવસાહેબની કીર્તિ ને લોભના પ્રમાણમાં કાંઇજ નહિ, એવી થોડી ઘણી પહેરામણી નક્કી કરીને શુભાનાં લગ્ન રંગરાવ સાથે કરવાનું નક્કી કર્યું.

રંગરાવ ને આનંદરાવ બન્ને સમવયસ્ક હોવાથી નાના હતા ત્યારે એકજ શાળામાં શીખતા હતા. આનંદરાવના સુશીલ સ્વભાવને-લીધે બન્ને વચ્ચે ઘાડો સંબંધ બંધાયો હતો. રંગરાવ હાલમાં બી. એ. કલાસમાં અભ્યાસ કરતો હતો ને નવી દુનિયાના રંગનો પાસ લાગવાથી તેનાં આચરણ નહિ પણ વિચાર બદલાયેલા હતા. તે તેના પિતાના જેવોજ આસ્તિક, ધાર્મિક અને ભાવિક હતો; પરંતુ તેના લગ્ન સંબંધી વિચાર એવા હતા કે પહેરામણી લેવાથી ન્યાતની ખરાબી છે. તેથી તે ન લેવી જોઇએ અને લગ્નમાં બહુ ધામધુમ ન થતાં તે બહુજ શાંતરીતિએ થવાં જોઇએ. આનંદરાવની સ્થિતિ જોતાં તેના વિચારને પુરતો ટેકો મળ્યો. તેથી શુભા સાથે પોતાનું લગ્ન તો કરવુંજ, પણ તેના બાપની પાસેથી પહેરામણી ન લેવી તથા તેને નાહક ખર્ચમાં ન ઉતરવું પડે એટલા માટે વરપક્ષનાં ને કન્યાપક્ષનાં માણસો ઘણાં જૂજ આવે એવી યુક્તિઓ તેણે ગોઠવવા માંડી.

પહેલાં તો તેણે પહેરામણી ન લેવા રાવસાહેબને ઘણી નમ્ર

વિનતિ કરી, પણ જમાનાના ખાધેલા રાવસાહેબ આવું સહેજમાં ઉપાર્જન થતું દ્રવ્ય મૂકી દે એવા હતા કે ? તેમણે રોકડો જવાબ આપી દીધો કે આજકાલના બાળકો તમે ન સમજો, શું ઘરડા માણસો ગાંડા હતા કે તેમણે આવા ચાલ પાડયા ? વગેરે વગેરે વચન સાંભળીને રંગરાવને પોતાની તીવ્ર અક્કલનો ઉપયોગ કરવો, એટલુંજ બાકી રહ્યું.

છેવટે રંગરાવે ઘણો વિચાર કર્યા પછી કોને કોને કંકોત્રીઓ મોકલવાની છે, તેમનાં નામ તથા કંકોત્રીઓનો મુસદ્દો રાવસાહેબ પાસેથી મુંબઇમાં નવી ફૅશનમાં છપાવવાના બહાને લઇ લીધો. પુત્રને ખુશ રાખવા ખાતર રાવસાહેબે તે વાત કબુલ રાખી, તેમજ આનંદરાવનાં માબાપને પણ નવી ફૅશનમાં કંકોત્રીઓ છપાવીને તેઓ નામ આપે તેમને બીડવાનું કામ સમજાવીને પોતે માથે લીધું. બારોબાર ખર્ચ નીકળશે એમ સમજી ભીક્ષુક સસરાએ વાંધો લીધો નહિ.

રંગરાવે રાવસાહેબે આપેલી કંકોત્રીના મુસદ્દામાં નીચે પ્રમાણે તાજા કલમ ઉમેરી દીધી.

તા૦ ક૦ આ કંકોત્રી જુના વખતથી ચાલતા આવેલા રીવાજ મુજબ લખવામાં આવી છે; પરંતુ આપણ સમાજસુધારકને જુના વખતથી ચાલતાં આવેલાં રૂઢીબંધનો બંધનકારક નથી.

લી. સ્નેહાંકિત–

રાવસાહેબ સાહેબ લોકોને ખુશ કરવાની ખાતર પ્રત્યેક સમાજસુધારણાની બેઠકમાં હાજર થતા અને પ્રસંગોપાત લાંબાં લાંબાં ભાષણો આપીને સમાજને, સુધારક પત્રોને તથા સાહેબ લોકોને છેતરતા; તે વાતથી રંગરાવ અજ્ઞાત નહોતો, તેથી તેણે ઉપર મુજબ કંકોત્રીમાં સુધારો કર્યો. તેમ બનવાથી ઘણા લોક જાનમાં આવતા અટકી ગયા !

તેની સાથે સુધારક પત્રોમાં, રાવસાહેબે પહેરામણી વિરૂદ્ધ ભાષણો

કરેલાં, તેમાંથી ઉલ્લેખો ટાંકી ટાંકીને લેખ ઉપર લેખ રંગરાવે મોકલવા માંડયા અને જે રાવસાહેબ જુના વિચારના હોવા છતાં સૌને નવા જમાનાના ગણાતા હતા તેમની હાંસી થવા લાગી. છેવટે એક લેખમાં ત્યાં સુધી આવ્યું, કે "રાવસાહેબે પોતે બોલેલાં વચનોનો ભંગ કર્યો છે, તેથી તેમને ત્યાં લગ્નપ્રસંગમાં કોઇએ જવું નહિ."

ઉપર પ્રમાણે આક્ષેપો થતા જોઇને રાવસાહેબ ગભરાઈ ગયા. આનંદરાવના પિતાએ કંકોત્રીના આપેલા મુસદ્દામાં રંગરાવે ઘણો ફેરફાર કરી નાખ્યો તેથી તે આખી કંકોત્રી નીચે આપવાનું વાજબી લાગે છે.

"સદા શ. રા. સર્વગુણસંપન્ન મહેરબાન મહાશય,—

વિ. વિ. જે સત્તર વર્ષ પર્યંત સતત ધડપડ કર્યાથી અમારી ચી. સુભદ્રાનાં લગ્ન છેવટે રાવસાહેબ નારાયણરાવના પુત્ર રંગરાવ સાથે માહા સુદ ૫ ને વાર રવી તા. ૨૫ જાનેવારીનાં ઠર્યા છે. તે પ્રસંગે આપને ખાસ પધારવાની વિનતિ છે; કારણ કે રાવસાહેબે ઘણાં ઘણાં ભાષણો પહેરામણી વિરૂદ્ધ કર્યાં છે, છતાં તેઓએ અમારી પાસેથી રૂ. ૨૦૦૦) પહેરામણીના માગ્યા છે તે બાબત હું આપ સર્વની હાજરીમાં તેમની ધૂળ ઝાટકી નાખવાનો છું; માટે અવશ્ય આવવું.

આપ અમારી સ્થિતિ જાણો છો માટે આપ ત્રણ દિવસ ચાલે એટલું ભાથું સાથે લાવશો અને કાંઇક વધારે લાવશો કે જેથી વિદાયગીરી વખતે અમારે કાંઇક તમને બાંધી આપવા જેવું ચાલે.

છોકરાંઓને લાવશો નહિ અને કદી લાવો તો તેમને ખાખા ન કરવાની ખાસ સૂચના કરશો, કારણ કે પ્રત્યેક બાજરૂપર મેં અંદર જવાની મનાઈ છે, એવાં પાટીઆં ચોઢી મૂક્યાં છે. ફરી વિચાર કરતાં એમ જણાય છે કે લગ્નના વખતમાં ફાનસ લઇને આંટા ખાવા તથા વરઘોડામાં ફાનસ લઇને ફરવા માટે છોકરાંની જરૂર પડશે, માટે ફાનસ

તથા છોકરાંને લેતા આવશો, પણ તેમને ઉપર પ્રમાણે સૂચના આપી મૂકશો.

બીજું આપના તરફ બટાટા ઘણા સારા થાય છે તો આપ એક મણ લેતા આવશો કારણ કે લગ્ન પ્રસંગમાં જરૂર પડશે. આપને ખોટું લાગતું હશે તો અર્ધી કીંમત એક વરસ પછી આપીશ. એજ પધારશો તો ખાવા કરતાં જોવાની ઘણી મજાહ પડશે !

લી૦

લ. વા. ર. (શુભાના બાપ)"

આવી કંકોત્રીઓ જાય એટલે સ્વાભાવિક રીતે કોઈ આવેજ નહિ અને આવ્યું પણ નહિ. તેથી છેવટે લગ્નને દિવસે વર ને વરનાં માબાપ, કાંઇ ઢોલી ને સુધારક પત્રોના બે રિપૉર્ટર; એટલો મોટો વરઘોડો કન્યાને માંડવે ધીમે ધીમે ગયો. કન્યાને માંડવે પણ કન્યા, કન્યાનાં મા–બાપ અને આણંદરાવ સિવાય આવકાર આપવા કોઈ હતુંજ નહિ.

રંગરાવે છેવટે બે રિપૉર્ટરોની ઓળખ પોતાના પિતા રાવસાહેબને કરાવી દીધી ને તે શા હેતુથી આવ્યા હશે તે પણ સૂચવી દીધું, તેથી રાવસાહેબે પહેરામણી માંડી વાળીને શુભાનાં લગ્ન નિર્વિઘ્નપણે થયાં. સુધારકપત્રોએ પુરતી તજવીજ કર્યા સિવાય રાવસાહેબ પહેરામણી લેશે, એવો આરોપ તેમનાં પત્રો તરફથી મૂકાયો, તે માટે બે રિપૉર્ટરોએ ક્ષમા માગીને તે માટે લાંબા લેખોમાં રાવસાહેબની લાલસા ઉદાર દિલથી છાપી નાખી.

રાવસાહેબને તેમના સાહેબો તરફથી પહેરામણી ન લેવાનું ધૈર્ય બતાવ્યા બદલ યોગ્ય કદર થઇને ઝટ પ્રમોશન મળ્યું, તેથી તેમણે રંગરાવનો ગુન્હો જાણવામાં આવતાં તે ખુલ્લા દિલથી માફ કર્યો.

ગરીબ બિચારો પાંચો પટેલ

(૧)

"એ પાંચા પટે.....લ, એ.....પાંચા પટેલ !"

"કોણ સે વળી ?"

"આજ કામદાર સાબ પધારે છે, માટે લાવો પાગરણ અને તમારો વેઠનો વારો છે, માટે ગાડું લઇ.....ગામ સુધી સામા જાઓ. હમણા ને હમણા જાઓ, એમ પટેલે હુકમ કર્યો છે, સમજ્યા ?"

"પણ હવાલદાર સાબ, હજી હું તો કાલેજ ફોજદાર સાબને મૂકી આવો ને વળી પાછો કાંથી મારો વારો આવો...ભાઈ સાબ, ઢાંઢાં (બળદ)ને હજી થાક ઉતરો નથી...તમારે જોઇએ તો માપ દાણા લઇ જાજો, પણ બીજાને કહો તો ઠીક...અને પાગરણ તો બીજું કાંઈ નથી પણ આ છોકરાને પાથરવાનું ગોદડું છે તે લઈ જાઓ...હવાલદાર સાબ, મેરબાની રાખવી જોઇએ." પાંચા પટેલે હવાલદારને હાથે પગે લાગી ઘરમાં એકનું એક ગોદડું હતું તે આપ્યું અને એક માપ દાણા ખળું તૈયાર થયે લઈ જવા કહ્યું. હવાલદાર ખુશ થતો થતો બીજે ઘેર કંઇ બીજી આશાથી ગયો.

પાંચા પટેલને ચાલુ સાલ એક ખાંડી બાજરો તથા અર્ધીક ખાંડી કઠોળ અને બે ત્રણ ભાર કપાસની ઉપજ થઇ હતી.

બીજે દિવસે પ્રભાતમાંજ માણસો દોડધામ કરવા લાગ્યાં; દૂધ, શાક તથા પાકી રસોઇનાં સીધાં ગામમાંથી ઉઘરાવવા લાગ્યાં. કુંભાર,

વાળંદ (હજામ), વગેરે પોતાનો કામધંધો છોડી કામદાર સાહેબની સેવામાં રોકાયા. કામદાર સાહેબ બિચારા ખેડુતોથી વીંટળાઇ નાના સરખા પણ સંપૂર્ણ સ્વતંત્ર રાજા જેવા થઇ મહાલવા લાગ્યા.

ત્યાં અચાનક નાજર (જમીદાર) સાહેબની પધરામણી થઇ અને સાથે એક વાણીઆ ભાઈ હતા. તેઓની સ્વારી પરબારી પાંચા પટેલને ખળે ગઇ અને ખળા ઉપર જમી બેસાડી દીધી.

પાંચા પટેલ પાસે આ શેઠ રૂપિયા માગતા હતા, તેથી લ્હેણું વસુલ કરવાની આ ખાનગી તજવીજ કરી હતી. પાંચા પટેલ ગભરાયા, હવે શું કરવું એ વિચારમાં પડયા. છેવટે શેઠને એક ભાર કપાસ આપવા કબૂલ થયા, પરન્તુ તેટલેથી પતે તેમ નહોતું; હજુ નાજર સાહેબ પોતાના ધક્કાનું મહેનતાણું માગતા હતા, તેમને માટે મણ બાજરો ઓછો થયો ! પાંચા પટેલની બીજી વિટંબના પસાર થઇ અને ઉપજમાંથી મોટો ભાગ ઓછો થયો.

પાંચા પટેલ કર્મને દોષ દેતા દેતા તમાચો મારી મોઢું લાલ રાખી, કામદાર સાહેબની કચેરીમાં ગયા, કેમકે નહિ તો પછી ગામમાંજ કયાંથી રહી શકાય ?

જગલો હજામ, કામદાર અને નાજર વગેરે માટે દૂધ પડાવવા આવ્યો.

પાંચા પટેલ, ભેંસને કોરા ઠામ (વાસણ)માં દોવરાવજો.

" જગલા, મારાં છોકરાંને દૂધ ખાવા મળતું નથી, આખો દિવસ ખેતરમાં ટાઢ તડકો ખમી, ખાતરના સુંડલા નાખી, મુલમજુરી કરીને અમે પેટનું પૂરૂં કરીએ અને કહેવાઇએ પટેલીઆ, તે અમારો તો કાંઇ વાંક છે ? જા બીજેથી દૂધ લઇ લે, મારી ભેંસ વસુકી ગઇ છે."

(૨)

જગલા હજામને આટલુંજ જોઇતું હતું, તરતજ કામદાર સાહેબ

પાસે દોડયો અને પાંચા પટેલનું રાયતું થવા રાઇ મીઠું નાખી દીધું. કામદાર સાહેબે ' જોઇ લઇશું ' કહી જગલાને બીજે ઘેર જવા હુકમ કર્યો.

" હવાલદાર ! જાઓ, પાંચા હરજીને કહો કે લ્હેણા રૂપિયા ભરી જાય, નહિતર જપ્તી થશે. સાલાને અહીં પકડી લાવજે." કામદાર સાહેબે હુકમ કરી દીધો. અમલ કરવા તરતજ હવાલદાર દોડયો, પાંચા પટેલને કહેતાંજ તેને જગલાને કહેલા શબ્દો યાદ આવ્યા અને તેના હોંશકોશ ઉડી ગયા. પાંચો પટેલ ધસર પસર કરતા કામદાર પાસે આવ્યા અને કરગરવા લાગ્યા. કામદાર સાહેબે દૂધનો ટાંણો (મ્હેણું) મારી વસુલાત કરવા તાકીદ કરી. પાંચો પટેલ વિઘોટીનો જોગ કરવા ગામમાં ચાલ્યા.

ગામડામાં રહેતો વાણીઓ (શેઠ) વખત આવે ખેડુતોને ચુસવામાં બાકી નજ રાખે, તેમ પાંચા પટેલનો અત્યારે વખત જોઇ ઉપજનો માલ સોંઘે ભાવે માંડી લઇ રૂપિયા આપ્યા. પાંચો પટેલ ખુશી થતા થતા વિઘોટી ભરવા કામદાર સાહેબ પાસે ગયા. કામદાર સાહેબે બરાબર દાવ મળ્યો નહિ તેથી બીજી તદબીર ઉડાવી.

" ઠીક, પાંચા, આગલું લ્હેણું ભરે છે કે કેમ ? "

"ભાઇ સાબ પાછતરમાં ભરીશ. બધી ઉપજ માંડી દઇ વિઘોટી પૂરી કરી છે, માબાપ દયા રાખો. હું ગરીબ માણસ છું." પાંચા પટેલે પાઘડી ઉતારી કરગરણાં શરૂ કર્યાં.

કામદાર સાહેબને કાંઇ નજરમાં ન આવ્યું અને છેવટ પોતાનું નજરાણું મળ્યું ત્યારે પાંચા પટેલનો હાલનેજ માટે છુટકો થયો; પરંતુ કામદાર સાહેબ છેવટ આગલા લ્હેણા માટે ઉપરી સાહેબના નામથી તાકીદ કરવા લાગ્યા.

પાંચા પટેલની બધી ઉપજ આવી રીતે ઉડી ગઈ. ઘરમાં ખાવા

માટે અનાજ પણ રહ્યું નહિ. હજુ લાંચ લઈ વેઠ માફ કરનાર હવાલદારનો ફાળો તો રહી ગયો છે ! !

(૩)

"હા મારે હવે શું કરવું ? જમીન હલકી મળી છે, ઉપજ સારી આવતી નથી અને જે આવે છે તે વેરો ભરવામાં તથા શેઠનું લ્હેણું ભરવામાં પૂરી થાય છે. ચાલુ સાલમાં એક બળદીઓ પણ મરી ગયો છે. છોકરાની વહુનું પોંખણું કરી આવ્યા, તેમાં પણ ખર્ચ થયું છે. દરબારનું આગલું લ્હેણું હજી ઉભુ છે. વળી ગામમાં મોટા પટેલ કહેવાઇએ તેથી ઝાંપા ખર્ચમાં પણ મોટો ભાગ આવે છે. આ સ્થિતિમાં હવે મારે કેમ નભવું ?"

આવા વિચારમાં ડુબેલો પાંચો પટેલ એક ઝોળી જેવા ખાટલામાં સૂતો હતો; ત્યાં હવાલદાર પોતાના કબૂલેલા માપ દાણા તથા બીજી ખોરાટી લેવા આવ્યો; ને ઉઘરાણી કરી. પાંચા પટેલે "હા-હા" કરી; પરંતુ મીયાંભાઈ સમજ્યા નહિ. પાંચો પટેલ દુઃખથી ભૂખથી (તપી) ક્રોધી થઇ ગયા. હવાલદારને ખેડુતની પ્રકૃતિ મુજબ એક બે કડણ શબ્દોથી વધાવી લઇ, "તારાથી થાય તે કરી લેજે" એમ સંભળાવી દીધું. હવાલદાર ગુસ્સે થઈ એકાદી જેષ્ઠિકાનો પ્રહાર કરી "યાદ રાખજે" કહી ચાલ્યો ગયો. પાંચો પટેલ આંખમાં અશ્રુ લાવી, ભૂખ્યો-દુઃખીઓ સૂઈ રહ્યો ! બીજે દિવસે ઉઠી મજુરી કરવા જવા નિશ્ચય કર્યો. પોતે સીમમાં જઈ જમીન સામુ જોઈ કલાકોના કલાકો રડી રડી પાછો આવ્યો. આમ બે ચાર દિવસ ચાલ્યા ગયા.

(૪)

એક દિવસે વહીવટદાર સાહેબ પધાર્યા અને પાંચાને આગલું લ્હેણું ચૂકતું કરવા સમજાવ્યો. પાંચા પટેલે ગરીબાઈ ગાઈ રાહત માગી, પરંતુ તે નહિ આપતાં વહીવટદારે જમી કરી. પાંચા પટેલની

જમીન, ખોરડાં (ઘર) જપ્ત થયાં. માલ મિલ્કત હરાજ થઈ અને પાંચો પટેલ ઘરબાર વગરના થયા. ઘણા ઘણા કરગર્યા, પરંતુ કાંઈ કામ આવ્યું નહિ તેથી બિચારો બાયડી છોકરાંને લઈ, ગામ છોડવા તૈયાર થયો.

આંખમાં આંસુની ધારા ચાલી જાય છે, અંગ ઉપર ફાટાં—તુટાં કપડાં છે, પગમાં પગરખાં (જોડા) નથી અને ચહેરાપર નૂર નથી! એવી હાલતે ગામના ઝાંપા (દરવાજા) પાસે આવી પાંચા પટેલે ઉભરાતે હૃદયે કહ્યું, કે "ભાઇઓ, મારી હાલત તો તમે નજરે જુવો છો, તમે તેના દરેક કારણથી વાકેફગાર હશો, તો પણ કહું છું કે મને આ સ્થિતિએ પહોંચાડનાર મોટા અમલદારથી તે નાના હવાલદાર સુધીના નોકરીઆ છે. તેમણે મને ચૂસવામાં બાકી રાખ્યો નથી, છતાં પણ તેમની નીચતા એવી છે કે મને ચૂસે અને મારૂં જ માથું કાપે. ભાઇઓ, આવી સ્થિતિમાં રહી, પટેલીઆ તરીકે નહિ પરંતુ ધકલેટીઆ ખેડુત થવું હોય તોજ રહેજો; હું તો હવે ભિખારી હાલતે જાઉં છું." આટલું કહેતાં પાંચો પટેલ—એક વખતનો પ્રતિષ્ઠિત પટેલીઓ—ભિખારી હાલતે ગામ છોડી—વતન છોડી—દુઃખી હૃદયે, પોતાને આ સ્થિતિએ લાવનારને શાપ દેતો આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતો, જન્મ-ભૂમિ ત્યજી ચાલ્યો ગયો. એ તો ચાલ્યો ગયો, પણ વાંચક! એની—એ ભલા અને ભોળા નિર્દોષ ખેડુતની હાય, તેનાપર જુલમ કરનાર અધિકારીઓનું કેટલું અને કેવા પ્રકારનું સત્યાનાશ વાળી નાખનારી થઇ પડશે, એનો વિચાર કરતાં અમને કંપારી છુટ્યા સિવાય રહેતી નથી.

તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુએ ઢોરકે ચામસેં, લોહા ભસ્મ હો જાય.

૮

પ્રામાણિક ગબો પટેલ

(૧)

ગબા પટેલના બાપદાદા આખા સુરત શહેરમાં મોટા વરાઓ કરનારા તરીકે નામીચા હતા. તેમને ત્યાં એક તો મોટો ન્યાતમેળો થયો હતો; જેમાં આઠ દશ હજાર માણુસો જમ્યાં હતાં! નાના નાના વરાઓનો તો સુમારજ નહોતો. તેમાંએ બધા કરતાં તજવીજ સારી. બે ત્રણ જાતનાં મિષ્ટાન્ન, દસ બાર જાતનાં શાક, અને તે ઉપરાંત ખલવાં, વડી, પાપડ, રાયતાં, ચટણી, અને વધારામાં આદુ હળદરની કાતળીઓ થતી. એટલે મૂળથીજ ઇજતદાર અને તેમાં ન્યાતમેળો કરવાથી આખા પરગણામાં તેમની કીર્તિ ફેલાઇ હતી.

(૨)

રામા પટેલ ને ગબો કરીને એકનો એકજ લાડઘેલો છોકરો હતો. મૂળે ગર્ભશ્રીમન્ત અને બે ત્રણ ભાઈ વચ્ચે એકજ દીકરો એટલે તેને 'ખસ' પણ કહેવાતું નહિ. કહે તો બાપાને પણ બે ચાર સંભળાવી દે! ગબાનો જન્મ થયાને ત્રીજેજ દહાડે તેના વિવાહની વાત ચર્ચાઇ! મોટા ઘરનો ને જમણુવારથી સૌની જાણુમાં આવેલાનો છોકરો એટલે ઝોળીમાં ઝડપાય, ને લોકો દીકરી આપવા તલપાપડ થઇ રહે એમાં શી નવાઈ? અસુરા થવાય તો બીજો કોઈ ફાવી જાય ને પોતે રહી જાય એમાં પણ સંદેહ નહિ.

(૩)

રંગીલદાસની વિજકોરનો વિવાહ તે એક મહિનો ને ત્રણ દહાડાની થઈ હતી ત્યારનો મહિધરપરામાં સારે ઘેર કરવામાં આવ્યો હતો. વિવાહ કર્યા પછી વરસ દોઢ એએક પછી જાણવામાં આવ્યું કે જમાઇ તો બોબડો છે! રંગીલો વિવાહ તોડવાની તૈયારીમાં હતો કારણ કે એમની જ્ઞાતિમાં એ રિવાજ સાધારણ હતો. પણ એટલામા જમાઇને બળીયા આવ્યા, તેથી પ્રથમ તેની બન્ને આંખો ગઈ અને બે ત્રણ દિવસ પછી તે બિચારો ગત થયો.

ત્યાર પછી વિજકોરને માટે સારા વર—ઘરની શોધખોળમાં વરસ દોઢેક નીકળી ગયું. હવે રામા પટેલને ત્યાં છોકરાનો જન્મ થયેલો જાણી રંગીલદાસ ત્યાં પહોંચ્યો અને શરમમાં નાખી કબૂલ કરાવી આવ્યો. ઘેર આવીને વધાઈ ખાધી. જડાવ તો રામા પટેલ જેવા મોટા માણસની વેવાણ થવાના હરખમાં ને હરખમાં ગાંડીજ થઈ ગઈ. ત્યાં બેઠેલામાંના મગનલાલ માસ્તરે રંગીલદાસને પૂછ્યું, તમારા જમાઇની ઉમ્મર કેટલા વરસની છે?

માસ્તર, કંઇ ગાંડા થયા ગાંડા! આવા મોટા ઘરનો છોકરો વરસની ગણતરી થાય ત્યાં સુધી રહે ખરો કે? એ તો ઝોળીમાંથી ઝડપાય, ઝોળીમાંથી! હજી તો તેને ચાર દિવસે પૂરા થયા નથી!!

હેં! શું કહો છો? સાચી વાત?

શુ શું વળી? સાચી નહિ તો ખોટી? એ તો મારી વિજળીના નસીબેજ એને ત્યાં દીકરો આવ્યો!

એ તો ખરૂં પણ ભલા માણસ! તે તો ત્રણ દિવસનો ને તમારાં બ્હેન તો ત્રણ વરસનાં! તેનું કેમ?

કેમ શું વળી? બે ત્રણ વરસનો ફેર કંઇ બહુ કહેવાય? એ તો ઘંટીના ગાળા જેટલોજ.

'એ તો કાલે હારીઆ થઈ જવાનાં!' જડાવ બોલ્યાં.

'અરે પણ એ થાય કેમ કરીને? મોટું કોણ જોઇએ છોકરો કે છોકરી? આ તો ઉકરડાની જાત કાલે ઉમ્મરે આવશે તેનો કાંઈ વિચાર?'

'જાઓ જાઓ માસ્તર એવા ગાંડા ગાંડા વિચાર કરતાં ફરીએને તો આવાં સારાં ઘર ના મળે ના. ભાયેગમાં લયખું થહે.'

(૪)

ગબાભાઇને પાંચમે વરસે સારૂં મુહુર્ત જોઈ વાજતે ગાજતે નિશાળે મૂક્યા. રામાપટેલે નિશાળીઆનાં મોં ગળ્યાં કરાવ્યાં ને મહેતાજીને પણ કંઇક ભેટ મળી. ત્રણ મહિના ગયા ત્યારે માંડ માંડ ૨૦ સુધી લખતાં બોલતાં આવડયું. તેમાં પણ ૪ માં ૨ ઉમેરીએ કે ૨ કાઢી લઇએ તો કેટલા થાય તે તો નજ આવડતું. પરીક્ષા વખતે પટેલ ગાડી લઇને આવ્યા ને બપોરની રજામાં સાહેબને ઘેર લઈ જઈ ચ્હા પાણી કીધાં. સાહેબ અંજાયા ને ગબો ઉપર પહેલા ધોરણમાં ચઢયો!!

દર વરસે એમ થતું, પણ ગબાભાઈ ચોથા ધોરણમાંથી પાંચમામાં નજ ગયા તે નજ ગયા. માસ્તરથી દાબીને કહેવાય નહિ તો સજા તો ક્યાંથીજ કરાય? ભોગજોગે ભૂલે-ચૂકે તેમ થઇ ગયું તો મહેતાજીના ભોગજ. રામા પટેલની વહાર આવીજ સમજવી. "સમજ્યાને મેતાજી અમારે કંઇ ભણીને નોકરી લેવાની નથી; ભણીભણીને હું ઉકાળવાના, એતો ઠીક છે. વળી સાળો ઘેર પજવતો મટે તેથી ઇસ્કોલે મોકલીએ છીએ; હવે કંઈ કેહો બોહો તો જોવા જેવું થહે." માસ્તરે આખરે આવો મામલો જોઈ લટકતું રાખ્યું ને ગબાભાઈ ગબ્બા જેવાજ રહ્યા!!

(૫)

ગબાભાઇની સાત વરસની ઉમ્મરે તેનું લગ્ન મોટી ધામધૂમથી કરવામાં આવ્યું. આગળનું વરસ સિંહસ્થનું ગયેલું હોવાથી આ

વરસમાં લગ્નની ધમાલ ખૂબ હતી. એટલે નામીચા રજાક બેન્ડના ચાર્જ ડબલ થયા, છતાં ત્રણ કલાકના રૂપિયા ૨૨૨) ઠરાવી પોતાના વરઘોડામાં હાજર થવા તેને ફરમાશ થઇ ચૂકી. ૧૫–૨૦ તો આ વરઘોડામાં છબીલા હતા, તે દરેકની આગળ પણ સામાન્ય વાજાંવાળા ખરાજ! મોટી ભભકાદાર સુરતી પાઘડી, સફેદ આલપાકા અને મરી-નાના ઉજળા દૂધ જેવા કોટ, રેશમી કોરનાં ધોતીઆં ને કસબી ખેસ નાખી લક્ષાધીપતિ જેવા દેખાતા ૩૦૦–૪૦૦ પચરંગી ગૃહસ્થો અગ્રભાગે અને વરઘોડાની પાછળ ૧૦૦–૧૨૫ ભભકાદાર ચિનાઈ સાડી, તસતસતી ચોળી, ૯૦ કિંમતી પાતળાં પારદર્શક વસ્ત્રો અને નવી ફેશનના આભૂષણોવડે અલંકૃત સુંદરીઓ મંગળ ગીત ગાતી ગાતી ચાલતી હતી. ત્યાર બાદ મંડપમાં બીભત્સ વચનો ઘર આગળ વડિલોની આમન્યાથી ન બોલાયાથી અકળાયલાં બૈરાંઓ આજના સ્વતંત્ર સ્થળમાં તેઓની સત્તા નિર્મૂળ કરીને સ્પર્ધામાં ઉતરી બોલાયાં તેટલાં બોલ્યાં ને ધાંટો બેસાડીને આનંદ મેળવ્યો!

મહારાજોએ લગ્નવિધિ બને તેટલી ઉતાવળથી સમાપ્ત કરવા તરફજ લક્ષ આપીને આટોપી અને 'ભાઇ બ્હેનનો હાથ ઝાલો' ૯૦ વચનોથી અને સપ્તપદી વગેરેને તલાક આપી વરવહુને પરણાવી દીધાં! ગબાભાઇ સાત વરસના એકવડા કોઠાના ને વિજકોર દશ વરસની બેવડા કોઠાની એટલે વરવહુ તરીકે ઓળખી શકાતાં નહિ. વિચિત્ર કલ્પનાજ થતી!

(૬)

ગબાભાઇએ હવે નિશાળે જવાનું બંધ કીધું. કારણ બધા સહાધ્યાયીઓ એને ખીજવવા મંડયા. એક કહે અલ્યા તું રોજ ગાડીમાં બેસીને આવે તેના કરતાં તારી વહુની કેડે બેસીને આવે તો કેમ? વળી બીજો કહે 'સમજ્યો ગબ્બા જો કંઇ ચૂં કે ચાં તાં

આગળ કીધાં તો કોપરાપાકજ મળ્યો સમજજે!' વળી ત્રીજો કહે 'ના ના અલ્યા એ તો એની......ને ઠેકાણે શોભે એવી છે, એટલે મારે ખરી કે?' આવી ટીખળીવિદ્યાથી ગબાભાઈ ચીડવાતા, તેમ તેમ છોકરાઓ વધારે ખીજવવા પ્રયત્ન કરતા. માસ્તરને સતાવનાર વાઘ જેવો ગબો સ્વતંત્ર છોકરાઓ આગળ બકરી જેવો થઇ ગયો, આખરે ભણવાનુંજ મૂકી દીધુ' છોકરાઓ પોતાની ગમ્મતના વિષયનું પાત્ર જતું રહેવાથી દિલગીર થયા.

(૭)

હમણા ગબાની ઉમ્મર પંદર વરસની છે, તેને ત્યાં એક છોકરાના જન્મ થયો; પણ એટલામાં રામાપટેલ માંદગીના પંજામાં સપડાયા ને પથારીવશ થયા. જીવનઆશા પણ ઝાઝી રહી નથી, ત્રિદોષ થયો છે, છતાં દીકરાને ઘેર દીકરો આવેલો જોઇ વંશવૃદ્ધિથી ડોસાનું મન પ્રફુલ્લિત હતું. એક દિવસ ગબાને પાસે બોલાવી ડોસાએ શિખામણ આપીઃ જો ભાઇ સાંભળ, તારાં લગ્ન વખતે ત્રણ હજાર અને હમણા અધરણીમાં ૮૦ મણની તો બાસુદી વપરાઇ, એ હિસાબે એટલે બધુએ પચીસોએક રૂપિયા થયા હશે. વળી દાદાનો ખરચ ને એક ન્યાતમેળો મેં કરેલો તેમાં સાત આઠ હજાર થયેલા. એટલે ૧૪–૧૫ હજાર રૂપિયા અથવા કહું તો મારી આખી જિન્દગીની કમાણી એમાંજ ખરચાઇ છે, પણ બાપદાદાની આબરૂ જવા દીધી નથી. તને કહેવાનું એટલું કે હવે રોકડ ત્રણ ચાર હજાર કરતાં વધારે નથી ને તેમાંથીએ મારી પાછળ ખરચાશે એટલે જોઇ વિચારીને ચાલજે. નીતિથી ચાલીશ તો આપણો ધંધો સારો છે. બાર મહિને હજાર રૂપિયા મળશે. જો નઠારાની સોબત નહિ કરતો ને મારી પાછળ એક ગાય બા...... મ......મ......ણુને આ...આ...પજે એમ કહેતાં ડોસાની ડોકી ઢળી ગઇ! તરતજ ઠંડા પાણીથી નવડાવી કોઇએ બે પગ ઝાલ્યા ને

કોઇએ એ હાથ ઝાલ્યા ને તરતની લીંપેલી ભીની જમીન ઉપર પરાળ નાખી ડોસાને તેપર નાખ્યા ! મૂળે ત્રિદોષ થયેલો એટલે ટાઢું માંદ અને તેમાં વળી ભીની જમીન ઉપર ઠંડે પાણીએ નવડાવીને નાખ્યા એટલે ૦।। કલાક વહેલાજ ડોસા પતી ગયા ને રડારોળ થઇ રહી. જોતજોતામાં આખી શેરીનાં અને ઓળખાણ પીછાણવાળાં આઘે આઘેનાં બૈરાં પણ એકઠાં થઇ ગયાં. ૧૫૦–૨૦૦ સ્ત્રીઓની ઠઠ જામી. 'મહિલા પરિષદ્' ભરાઇ ને કુટણાના વિષયનું પ્રેકટિકલનૉલેજ (આનુભવિક જ્ઞાન) લેવાવા–અપાવા માંડયુ. એક ભાષણકર્તા થાકે કે તરતજ બીજી તેનો ચાર્જ લે. ભાષણકર્તા પ્રસંગે ટેબલઉપર હાથ ઠોકે છે તેમ આ ભાષણકર્ત્રીઓ છાતીનો ઉપયોગ કરતી. આવી ને આવી ધમાલ મહિનાઓ સુધી ચાલી. બારમામાં હજારો રૂપીઆ ખર ચાયા, ખજાના ખાલી થયા ને ડોસા દહાડા જતે વિસરાયા.

(૮)

હવે ગબા ઉપર દુઃખના ગોળા ગબડવા લાગ્યા. ડોસા મુઆને વરસ પૂરૂં થયું નહિ એટલામાં તો ડોસી પણ સ્વર્ગે સીધાવ્યાં. ન્યાત-વાળાઓ ભેગા થઇ ગબાને શીખામણ દેવા લાગ્યાઃ 'જોજે ભાઇ, તારા કુળને નાનમ ન લાગે તેમ કરજે. તારા બાપે બજાવી તેની ઘડી તો કોઇથી થઈ નથી ને થવાની નથી, ધન્ય છે રામા પટેલની છાતીને, ને તેની પછી તેના દહાડામાં તારી માએ પણ ઠીક બજાવી; બાઇ માણસ પણ શી તેની ચતુરાઇ ને હિમ્મત ! મોટા ઘરનાં તે મોટાંજ! એને તો નબળું ગમેજ નહિ હો ! અલ્યા' હવે જોજે ભાઇ ગબા, ડોસીને ઉઝવવાની તારે હાથ છે, બધાં આગલાં કીધેલાં ઉપર પાણી ન ફેરવાય તેમ કરજે. રામા પટેલ તો અમને પૂછયાવના પાણીએ ન પીતા એટલે અમારી તો ફરજ છે કે તને સારી સલાહ આપવી !'

ગબાભાઇ મૂળે તો અભણ ને ચઢાઉ એટલે આવાં પ્રશંસાવાકય

સાંભળી તાડ ઉપર ચઢ્યા. અગર જો રૂપિયા તો સિલકે નહોતા પણ શાખ સારી એટલે કરજ કરીને પણ માને ઉઝવવા ઠરાવ કર્યો. ચણાનાં ચકતાં ને દૂધપાક થયો. ગબાની વાહવાહ બોલાઇ ને તેજ દિવસથી બે હજારને માથે દોકડા પણ ગણાતા થયા !

(૯)

હવે સ્વતંત્ર થયેલા ગબાભાઇના તાળીમિત્રોની સંખ્યામાં દિનપરદિન વૃદ્ધિ થવા માંડી. પ્રત્યેક સાંજે ગબાનું ઘર કલાલની દુકાનની પેઠે ચિકાર થઇને છાકટાઓના જેવાંજ પણ સ્વાર્થ સાધી લેવાના દુષ્ટાશયવાળાં ગબાની મિથ્યાપ્રશંસાનાં વાક્યોના ઉચ્ચારણથી ગાજી રહેતું. સવારસાંજ તપેલું ભરીને ચ્હા થતી. **अतिथिदेवो भव** એ સૂત્ર પ્રમાણે અજાણતાં પણ જેનું તેનું હાલ તો ગબાને ત્યાં સન્માન થવા લાગ્યું. ગમે તેમ પણ કણબીની જાત ઉદાર તે ઉદારજ! ખામી માત્ર સજ્જન અતિથિઓની હતી. ‘ પોલા દેખકે પેટ જાના ’ એ સૂત્રધારીઓના પ્રદર્શનની કોઇને અભિલાષા હોય તો ગબાનું ઘર જોવુ.

(૧૦)

સુરતના કણબીઓનો મુખ્ય ધંધો કસબી–જરીના કામનો છે. દેશ દેશાવરના મોટા વેપારીઓ સાથે સુરતના સાધારણ કણબીને પણ પ્રસંગ પડેલા હોય છે. સુરતથી બહાર દેશાવર કેટલું કસબી કામ જાય છે, અને તેની નિકાસ કરનારા કોણ છે, એનો ખ્યાલ પામવો હોય તો પારસી શેરીમાંની ઝાંપા પોસ્ટઑફિસમાં જઈને જોવું. સોમ, બુધ ને શુક્રવારે સેંકડો પારસલ ખડકાયલાં ને તેના ઓથાં નીચે ઢંકાયલાં, ને કામ કરી કરીને કંટાળેલા પોસ્ટમાસ્તરને ‘ભાઇ વખત થઈ ગયો કાલે આવો ’ એમ બોલતા જોઈ શકશો. આ બધો વેપાર કણબીના હાથમાં છે ખરો પણ, તે લાંબો વખત ટકશે કે કેમ, તે માટે શંકાજ છે. પહેલાં કરતાં ઘણો ઘટાડો એ વેપારમાં પરદેશી પ્રલોભન-

કારક સોંઘા માલની વધારે વધારે થતી આયાતથી થતો ગયો છે. હજીએ આટલો વેપાર હાથમાં છે એટલું સુભાગ્ય ! પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી અન્ય પ્રજાનું લક્ષ એ વેપાર પ્રતિ ખેંચાયું નથી ત્યાં સુધીજ ! દિન ઉગે ને અવનવો સુધારો કરી અવનવા પ્રકારનો માલ બનાવનાર, કારખાનાના સંયુક્ત બળથી બહોળા જથામાં થોડે ખરચે બહોળો માલ નિપજાવનાર, અને લોકોમાં તેનો પ્રચાર કરવાની અવનવી કળાવાળા બાહોશ પરદેશી વેપારી આગળ, અંધપરંપરાન્યાયે ચાલતો, ગુજરાતી ત્રણ ચોપડી પણ ભાગ્યે ભણેલો, નામાઠામાનો આધાર પારકા ઉપરજ રાખી જમા ઉધારના આંકડા તપાસવાની શક્તિથી પણ હીન, કોઇ પણ જાતની કળા વગરનો ને કારીગરોને ઘેર કામ કરાવનારો સુરતી-કણબી વેપારી સ્પર્ધામાં ટકી શકે એતો **न भूतो न भविष्यति।**

એક દિવસ ગબો સાંજે મિત્રવર્ગથી વ્યાપ્ત થઇને બેઠો છે, ચહાના કપ દરેકની સામા ગોઠવાઇ રહ્યા છે, ગબાની મોટાઇ સિદ્ધ કરનારાં અસંબદ્ધ અને અકારણ વચનોનો પ્રવાહ વહી રહ્યા છે, ત્યાં શાહગામકર ભીમભાઇ એંદરજી દેસાઇએ વાત ઉપાડી. ગબાભાઇ, તમારે એકલી જાતે બહુ ઉપાધિઓ છે હો ! માલ કારીગરને ત્યાંથી લાવવો, પરદેશના ઓર્ડર પ્રમાણે તે રવાના કરવો, ટપાલ લખાવવી, નામાઠામા ઉપર પણ નજર રાખવી વગેરે વગેરે; તમે તો એકલા ને કામ અનેક. તેમાંએ વળી જનમના સાજા—માંદા એટલે કામના ભારથી ચગદાઇને તમારૂં શરીર તો લાકડી જેવું થઇ ગયું છે. હવે તો કામ કંઇક ઘટાડો તો ઠીક, નહિ તો શરીર વધારે કથળશે. ચાકર કમાય ને ચાકર ખાય, એવી પારમાર્થિક વ્યવસ્થાવાળા ગબાભાઈને લાગ્યું કે ' સાળું બહું જ કામ મારે કરવું પડેછે. ' આ વાતને વળી આખી મિત્રસભા તરફથી એકમતે અનુમોદન મળ્યું, એટલે ગબાનું મન ઉંચું થયું ને કામનો બોજો ઓછો કરવા ભીમભાઇ શાહગામકરને યુક્તિ

પૂછી. શઠગામકર દેસાઇ (મનમાં) હવે શિશામાં ઉતાર્યો ખરો. (પ્રકટ) ગબાભાઇ તમારી નબળી તબીયત જોઇ કયા મિત્રનું હૃદય વલોવાઇ ન જાય? જુઓ, હમણા માણેકચંદ કપુરચંદની પેઢીમાં ચોકૂખા ૩૦૦ મળે છે, અને મેં હમણાં નીકળી જવાની વાત કરી ત્યારે ૩૫૦–ને આખરે ૪૦૦ આપવા પણ શેઠ કબૂલ થયા છે, તમારે ત્યાં તો તમારી મરજી પડે તે આપજો. ક્યાં પારકું ઘર છે? ઘી ઢળશે તે પણ ખીચડીમાંજ ને. દેસાઈ સમજ્યા, વાણીઆભાઇની નોકરી સખત ને પાઇ પણ આઘી પાછી નહિ થાય, ૩૦૦ આપતાં તો આટો કાઢી નાખે છે આટો. અહીં પચાસ ઓછા મળશે તો એ બીજા હજારોનુ ગાબડું પડશે ને સુખની નોકરી તો ખરી.

ગબાએ નગીનભાઇને માથે આંકડો પાડવાનું નાખ્યું. બન્ને બાજુનો વિચાર કરી તેણે ૩૫૦ ઠરાવ્યા; ને દેસાઇએ પણ મનમા નો રાજી પણ બહાર જરા ઓછું પડે છે એવો દંભ કરી કટાણું મો કરી 'કબુલ છે' એમ કહી બીજે દિવસે ચાર્જ લીધો.

(૧૧)

દેસાઇના કારભારને લગભગ વરસ પૂરૂં થવા આવ્યું, થોડુ ઘણું અંગ્રેજી ભણેલો, જન્મનોજ ચબારક અને વાણીઆને ત્યાં વેપારી કળા શીખેલો એટલે વેપાર તો પહેલાં કરતાં ધમધોકાર ચાલવા લાગ્યો. ગબા પટેલની શાખ પણ વધવા લાગીને રાંડીરાંડો રૂપિયા પણ ગબા પટેલના ઘરને સુરક્ષિત જાણી નાખવા લાગી. ગબા પટેલના ઘરનો ખરચ પણ વધ્યો. તેમાં ઉન્હાળામાં ડુમસમાં (હવા ખાવાનું સુરત જીલ્લાનું સારૂં ઠેકાણું) મહિને ૧૫૦ રૂપિઆના ભાડાથી બંગલો રાખી રહેવા જવાની નવી રીત ધ્યાન ખેંચે એવી હતી. હવે ઘરમાં કરતા કારવતા દેસાઇજી હતા. સઘળાંજ માણસો–ગબો પટેલ સુદ્ધાં–તેને પૂછ્યા વિના પાણી પીતાં નહિ.

(૧૨)

વિજકોર મૂળથીજ જરા ચાલાક હતી. ઘરમાં સાધારણ રીતે તેની નજર દરેક ચીજ ઉપર ફરતી. દેસાઇને પણ વિજકોર આઘું પાછું કરવાના કામમાં આડખીલીરૂપ હતી. એક દિવસ વિજકોરે પોતાના ભાઇની છોકરીને એક નાની મોહનમાળા પચાસેકની મતાની ગળામાં ઘાલી આપી. દેશાઇએ વાત જાણતાં લાગ મળ્યો જાણી ગબાના કાન ભંભેર્યા. "આવીજ રીતે હજારોનો માલ વરસે દહાડે પિયરમાં ભરે છે" ઇત્યાદિ વચનો કહી ગબાને ખૂબ ભભેર્યો. ગબો સારા નરસાનો વિચાર કરવાની તસ્દી લે એવો ન હતો. તરત ઘરમાં રોણુ મચ્યું ને વિજકોરને બે ધબ્બા પણ પડયા ખરા. વિજકોર રીસાઇને સાંજે પિયર પહોંચી ગઇ. 'હું પણ દેશાઈ બચ્ચો ત્યારેજ ખરો કે હવે તારાં પગલાં ફરી આ ઘરમાં ન પડવા દઉં' એવી પ્રતિજ્ઞા લઇ વિજકોર પાછળ ખાઇપીને મંડેલા દેસાઇએ ગબાને ભંભેરી ભંભેરીને ભૂત બનાવ્યો, વિજળીનો ત્રણ મહીના સુધી બહિષ્કાર થયો, અને તે દરમિયાન એક બીજી બાયડી પણ બેત્રણ હજારના ખરચે ગબાને કરાવી દીધી. પણ એ સંઘ કાશી પહોંચ્યો નહિ, પહેલેજ દિવસે ગબાને નવી સાથે કંઇ વાતમાં વાકું પડ્યું ને મન ઉચ્યાં થયાં. સોડાવૉટરની બૉટલના બુચ જેવા સ્પીરીટવાળા ગબાએ નવીને ત્રીજેજ દહાડે તલ્લાક આપીને દેસાઇનું કે કોઇનું પણ કહેવું નહિ સાંભળતાં વિજકોરને પાછી તેડી.

દેસાઇ હવે સાર નથી એમ સમજી, માંદગીનું બ્હાનું કાઢી શાહગામ ઉપડી ગયા; ને મહીના એક પછી ત્યાંથી મોરીસ સીધાવી ગયા. નવો મહેતો આવ્યો ને હિસાબ તપાસી જોતાં રૂપિઆ દસબાર હજારનો ઘોટાળો જણાયો. ગબો તો આભોજ બની ગયો.પણ કરે શું? દેસાઇ દેશમાં હોય તો તેના ઉપર વિશ્વાસઘાતની કે ચોરીની ફરીયાદ માંડે. ધીમે ધીમે

વાત વંટોળે ચઢી ને શહેરમાં ફેલાઈ. જેના રૂપિયા જમે હતા તે બધાં લેવા આવ્યાં. સિલકમાં હોય ત્યાં સુધી ગબાએ આપવા ઠરાવ કર્યો ને હજારેક વહેંચ્યા પણ ખરા; પણ પછી વિજળી આડી પડી કે છોકરાં ખાશે શું ? જરા થોભીને વિચાર તો કરો, ઇજ્જત—આબરૂને શું કરવાં છે ? ને કંઇ કરડવા ખપ લાગવાનાં છે ? પૈસો હશે તો સૌ પૂછતાં આવશે. ગબો મુઝાયો ને સૌને કાલે આવજો, એમ કહી વિદાય કર્યાં. 'પટેલ તો સારો છે' પણ મુઓ પેલો "દેશાઇજિ કાળાં કામનો કરનાર હતો" ઇત્યાદિ વચનો આખા મહોલ્લામાં સંભળાતાં હતાં.

ગબાની આવી પરિસ્થિતિ જાણી વેપારીવર્ગ પણ સાંજે ચોપડા લઇ ગબાને ત્યાં આંટા મારવા લાગ્યો, ને બીજા પાંચ છ હજાર વેપારીઓના દેવા જણાયા. કદી પણ મુસ્કેલીનું નામ નહિ સાંભળેલું, અને તેનેલીધે મુસ્કેલી ખમવાને અસમર્થ અને દૃઢતા વગરનું ગબાનું મન આજે મોત કરતાં ખરાબ સ્થિતિ અનુભવવા લાગ્યું. નહિ ત્યારે કંઇ નહિ ને આજે એકદમ આમ ઉપરાઉપરી વિપત્તિઓ ક્યાંથી આવે છે ?

(૧૩)

વિજકોર—હું તો ઘણુંએ કહેતી કે એ નોકર માણસનો હદ-પાર વિશ્વાસ ન કરતા, પણ સાંભળેજ કોણ ? ત્યારે તો 'ભીમભાઇ' વિના પાણીએ નહોતા પીતા, નાખ્યા ભીમભાઇએ હવે પંદર હજારના ચક્કરમાં ! ન તો કોઇ દહાડો નામુ જોયું કે હિસાબ પૂછ્યા !

આ પ્રમાણે ગબો ને વિજકોર ઘરના પાછલા ભાગમાં ગોષ્ટિ કરતાં હતાં. આગળના દિવાનખાનામાં નવા આવેલા પણ જરા ઠરેલ બુદ્ધિવાળા મહેતાએ વેપારી લોકોને શાંત પાડયા: 'અરે ! તમે તે કંઇ ગાંડા થયા કે શું ! લાખો રૂપિયાનો વેપાર ચાલે તેને પંદર હજાર શું હિસાબમાં ? જાઓ કાલે આવજો ને તમારા ચૂકતે લઇ જજો. જગતને

મોંએ કંઇ ઢાંકણું છે, એ તો ગમે તેમ બોલે' આમ કહી હાલ તુરત તો ભયનું વાદળ વિખેર્યું.

(૧૪)

ગબો આજે સર્વ લોકોની ચર્ચાનું પાત્ર થઈ પડ્યો. જ્યાં ત્યાં ગબાનીજ વાતો ચાલતી. એક કહે 'બિચારો ભોળો ઘણો, માણસ લાખ રૂપિયાનું,' ત્યારે વળી બીજો કહે 'અરે સાળો મૂર્ખો ને ચઢાઉ તો છે, આ ડોસી મરી ગઈ ત્યારે મેં ને છબીલાએ જરા ચઢાવ્યો એટલે ભાઇ ચઢ્યા તે બે હજાર ખરચ્યા ! અરે એના બાપદાદાઓ પણ એના જેવાજ મોટા ગધેડા હતા. મોટા ન્યાતમેળા કરવાના થયેલા. જો ભાઇ એના વગર આબરૂ મળતી નહોતી તે ? '

વાંચક ! ગબાની પ્રશંસા કરનાર ને તેને છાપરે ચઢાવનાર વર્ગજ આજે આ પ્રમાણે તેની નિંદા કરે છે ! કુલાણુજીવાળી દલપતરામની કવિતા વાંચી છે ? **परोक्षे कार्यहंतारं प्रत्यक्षे प्रियवादिनम्** આડકતરી રીતે નુકસાન કરનાર પણ મોઢે મીઠું બોલનાર મિત્રોથી પ્રભુ સર્વને બચાવો.

વળી આપણે આગળ લોકચર્ચા સાંભળીએ—એક ઘરડી ડોસી કહે છે—મુઆને અહંકાર કેટલો બધો હતો ? જરા જરામાં તો વિજળી સાથે લડીને બીજી લાવ્યો ને આખરે તો રજા આપી. સહેજે બે ત્રણ હજાર રૂપિયાનું પાણી તો એમાંજ થયું હશે.

વાણીઆ વેપારીમંડળમાં ચર્ચા ચાલતી કે ભાઈ ' બિલાડીને તે આદુ જરે ? ' પાસે દશ હજારનો જીવ આવ્યો એટલે ગાડી, ઘોડા, નોકર, ચાકર ને ડુમસમાં ૧૫૦) રૂપિયાના ભાડાથી બંગલો ! અરે એ તો લક્ષાધિપતિને પણ પરવડે નહિ ! વળી નામુંઠામું તો જાણે નહિ ને મોટા વેપાર કરવા દોડે ! પારકા પગે તે ક્યાં સુધી ચલાય ? એમ આખા શહેરમાં તે દિવસે ચર્ચા ચાલી રહી હતી.

(૧૫)

રાત્રિના બારનો સમય થયો હતો. કોઇએ આવીને ગબાનું બારણું ઠોક્યું. ગબો એકદમ ચોંકી ઉઠયો કે વળી કોઇ લેણદાર આવ્યો કે શું ? ભયગ્રસ્ત માણસને દશે દિશામાં ભયનાંજ દર્શન થયાં કરે છે! ધ્રૂજતે હાથે ગબાએ બારણું ઉઘાડયું અને દાઉદજી મુલ્લાંને જોતાં તેનો કેટલોક ભય ઓછો થયો. મુલ્લાંજી સાથે ગબાને વેપારને અંગે કેટલોક પ્રસંગ પડયો હતો, અને હુમસમાં તેમના બંગલા પાસ-પાસે હોવાથી તે પરિચયે મૈત્રીનું રૂપ લીધું હતું.

ગબાના ડઝનબંધ તાલીમિત્રોમાંના એકે પણ આજે દર્શન દીધાં નહતાં, પણ દાઉદજીને ગબાની વાતની ખબર પડતાંજ તે તેને દિલાસો આપવાને છેક વહોરવાડમાંથી અત્યારે એકલોજ ચાલીને અહીં સુધી આવ્યો હતો.

દાઉદજીઃ—"અરે પતેલ, એમાં ટે ટમે એવરા બઢા મુંઝવનમાં કાં પરી ગીયા ? એવો ટે કીયો સીટમ ટમારાપર ગુજરીઓ છે ? ટમે જાણુટા નઠી કે ટમારા કરટા બી હું ઘનીજ મુસ્કેલીમાં આવી પરીઓ ટો. હોય બાવા, એટો વેપાળ છે. આસમાની સુલતાનીબી જોવી પરે. પન હિમ્મટ મરડા ટો મડડે ખોડા."

ગબો હતાશ થઇને બોલ્યોઃ—"પણ દાઉદભાઈ, હહરીનું આભ ફાટયું ત્યાં હું તે ક્યાં ક્યાં થીંગડાં દઉ? હિમ્મત તે કયી રીતે રાખું? હવે તો મને કંઇ પણ સૂઝ પડતી નથી. તમે કોઇ રસ્તો બતાવો તો પરમેશ્વર મળ્યા."

દાઉદજીઃ—"અરે ભલા માનસ, એમાં તે શી મોતી વાત ? એક ચોકખો ને ચત્ત સાફ રસ્ટો છે, અને ટે બટાવવાજ હું અમના ટમારી પાસે આયો છું."

ગબાએ ઉત્કંઠાથી પૂછ્યુઃ—"એવો કયો માર્ગ છે ?"

દાઉદજી:—"કીયો ટે શું વલી? ડેવારૂં." ટમે જાનો છોને મેં તન તન ફેરી પાઘરી ફેરવી બાંધી (!) હતી!

"દેવાળું" શબ્દ સાંભળતાંજ જાણે પોતાના ઉપર વજ્રપાત થયો હોય એમ તેને લાગ્યું. પોતાની જાતિ, પોતાના બાપદાદાની કીર્તિ અને પોતાનો ધર્મ શું આમ રસાતળે જશે? એવું કલંક શું હું વ્હોરી લઇશ? એવા વિચારમાં ને વિચારમાં તેને અંધારાં આવી ગયાં. જરા વાર પછી તે આવેશમાં આવી જઈ બોલી ઉઠયો:—

"રહેવા દે હવે બાપુ! તારી શીખ નહિ રૂચે;
દરિદ્રી દ્રવ્યથી તોયે, ધર્મે હું ધનવાન છું."*

વળી ક્ષણ વાર પછી બોલ્યો:—

"રસાતળે આ સઘળું જતું હો,
ભલે બને વ્યોમ ધરાથી એક;
મેરૂ ચળે પશ્ચિમ સુર્ય ઉગે,
ગબા તણો બોલ કદી ફરે શું?
રે! રે! પ્રભુ શું મુજ દી ઉઠયો છે!
આ મિત્ર શી શીખ મને દીયે છે!
રક્ષો પ્રભુ એહ થકી હું યાચું,
સચ્ચાઇનો માર્ગ કદી ન ત્યાગું."*

શું ગબો દેવાળું કાઢવાનું ઘોર પાતક કરી શકશે? ના, ના, કદાપિ નહિ. કોઇ પણ કણબી બચ્ચાએ પોતાની જાતને આ રીતે કલંકિત કરી નથી તો હું કેમ કરીશ? બસ—

"પંડે વેચાઇને યે હું પતાવું દેણુ–દોકડા."

અને,

"આ દેહના વળે જો તે માગું નવ જન્મે ફરી;
પ્રભુ દે યોગ એવા જે ઋણ બંધે છૂટું નકી."*

---

* ભૂમિપુત્ર–ગોપકાવ્યો.

ધન્ય ગભા, ધન્ય ! તું ગમે તેવો અભણ, ગમે તેટલો ચઢાઉ અને ગમે તેટલો આવેશી ભલે રહ્યો; પણ તારૂં નિષ્પાપ કરુણાભીહૃદય તે સર્વ ખામીઓને ઢાંકી દે છે. દેશમાં ઘર કરી બેઠેલા કુચાલને વશ વરતીને તું બાહ્યસંપત્તિથી બેનશિબ બની ગયો છે ખરો, પરંતુ આલોકની ખરી આબરૂ અને પરલોકની સદ્‌ગતિને નષ્ટ કરનારી નવીન સુધારામાંની અતિ અધમ વસ્તુ "નાદારી" ને વશ તારૂં ખેડૂતલોહી તત્પર નથી. અસાર બાહ્યપદાર્થો સંબંધી નિરાંત મેળવવાને ખાતર, જીવાત્મા સાથે અનેક જન્મ જડાઇ રહેનારૂં આ પાપ વહોરવાની આ સુધરેલી (!) સીસ્ટમમાં તણાવાની તુચ્છતા તારામાં હજી આવી નથી !

પાઠકને કહેવાની જરૂર નથી કે દાઉદજી મુલ્લાં એ પછી એક પણ અક્ષર બોલ્યા સિવાય તરતજ અગીઆરા ગણી ગયા હતા !

(૧૬)

મુલ્લાંજીના જવા પછી ગભાને શહેર ઉપર તિરસ્કાર આવ્યો, અને પોતાના મનનું સમાધાન થાય એવો કોઇ પણ માર્ગ અહીં સુઝી શકશે નહિ કે કોઈ બતાવી પણ શકશે નહિ, એવું મનમાં આવતાંજ કંઇ વિચાર કરીને તેણે તીજોરી ઉઘાડી અને એક દાબડો બહાર કાઢયો. પછી વિજળીને ઉઠાડી, તે બિચારીને પણ ઉંઘ તો ક્યાંથીજ આવી હોય ? દુઃખની મારી સ્હેજ આડી પડી હતી. એક પણ અક્ષર બોલ્યા સિવાય તે ગભાની પાછળ પાછળ બહાર નીકળી. બારણામાંજ તેનો વિશ્વાસુ નોકર ગાડી લઇને ઉભો હતો. તેઓ ગાડીમાં બેઠાં અને દક્ષિણ તરફ ગાડી હંકારાઈ. વિજળીએ ધીમે રહીને પૂછ્યું, "આપણે ક્યાં જઇએ છીએ ?"

ગભોઃ—"તે થોડીવારમાંજ માલૂમ પડી આવશે; પણ જ્યાં અવશ્ય શાંતિ મળી શકે એવે સ્થળે આપણે જઈએ છીએ."

આટલી વાત પછી લગભગ બે કલાકના રસ્તામાં તેમના મોંમાંથી

એક પણ શબ્દ નીકળ્યો નહિ.

(૧૭)

સુરતથી દશ માઇલ ઉપર નેહલીયું નામે કણબી અને વાણી-આની વસ્તીવાળું એક નાનકડું પણ સુંદર ગામ આવેલું છે. ચારનો અમલ થયો હશે, મરઘાએ પહેલી વાર 'કૂકરે કૂક'—કરીને સૂતેલાં માણસોને 'ઉઠરે ઉઠ'નું સૂચન કરતાંજ માવો પટેલ ઉઠયો અને દાતણ પાણી કરીને વાડામાં નહાવા માટે પાણી ઉનું કરવા ચૂલો સળગાવી સાદડી ઉપર તાપતો બેઠો હતો અને પુત્રવધુઓ ઉઠીને ઘંટી માંડી ગીત લલકારતી દળણાં દળી રહી હતી. એ અરસામા એક ઘોડાગાડી માવા પટેલના આંગણામાં આવીને ઉભી, અને તેમાંથી એક સ્ત્રી અને એક પુરુષ નીચે ઉતરી પડયાં.

આગંતુક સ્ત્રી પુરુષને માવા પટેલનું ઘર ઘણું પરિચિત હતું. જો કે એઓ વચ્ચે સગપણનો કશો પણ સંબંધ ન હતો, પણ પ્રીતિનું સગપણ ઘણુંજ ગાઢું હતું. માવો પટેલ સુરત જતો ત્યારે ગબાને ત્યાંજ ઉતરતો અને ગબો પણ પોંકમોસમમાં અને બીજા એવા પ્રસંગોએ કુટુંબ સાથે વારંવાર નેહલીઆમાં જતો આવતો ને બે દિવસ શાંતિમાં ગુજારતો. આથી તેમનાં ઘર જૂદાં નહિ પણ એકજ જેવાં થઇ રહ્યાં હતાં, એટલે આગંતુક દંપતી ઠેઠ વાડામાં જ્યાં માવો પટેલ તાપતા બેઠા હતા ત્યાં જઇ પહોંચ્યાં.

પટેલને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે ગબાભાઈ આજે અને તે પણ આટલા મોટા મળસ્કે પોતાને ત્યાં આવશે! એટલે તેના આનંદનો અને તે કરતાં પણ વધારે તો અજાયબીનો પાર રહ્યો નહિ. પટેલે ડામચીઆપરથી એક રાતું ગોદડું લાવીને પાથર્યું અને બન્ને મિત્રો તેપર બેઠા. વિજળી હવે ઘરમાં સ્ત્રીવર્ગ ભેગી ભળી. દળવાનું કામ બંધ રહ્યું અને બધાં તેને વીંટી વળીને વાતે વળ્યાં.

થોડીજ વાર પછી તેમનાં આગમનનું કારણ અને સુરતની સ્થિતિની વાત પ્રકટ થઇ એટલે માવા પટેલનું આખું કુટુંબ જાણે પોતાના ઘર ઉપરજ આફતનો ડુંગર તૂટી પડયો હોય એમ ચોધાર આંસુ સારવા લાગ્યું. પોતાના દુ:ખમાં આટલી દિલોજાનીથી ભાગ લેનાર એક કુટુંબ પણ પૃથ્વીપર છે, એમ જણાતાં ગબાનો દુઃખ-ભાર જાણે ઓછો થઇ ગયો હોય એમ તેના મુખ ઉપરથી સ્પષ્ટ જણાતું હતું.

" બને છે દર્દ કંઇ ઓછું દર્દીને સ્નેહી લાધતાં;
ભાગી કો દર્દમાં થાતાં પોતાનું દર્દ જાય છે. "

(૧૮)

આ તરફ સુરતમાં બીજા દિવસનું સવાર થતાંજ રૂપીઆ જવાની ધાસ્તીમાં ને ધાસ્તીમાં આખી રાત જાગતી બેઠેલી વિધવાઓ ગબાના ઘર તરફ વળવા માંડી; પણ આ શો ગજબ? ન મળે ગબો કે વિજકોર, ન મળે કોઇ પણ ચાકર કે નોકર; બારણે મોટું ખંભાતી તાળું! ગબાના નામનાં ને ઘણીકે આ સઘળા ઉત્પાતના કારણરૂપ દેવારના નામનાં છાજીઆ લીધાં, ને કેટલીકે સત્યાનાશ જવાના શાપ પણ દઇ દીધા!

મહોલ્લામાં ચકચાર ચાલી રહી અને જાતજાતની નપગી ગપો ઉડવા લાગી:–"કોઇ કહે એણે તાપીમાં પડતું નાખ્યું છે," કોઇક આડોશી–પાડોશીએ જણાવ્યું, "આજે રાત્રે બારપર બે વાગ્યે એના ઘરમાં મોટો ધબાકો મેં સાંભળ્યો હતો, જરૂર એ લોકોએ કૂવો–ટાંકું કર્યું હશે!" વળી કોઇ દોઢડાહ્યો બોલી ઉઠયો, "ના ના એ તો જવાબ દેવા પડે માટે બહાર તાળું મારીને અંદર ભરાઇ રહ્યો હશે." જ્યારે કેટલાકે માની લીધું કે એ તો "દમણ ઉપડી ગયો હશે દમણ!" આમ અનેક લોકો પોતપોતાના ભેજાંની ફળદ્રુપતા પ્રમાણે કલ્પના કરવા

મંડી ગયા. એટલામાં ગબાનો મુનીમ આવ્યો અને રાતના અગિઆર વાગ્યા સુધી તો કંઇ પણ ન હતું ને આ બધું ધાંધલ શું છે? એ વિચારને લઇને તે પણ તાજુબીમાં ગરક થયો. અંતે બારણાના કડા સાથે કંઈક કાપલી જેવું તેના જોવામાં આવ્યું અને આતુરતાથી તેણે પાસે જઈને જોતાં એક પત્ર મળી આવ્યો.

તરતજ બધાં માણસો મુનીમની આસપાસ ફરી વળ્યાં, અને તેને મોટેથી તે પત્ર વાંચી સંભળાવવા પોકારી ઉઠયાં. મુનીમે પત્ર વાંચવા માંડયોઃ—

"મારા વિશ્વાસુ મુનીમ, મારાપર ભરોસો રાખીને મારે ત્યા થાપણ મૂકી જનાર માતાઓ અને મારા ઉદાર દિલના સમજુ લેણદારો!

હું આજે રાત્રે સુરત છોડી જાઉં છું. તમને અજાયબી લાગશે અને મારે માટે કદાચ તરેહ તરેહની વાતો પણ સંભળાશે; છતાં હું તમને ખાત્રી આપુ છું, કે હું કોઇના રૂપીઆ ખોટા કરવાની દાનતથી જતો નથી, પણ તમારી પાઈએ પાઇ ચૂકવવાની ગોઠવણ માટેજ મારે નીકળવું પડયું છે. મારો દેહ હશે ત્યાં સુધી હું મારા ધર્મથી પતીત નહિજ થાઉં. આટલા દિવસ સુધી આપ સઘળાંઓ મારા પ્રત્યે જે ઉદારતા ધરાવતાં આવ્યાં છો તેજ પ્રમાણે બીજા ત્રણ વધુ દિવસ તેને ટકાવી રાખશો એટલી વિનતિ છે."

લી.

આપનો ઋણી

ગબો

ગબાને ગાળો આપનારીઓ અને તેને માટે ગપો ઉડાડનારાઓ શરમિંદાં પડી ગયાં અને સૌ લોકો તેને દેવ જેવો માનીને તેનાં વખાણ કરતા તેની દયા ખાતાં વિખેરાઇ ગયાં.

આ તરફ નેહલીઆમાં ગબો અને માવો પટેલ હવે આ ગુંચ

કેમ ઉકેલવી તેનો વિચાર કરતા બેઠા હતા. માવાનું હૃદય મિત્રસ્નેહથી ઉભરાઈ ગયું હતું તેણે પોતાની પાસે બેએક હજારનો જીવ હતો તેનો સ્વીકાર કરવાને ગબાને વિનતિ કરી. ઉપકારની લાગણીથી ગબાની આંખમાંથી એક બે અશ્રુબિંદુ સરી પડ્યાં! ગબાને આ વખતે એક એક રૂપીઓ સો સો રૂપીઆની ગરજ સારે એમ હતો, છતાં તેણે માવા પટેલના રૂપીઆ લેવા ઘણી આનાકાની કરી; કારણ કે તે જાણતો હતો કે માવો પટેલ તેના રૂપીઆનું વ્યાજ હરગીજ લેશે નહિ. એટલે ગબાને તેની મદદનો સ્વીકાર કરતાં સંકોચ થતો હતો. પણ આખરે માવજીભાઇ એકના બે નહિજ થતાં ગબાએ પોતાની પાસેનો ઘરેણાંનો દાબડો તેની આગળ મૂક્યો, અને કહ્યું, કે "તમારા રૂપીઆ પાછા વાળું ત્યાં સુધી આટલી ચીજ રાખી મૂકશો."

"શું હું તમારાં ઘરેણાં ગીરો રાખીને મદદ કરીશ? અરે તો પછી તે મદદ શેની? શું હું તમારા ઉપર અણવિશ્વાસ રાખી શકું? નહિ નહિ, એ બની શકશેજ નહિ. મહેરબાની કરીને મારા આત્માને અન્યાય આપશો નહિ, મને મારી ફરજ બજાવવા દો."

હવે ગબો શું કહી શકે? વગર વ્યાજે, વગર ખાતાંપોતાંએ, વગર સાક્ષીએ અને વગર ગીરોએ માવાએ પોતાના મિત્રને બે હજાર રૂપીઆ ઘરના એક અંધારા ઓરડાના ખૂણામાંથી તાંબડી ખોદી કાઢીને ગણી આપ્યા! ધન્ય માવા પટેલના મિત્ર પ્રેમને!

(૨૦)

પણ થોડી વાર પછી માવા પટેલના લક્ષમાં એક બીજી વાત આવી કે ભાઇને આ બે હજાર રૂપીઆ શું ઉપયોગના? એ તો ચટણી દાખલ થઈ જશે. એટલાથી કંઈ એની ભીડ ભાગશે નહિ ને વિઘ્નનું વાદળ વિખેરાશે નહિ. આથી ગામના નગીનચંદ શેઠને ત્યાંથી બીજા પાંચ સાત હજાર પોતાને નામે લાવીને પણ ગબાને

આપવાનો તેણે સંકલ્પ કર્યો. માવા પટેલને ભોંયભાડું સારૂં હતું અને ગામમાં તેની ઇજત—આબરૂ ઘણી હતી એટલે એટલી રકમ મેળવવી તેને મુશ્કેલ ન હતી, પણ ગબાને પોતાને માટે માવજીભાઇ આટલું બધુ જોખમ વેઠે એ બીલકુલ રૂચ્યું નહિ. પોતાના ત્રણ ચાર હજારના દાગીના સાથે આણ્યા હતા તે શેઠને ત્યાં અવેજમાં મૂકીને તેટલા પૂરતાજ રૂપીઆ ઉપાડવાની ગબાએ આગ્રહપૂર્વક દરખાસ્ત કરી. જો કે આ સંબંધે પણ માવા પટેલે ઘણો વિવેક કર્યો, પણ આ વખતે ગબાએ તેનું કંઇ પણ ચાલવા દીધું નહિ. છતાં તે એટલુ તો કબૂલ કરાવી શક્યા કે વિજળી છેકજ ઉઘાડી રહે એમ ન થવું જોઇએ. તેનાં અંગ ઢંકાય તેટલા ઘરેણાં તેણે તેમાંથી કઢાવી લીધા. બાકીના ત્રણેક હજારના દાગીના ઉપર ગબાને સાત હજાર રૂપીઆ શેઠે ધીર્યા ! ગબો શેઠની લાયકાત જોઈ નવાઈ પામ્યો, પણ ઘણા દિવસને અંતે માલુમ પડયું હતું કે તેમાં પણ માવા પટેલનોજ રૂડો પ્રતાપ હતો, તેના જોખમેજ વધારાની રકમ શેઠે ધીરી હતી, પણ તે વખતે એ વાત માવા પટેલે ગબાને કહી ન હતી.

(૨૧)

બીજેજ દિવસે એટલે કે વાયદા કરતાં પણ એક દિવસ વહેલો ગબો ઘેર આવ્યો, અને પોતાના મુનીમને બોલાવીને સૌથી પહેલાં જે જે વિધવા સ્ત્રીઓનાં નાણાં પોતાને ત્યાં જમા હતાં તેને તેને બોલાવીને વ્યાજ સુદ્ધા આના પાઇ સાથે ચૂકવી આપ્યાં ! બિચારી વિધવાઓની આંતરડી ઠરી અને તેઓ ગબાને આશીર્વાદ દઈને પોતપોતાને ઘેર ગઇ.

વિધવા ડોસીઓ એટલે કે આખા ગામમાં ખબર ફેલાવનારૂં જીવતું જાગતું વર્તમાનપત્ર ! આથી ગબાની વાહ વાહ આખા શહેરમાં તરતજ ફેલાઇ ગઈ અને ચક્કર ફર્યું. હવે તો સૌ ગબાનાં

વખાણ કરવાજ મંડી ગયાં. ગભાએ શાહુકારોને ઘેર પણ રૂપિઆ ચૂકવવા મુનીમને મોકલ્યો. કેટલાકે તે લીધા, પણ ઘણાખરા જેઓ વધારે સમજદાર હતા અને આસમાની-સુલતાનીનો અનુભવ ધરાવતા હતા તેમણે રૂપિઆ લેવા ચોક્ખી ના પાડી અને ઉલટા જોઇએ તો જમા મંડાવવા પણ ઇચ્છા દર્શાવી. "હરિકૃપા હોય તો સર્વ સાનુકૂળ બને ?"

(૨૨)

આ વાતને વરસેક દહાડો વીતી ગયો છે. ગભાનો વેપાર તો ચાલુજ રહી શક્યો હતો, પણ પ્રભુએ તેની શુદ્ધનિષ્ઠાનો બદલો હમણા નહિ ધારેલો તેટલો આપ્યો છે, અને પહેલાં કરતાં પણ તેની સ્થિતિ કેટલીક રીતે ઉચી કોટિની થઇ છે. પહેલાંનો પરાશ્રયી, ઉડાઉ, આવેશી ને તાલીમિત્રોથી વીંટલાયલો ગભો હવે સ્વાવલંબી, કરકસરવાળો, વિવેકી અને સજ્જન મિત્રોનો સાથી બની ગયો છે. ન્યાતમાં જ્યાં જ્યાં કોઇને ત્યાં મરણ પ્રસંગ કે એવા બીજા પ્રસંગો આવે છે ત્યાં ત્યાં તે જતો રહે છે, અને તેના વારસોને સલાહ આપે છે, કે ભાઇ જોજો, જોઇ વિચારીને ચાલજો. દુનીઆ દોરંગી છે, આજે આમની ઢોલકી વગાડશે ને કાલે તેમની; માટે તળીયું તપાસીનેજ વર્તજો. એમ કહીને પોતાના વીતકની વાત કહી સંભળાવે છે, અને એ રીતે અનેક જણને સાચી સલાહ આપી ખુવાર થતાં અટકાવે છે. ગભાના ઉપદેશથી ન્યાતમાંથી કેટલાએ જણે ખોટા ખરચવરા કરવાના મૂકી દીધા છે, ને આ પ્રમાણે તે એક મહાન્ ઉપકારક થઇ પડયો છે. તેની કીર્તિ અને સંપત્તિ ઉત્તરોત્તર વધતાંજ ગયાં છે; છતાં પણ આથી તે છકી ગયો નથી અને તે સર્વમાં ભાવા પટેલનાંજ રૂડાં વાનાં જુએ છે.

(૨૩)

વાંચક, પેલા બિચારા દેશાઇના નામ ઉપર બે આંસુ પાડો. તે બિચારાને મોરીસ જતાં સ્ટીમરમાં કૉલેરા લાગુ પડયો હતો; અને તેનો દેહ અર્ધમૃત સ્થિતિમાંજ મહાન્ જળનિધિનાં જળચર પ્રાણીઓનો ભક્ષ થઇ પડયો હતો! અંતકાળના તેના શબ્દો આ પ્રમાણે હતાઃ—"ખરેખર એક વિશ્વાસઘાતી મહાપાતકીને જેવું ફળ મળવું જોઇએ તેવુંજ ફળ મને મળ્યું છે. પ્રભુ મારાં પાપોની માફી આપી શકશે ?"



૯

લક્ષ્મીની ત્રણ ઠોકર

કોઇ એક નગરમાં એક દરિદ્ર મુસલમાન ભિક્ષા ઉપર પોતાનો ઉદરનિર્વાહ કરતો હતો. કેટલાંક વર્ષ એજ રીતે વીત્યા પછી એક દિવસ ભીખ માગતાં માગતાં દસ્તની હાજત થવાથી નજીકના એક ખંડેરમાં તે જઈ ચઢ્યો, ત્યાં બેઠા બેઠા ઈંટો ખસેડવા લાગ્યો. તેવામા એકાએક સુવર્ણમહોરથી ભરેલી એક તાંબડી તેને હાથ ચઢી ગઇ ! હવે તો મીયાં સાહેબ લખપતિ બની ગયા, અને થોડાજ વખતમાં તેનુ ઘર દાસ-દાસીઓ અને ગાડી-ઘોડાથી શોભવા લાગ્યુ ! સાંજ થતાં દરરોજ નવાં નવાં કપડાં પહેરીને તેઓ ફક્કડ થઇને ફરવા નીકળી પડતા. તેનો રાજસી ઠાઠ-માઠ, દોરદમામ અને અક્કડ-ફક્કડપણું જોઈને લોકો ચકિત થઇ જતા.

એક દિવસ બજારમાં ફરતાં તેમનો એક પુરાણો ભિખારી મિત્ર અચાનક મળી ગયો. મિયાં સાહેબે તો તેના તરફ જરાપણ લક્ષ આપ્યુ નહિ, પણ પેલો મિત્ર તેને છોડે એમ ક્યા હતો ?

તેણે જરા પાસે જઇને બીતાં બીતાં પૂછ્યુ;–" મિયાં સાહેબ, આપ આટલા અક્કડ કેમ થઇ ગયા છો ? આપ મને નથી ઓળખતા ? આપને યાદ હશેજ કે આપણે સાથેજ ભીખ માગવા જતા અને ઘણીખરી વખત પેલા વડ નીચે ધૂળમાં પડી રહેતા ! "

મિયાં સાહેબે ગુસ્સે થઈને જવાબ આપ્યો:—" બેવકૂફ !

જાણુતો નથી કે એ લક્ષ્મીની ઠોકરનું ફળ છે ?"

એટલું કહીને તેમણે ગાડી આગળ હંકારવા કોચમેનને હુકમ કર્યો.

હવે તો મિયાં સાહેબને ત્યાં નવા નવા રંગ જામવા લાગ્યા. મોટા દબદબા સાથે સહેલસપાટા અને ઉજાણીઓ ઉડવા લાગી. આ પ્રમાણે બે વરસ પસાર થઈ ગયાં. લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે, તે એક ઠેકાણે ઠરીને બેસી શકતી નથી, વારાફરતી તે અનેક જણનો સત્કાર કરીને પાછી બીજે ઠેકાણે ચાલી જાય છે ! મિયાં સાહેબને ત્યાં પણ તેને ઝાઝીવાર ગોઠ્યું નહિ અને તે ત્યાંથી એકદમ પોબાર કરી ગઇ ! રહ્યું સહ્યું જે કંઇ હતું તે એક દિવસ ચોર લોકો ચોખ્ખું કરી ગયા અને મિયાં સાહેબ હતા તેવાજ ચિંથરે હાલ થઈ રહ્યા !

મિયાં સાહેબની દશા હવે ઘણીજ શોચનીય થઇ પડી. હાથ પગપર કરચલીઓ પડી ગઈ, મુખ સુકાઇ ગયુ અને કમ્મર વળી ગઇ ! ઉદરપૂર્તિ માટે તે બિચારાને ફરીથી ભિક્ષાવૃત્તિ કરવી પડી ! એક દિવસ જે બજારમાં તે અક્કડ થઇને ફરતો હતો ત્યાંજ આજે તે ભીખ માગતો નજરે પડે છે ! એવામાં એનો પેલો જૂનો મિત્ર વળી પાછો અચાનક મળી ગયો. મિયાં સાહેબે આ સમયે તેને તરતજ ઓળખી કાઢ્યો અને તેની સાથે પ્રેમપૂર્વક વાતો કરવા લાગ્યા. જરા વાર પછી પેલા મિત્રે તેની આવી દશા જોઇને આશ્ચર્યથી પૂછ્યું:–" મિત્ર ! આજે તમને આવી હાલતમાં કેમ જોઉ છું ?"

મિયાં સાહેબ—" ભાઇ, એ પણ લક્ષ્મીનીજ (બીજી) ઠોકરનુ ફળ છે ?"

મિત્ર:—" ભાઈ, તમે તમારી ચઢતી કળામાં પણ એક દિવસ આવોજ ઉત્તર આપ્યો હતો, પરન્તુ એ વખતે હું કંઈ પણ સમજી શક્યો નહોતો; કૃપા કરીને આજે તમારા કહેવાની મતલબ સમજાવો."

મિયાં—" ઠીક, સાંભળો. લક્ષ્મીની બે ઠોકરો પ્રસિદ્ધ છે. જ્યારે

એ કોઈના ઉપર કૃપા કરે છે ત્યારે તેની છાતીપર એક ઠોકર લગાવે છે, આથી તે માણુસ અક્કડ બની જાય છે અને તેની નજર પણ વાંકી થઇ જાય છે; જ્યારે તે એનાં કૃત્યોથી ગુસ્સે થઇને ચાલવા માંડે છે ત્યારે પીઠપર એક બીજી ઠોકર મારતી જાય છે, આથી તે માણુસની કમ્મર વળી જાય છે અને તે મારા જેવો અશક્ત થઇ જાય છે.”

મિત્ર—“ત્યારે તો ભાઈ એનું **આવવું એ ખરાબ અને જવું એ ખરાબ.**”

મિયાં—“ખરેખર, એમજ છે; પરન્તુ એ મનમોહિનીમાં એવી માયા ભરેલી છે કે એનો ભેદ જાણુવા છતાં પણ મને હંમેશાં એનુંજ ધ્યાન લાગી રહ્યું છે. જો સાચું પૂછો તો એમ થવું એ વળી તેની ત્રીજી ઠોકર છે; કે જે મરણુપર્યંત ચેન પડવા દેતી નથી. પરમાત્મા એની આ ઠોકરોમાંથી શત્રુને પણ બચાવે !”

“ આવતાં અભિમાન, ને જાતાં વળી ચિંતા મહા:
લક્ષ્મી તણા આધાન આ બેથી પ્રભુ ! રક્ષો સદા.”

(ભૂમિપુત્ર.)



૧૦

મનાવવામાં માનભંગ

આજે બે દિવસ થયા કુમુદ અને ચંદ્ર વચ્ચે બોલચાલનો વ્યવહાર બંધ છે. આ વાતમાં કાંઈ નવાઈ પણ નથી, નવવિવાહિત યુવાન દંપતીને એવા પ્રસંગ ઘણીવાર વીતી ચૂકેલા હોય છે.

ઉપલા અણબનાવનું કારણ ગમે તે હો, પણ હમણાં બન્નેના મનમાં ક્ષણે ક્ષણે નવા વિચારોની ઘટમાળ ફર્યા કરે છે. બન્ને જેમ જેમ અલગ રહેવા માગે છે તેમ તેમ તે અલગપણામાં કંઈક વિચિત્રતાજ આવતી જાય છે, અને મેળ થવાનું કશું પણ ચિહ્ન દેખાઈ આવતું નથી. કોણ કહી શકશે કે એ ઝઘડાનો ન્યાય કયી અદાલતમાં અને કયા ન્યાયાધીશના હાથથી થશે ?

એ બન્નેની વચ્ચે ટેલીફોનનું કામ તેમની એક નાની સરખી બાળકી બજાવી રહી છે, તેનાદ્વારા તેઓ એકબીજાની ખબર–અંતર જાણી લે છે. બાળકી પાંચજ વર્ષની છે, તે બિચારીને આ અણબનાવ કે પ્રણય–કલહની શી ગમ પડે ? કલહ માડીવાળવા બંને પોતપોતાના મનથી ઇચ્છતાં, પણ ચંદ્ર ઇચ્છતો કે કુમુદ પહેલાં તેની સાથે વાત કરવાની શરૂઆત કરે; અને કુમુદ ચાહતી કે ચંદ્ર શરૂઆત કરે !

આમ એકબીજા તરફની આશામાં રહીને તેઓમાંનું કોઈ પણ હોઠ સુદ્ધાં હલાવતું નહિ કે સમીપ બેસવાનો યોગ પણ લાવતું નહિ.

છોકરી સવારમાં ઉઠતાંજ પોતાની માતા પાસે જઇને હાથ મોં

ધોઇ કપડાં પહેરતી, કંઇક નાસ્તો કરતી અને પછી દિવાનખાનામાં પિતા પાસે જઇને પોતાની તોતડી બોલીથી તેને આનંદ પમાડતી.

આ અબોલવ્રત શરૂ થયું હતું તે દિવસે ચંદ્રે ક્રોધના આવેશમાં ઘેર ભોજન પણ ન લેતાં કોઇકિ મિત્રને ત્યાંજ જમી લીધું હતું. કુમુદે તો તે દિવસે બીલકુલ ખાધુંજ ન હતું—પતિદેવને જમાડયા સિવાય ભારતીય યુવતિ કેવી રીતે જમી શકે ?

બીજે દિવસે સવારમાં બાળકીએ વાતમાં ને વાતમાં પોતાની તોતડી વાણીમાં પિતાને કહ્યું કે "કાલે તો બાએ માલી સાથે લોતલીએ ના ખાધી." સરળ હૃદય કુમુદ છેક ભૂખી રહેવાના સમાચાર સાંભળીને ચંદ્રનું હૃદય બળવા લાગ્યું. તેના મનમાં આવ્યું કે આજ ક્ષણે જઇને તેણે પોતેજ પ્રથમ વાતચીતની શરૂઆત કરી દેવી, પરન્તુ વળી તેને વિચાર આવ્યો કે તેમ કરવાથી મારે હંમેશને માટે નીચુ જોવાનું થશે. આથી જો કે ચંદ્ર મનાવવા માટે તો ન ગયો, પરંતુ ઑફિસમાં જવાનો 'ટાઇમ' થવા પહેલાં બાળકીને સાથે લઇ ગુપચૂપ રસોડામાં પાટલાપર જઈ બેઠો. કુમુદે મનથીજ પતિદેવનુ સ્વાગત કરીને પ્રસન્નતાપૂર્વક થાળી પીરસી દીધી. ભોજન કરી કપડાં પહેરીને ચંદ્ર ઑફિસમાં જવા રવાના થયો.

સાંજે પણ એજ પ્રમાણે વાળુ થયું અને કુમુદે પણ છોકરી સાથે ખાઇ લીધુ.

પહેલે દિવસે કુમુદે ભોજન નહિ કરવાની ખબર જાણીને ચન્દ્રને જે દુઃખ થયું હતું તેના કરતાં પણ વધારે દુઃખ કુમુદને થયું હતું. સ્ત્રીઓ સ્વભાવથીજ કોમળ હૃદયની અને દયાની સાક્ષાત્ મૂર્તિઓ હોય છે. દરેક બાબતની પેઠે આમાં પણ અપવાદરૂપે થોડી ઘણી અયોગ્ય સ્ત્રીઓ હોય તે જૂદી વાત છે. વર્તમાન સમયમાં અયોગ્યતાનું પ્રમાણ વધુ જણાતું હોય તેનું કારણ તો બચપણથી અથવા વારસામાં તેમને

મળતા અયોગ્ય સંસ્કાર અને યોગ્ય કેળવણીનો અભાવ એજ છે. ઈશ્વરકૃપાથી કુમુદ સારા સંસ્કારવાળી સુયોગ્ય સ્ત્રી હતી, જેથી "પોતાના પતિ ભૂખ્યા રહ્યા હશે" એમ જાણીને તેને કેટલું દુઃખ થયું હશે, તેની કલ્પના પતિપ્રેમી પત્નીઓને સહજ આવી શકશે.

કુમુદે એક દિવસ અબોલવ્રત પાળ્યા પછી બીજે દિવસે પોતાના પતિને વગર બોલાવ્યેજ ભોજનને માટે આવતા જોઇને વિચાર્યું, કે માનમાં તણાઈ જઇને મેં તેમને બોલાવ્યા નહિ તેથી તેમને કેટલું કષ્ટ થયું હશે? મારીજ ભૂલથી તેમને આખો દિવસ ભૂખ્યા રહેવું પડશે, એ વાતનો મેં કાલે વિચાર કર્યો નહિ એ ઘણી મોટી ભૂલ કરી, અને આજે પણ હુંજ જઈને જમવા બોલાવી લાવી હોત તો શું ઘટી જવાનું હતું? એમાં શી માનહાનિ થઈ જવાની હતી? આવા અનેક વિચારો તેના કોમળહૃદયને આખો દિવસ ગુંચવી રહ્યા હતા.

સાંજે રસોઇ તૈયાર થતાં થોડી વાર સુધી તેણે વાટ જોઇ, પછી પતિને બોલાવી લાવવાનો વિચાર તેના મનમાં આવ્યો.

એટલામાં તો બાળકી આવતી જણાઇ ! કુમુદ સમજી ગઈ કે સરકારની સવારી પણ હવે આવતીજ હશે, જેથી પાટલો માંડી દીધો, અને જળપાત્ર મૂકી દીધાં. સરકાર પધાર્યા અને ગુપચૂપ જમીને ચાલ્યા ગયા. ચાલો, ફિકર મટી. કુમુદે પણ છોકરી સાથે જમી લીધું.

આજે મૌનવ્રતનો ત્રીજો દિવસ છે. કુમુદ રોટલી બનાવતી બનાવતી વિચારે છે, કે જો આજે ન આવે તો જરૂર બોલાવી લાવીશ. ગમે તે થાઓ પણ આજે બોલાવું એ વાત નક્કી ! આમ વિચારમાં ને વિચારમાં એકાદ રોટલી દાઝી પણ ગઇ, પરંતુ રોટલી તૈયાર કરીને તે થાળી પીરસવાની તૈયારી કરી રહી હતી એટલામાંજ સાહેબ આવી પાટલે બિરાજ્યા. કુમુદે ભોજન કરાવ્યું અને આજે

પણ મનાવવાની કે બોલાવવાની જરૂર પડી નહિ. જોઇએ હવે ક્યાં સુધી આવું ચાલ્યા કરે છે! કોણ હારે છે, ને કોણ જીતે છે!

કુમુદ આજે સાંજની રસોઇ જલદીજ બનાવીને બેઠી છે. "હજી સુધી આવ્યા નહિ" એમ કરતી પતિની રાહ જોઇ રહી છે. 'છોકરી ક્યારની બોલાવવા ગઇ તેને પણ હજી ત્યાંજ બેસાડી રાખી!' ખબર કાઢતાં માલૂમ પડ્યું, કે કંઇક વાંચવામાં મશ્ગુલ થઇ રહ્યા છે. જરૂર આજે નારાજી વધી ગઈ હશે! બે દિવસથી વગર બોલાવ્યે-ચલાવ્યે આપોઆપ આવીને જમી જતા, ને આજે રામ જાણે શું થઇ ગયું હશે! કદાચ એમને એમ તો નહિ લાગ્યું હોય કે "હું આપોઆપ રસો-ડામાં આવું છું છતાં એ બોલતી પણ નથી એ તે કેટલો મિજાજ!"

ઉપલો વિચાર કરીને કુમુદે આજે બહુજ હિમ્મત ધારણ કરી, અને રસોઈ ઢાંકી-ઢુંકીને રસોડાના બારણાની સાંકળ ચઢાવી પતિને બોલાવવા જવાને તૈયાર થઈ. માનહાનિના વિચાર આગળ એ હિમ્મત ટકી રહે છે કે કેમ, અને એ પતિ પાસે પહોંચી શકે છે કે કેમ, એ હવે જોવાનું છે.

અનેક તર્ક-વિતર્ક કરતી કુમુદ પરસાળ સુધી તો જઇ પહોંચી; પરંતુ એટલામાંજ તેનો વિચાર ડગમગવા લાગ્યો. કપાળે પરસેવો થઇ આવ્યો અને પગ થંભી ગયા. મનમાં વળી પેલોજ પ્રશ્ન આવીને ખડો થયો, કે "હું પ્રથમ મનાવવા જઇશ તો મારી હાર થયેલી નહિ ગણાય? અને તેથી પછી એઓ મને વારંવાર એ વાત સંભારી ઝાંખી પાડીને, મશ્કરી કરીને ચિઢવ્યા નહિ કરે?" આમ છતાં છેવટે મન જરા સ્થિર કરીને દિવાનખાનાની બારસાખ સુધી તે પહોંચી. પહોંચી તો ખરી, પણ જાણે મોં સીવાઇ ગયું હોય તેમ તે બાર-સાખ સાથે પુતળા જેવી ઉભીજ રહી. અંદર પતિએ નુપૂરનો ઝંકાર સાંભળીને વાંચવાની ધૂનમાંથી જાગ્રત થઈ બારણા તરફ નજર દોડાવી.

એકજ ક્ષણે ચાર આંખો મળી ગઇ, અને કુમુદનું વદન જોતાંજ ચન્દ્રની કળા ખીલી નીકળી. તેનો માનહાનિનો વિચાર વિદાય થઈ ગયો અને પુસ્તક બંધ કરીને જમવા જવા માટે ઉભો થઇ ગયો. પતિને આમ ઉભા થતાં જોઇને કુમુદ નીચી નજરે ધીમે પગલે સરી ગઇ.

ચન્દ્ર આજે ઑફિસમાંથી આવતાં બજારમાંથી "**સદ્ગુણી બાળકો**"ની નવી આવૃત્તિની ચોપડી ખરીદતો આવ્યો હતો અને ઘેર આવીને તુરતજ તેમાંની એક વાર્તા પોતાની બાળકીને વાંચી સંભળાવવા બેસી ગયો હતો. માંદી માતાની સેવા માટે પોતાના દાંત વેચવાને તૈયાર થયેલી બાળકીવાળા બોધદાયક દાખલાએ આજે જો કે તેને હાથ મોં ધોવાનું વિસરાવી દીધું હતું ખરૂં, પરંતુ પત્નીના પગનાં નુપૂરના ઝંકારે તેની એ "વાચનસમાધિ" ને પણ મૂકાવી દીધી! જે ચંદ્ર કુમુદના મનાવ્યા સિવાય તેના તરફ આડી નજરે પણ નહિ જોવાનું પણ લઇ બેઠો હતો તે ચંદ્ર અત્યારે કોણ જાણે કયા કારણથી પોતાની નજરને પત્નીની નજર સાથે એક થતી રોકી શક્યો નહિ!

કુમુદના જતા રહેવાથી તે તરતજ સમજી ગયો, કે શ્રીમતીનુ આગમન ભોજનના આમન્ત્રણ માટેજ થયું હતું.

પુસ્તક બંધ કરી, કપડાં ઉતારી હાથ–પગ ધોઇને તરતજ ચંદ્ર બાળકી સાથે રસોડામાં જઈ બેસી ગયો. તેણે શાંતરીતે ભોજન કરી લીધું, પરતુ જ્યારે પણ "પોતાની નજર એકદમ મળી જવાની વાત તેને યાદ આવી જતી ત્યારે તેને હસવું આવી જતું. કુમુદને પણ પોતાની હિંમતનું સ્મરણ થઈ આવતાં હસવું આવ્યા વિના રહી શકતું નહિ. આ પ્રમાણે બન્ને જણ મનાવવામાં માનભંગ થવાનો વિચાર કરતાં કરતાં ચુપચૂપ પંઅમલ કામ કર્યા જતાં હતાં, અને

સામાન્ય આનંદ કરતાં કોઇ જૂદાજ આનંદનો અનુભવ આજે બન્ને દિવસથી લઇ રહ્યાં હતાં.

ચંદ્ર જ્યારે બપોરે ઑફિસમાં જતો ત્યારે કુમુદ બેઠક સાફ કરતી, પુસ્તક વગેરેને બરાબર ગોઠવી દેતી અને બાકીના વખતમાં મણીને અને પાડોશીની છોકરીઓને કંઇક ભણાવતી તથા પોતે પણ વાંચતી. આ તેનો હંમેશનો કાર્યક્રમ હતો.

ત્રીજે દિવસે ચંદ્ર જમીને ઑફિસમાં ગયો અને કુમુદ નિત્ય-નિયમ પ્રમાણે દિવાનખાનામાં આવી પહોંચી. બધું વ્યવસ્થિત કર્યું. ટેબલપર પડેલી નવી તાજી **"સદ્‌ગુણી બાળકો"**ની બીજી આવૃત્તિવાળી ચોપડીપર તેની નજર પડતાંજ તેણે તે સહર્ષ ઉઠાવી લીધી અને જોવા લાગી. પાનાં ફેરવતાં ફેરવતાં અંદર રાતી ભૂરી પેન્સીલની લીટીઓ તેના જોવામાં આવતાં આજના બનાવનું તેને સ્મરણ થઇ આવ્યું અને હસવું આવી ગયું.

કુમુદ ચોપડી વાંચવામાં મશગુલ હતી; એવામાં બે વાગ્યાના સુમારે એક માણુસ આવીને માસ્તર સાહેબને ૭ વાગ્યે સભામાં આ-વવાનુ આમંત્રણ કરીને ચાલ્યો ગયો.

ચારેક વાગતાં કુમુદને વિચાર થઇ આવ્યો કે મેં નિમંત્રણનો સ્વીકાર તો કર્યો પણ એમને કહેશે કોણ? કામ કરનારી પણ આજે પોતાને ઘેર ચાલી ગઇ છે અને રાત સુધી આવવાની નથી. હવે શું કરવું? આમ તે મહા વિચારમાં પડી ગઇ, અંતે એક ઉપાય સૂઝી આવતાં તેના મનને કંઇક નિરાંત વળી.

તેણે એક કાર્ડ ઉપર નિમંત્રણની હકીકત અને ઠામ-ઠેકાણું વગેરે લખીને ટેબલ ઉપર મૂકી રાખ્યો, પેટીમાંથી ધોયેલાં કપડાં બહાર કાઢીને ખીંટીપર ભેરવી દીધાં, અને આવા પ્રસંગોમાં ભાગ લેવા જતી વખતે ઉપયોગમાં લેવાતી બીજી પણ જરૂરી ચીજો બહાર કાઢીને

તે રસોડામાં ચાલી ગઇ અને રસોઇની તૈયારી કરવા લાગી.

ચંદ્ર આવીને પાધરો દિવાનખાનામાં ગયો. ટેબલ ઉપરનું કાર્ડ ઉઠાવ્યું, બીજે ઠેકાણે તો કાર્ડ વહેંચાયાં ન હતાં અને અહીં કેમ મોકલ્યું હશે ? વળી તેપર શિરનામુ કે છાપ પણ ન હતાં એટલે જરા વિચારમાં પડયો. 'અક્ષર તો કંઇક પરિચિત લાગે છે,' એમ વિચારીને તેણે કાર્ડ ફરીથી વાંચ્યું અને મૂકી દીધું.

બટન ખોલીને કોટ ઉતારી જેવો તે ખીંટીએ ટાંગવા જાય છે તો તે જગ્યાપર તો નવાંજ અસ્તરીબંધ કપડાં, વગેરેની સવારી બિરાજમાન થયેલી તેણે જોઈ! પાસેજ લાકડી પણ લટકી રહેલી જોવામાં આવી. ચંદ્ર આ બધી તૈયારી જોઇને કાગળનો ભેદ સમજી ગયો, અને હસી પડયો ! તથા મણીને બોલાવતો બોલાવતો રસોડા તરફ ગયો.

આજે ત્રણ દિવસથી વગર બોલેચાલે તે ભોજન કર્યા કરતો હતો, પણ વચમાં વચમાં બાળકી તરફ જોવાને બહાને પોતાની પ્રેમાળ પત્ની તરફ પણ જોઇ લેતો હતો. કુમુદે આજે ખડકીમાં રહીને દિવાનખાનામાંનો કાગળનો તમાસો જોઇ લીધો હતો એટલે તે પણ જેમ તેમ હાસ્યને દબાવી રાખીને ઘુંઘટમાંથી ત્રાંસી નજર ફેંકી રહી હતી.

જો કે હજી સુધી આ પ્રણય—કલહનો અંત આવ્યો ન હતો તો પણ કોણ જાણે શાથી આજે તે આટલી પ્રસન્ન વદન જણાતી હતી ! ચંદ્ર દિવાનખાનામાં ગયો અને કપડાં પહેરવા લાગ્યો. કુમુદને પણ આજે માથું ઓળવાનો વારો હતો.

પ્રથમ મણીનું માથું ધુપેલ નાખીને ઓળ્યા પછી તે પોતાનું મસ્તક ઓળવા લાગી. એટલામાં છોકરી રમતી રમતી પિતા પાસે જઇ પહોંચી.

આ તરફ ચંદ્ર પણ બહાર જવા માટે વાળ સાફ કરી રહ્યો હતો. મણીના ઓળેલા પણ હજી બાંધેલા નહિ હોવાથી સુંદર

રીતે ખભાપર વિખરાઇ રહેલા વાળને જોઇને તેને ઉંચકી લીધી અને જરા હાથ ફેરવી તેના વાળ ઠીક કર્યા.

મણી નવો પોશાક પહેરવાથી ઘણા આનંદમાં હતી, એટલે બાળસ્વભાવ પ્રમાણે ઉછળતી કૂદતી પિતાને પૂછવા લાગીઃ–"બાપુજી, તમે ક્યાં જાઓ છો ?"

ચંદ્ર—"બ્હેન, તારા કાકાએ મને બોલાવ્યો છે ત્યાં."

મણી—"તો હું પણ તમારી સાથે આવું ?"

ચંદ્ર—"આજે નહિ, પરમ દિવસે સ્ત્રીઓને નિમંત્રણ થવાનું છે ત્યારે તું તારી બા સાથે જજે."

આ સાંભળીને બાળકી કંઇક નિરાશ થઇને પાછી રમતી રમતી પાસેના ઓરડા તરફ ચાલી ગઈ.

છોકરી અંદર જઇને ટેબલ ઉપર લટકાવેલા આયનામાં પોતાનું મોં જોવાને ખુરશીપર ઉભી રહેવાનો પ્રયત્ન કરવા લાગી. ખુરશી ગોળ અને હલકી હતી એથી બાજુપર ભાર જતાંજ ઉથલી ગઇ અને તે બિચારી જમીનપર પડી, પડતાંજ તે રડી ઉઠી.

છોકરીની ચીસ સાંભળીને ચંદ્ર ગભરાયલો ગભરાયલો દોડ્યો. માર્ગમાં કશા સાથે તેનું માથું ભટકાયું પણ તે તરફ ધ્યાન આપ્યા સિવાયજ ઓરડામાં ધસી ગયો. આ તરફ કુમુદ પણ ચોટલો વાળી રહી હતી, તે પણ છોકરીની કીકીયારી સાંભળીને સફાળી ઉભી થઇ ગઇ અને ઉઘાડે માથેજ ગાંડી જેવી દોડી ગઇ.

જેઓ બહુજ ગભરાઇ જાય છે તેમને કશું પણ ભાન રહેતું નથી અને ભ્રમમાં પડી જાય છે. કુમુદ પણ ક્યાંથી અવાજ આવ્યો તે બરાબર કળી શકી નહિ અને છોકરી દિવાનખાનામાં ગઇ હતી તે ત્યાંજ હશે એમ ધારીને તે તરફ દોડી ગઇ. પણ છોકરી ત્યાં હતી નહિ એટલે પાસેના ઓરડા તરફ વળી.

આમ અંધારામાં દોડતાં તેનું માથું પણ બારસાખ સાથે એવા જોરથી અથડાયું કે તરતજ ઢીમુ ઉઠી આવ્યું; પણ એ દુઃખના કરતાં પણ એક વધારે પ્રબળ લાગણીથી તે અંદર ખેંચાઇ ગઇ. એવી એક તો શું પણ અનેક ઠોકરો પણ આ વખતે તેને રોકવાને સમર્થ ન હતી. માતાનો સંતાનપ્રેમ એવોજ અલૌકિક હોય છે.

અંદર પેસતાંજ પતિદેવ બાળકીને બગલમાં લઇને પંપાળીને મધુર શબ્દોથી શાંતિ આપી રહેલા જોવામા આવ્યા.

બાળકીને કંઇ બહુ વાગ્યું ન હતું, જરા હાથ દબાયો હતો અને વાળ વિખરાઇ ગયા હતા. કુમુદે તેને પોતાની સોડમાં દાબી દીધી અને માથાપર હાથ ફેરવ્યો. માતાનો હાથ ફરતાંજ તે છાની રહી ગઇ. આમ છોકરીએ તો વિજય પિતાને નહિ પણ માતાનેજ અપાવ્યો !

છોકરી શાંત થતાં બન્નેના હૃદયમાં કંઇક વિચિત્ર અશાંતિ ફેલાવા લાગી, છોકરીને તો મનાવી દીધી પણ આ બંને જણાંને કોણ મનાવશે ? માનભગ થવાનો ભ્રમ હજીએ એમનો પિંડો છોડશે કે નહિ ?

બન્ને જણ કંઇક વિચિત્ર લાગણીઓથી એકબીજાની સામે જોઇ રહ્યાં હતા. અંતે ગમે તેમ તો પણ "પોતે 'સ્ત્રી' છે અને 'પતિ' તે પતિજ છે," એ વાતે અને પોતાના "પત્નિધર્મ"ની સ્મૃતિએ તેના હૃદયપર વિજય મેળવ્યો, અને માનહાનિનો વિચાર પોતાને માટે અયોગ્ય માનીને કુમુદેજ વાતચીતની પહેલ કરી, કે પરમદહાડે સ્ત્રીવર્ગ માટેનું નિમંત્રણ કદાચ તમનેજ કોઇ કહી લે, તો જોજો તમે પણ અમો સ્ત્રીજાતિની બરાબરી" કરીને કાગળમાં લખી આપતા ? ચંદ્ર પણ બોલવાને આતુરજ થઇ રહ્યો હતો, એટલે તેણે પણ કુમુદના મુખપર પોતાની હારની લજ્જાની કિંચિત છાયા આવેલી તે દૂર

કરવાના હેતુપૂર્વક ઉત્તર આપ્યો, કે અમારાથી સ્ત્રીજાતિની બરાબરી ક્યાંથી થઇ શકવાની છે? જુઓને, આ નિર્દોષ બાળકીએ પણ તમનેજ વિજય અપાવ્યો છે ને! માનહાનિ નામના વિકારને પણ તમેજ પ્રથમ જીતી શકયાં છો. બહારથી અમારૂં બળ અને જીત ગણો તો ભલે ગણો, પણ અમારૂં સર્વ બળ અને અભિમાન તમારા વિશુદ્ધ હૃદયપ્રેમ આગળ પાણી ભરે છે!

એટલામાં ઘડિયાળમાં ટન ટન કરતા આઠના ટકોરા થયા ને ચંદ્ર ચોંકી ઉઠયો. "એક કલાક લેઇટ (મોડો) થઇ ગયો, હવે સભામાં નહિ જઇ શકાય" એમ કહીને ઉઠયો અને એક ક્ષમા પ્રાર્થનાનો પત્ર લખીને કોઇક સાથે મોકલાવી દીધો.

આજે વિગ્રહનો અંત આવીને સંધી થઈ ગઇ તેથી અત્યારેજ મહોત્સવ માનીને આનંદ પ્રદર્શિત કરવાની કુમુદને પ્રબળ લાગણી થઇ આવી. તેઓ વાળુ કરી ચૂક્યાં હતાં. નુકસાનકારી મહાકાળી 'ચ્હા' દેવીનું તો એ સમજુ ઘરમાં કદી નામ પણ લેવાતું નહિ, એટલે કુમુદે બે કપ ઉકાળેલાં દૂધનાં લાવીને ટેબલપર મૂકયાં. મણી હમણાં ઉંઘી ગઇ હતી, તેને જગાડવાનું ઠીક લાગ્યું નહિ. દૂધ પીતાં પીતાં કુમુદે માથાપરથી ખસી ગયેલું લુગડું ઠીક કરવા હાથ ઉંચાવ્યો, એટલે પેલું કપાળપર વાગવાથી ઉઠેલું ઢીમુ ચંદ્રની નજરે પડયું. તે જોતાંજ તે હસવું રોકી શકયો નહિ. તેને લાગ્યું કે એ બોલતી નથી પણ સારી પેઠે પસ્તાયલી જણાય છે. ચંદ્રને હસતો જોઇને કુમુદ કંઈ પણ બોલી તો ન શકી પણ તેનેએ હસવું આવી ગયું.

થોડીવાર પછી તેણે પૂછ્યું:—"આપને હસવું શાથી આવ્યું હતું?"

ચંદ્ર—"અને આપને?"

કુમુદ—"મને તો આપને હસતા જોઇને હસવું આવી ગયું હતું."

ચંદ્ર—"ત્યારે મને તારૂં ગુમડું જોઇને!" "પણ મારા કરતાં તને ઘણું વધારે વાગ્યું હોય એમ જણાય છે, જોઉં." એમ કહીને તેણે કુમુદના કપાળપર હાથ ફેરવી જોયો અને કબાટમાંથી કંઇક દવા લેવા હાથ લંબાવ્યો.

કુમુદ—"અરે! આપના બોલવાપરથી તો આપને પણ વાગ્યું જણાય છે!"

ચંદ્ર—"એમાં કઇ નવાઇ? સજા તો બન્નેનેજ થવી જોઇએને? પછી ગુન્હા પ્રમાણે તે વધતી ઓછી હોય તે વાત જૂદી છે."

બન્ને હસી પડયાં અને ચંદ્રે દવા કાઢીને કુમુદને ચોપડવા આપી.

કુમુદ—"આપજ પહેલાં લગાવોને?"

ચંદ્ર જરા વ્યંગમાં બોલ્યો, "પણ આપ પહેલાં લગાડશો તે કંઇ મારી માનહાનિ નથી થઇ જવાની!"

કુમુદ—"ત્યારે આપને મનાવવામાં કે દવા પ્રથમ લગાડવામાં મારૂં પણ કયું માન ઘટી જવાનું હતું?"

ચંદ્ર આ સાંભળીને ખૂબ હસી પડયો અને તેણે પોતેજ કુમુદના ગુમડાપર દવા ચોપડી દીધી. બહુએ પ્રયત્ન કર્યો પણ તેઓ હસતું અટકાવી શકયાં નહિ. થોડીવાર જવા પછી ચંદ્ર બોલ્યો, "માનભંગના મોટા વિચારનુંજ આ પ્રાયશ્ચિત! સારૂં થયું કે આ નજીવી વાતનો ન્યાય માથાનાં ઢીમાંથીજ થઇ ગયો, નહિ તો એ અવિચારથી સાધારણ રીતે થાય છે તેમ વાત વધી જાત, અને કોણ જાણે કેવી ફજેતીઓ થાત કે કદાચ જિંદગી પર્યંત દીલ ખાટાં થઇ જાત."

કુમુદ—"ખરેખર આપનું કહેવું તદન સાચુંજ છે. એવી નાની નાની ઘરખૂણાની વાતોથી પ્રેમી દંપતીને પણ ઘણાં ઘણાં સંકટો ભોગવવાં પડે છે, તેઓ નહિ કરવાનું કરી બેસે છે, અને ઘેરેઘેર પોતાની ફજેતીનો ફાળકો કરાવે છે. પરમ દિવસેજ જોયું હતું ને

પાડોશમાં કેવું રોણુ મચ્યું હતું ? બિચારીનો જરાપણુ વાંક ન હતો તોપણુ કેટલો માર પડયો ? ”

“ રામ જાણે મારી બુદ્ધિ કેમ બગડી ગઈ હતી કે આપને વિના કારણુ આમ કષ્ટ ઉઠાવવું પડયું !” એટલું કહીને કુમુદ ચંદ્રના પગમાં પડવા જતી હતી, પણુ તેણે તેને તેમ કરતાં અટકાવી દીધી, અને કહ્યું;–“ અરે પણુ છે શું ? એમાં તો મારો પણુ અપરાધ હતો. ઉલટી તારેજ મને માફી આપવાની છે. તે દિવસે હું તો ચુનીભાઇને ત્યાં જમી આવ્યો હતો; પણુ મને પાછળથીજ ખબર પડી કે તું તો આખો દિવસ ભૂખીજ રહી હતી. તમારાં સ્ત્રીઓના હૃદય અમારા જેવા પાષાણુહૃદય પતિઓ માટે કેટલાં કષ્ટ વેઠે છે ? આજથી મને ખાત્રી થઇ છે કે સાચાં પ્રેમીને મનાવવામાં માનભંગ થવાની સમજાણુ કેવળ ભૂલભરેલીજ છે. ”

“ ઘટે ના માન મોટાઈ, વ્હાલાં પ્રેમી મનાવતાં;
મળ્યાં જ્યાં ઉરથી ઉર, ટકે શું તુચ્છ પ્રશ્ન ત્યાં ? ”

(ભ્રમિપુત્ર)

એ પછી કેટલીકવાર સુધી કુમુદની આંખમાંથી આંસુ ટપકતાંજ રહ્યાં, અને ચંદ્રને પણુ ઘણો પશ્ચાતાપ થયો; પણુ એ પછી તેમની વચ્ચે અણુબનાવ થવાનો પ્રસંગ કદી પણુ આવ્યો નથી. પ્રભુ શત્રુના ઘરમાં પણુ માનહાનીના આ દુષ્ટ વિચારરૂપી રાક્ષસને ન પેસવા દે, એવી પ્રાર્થના સાથે એ દુષ્ટના પંજામાં ફસાઇને જે દંપતી નાહકનાં દુઃખી થતાં હોય તેમને પણુ ખાસ ભલામણ કરીશું કે તેમણે એ રાક્ષસને પોતાના મહાશત્રુરૂપે માનીને તરતજ પોતાના ઘરમાંથી વિદાય કરી દેવો.

ખરી પ્રભુસેવા

"They asked a great one, how many ways are there to God? He said there are as many ways as there are atoms in the universe, but the best and shortest is '*Service.*'"

"તેઓએ એક મહાત્માને પ્રશ્ન કર્યો, પ્રભુપ્રાપ્તિ માટે કેટલા માર્ગ છે? તેમણે જવાબ આપ્યો:—સૃષ્ટિમાં જેટલા અણુઓ છે તેટલા માર્ગ છે, પણ તે સર્વમાં 'સેવા' એ સર્વોત્તમ અને ટુંકામાં ટુંકો માર્ગ છે."

(૧)

ચોમાસાનો દિવસ હતો, કાટકા અને વિજળીઓ સાથે મુશળધાર વરસાદ પડી રહ્યો હતો, ચોતરફ જ્યાં જુઓ ત્યાં પાણી ઉછાળા મારતું દોડી રહ્યું હતું અને અંધકાર પણ એવો વ્યાપી ગયો હતો કે કશુંય નજરે પડી શકતું નહિ; એવે વખતે એક પગપાળો માણસ જગન્નાથજીના રસ્તાપર ચાલી રહ્યો હતો. તે એક પરમ શ્રદ્ધાળુ ભક્તજન છે, અને "આજે જગન્નાથજીનાં દર્શન કરી કૃતાર્થ થવાશે" એવા વિચારમાં ને વિચારમાં બાહ્યસૃષ્ટિ તરફ જરા પણ લક્ષ્ય આપ્યા વિના પ્રેમમસ્ત થઇને જગન્નાથજીના મંદિર તરફ પ્રયાણ કરી રહ્યો છે. તેણે ઠરાવ કર્યો હતો કે આજે સાંજની આરતિ વખતે ત્યાં પહોંચીજ જવું જોઇએ.

(૨)

તે અર્ધેક રસ્તે પહોંચ્યો હશે એટલામાં બાજુપર આવેલા એક ભાગ્યા તુટયા ઝુંપડામાંથી દુ:ખભર્યો અવાજ સંભળાયો. એકાએક તેના પગ ત્યાંજ થંભી ગયા અને તે ઝુંપડા તરફ વળ્યો. ત્યાં એક સંધિવાથી પીડાતો અશક્ત વૃદ્ધ માણસ ટાઢથી ધ્રૂજતો એક સાદડીપર પડયો હતો અને વરસાદનું પાણી તેના ઉપર ચૂઇ રહ્યું હતું.

પેલા વટેમાર્ગુનું હૃદય વિદીર્ણ થઇ ગયું અને કોઇ પણ પ્રકારે તેને મદદ કરવાની તેને પ્રબળ લાગણી થઇ આવી. પ્રથમ તો તેણે આજુબાજુમાંથી ઝાડનાં એક બે ડાળાં ભાગી આણ્યાં અને રેસાની દોરડી બનાવી ઝુંપડાને ઠીક કર્યું. પાણી ગળતું બંધ થયું એટલે તેના જીવને જરા સંતોષ થયો. હવે તે તેની વેદના મટાડવાના વિચારમાં પડયો.

પોતાની સાથે જગન્નાથજીની મૂર્તિને સ્નાન કરાવવા સુગંધી અત્તર અને તેલની એક એક શીશી લીધી હતી તેનું તેને સ્મરણ થઈ આવ્યું: તેણે તે તેલ અને અત્તરનું પેલાના શરીર ઉપર ઘણા પ્રેમપૂર્વક મર્દન કર્યું. જ્યારે તેના શરીરમાં ગરમી આવી તથા તે દુ:ખીજીવ પ્રફુલ્લિત થયો ત્યારે એ ભક્તહૃદયના આનંદનો પાર રહ્યો નહિ! પણ હવે તેના શરીરની ગરમી ટકાવી શી રીતે રાખવી? તેનાં એક બે ફાટયાં–તુટયાં કપડાં તો ભીંજાઇને તરબોળ થઈ ગયાં હતાં; જગન્નાથજીને પહેરાવવા પોતે એક નવુંજ શેલું સાથે લીધું હતું તે તરતજ તેને ઓઢાડી દીધું અને તેની આશીષ લઇ ચાલતો થયો.

હવે તેને યાદ આવ્યું કે હું શા કામે જતો હતો અને ક્યાં રોકાઈ ગયો! વળી પેલાં તેલ અત્તર અને શેલાનું પણ સ્મરણ થઇ આવ્યું, કે “ અરે તે તો જગન્નાથજીને માટે લીધાં હતાં, તેને મેં ક્યાં વાપરી નાખ્યાં! પણ હવે આપ્યું કંઇ પાછું લેવાય છે, એમ

ધારીને અને મોડું થયું છે તેટલો વખત તો જરા વધારે ઉતાવળો ચાલીને પણ મેળવી લઇશ, એમ મનવાળીને તે કંઇક શોકગ્રસ્ત ચિત્તે ચાલવા મંડયો.

(૩)

જરાવાર પછી વરસાદ બંધ પડી ગયો, હવે તે ઝપાટાબંધ આગળ વધ્યો જતો હતો; પણ વળી એટલામાં તેના હૃદયને એક આઘાત લાગી આવ્યો અને તેને રોકાવુંજ પડયુ.

ભૂખથી અશક્ત થઇ પડેલો નિરાશ જેવો દેખાતો એક માણુસ તેના જોવામાં આવ્યો. હવે શુ કરવું ? વિચારોની કેટલીક ધડમથલ ચાલ્યા પછી અંતે હૃદયનો વિજય થયો, તેણે દેવને ભોગ ધરાવવા પોતાની પાસે કેટલીક ખાદ્ય સામગ્રીઓ હતી તે તેને ખવડાવી દીધી! અને પછી ત્યાંથી ઝટ નીકળી નાઠો. " અરે ! મેં દેવને ધરાવવાનો ભોગ કોને ધરાવી દીધો ? એક વખત તો ઠોકર ખાધી હતી અને આ બીજી વખત પણ કેમ જરાએ ભાન ન રહ્યું ? " એવા વિચારમાં ને વિચારમાં તે પોતાના મનને ઠપકો દેતો દેતો આગળ ચાલતો હતો.

(૪)

તે થોડો દૂર ગયો નહિ હશે એટલામાં એક માણુસનો તેને સંગાત થઇ ગયો. સાદું ધોતીઉં, સફેદ દેશી જીનનો ડગલો, ધોળો ફેંટો અને સાદો દુપટ્ટો, એ તેનો પોશાક હતો. કેટલીક વાર સાથે સાથે ચાલ્યા પછી પેલા ભક્તજને પોતાના નવા સોબતીને પૂછયું:—

" આપ કયાંના રહીશ છો, શો ધંધો કરો છો અને હાલ ક્યાં જાઓ છો ? "

પેલા ગૃહસ્થે જવાબ દીધો:—" આખો હિન્દુસ્તાનદેશ એ મારૂં ઘર છે, હું " હિન્દ સેવક સમાજ " (સર્વેન્ટસ્ ઓફ ઇન્ડિઆ

સોસાયટી) માંહેલો એક સેવક છું, અને તમે કદાચ જાણતા પણ હશો કે આજે અહીં તો આટલો વરસાદ પડયો છે, પણ દેશના કેટલાક ભાગો જેવા કે બંગાળા, રાજપુતાના અને ગુજરાત–કાઠિયાવાડમાં આખું ચોમાસું પસાર થઇ જવા છતાં કેટલાએ દહાડાથી વરસાદનો છાંટો સરખો પડયો નથી; ડોળા ધૂરકતો દુકાળ પોતાનું વિકરાળ મોં ફાડી રહ્યો છે, અને તેના રાક્ષસી જડબામાં સપડાતાં કચરાતાં આપણાં કરોડો બંધુઓ અને બ્હેનોના તથા અસંખ્ય ગાયમાતાઓ અને બીજાં પશુઓના આર્તનાદ ચોતરફથી આપણાં હૃદય ભેદી રહ્યાં છે. તેમાંએ બિચારા ખેડુતોના દુઃખનો તો પારજ રહ્યો નથી. અમારી સમાજના માણસોએ જીંદગી સુધીનું દેશસેવાનું વ્રત લીધેલું છે, અને અમે તેનું યથાશક્તિ પાલન કરીએ છીએ. આવા સખત દુકાળને અમે સંપૂર્ણ રીતે તો ક્યાંથીજ પહોંચી વળીએ ? પણ તેના હજારમા ભાગનો કે લાખમા ભાગનો પણ ફેર ઓછો થઇ શકે તે માટે અમે પ્રયત્ન કરીએ છીએ, અને તે માટેજ હું હમણા આ તરફ કંઇક મદદને માટે આવ્યો છું.”

આ સાંભળીને પેલા માણસની આંખમાં ઝળઝળીઆં આવી ગયા અને તે એકદમ બોલી ઉઠયોઃ—“ભાઇ, તમે આપણા દેશની સેવાને માટે જાત અર્પણ કરી છે ! તમને ધન્ય છે ! પ્રભુ તમારા પ્રયત્નમા વિજય અપાવો અને તમો ભાઇઓના હાથે આપણા દેશનો ઉદ્ધાર કરાવો ! ભાઈ, હું આજસુધી આપણા દેશને માટે કશું પણ કરી શકયો નથી તેથી મને ઘણું લાગી આવે છે. આજે તો મારી પાસે કેવળ આટલું એક નંગજ બાકી રહેલું છે, તેનો આપ મારા દુષ્કાળપીડિત ભાઈ–બહેનો માટે સ્વીકાર કરશો તો મારાપર આપનો ઉપકાર થયેલો માનીશ.”

પેલા દેશસેવકે તે નંગનો ધન્યવાદ સાથે સ્વીકાર કર્યો.

(૫)

બન્ને જણ છૂટા પડયા પછી પેલો ભક્તાત્મા બહુજ મોડો અને તદ્દન ખાલી હાથે જગન્નાથજીના મંદિરમાં આવી પહોંચ્યો. પોતે જગન્નાથજીને માટે કશું પણ લાવી નહિ શકવાથી સજળ નયને પોતાના ખાલી બે હાથ લાંબા કરી તે જગન્નાથની મૂર્તિને પગે પડયો.

જગન્નાથજીની સેવામાં કાંઇ પણ ભેટ ધરી નહિ શકવાના ખેદને લીધે રાત્રે તેને બરાબર ઉંઘ પણ આવી નહિ. છેક મોડી રાત્રે તેની આંખો જરા મળી અને તે એક દિવ્યદર્શન અનુભવવા લાગ્યો. પોતે સુધારેલી ઝુંપડી હમણા એની નજર સમક્ષ હાજર થઇ છે, પેલો રોગી, પેલો ક્ષુધાતુર અને અસંખ્ય દુકાળીઆંઓ સાથે પેલો દેશસેવક એ સઘળાં તેના પ્રત્યે સંતોષજનક મુખમુદ્રાથી જોઇ રહ્યાં છે, તથા પેલી ઝુંપડીમાં તો સાક્ષાત્ જગન્નાથજી વિરાજમાન થઇ રહ્યા છે ! જગન્નાથજીએ પેલું શેલું ઓઢેલું છે, અને આંગળીમા પહેરેલી સુવર્ણમુદ્રામાં પેલું તેજસ્વી નંગ પણ ઝળકી રહ્યું છે ! જરા બારીકીથી જોતાં તે નંગ પેલા દેશસેવકને આપેલું તેજ જણાઇ આવ્યું. હવે તેના આનંદનો પાર રહ્યો નહિ. અત્યંત ભક્તિપૂર્ણહૃદયે જગન્નાથજીને તેણે સાષ્ટાંગ દંડવત કર્યા. જગન્નાથજી તેના તરફ જોઇ પ્રસન્નમુખથી બોલ્યા, " વત્સ ! તારી સેવા—ભક્તિથી હું પરમ સંતોષ પામ્યો છું, તારી સઘળી ભેટો મને પહોંચી ચૂકી છે, **જેઓ મારાં સંતાનોની સેવા માટે જે કંઈ ખરચે છે તે મને તરતજ મળી ચૂકે છે.**"

મારાં હજારો અને લાખો માનવ બાળકોને અન્ન અને જળ વિના ટળવળતાં જોયા—જાણ્યા છતાં પણ મારા નામપર મેળવેલા લાખો રૂપિયાનો ઉપયોગ પોતાની મોજમજાહ પાછળ કરનારા અને મને ભોગ ધરાવવાને બહાને રોજના હજારો રૂપિયા ભોળા લોકો પાસે ખર્ચાવીને તેવડે તૈયાર થયેલાં મિષ્ટાન્ન જાતે ખાઈ જનારા અથવા

વેચી દેનારાઓ તો ખરેખર મને અને જગતને બન્નેને ઠગે છે।

આ બિચારાઓને એટલી પણ ખબર નથી કે **ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम्** અર્થાત્—જે માણસ જે પ્રકારે મને ભજે છે તેજ પ્રકારે હું પણ તેને ભજું છું! પુત્ર, મારાં સંતાનદ્વારા તારી જે ભેટ આજે મને મળી છે તેથી હું તારાપર અત્યંત પ્રસન્ન થયો છું, અને તેથી હવે મારાં દર્શન માટે તારે વખતોવખત આટલું દૂર આવવું નહિ પડતાં તારા હૃદયમાંજ જ્યારે જ્યારે ઇચ્છીશ ત્યારે ત્યારે મારી મૂર્તિ તને દર્શન આપશે. પરંતુ વત્સ! એ મૂર્તિ જેવોજ અને જેટલોજ કાંઇ હું નથી, એ વાત સ્મરણમાં રાખજે અને મારા સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરવામાં તારૂં મન પરોવજે.

પ્રભો! આ ઘોર કળીકાળમાં આપનામાં ચિત્ત પરોવવાનું મારાથી કેમ કરીને બનશે?

મારા સત્યસ્વરૂપની પ્રાપ્તિ સિવાયની અન્ય સર્વ કામનાઓ ત્યજીને મારાં દીન—દુઃખી માનવબંધુઓની સેવા સર્વભાવે નિરભિમાન પણે કરવાથી તું અને અન્ય જે જે પ્રાણીઓ આ પ્રકારનું અવલંબન કરશે તેથી અવશ્ય અન્ય હઠયોગાદિ કર્મો કર્યા સિવાય પણ તેમનાં હૃદય અવશ્ય વિશુદ્ધ તથા વિશાળ બનીને તેમાં—જેમ શુદ્ધ જળ ભરેલા નાના કટોરામાં પણ અમાપ સૂર્યદેવનાં દર્શન થાય છે, તેમ—મારૂં અમાપ, અલક્ષ્ય, નિરતિશય ચૈતન્યાનંદમય સત્યસ્વરૂપ પ્રકટ થઈ તેને પોતાના જેવોજ કરી મૂકશે।।

૧૨

ચૂડેલ અને ચોર.

(૧)

મારૂં પિયર યુક્તપ્રદેશના એક શહેરમાં આવેલું છે, જેનું નામ બતાવવું હું ઉચિત સમજતી નથી. બચપણમાં મારાં માતપિતા સાથે હું ત્યાંજ રહેતી હતી. હું દશ–બાર વરસની થઇ ત્યાં સુધી મારૂં લગ્ન થયું ન હતું. ઉમ્મર પ્રમાણે હું સમજદાર ગણાઉં ખરી, પણ તેની સાથે હિમ્મત બહાદુર (!) પણ પહેલાજ નંબરની હતી, અને તે એટલે સુધી કે કદી કદી ચાંદની રાતમાં ખુદ મારી છાયા પણ મારા ભયનું કારણ થઈ પડતું ! અંધારામાં પાંચ મિનિટનો રસ્તો પણ મારે એકલીએ કાપવો એ અસંભવિતજ હતું ! ભૂત, પ્રેત અને ચોરોથી હું એટલી બધી ડરતી હતી, કે ભોગજોગે જો કદાચ રાત્રે સૂતા આગમચ તેની વાત સાંભળવામાં આવતી તો થઇજ ચૂક્યું—આખી રાત ઉંઘનું નામજ નહિ ! જો કે હમણા તો હું એવા પતિને પાલવે પડી છું, કે જે ભૂત પ્રેતના તો શું પણ પરમપિતા જગદીશ્વરના અસ્તિત્વ વિષે પણ કદી કદી શંકા ધરાવે છે; છતાં મારા પૂર્વના સંસ્કારોની જડ હજી પણ ગઈ નથી. કદી કદી એવા પ્રસંગ ઉપસ્થિત થઈ આવે છે, કે પતિ કહીં બહાર ગયા હોય, રાત્રે ધામ–ધુકળાટ પુષ્કળ થતો હોય ને હું અગાસીમાં એકલી સૂતી હોઉં, એવામાં જો ભોગજોગે બિલાડીનો ખડખડાટ કે ઉંદરની દોડાદોડનો અવાજ સાંભળવામાં આવે તો પણ લાગલીજ હું ઘરમાં દોડી જાઉં

અને બારી બારણાં સઘળું બંધ કરીને અંદર સૂઇ રહું ! પછી ત્યાં પરસેવાના રેલેરેલા વળતા હોય, ઉકળાટથી જીવ ગભરાઈ ઉઠતો હોય કે ક્યાં તો મચ્છર કરડી ખાતા હોય તો પણ બહાર પગ મૂકવાની વાતજ નહિ !

મારા પિયરના ગામમાં અમારા ઘરથી થોડેજ છેટે મારૂં મોસાળ હતું. મોસાળમાં મારા આજા, મામા, મામી અને તેમના ચાર દીકરાઓ, જેમાંના બેનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં એટલાં માણસો હતાં. મારા મોટા મસિઆઇ ભાઈનું નામ જાનકીનંદન હતું. તેની સ્ત્રી મારાપર ઘણું હેત રાખતી. મારા મામાનું ઘર પાકી બાંધણીનું મજબૂત અને વિશાળ હતું. ઘરના આંગણામાં લીમડાનું એક મોટું વૃક્ષ હતું અને આજુબાજુ બીજાં ઘણાક ઘરો પણ આવેલાં હતાં.

(૨)

કાર્તિક મહીનાના કૃષ્ણપક્ષનો દિવસ હતો, તે દિવસે એક વિચિત્ર ઘટના બની. મારી એક ભાભી ઘણા દિવસોથી માંદી હોવાથી અને ગામના ઘણાક વૈદ્ય—ડૉક્ટરોથી આરામ ન થવાથી કાશી જઇને કોઇ હોશીયાર ડૉક્ટરની દવા કરાવવાનું ઠર્યું.

એક દિવસ સાંજની ગાડીએ મારા આજાને અને મોટાભાઇ જાનકીનંદનની સ્ત્રીને ઘર આગળ રાખીને બીજાં સૌ લોકો કાશી તરફ ઉપડી ગયાં.

મારી ભાભી મારા કરતાં ઉમ્મરે કંઇક મોટી હતી, પણ તે મોટી હતી તેટલીજ બીકણપણામાં પણ તે મારાથી ચ્હડીયાતી હતી, તેથી મારા દાદાએ મારી માને કહ્યું હતું, કે "બ્હેન, જાનકી વહુ ઘર આગળ એકલીજ હોવાથી બધાં કાશીથી આવે ત્યાં સુધી તેની પાસે સુવાને કીકીને (મારૂં બચપણનું નામ) મોકલજે."

અહીં જરા પ્રસ્તુત પ્રસંગની વચમાંજ હું મારા, મારી ભાભીના અને સાથે સાથે અન્ય સ્ત્રીઓના પણ—કારણ કે મને એવો ખ્યાલ છે કે અમો બન્ને જણીઓની પેઠે ઘણીખરી સ્ત્રીઓ બીકણ રહ્યાં કરે છે તેમના—બીકણપણાનાં કારણો કહીશ.

મારી સમજમાં પહેલી વાત તો એ આવે છે, કે અમે લોકો બીરૂ માબાપનાં—તેમાંએ ખાસ કરીને ભીરૂ માતાનાં—સંતાન છીએ. બીજું અમને બચપણથીજ એવાં ઘરોમાં અને એવાં આડોશીપાડોશીઓ વચ્ચે રહેવું પડે છે, કે ત્યારથીજ અમારા હૃદયમાં ભયનાં મૂળ દ્દઢ રીતે જામી જાય છે. ઘણાક છોકરાઓ પણ અમારી પેઠે બીકણ બની જાય છે તેનું કારણ પણ તેમની માતાઓ અને તેમનાં "બેટા, દૂર રમવા ન જઈશ,—ત્યાં હાઉ આવ્યો છે" "જોજે અંધારે બારણા બહાર પગ ન મૂકતો, ત્યાં તો ભૂત છે!" ઈત્યાદિ ભીરૂતાભર્યા વચનોજ છે; પરંતુ છોકરાઓ તો મોટા થતા જાય છે તેમ તેમ તેમને કંઈક કંઈક શિક્ષણ મળતું રહે છે, તેઓ બહાર ફરી શકે છે, સારા સારા શિક્ષિત માણસોમાં ભળી શકે છે, અને તે રીતે શિક્ષણ અને સત્સંગના પ્રભાવથી તેમનો બીકણ સ્વભાવ સંપૂર્ણ રીતે તો નહિ, તો પણ ઘણેક અંશે નાબુદ થઈ શકે છે; પરન્તુ અમો સ્ત્રીજનને તો નથી મળતું શિક્ષણ કે નથી મળતો સત્સંગનો અવસર! બસ, ઘરની ચાર દિવાલોની વચમાંજ જે કુવાના કાચબા જેટલું—જે ભયનું અને ભૂતપલીતનું—જ્ઞાન મળ્યું હોય તેજ અમારા હૈયાના હારરૂપે આખો જન્મારો બની રહે છે! હું અને મારી ભાભી પણ આવાં કારણોથીજ આટલાં બીકણ બની ગયાં હતાં.

હું હરરોજ મારી ભાભી પાસે સૂવા જવા લાગી. એક દિવસ દીવાબત્તી પછી વાળુ કરીને ત્યાં જવા નીકળી; એવામાં એકાએક ખૂબ જોરથી વરસાદ પડ્યો અને હું તદન ભીંજાઈ ગઈ. મુકામે

જઇને મેં મારાં સઘળાં કપડાં બદલી નાખ્યાં અને એક સફેદ ચાદર પડી હતી તેને મરદની પેઠે પહેરી લીધી તથા ગામડાની છોકરીઓ વાળે છે તેમ કાછડો મારી દીધો. કેટલીકવાર સુધી અમે બન્ને જણીઓ વાતો કરતી બેઠી અને પછી સૂઈ ગઈ.

રાત્રિના અગીઆર વાગતાને સુમારે મને ઘણીજ તરસ લાગેલી જણાઈ, પણ આજે ઓરડામાં પાણી મૂકવું અમે ભૂલી ગયેલાં હોવાથી પાણીઆરા સુધી અંધારામાં જવા મારો જીવ કબુલ કરતો ન હતો.

મેં મહામુશ્કેલીથી ઘોર નિદ્રામાં પડેલી મારી ભાભીને જગાડીને પાણીઆરા સુધી મારી સાથે આવવા કહેતાં, તેણે ઝોકાં ખાતાં ખાતાંજ કહ્યું, કે "જાઓ, તમે પાણી પી આવો, હું બારણા આગળ જોતી ઉભી રહું છું." તે ત્યાં ઉભા અને હું બીતી બીતી પાણી પીવા ગઇ. ત્યાં પ્યાલું ઉઠાવીને બે ચાર ઘુંટડા પાણી પીધું હશે એટલામાંજ ઓરડામાંથી ભાભીની એક ચીસ સંભળાઇ! હું થરથરી ઉઠી અને સમજી કે કોઇ ચોરે ભાભીને દબાવી દીધી હશે કે કાં તો ઘરમાં ચોર ભરાયલો તેના જોવામાં આવ્યો હશે! ધ્રૂજતી ધ્રૂજતી હું ઓરડા પાસે આવી, પણ કોઇ ચોર આસપાસ જોવામાં આવ્યો નહિ. મેં જાણ્યું કે ઘરના બીજા ભાગોમાં તે ફરતો હશે. હું તરતજ ભાભીના પડખામાં ભરાઇ ગઈ અને "ચોર, ચોર" એમ બૂમો પાડીને રડવા લાગી. ભાભીએ પણ મારોજ સાથ લીધો અને તે પણ પોકારી ઉઠી!

આ બૂમરાણ સાંભળીને મારા આજા મહોલ્લાના લોકો અને નોકરો સાથે ફાનસ લઇને ઉપર દોડી આવ્યા. મેં ઓરડામાં પેસતાંજ કમાડ વાસી દીધાં હતાં, એટલે તેઓ ઓરડા બહારજ ઉભા રહીને બારણાં ઠોકવા લાગ્યા અને તે ઉઘાડવાને બૂમ મારવા લાગ્યા. હું તો રડતીજ રહી પણ ભાભી કે જેણે રડવાનો આરંભ પણ મારા પહે-

લોજ કર્યો હતો તે આવાજ પણ પહેલાંજ થઇ ગઇ. તેણે ઉઠીને બારણું ઉઘાડી નાખ્યાં અને બાજુએ હઠીને ચુપચૂપ ઉભી રહી. જાણે અબોલવ્રતજ ધારણ કર્યું નહિ હોય!

દાદાજીએ મને પૂછ્યું, "બચી! ચોર ક્યાં આગળ જોવામાં આવ્યો ?"

જો કે મેં હજી સુધી ચોર તો જોયોજ ન હતો, અને માત્ર ભાભીની ચીસ ઉપરથીજ રોવા લાગી હતી, છતાં રડતાં રડતાં પણ મારી નજર જાણે ચોર, ચોર ને ચોરજ જોઇ રહી હતી!

તેથી મેં દાદાજીને કહ્યું:—"એક ધોળાં ધોળાં કપડાંવાળો લાંબો લાંબો માણસ મારા જોવામાં આવ્યો હતો! બસ, એ પછી હું કશું પણ જોઇ શકી નથી."

દાદાજી અને મહોલ્લાના લોકો ફાનસ લઇને આખું ઘર ખુંદી વળ્યા, પણ ન મળ્યો ચોર કે ન મળ્યો ચોરનો ભાઇ! ભાભીની ચીસનો ભેદ હજી સુધી છૂપોજ રહ્યો હતો. લોકોએ જાણ્યું કે મેં જેવું જોયું હશે તેવુંજ એના જોવામાં પણ આવ્યું હશે, એટલે તેઓ વધારે પૂછપરછ નહિ કરતાં વેરાઇ ગયા, ને અસલ વાત આ પ્રમાણે ભેદમાંજ રહી. એ પછી દાદાજી માળ ઉપર એક નોકરને સુવાડીને અને ફાનસને બળતું રાખીને પોતાની મેડીએ ગયા.

(૩)

જ્યારે અમે બન્ને બરાબર સ્વસ્થ થયા ત્યારે મને યાદ આવવાથી ભાભીને પૂછતાં તેણે જવાબ દીધો, કે "પણ તમને કહ્યું હતું કોણે કે મેં ચોર દીઠો છે?" હું નવાઇ પામી અને ફરીથી પૂછવા લાગી, "ત્યારે વાત શી હતી?"

ભાભીએ જવાબ દીધોઃ—"મેં તો ચોર નહિ પણ ચૂડેલ દીઠી હતી અને તે ચૂડેલ તે બીજી કોઇ નહિ પણ તમેજ હતાં!"

એટલું કહીને તે ખૂબ હસવા લાગી. આમાં હું કંઈ પણ સમજી શકી નહિ. મારા આશ્ચર્યનો પારજ રહ્યો નહિ. આખરે ત્રાસ પામીને મેં કહ્યું: "તું કહે છે શું? જે હોય તે સ્પષ્ટ સમજાવી દે ને?"

તેણે જવાબ વાળ્યો:—"સાંભળો, શું થયું હતું તે કહી સંભળાવું. "મને જ્યારે તમે ઉંઘમાંથી ઉઠાડી ત્યારે મારૂં આળસ દૂર થયું ન હતું, હું ઉંઘમાંને ઉંઘમાંજ બારણા આગળ ઉભી હતી. એટલામાં મારી નજર આપણા લીમડા ઉપર પડી. પહેલાં મેં સાંભળ્યું હતું કે એ ઝાડપર કોઇક ચૂડેલ રહે છે, બસ, તેનું સ્મરણ થઇ આવતાંજ કોઈ ભયાનક શરીરવાળી સ્ત્રી ડાળીપરથી ઉતરીને મારા તરફ આવતી જણાઇ! એ દરમિયાન તમે પાણી પીવા ગયાં છો એ ખ્યાલ મારા મગજમાંથી તદન જતોજ રહ્યો હતો! તેથી પેલી ચુડેલને આગળ વધતી જોતાં આ તરફ તમારાપર એકાએક નજર પડી અને તમને જોતાંજ મારી ખાત્રી થઇ ગઇ, કે આ ચૂડેલજ છે, અને તે લીમડાપરથી ઉતરીને આટલે સુધી આવી પહોંચી છે' અધુરામાં પૂરૂં તમારો કાછડો જોઇને તો હું છેકજ ડરી ગઇ' પછી જ્યારે તમે ત્યાંથી આવીને કમાડ બંધ કરી દીધાં અને 'ચોર' 'ચોર' કહીને રડવા લાગ્યાં ત્યારે મારો એ ભ્રમ તો દૂર થયો, પણ સમજી કે તમે કોઇ ચોર બોરને જોયો હશે, અને તેથી હું પણ તમારી સાથેજ રોવા લાગી! પણ હવે કહો, તમે ચોરને ક્યાં જોયો હતો?"

મેં જવાબ દીધો:—"મેં તો ચોર દીઠો ન હતો, પણ તમારા રડવાથી હું પણ ચોર હશે, એમ માની લઈને રડવા મંડી ગઈ હતી' હવેજ તમામ ભેદ ખુલ્લો પડી ગયો' **ન હતો ચોર કે ન હતી ચૂડેલ.** કેવળ ભ્રમનુંજ આ બધું પ્રકરણ હતું!

બચપણમાં માતપિતા ઇત્યાદિ તરફથી મનમાં ઠસી ગયેલી વહે-

મની અને ભયની વાતોને લીધે દેશનાં લગભગ પ્રત્યેક ઘરનાં બાળકો મોટી ઉમ્મરે પણ થોડે યા ઘણે અંશે આ વાતમાં જણાવ્યા પ્રમાણેના ભય અને વહેમને આધીન રહેછેજ. બચપણમાં મળેલા આવા કુસંસ્કારોનું ફળ કેટલું બધું ખરાબ આવે છે! વાંચકબંધુ અને ભગિનીઓ! જો તમારાથી પણ જાણ્યે—અજાણ્યે આવા કુસંસ્કાર તમારાં બાળકોમાં નંખાઇ જતા હોય તો તેને એક મહા પાતકરૂપ સમજીને જરૂર ત્યજી દેજો, અને ભૂત, પ્રેત, ચૂડેલ, વાઘ, સાપ, બાવો ઇ૦ આવ્યાની ધમકી આપવાનું બંધ કરીને **પ્રેમ અને શૌર્યની** વાતોથીજ તેમનાં હૃદયને ખીલવજો.

"રમે જે જે તેને, રમત રમવા દે રસભરી;"
"ભમે જ્યાં જ્યાં ત્યાં ત્યાં, ભ્રમણ કરવા દે ભય હરી."*

બચપણમાંથી બાળકોમાં કેવા કેવા ગુણ માતપિતાએ ખીલવવા જોઇએ એ વિષયપર લખાયેલો એક ટુંકો નિબંધ આ પ્રસંગને અનુસરતો અને ઉપકારક જણાવાથી તે આ પછી આપવામાં આવ્યો છે. પ્રત્યેક વાંચકબંધુ અને ભગિની તે તરફ બનતું ધ્યાન આપશેજ એવી આશા છે.

બાળકોને કેવી ટેવો પાડવી જોઇએ?

આ સૈકામાં શિક્ષણનું મહત્ત્વ સર્વત્ર ફેલાઇ ગયું છે. પ્રત્યેક સ્થાનમાં સાચાં મનુષ્ય બનાવવાના—ચારિત્ર્ય (આચરણ) સુધારવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. સુધારકગણ પોતપોતાની સમાજો—મંડળીઓ—અને સંસ્થાઓદ્વારા શિક્ષાનો દિનપરદિન અધિક પ્રચાર કરી રહ્યો છે. વિદ્યાથી બુદ્ધિનો વિકાસ થાય છે એ સત્ય છે, પરંતુ મનુષ્યને પોતાનું વર્તન ઉત્તમ બનાવવાની પણ ઘણીજ આવશ્યકતા છે, અને તેને માટે વિદ્યા સિવાય બીજાં પણ કેટલાંક સાધનોની જરૂર છે.

* વીરસૂ—વિહારી.

સદ્વર્તન, કર્તવ્યપ્રેમ, અને પ્રમાણિકપણું આ ગુણો મનુષ્યને માટે એટલા બધા જરૂરના છે કે એના સિવાય શુદ્ધ ચારિત્ર્ય બંધાવું બીલકુલજ અસંભવિત છે. પાશ્ચાત્ય વિદ્વાન્ માર્ટિન લ્યૂથર લખે છે, કે " **કોઈ પણ દેશની ઉન્નતિ (Prosperity) નો આધાર ત્યાંની ઉપજ, ત્યાંના સુદૃઢ વિશાળ કિલ્લાઓ કે સુંદર ઈમારતો ઉપર રહેલો નથી, પરંતુ તે તે દેશનાં ચારિત્ર્યવાન મનુષ્યો ઉપરજ રહેલો છે.** "

એક વખત ચૌદમા લૂઇએ પોતાના મુખ્ય મંત્રીને પૂછ્યું, કે " હું આટલા મોટા દેશનો રાજા હોવા છતાં હોલેંડ જેવો નાનો પ્રદેશ મારાથી કેમ જીતી શકાતો નથી ? "

પ્રધાને ઉત્તર આપ્યોઃ—" મહારાજ ! **દેશની શક્તિનું માપ વસ્તીની વિશેષ સંખ્યા ઉપરથી નહિ, પરંતુ પ્રજાના ચારિત્ર્ય–સદાચરણ ઉપરથી થાય છે.** " તે વખતના ડચ લોકોની ઉન્નતિનું કારણ તેમના સદ્ગુણોજ હતા. મોજ–શોખ અને એશ–આરામ જેવા દુર્ગુણોથી રોમ જેવા અતિ બળવાન તથા વિસ્તૃત મહારાજ્યનો પણ અંત આવી ગયો હતો.

એકાદ વિલક્ષણ બુદ્ધિવાળા મનુષ્યને જોઇને આનંદ થાય છે ખરો, પરંતુ માન તો સદાચરણીનેજ વધારે અપાય છે. બુદ્ધિ એ મગજનો વિષય છે, પણ વ્યવહાર તો હૃદયથીજ દીપે છે. **જ્યાં સુધી હૃદય ઉન્નત થયું નથી** ત્યાં સુધી સઘળું શિક્ષણ અપૂર્ણ છે.

પ્રસિદ્ધ વક્તા શેરિડનના સંબંધમાં કહેવાય છે, કે જો તેનામાં સદ્વર્તન હોત તો તે સમસ્ત જગત ઉપર પોતાનો પ્રભાવ પાથરી શકત; પરંતુ કેવળ સદાચરણનાજ અભાવથી તેનાં વ્યાખ્યાનોની જનસમુદાયપર જોઇએ તેવી અસર થઇ શકી ન હતી. ઇતિહાસ સાક્ષી પૂરે છે,

કે જે મહાપુરુષો આ સંસારમાં કીર્તિના અચળ સ્તંભો ચણી ગયા છે, તે પોતાના સદાચરણરૂપી ઈંટોવડેજ ચણી ગયા છે. વૉશિંગ્ટનનામાં અન્ય ગુણો કરતાં પોતાના જીવનને નિષ્કલંક બનાવવાનો સદ્‌ગુણ અધિક હોવાથીજ તે આટલા ઉચ્ચપદપર ચઢી શક્યો હતો.

જમીનનો સ્વભાવ છે કે જો તેમાં સારાં બીજ વાવવામાં નહિ આવે તો તૃણાદિ હલકા હલકા છોડવાઓ આપોઆપ ઉગી નીકળે છે. આ સંબંધમાં જમીનનો અને બાળકનો સ્વભાવ એકસરખોજ છે. જો બાળકને બચપણથીજ સારી ટેવોનો અભ્યાસ નહિ પાડવામાં આવે તો તે આપોઆપ નઠારી ટેવો પકડી લે છે. સારી કે નઠારી ગમે તેવી આદત એકવાર પડ્યા પછી તેના પંજામાંથી છૂટવું બહુજ મુશ્કેલ થઇ પડે છે.

મદિરાપાન કરનારાઓને આરંભમા તો કમકમી આવે છે, ઉલટી થાય છે અને ચક્કર પણ આવી જાય છે, પરન્તુ જ્યારે આદત પડી જાય છે ત્યારે તે ખુશીથી તેને પીવા લાગે છે. તમાકુ, બીડી, સીગારેટ અને અફીણ વગેરે અન્ય માદક વસ્તુઓના સંબંધમાં પણ એમજ સમજવું.

એક વખતે વાસ્ટાઇલના કિલ્લામાં એક જણને કેદ પૂરવામા આવ્યો હતો, અદાલતમાં તેનો મુકદ્દમો ચાલ્યો અને તેમાં ન્યાયાધીશે તેને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો; પરંતુ તેણે પોતાનો ઘણો કાળ જેલમાંજ ગુજાર્યો હતો તેથી તેને ન્યાયાધીશનો હુકમ સાંભળીને જરા પણ આનંદ થયો નહિ, એટલુંજ નહિ પણ ઉલટી તેણે ન્યાયાધીશને પોતાને જેલમાંજ રાખવાની પ્રાર્થના કરી. તાત્પર્ય કે જે આદત મનુષ્યના અંતઃકરણમાં એકવાર પેસી જાય છે, તે પાછી નીકળવી બહુજ કઠિન થઈ પડે છે.

વિદ્વાન પુરુષો પણ આદતના ગુલામ હોય છે, કારણ કે તેમનાથીએ બચપણમાં જે ટેવો પડી ગઈ હોય છે તે ભાગ્યેજ છૂટી શકે છે. માટે માબાપનું સૌથી મોટું કર્ત્તવ્ય એજ સિદ્ધ થાય છે, કે તેમણે પોતાનાં સંતાનોને સારી ટેવો પાડતાં શીખવવું.

માણસ એ ટેવોનું પુતળું છે, એ ટેવો ઉમદા હશે તોજ તેનું આખું જીવન ઉત્તમ નીવડશે. બાલ્યાવસ્થાનો અમૂલ્ય સમય બહુધા માતાના સહવાસમાંજ વીતે છે. તેથી માતાના ચરિત્રની છાપ બાળક ઉપર ઘણીજ ઉંડી પડે છે. અભિમન્યુ માતાના ઉદરમાંજ ચક્રવ્યૂહની વિદ્યા શીખી ગયો હતો. નારાયણરાવ પેશ્વાનું ખૂન કરાવનારી આનંદીબાઇના તીવ્ર સ્વભાવની અસર તેના પુત્ર બાજીરાવમાં પણ ઉતરી હતી. અને યોર્ગિમિયોની સંગીતવિદ્યાની કળા તેના પુત્ર વુલ્ફગંગ મોઝર્ટમાં સ્પષ્ટ રીતે જણાઇ આવતી હતી.

જ્યારે ગર્ભમા પણ બચ્ચાં ઉપર માતાના સારા નરસા સ્વભાવની અસર થયા વિના રહેતી નથી ત્યારે જન્મ પછી કે–જ્યારે તેની અનુકરણ કરવાની શક્તિ ઘણીજ પ્રબળ હોય છે ત્યારે–તેની સાથે અધિક સમય રહેવાથી બાળકના કોમળ સ્વચ્છ હૃદય પર માતાની સારી નબળી ટેવોની અસર થાય એમાં શું આશ્ચર્ય ?

માણસ જે ટેવ અથવા લક્ષણ શીખે છે, તેનું મુખ્ય શિક્ષણસ્થાન ઘર છે. ‘ ઘર નરને બનાવે છે ’ એ કહેવત પરથી ગૃહશિક્ષણ કેટલું જરૂરનું છે તે સ્પષ્ટ થાય છે. બાળકના કોમળ હૃદયરૂપી બગીચામાં ટેવરૂપી સારા કે નઠારાં જેવાં બીજ વાવવામાં આવશે તેવાંજ ફળ ફૂલ વખત જતાં–યુવાવસ્થામાં-ખીલી નીકળશે અને તેવીજ–સારી કે નરસી અસર તેના જીવનમા, કુટુંબમાં અને દેશમાં ફેલાવશે.

મનુષ્ય ગમે એટલો સભ્ય, નિરભિમાની અને વિનીત અથવા નમ્ર હોય પણ બચપણમાં તેને જે ટેવો પડી હોય તેની અસર હૃદ-

ચમાંથી કદાપિ જતી નથી. ચરિત્ર સુધારવાનું કેંદ્રસ્થાન ઘરજ છે. માણુસ બચપણુમાં જેટલું શીખે છે તેટલું તે પછીની પોતાની આખી જીંદગીમાં પણ શીખી શકતો નથી.

બાળક જે જે કામ થતાં નજરે જુએ છે તેની જાદુઈ નકલ અનાયાસેજ કરવા મંડી પડે છે. સ્કોટનો ગાયનવિદ્યાનો શોખ તેની માતાના અનુકરણમાંથીજ ઉભરી નીકળ્યો હતો. ઉપદેશની જેટલી અસર થાય છે તેના કરતાં પ્રત્યક્ષ ઉદાહરણની અસર ઘણીજ વધારે થાય છે.

"એક ઉત્તમ માતા સો શિક્ષકોની બરાબર છે.":—એ અક્ષરશઃ સત્ય છે. નેપોલિઅનમાં અને શિવાજીમાં સ્વદેશ-પ્રેમ ઉત્પન્ન કરાવનાર તેમની માતાઓજ હતી. માતાઓની મહત્તાના સંબંધમાં આખી પૃથ્વીના તમામ દેશના લોકોનો એકજ મત છે. જો કોઈ કૃતઘ્ની પુરુષને પણ તેની માતાના સંબંધમાં પૂછવામાં આવશે તો તે તેની પ્રશંસા મુક્ત કંઠથી કર્યા વિના રહેશે નહિ.

જેનાથી માણુસ સાચો ગૃહસ્થ બની શકે એવી કેળવણીનો હિન્દુસ્થાનમાં અભાવ છે. પિતાનાં કર્ત્તવ્ય જાણી શકવા પહેલાંજ પિતા બની જવાનો અવસર આવી પહોંચે છે અને માતાના ધર્મ-ફરજ-સમજવા પહેલાંજ માતા બની જવું પડે છે! આવી સ્થિતિમાં એવાં માબાપો પોતાનાં બાળકોને શિક્ષણ-જે તેના જન્મદિવસથીજ શરૂ થઈ ચૂકે છે તે-કેવી રીતે આપી શકે? અને એજ કારણથી બાળક બહુધા દુરાચારી બની જાય છે અથવા ખરાબ આદતમાં ફસાઈ પડે છે.

ઉદ્યોગી બનવાની ટેવ:—બાળકને આ ટેવ પાડવી ઘણીજ મહત્ત્વની છે. ટર્નર સાહેબ કહે છે, કે **"ઉન્નતિનું કારણ ઉદ્યોગજ છે."** બાળકોમાં ચંચળતાનો ગુણ સ્વાભાવિક રીતેજ રહેલો છે, તેને શાંત પડી રહેવાનું ગમતુંજ નથી. "માબાપ અથવા સંરક્ષકને ઘટિત છે કે તેણે પોતાના સંતાનની ચંચળતા જોઈને તેને યોગ્ય ધંધામાં

લગાડવો." હંમેશના વપરાસમાં આવતી કુંચી જેમ દિનપરદિન વધારે ને વધારે ચળકતી થતી જાય છે તેજ પ્રમાણે ઉદ્યોગથી માણસનું તન અને મન અધિક તંદુરસ્તી મેળવી શકે છે. માણસનો મોટામાં મોટો શત્રુ આળસ છે. શેતાન સૌને હરાવે ખરો, પણ ઉદ્યોગી પુરુષ આગળ તેને પણ પરાજિત થવું પડે છે. દુનીઆનાં સઘળાં પાપોનું મૂળ આળસ છે. માણસની શારીરિક તેમજ માનસિક શક્તિ તેના ઉદ્યોગ અને આળસના પ્રમાણમાંજ વધે કે ઘટે છે. જ્યારે સર વૉલ્ટર સ્કૉટની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ અને ઋણ અદા કરવાનો કોઇ પણ માર્ગ રહ્યો નહિ, ત્યારે તેણે નવલકથાનાં પુસ્તકો લખવાનો આરંભ કર્યો. મોડી રાત સુધી તે આ ઉદ્યોગમાં મંડ્યો રહેતો. અંતે તેનાં પુસ્તકો અત્યંત લોકપ્રિય થઈ પડયાં અને તેણે પોતાનું હજારોનું દેવું ફિટાડી દીધું! જીવનભર આનંદ–સુખની ઇચ્છા ધરાવનાર વ્યક્તિએ ઉદ્યોગી બનવું બહુજ જરૂરનું છે. કોઇ એક મનુષ્યની બુદ્ધિ કદાચ ઘણી તેજસ્વી હોય પણ જો તે ઉદ્યોગી નહિ હોય તો તે વિલક્ષણ બુદ્ધિ તેને કંઈ પણ ફળ આપી શકશે નહિ.

વેસ્ટર લખે છે, કે "મારી ઉન્નતિનું કારણ મારી બુદ્ધિ નથી, પરન્તુ કેવળ મારો ઉદ્યોગજ છે." ઉદ્યોગી પુરુષજ વખતની કિંમત જાણી શકે છે. નેલ્સન કહે છે, કે "નિશ્ચિત સમયના કરતાં પંદર મિનિટ અગાઉથી હું મારા કામમાં લાગી જતો હતો તેથીજ મને વિજયની પ્રાપ્તિ થઇ હતી."

એકન ચાન્સેલરના બહુ વ્યવસાયવાળા પદ ઉપર હતો તે છતાં પણ તેને ન્યાય અને સાહિત્યનાં પુસ્તકો લખવાનો અવકાશ મળી શક્યો હતો. મહેનત એ પૈસાનું મૂળ છે, અને સમય એજ પૈસો છે. શેક્સપિઅરે એક સ્થળે લખ્યું છે, કે "મનુષ્યની જીંદગીમાં અમુક સમય એવો આવે છે કે જે સમયનો બરાબર ઉપયોગ કરવાથી તેનું ભાગ્ય

ઝળ[illegible]ી ઉઠે છે, અને જો તે સમય ગુમાવવામાં આવે તો પછી આખી જીંદગી છૂટી પડે છે.”

જે ઘરનાં માણસો ઉદ્યોગી હોય છે તે કુટુંબનાં બચ્ચાંઓ પણ તેવાંજ બને છે, અને જો એનાથી ઉલટું હોય તો તેનાં સંતાન પણ તેવાંજ થઇને એશઆરામ ને આળસમાં દહાડા કાઢતાં થઈ જાય છે. આ પ્રમાણે મનુષ્યના જીવનનો આધાર તેની સારી કે માઠી ટેવો ઉપર રહેલો હોવાની વાત જ્યારે નક્કીજ છે તો પછી એવાં કોણ માતાપિતા હશે કે જે પોતાનાં સંતાનને ઉદ્યોગી થવાની ટેવ નહિ પાડે? અને જો એમ હોય તો તેમનું નામ ‘માતા’ કે ‘પિતા’ને બદલે ‘શત્રુજ’ કહેવું જોઇએ. દૈવયોગે બીજા કોઈ કારણસર તેમનાં સંતાન જો પાછળથી સુધરી જાય છે તો તેઓ પણ એવાં માબાપને શત્રુ કે મૂર્ખનો ઇલ્કાબ જરૂરજ આપે છે.

પ્રામાણિકપણું:—આ ગુણ બચ્ચાંઓ માટે બહુજ જરૂરનો અને ઘણા મહત્ત્વનો છે. સાચું મનુષ્યત્વ પ્રાપ્ત કરવાને માટે માણસે પ્રામાણિક હોવું એ ઘણુંજ જરૂરનું છે. દગો, કપટ, બદમાશી, અને એમ માંની એ પ્રત્યેક દુર્ગુણોમાં એવી મોહિની રહેલી છે, કે તે મનુષ્યના મનને શિથિલ કરીને પોતાના તરફ આકર્ષી લે છે.

પોપનું એક વચન છે, કે “**આપણા કામથી જગત આપણી પ્રશંસા કરે તે કરતાં** આપણાં જે કૃત્યથી **આપણું મન પ્રફુલ્લિત થાય તેજ કામ અધિક કીમતી છે.**” માબાપની બેપરવાઇથી છોકરાંમાં અપ્રામાણિકપણું ઇત્યાદિ બુરી ટેવ ફૂટી નીકળે છે. અનેક માતાઓ ઘેલા સંતાનપ્રેમથી બાળકની બદમાશી કે જૂઠાપણાની વાતને જતી કરે છે, રે! કેટલીક તો ઉલટી ખુશ થાય છે; પરન્તુ તેમને ખબર નથી કે પોતાના આવા વર્તનની તે બાળક પર કેવી ખરાબ અસર થશે? માબાપનું કર્ત્તવ્ય છે, કે પોતાનાં સંતા-

નોને બચપણથી પ્રામાણિક બનાવવાં. "**પ્રામાણિક બાળક ઈશ્વરની રચનાનો સર્વોત્કૃષ્ટ નમુનો છે.**" એ મહાકવિ પોપનું વચન પ્રત્યેક ઘરમાં સોનેરી અક્ષરે લખાવું જોઈએ.

સત્યતાઃ—આ પણ ઘણોજ કીમતી સદ્‌ગુણ છે. જો માતા સાચું બોલનારી હશે તો તેનાં સંતાન પણ સત્યવચની થશે. **બાળકોને જૂઠું બોલતાં શીખવાનું મુખ્ય કારણ વડીલોની ધમકી** છે. બાળકને તેના ગજા ઉપરાંતનું કઠિન કામ સોંપવું એટલે કે તેને જૂઠું બોલતાં શીખવવું; કારણ કે જ્યારે જ્યારે તેનાથી એ કામ થઈ શકતું નથી ત્યારે તે જૂઠું બોલીને છુટી જવા લલચાય છે. પ્રત્યેક દેશમાં અને પ્રત્યેક ધર્મના ગ્રંથોમાં સત્યનું માહાત્મ્ય પૂર્ણ રીતે સ્વીકારવામાં આવેલું છે. ઉપનિષદ્‌માં એક આખ્યાયિકા છે, કે જ્યારે સત્યકામ વેદાધ્યયન માટે ગુરુ–આશ્રમમાં ગયો ત્યારે ગુરુજીએ તેનું ગોત્ર અને માતપિતાનાં નામ પૂછ્યાં. તેને તે વાતની ખબર નહિ હોવાથી પોતાની માતા પાસે પૂછવા આવ્યો. તેની માતાએ ઉત્તર આપ્યો, કે "ભાઈ, તારા જન્મ સમયે હું ઋષિઓની સેવા ઉઠાવ્યા કરતી હતી. હું નથી કહી શકતી કે તારૂં ગોત્ર કયું છે અને તારા પિતાનું નામ શું હશે! તારૂં નામ સત્યકામ છે અને મારૂં નામ જાબાલા છે એ સિવાય હું બીજું કશું પણ જાણતી નથી.

એ સાંભળીને સત્યકામ ગુરુજી પાસે જઈને સઘળી હકીકત નિવેદન કરીને બોલ્યો કે "હું સત્યકામ જાબાલ છું." આ નાનાસરખા બાળકનું આવું નિર્ભય સત્યવચન સાંભળીને ગૌતમ ઋષિએ વિચાર કર્યો, કે "જે બાળક આ પ્રમાણેનું સત્યવચન બોલી શકે છે તે ખરેખરો બ્રાહ્મણજ હોવો જોઈએ." આથી તેને વેદાધ્યયન માટે અધિકારી ઠરાવવામાં આવ્યો, પણ ખેદની વાત છે કે આજકાલ બ્રાહ્મણાદિ ઉચ્ચ જાતિના લોકો પણ જૂઠું બોલવા અને પોતાનું

અસલ ગૌરવ ભૂલવા લાગ્યા છે.

દરેક સ્ત્રીનો—માતાનો—ધર્મ છે, કે તેણે જાતે સત્ય બોલવું અને પોતાનાં બચ્ચાંને પણ સત્ય બોલતાં શીખવવું. બાળકનું પાલન કરવું, તેને સુધારવાં એ માતાનો મુખ્ય ધર્મ છે, અને એ કામ ઘણું જોખમનું છે માટે તેની યોગ્યતા મેળવવી એ પ્રત્યેક ભારતલલનાનું પરમ કર્તવ્ય છે, તેનો ધર્મ છે.

મૂર્ખ લોકોના વિચાર પ્રમાણે ઈશ્વરે કાંઇ સ્ત્રીને કેવળ દાસી સમાન કામ કરવાને કે પુરુષના આનંદના સાધન તરીકે બનાવી નથી. **માતા જે શિક્ષણ આપી શકે છે, તે હજાર શિક્ષકોનાં શિક્ષણ કરતાં પણ શ્રેષ્ઠ હોય છે.** ખરેખર તે એક દૈવી શિક્ષકા છે. સદ્‌ગુણ અને સભ્યતાની પાઠશાળા આરંભમાં ઘરજ છે. જો એ શાળામાં અજ્ઞાન ફેલાયલું હશે, તો ભાવી પ્રજાનું ચરિત્ર સુધારવાનું મહાકઠિન થઈ પડશે.

નેપોલિયન બોનાપાર્ટ કહેતો હતો કે **“બાળક સારૂં કે નઠારૂં નીવડે તેનું કારણ તેની માતાના સારાનરસા વિચારજ હોય છે. મારામાં જે કંઇ દૃઢતા અને પરાક્રમ હશે તે મારી માતાનાંજ આપેલાં છે.”**

જો કે એવું કહેવામાં આવે છે, કે સ્ત્રીઓએ દુનીઆમાં કોઇ મહાન કામો કર્યાં નથી, રામાયણ કે મહાભારત જેવાં મહાકાવ્યો રચ્યાં નથી, અથવા વરાળયંત્ર કે વિદ્યુત—યંત્રોની શોધખોળ કરી નથી; એ સત્ય છે ખરૂં, તોપણ એમણે જે જે કાર્યો કર્યાં છે તેની બરાબરી પુરુષ કદાપિ કરી શકશે નહિ; કારણ કે માતાદ્વારાજ એવા એવા વિદ્વાનો અને શોધકો ઉત્પન્ન થયા છે. જો તેમને તેમનું યોગ્ય શિક્ષણ ન મળ્યું હોત તો આવી આવી શોધખોળો થાત કે નહિ એ કહેવું કઠિન છે.

આજ કાલ જ્યાં જોશો ત્યાં ઉન્નતિનાજ વિચાર ચાલી રહ્યા છે,

પરન્તુ જ્યાંસુધી **ગૃહશિક્ષણ** (Home Education) યોગ્ય રીતે આપવામાં આવશે નહિ ત્યાંસુધી ભારતની ઉન્નતિ અસંભવિત છે.

માટે એક કવિ વીરમાતાને ઉદ્દેશીને કહે છે તેમઃ—

" આનંદ ગાન ગમતે રમતે કળામાં,
તું બાળશિક્ષણ શરૂ કર પારણામાં. "

(વિહારી.)

બાળકનું મગજ (Brain) મીણ જેવું નરમ હોય છે, એના ઉપર જેવાં ચિહ્ન (અસર) પાડવામાં આવે તેવાં પડી શકે છે. જો બાળકને સારી ટેવો પાડવામાં આવશે તો તે મોટો થતાં એક લાયક વ્યક્તિ તરીકે ઝળકી ઉઠશે, ખરેખરઃ—

" ઉછેર્યો આ રીતે, નીતિ રીતિ અને ઉંચી કૃતિથી,
પછી એ તારાને, અસત્ય અનીતિનો ભય નથી;
ઉછેરેલો એવી રીતથી અપરાધે ન કરશે,
તને–તેને શિક્ષા, કરવી–ખમવીએ ન પડશે. " *

ઉપર ગણાવી તે સિવાય નમ્ર, આજ્ઞાકારી અને નિડર થવાની, વિવેક–સારાસાર સમજવાની, ઇશ્વર પર ભક્તિ રાખવાની, અને નિરભિમાની થવાની અને એવી બીજી અનેક સારી ટેવો પણ બાળકોને અવશ્ય પાડવી જોઇએ. સુશીલ માતાઓએ અને ભવિષ્યમાં માતા બનનારી સ્ત્રીઓએ આ વિષય અવશ્ય વાંચવોજ જોઇએ અને તે પ્રમાણે વર્તવું જોઇએ, એટલુંજ નહિ પણ પ્રત્યેક પુરુષે પણ પોતાનાં સંતાનને સુધારવા માટે આવી અગત્યની બાબતો પર અવશ્ય ધ્યાન આપવું જોઇએ.

---

* વીરસૂઃ—વિહારી

'તીજ'ની સાડી

(૧)

"ના, ના, હું તો આ સાડી કદી પણ લઇશ નહિ," ચૌદ પંદર વર્ષની સુમતિએ સાડી ભોંય પર નાખી દેતાં પોતાના પતિને કહ્યું.

નંદકિશોર આશ્ચર્ય પામીને બોલી ઉઠયોઃ—કેમ, કેમ, એમાં શી ખામી છે? જેવી સાડી લાવવાનું તેં મને કહ્યું હતું, બરાબર તેવીજ લાવ્યો છું.

સુમતિઃ—"મારે જેવી જોઇતી હતી તેવી નથી"

નંદકિશોરઃ—"હું તો માનું છું કે તારા કહેવા પ્રમાણેનીજ છે. હવે તું નકામુ બહાનું કાઢે છે. પણ ઠીક, બતાવ તો ખરી એમા શો દોષ છે?"

સુમતિઃ—નહિ કેમ? મોટો દોષ છે. મેં તો કહ્યું હતું, કે **સાડી સ્વદેશી નહિ હશે તો હું નહિ લઉં**, અને આ તો વિદેશી છે! અંતર તો માત્ર આભ અને જમીન જેટલુંજ, કંઇ વધારે નથી! તમેજ કહો હવે, હું એને કેવી રીતે લઇ શકું?"

નંદકિશોરઃ—"પણ શ્રીમતીજી! આ સાડી તો જાપાનની બનાવટ છે, જરા આંખ ઉઘાડીને છાપ તો જુઓ!"

સુમતિઃ—અરે! શ્રીમાનજી! શું જાપાન કાંઇ આપણા દેશમાં છે? આપ જાપાની વસ્તુઓને સ્વદેશી કેવી રીતે કહી શકો છો?"

નંદકિશોરઃ—બેશક, જાપાન આપણા દેશમાં તો નથી, તો

પણ આજકાલ સ્વદેશી વસ્તુઓમાં જાપાની બનાવટનો પણ સમાવેશ કરી દેવામાં આવ્યો છે, અને સ્વદેશી માલની દુકાનો પર પણ જાપાની માલ સારી પેઠે વેચાઇ રહ્યા છે."

સુમતિઃ—"શું એટલા માટેજ જાપાની ચીજો ખરીદી લેવી જોઈએ ?"

નંદકિશોરઃ—"તો એમાં વાંધો પણ શો ? જ્યારે સઘળાજ લોકો એ લઇ રહ્યા છે તો પછી હું પણ લઉં એમાં શી હરકત ?"

સુમતિઃ—"એનો અર્થ તો એવો નીકળે છે, કે બીજા લોકો કૂવામાં પડે તો પછી આપણે પણ શા માટે નહિ પડવું ? કેમ, એમજ ને ?"

નંદકિશોરઃ—"તારી વાતોના અર્થ તો તુંજ જાણે. હું તો એટલો મોટો પંડિત નથી કે જેથી જાપાની વસ્તુઓ લેવી અને કૂવામાં પડવું, એ બન્ને સરખાં સમજી શકું."

સુમતિઃ—"ઠીક, ત્યારે હું પૂછું છું, કે જાપાનીઓ જમશે એટલે શું આપણું પેટ ભરાઈ જશે ? જ્યારે આ દેશમાં પ્લેગ ચાલતો હશે ત્યારે શું આપણે બદલે તેઓ અહીં મરવાને આવશે ? અને આજકાલ દુકાળ પડી રહ્યો છે ત્યારે જોઈએ છીએ કે જાપાનના ભંડારમાંથી કેટલાં ખેરાતી વહાણો અનાજ પાણી લઈને અહીં મોકલ્યાં આવે છે ?

નંદકિશોરઃ—"ના, ના, એવું તે વળી કોણ હશે કે પારકી પીડા વ્હોરી લે ? એમાંની તો દરેકેદરેક વાત અશક્યજ છે."

સુમતિઃ—"તો પછી જાપાની વસ્તુઓને સ્વદેશી કેમ સમજવી ?"

નંદકિશોરઃ—"એવું હું કયારે કહું છું કે જાપાની માલને સ્વદેશી ગણવો ?

સુમતિઃ—"તો પછી આ સાડી હું કેવી રીતે લઈ શકું ?

શા માટે તમે એ લઈ આવ્યાં ?"

નંદકિશોરઃ—"અરે ! તું સમજી નહિ. મારી કહેવાની મતલબ એવી છે કે જાપાની વસ્તુઓ જો કે આપણા દેશમાં તો નથીજ બનેલી તો પણ તે દેશ એશીયા ખંડમાંનો અને આપણી નજીકનો હોવાથી તેને સ્વદેશી સમાન સ્થાન આપવું જોઈએ."

સુમતિઃ—"કેમ ? શા માટે ?"

નંદકિશોરઃ—"એટલા માટે કે જો આપણે જાપાની વસ્તુઓ તરફ સ્વદેશી જેવો પ્રેમ ધરાવીએ તો આશા છે કે જાપાની લોકો પણ આપણને ઘણી ઘણી મદદ કરે, અને આપણા પર પ્રેમ રાખે."

સુમતિઃ—"હાયરે ! આશા ! તારૂં સત્યાનાશ જાય !! વરસોનાં વરસથી તું એ વિચારોને પકડી રહી છે, ને ઠોકરો ખમતી આવી છે, હવે તો જરા એને છોડ !"

નંદકિશોર એકદમ બોલી ઉઠયોઃ—"કેમ કેમ, જાપાનના તરફથી શું હિતની આશા નહિ રાખી શકાય ?"

સુમતિએ હસતાં હસતાં જવાબ આપ્યોઃ—"આપને ખબર છે ને ? **स्वार्थातुराणां न च बंधुमित्रे** (સ્વાર્થીઓને તો કોઇ પણ બંધુ કે મિત્ર હોતાજ નથી.) જે જાપાને પોતાના પાડોશી, પોતાનાજ ધર્મવાળા, અને વળી દુઃખમાં આવી પડેલા ચીન અને કોરીઆ તરફ જરા પણ રહેમ નજર બતાવી નથી, તે જાપાન ઉપર તે વિશ્વાસ કેમ રખાય ?

નંદકિશોર વિચારમાં પડી ગયો, થોડી વાર પછી તેણે જવાબ આપ્યોઃ—"હા, તારી વાત કંઇક બરાબર લાગે છે ખરી, પરંતુ હાલ થોડો વખત જાપાની ચીજ લઇએ તેમાં ખાસ વાંધા જેવું નથી; કારણ કે જ્યારે જરૂર પડશે ત્યારે તેનો પણ બહિષ્કાર કરી શકીશું."

સુમતિઃ—" જ્યારે એવો વખત આવશે ત્યારે તમે તેને છોડી નહિ શકશો; કારણ કે હમણાં તો સ્વદેશી બજાર આપણાં લોકોના હાથમાં છે, પણ તે જલદીજ જાપાની લોકોના હાથમાં જઈ પડવાની બીક રહે છે. જુઓને, આ લડાઇ પછી હિંદુસ્તાનમાં પોતાનો માલ ઘુસાડવા અને વેપાર હસ્તગત કરી લેવા તેઓ કેવાં મંડી પડયા છે? માટે અત્યારથીજ સાવધ રહેવુ જોઈએ, અને હિંદ, બ્રહ્મદેશ અને લંકાના માલનેજ સ્વદેશી સમજવો જોઇએ."

નંદકિશોરઃ—(હસીને) "અને જે વસ્તુઓ ન મળે તેનું શું કરવું ?"

સુમતિઃ—" આ સમયે જીવનનિભાવની કોઇપણ આવશ્યક વસ્તુઓ એવી નથી કે જે સ્વદેશી નહિ મળી શકે? અલબત તે કદાચ બહુ સુંદર ન હશે તે કબૂલ; પણ ગમે તેવાં ગાંડાં ઘેલાં પણ માના જણ્યાં હોય તે કંઇ ફેંકી દઇએ છીએ ?"

નંદકિશોર જરા હસીને બોલ્યો,—" ઠીક ત્યારે, હું તારાથી હાર્યો, પણ જરા કહે તો ખરી કે તેં આ વાત ક્યાંથી સાંભળી હતી, તારૂ ?"

સુમતિઃ—" કાલે બાપાજીએ ભાઈ પાસે દેશી સાડીઓ મંગાવી હતી પણ તે પણ જાપાની ઉઠાવી લાવ્યા હતા. આથી તેઓ ઘણા નારાજ થયા હતા, અને બધી સાડી પાછી મોકલી દીધી હતી. તેમણે કલાકો સુધી તેમને એ વાતની સમજણ આપી હતી અને અંતે ભાઈના ધ્યાનમાં તે વાત ઉતરી પણ ગઇ હતી."

નંદકિશોરઃ—(હસીને) "અને આજે શ્રીમતીની વાત મને પણ ગળે ઉતરી ગઈ!"

એટલું કહીને તે સાડી બદલાવવા બજારમાં ચાલ્યો ગયો.

(૨)

"લ્યો, સરકાર ! આપના હુકમ પ્રમાણે આ વખતે તો આ સેવક ખાસ સ્વદેશીજ સાડી લઈ આવ્યો છે." ઓરડામાં પગ મૂકતાંજ નંદકિશોર બોલ્યો.

સુમતિએ નંદકિશોરના હાથમાંથી સાડી ઉપાડી લીધી અને સારી પેઠે તપાસી જોયા પછી તેને પોતાના માથાપર મૂકતાં મૂકતાં કહ્યું:–

"આવો, સ્વદેશી સાડી બાઈ! મ્હારા પવિત્ર દેશમાં ગરીબ કારીગરોને હાથે બનેલી મ્હારી વ્હાલી સાડી ! આવ, પ્રથમ તો તને મ્હારે મસ્તકે ચ્હડાવું. પછી કાલે તો 'ત્રીજ' છે, એટલે પહેરીજ લઉંશ."

"અરે વાહરે મડમ સાહેબ ! તમે નોકર તો સારા રાખ્યા છે. મને પણ એકાદ દેશી સાડી તમારા નોકર પાસે નહિ મંગાવી દો ?" કમરામાં પગ મૂકતાં મૂકતાં સુમતિને તેની ભાભી સાવિત્રીએ મશ્કરીમાં કહ્યું.

ભાભીને જોઇને સુમતિ તો જરા ઝાંખી પડી ગઈ પણ નંદકિશોરથી રહી શકાયું નહિ; તેણે પોતાની સાળાવેલીને જણાવ્યું કઃ—

"તમે વકીલ સાહેબનાં ઘરવાળાં કહેવાઓ એટલે તમારા મિજાજની તો વાતજ ક્યાં થાય ? પણ સાથે સાથે પોતાની આ નણંદનેએ જરા બટકબોલી બનાવી દીધી !"

સાવિત્રીઃ—"જ્યારે તમે બી. એ. ની પરીક્ષા આપીને મુંબઈથી પાછા આવોને, ત્યારે તમારાં પુસ્તકો દરીઆમાં ફેંકતા આવજો, પછી હું પણ મારી નણંદનો બકવાદ છોડાવી દઇશ. સમજ્યાકની ?" નંદકિશોરે હસતાં હસતાં ઉત્તર વાળ્યોઃ–તમે દીલગીર શામાટે થાઓ છો, હું દરખાસ્ત રજુ કરીશ કે આ વખતની "**શૂર્પશાસ્ત્ર સાહિત્ય-પરિષદ**" (સૂપડાંશાસ્ત્ર–સાહિત્ય પરિષદ્) ના પ્રમુખસ્થાન પર

આપનેજ બેસાડવામાં આવે!"

સાવિત્રીઃ—જુઓ, મારી સાથે વધારે પંચાત કરશોને તો હમણાજ તમારા પ્રિન્સિપાલને ચિઠ્ઠી લખી દઇશ."

નંદકિશોરઃ—"તેમાં મારૂં શું જાય?"

સાવિત્રીઃ—"શું કેમ જાય? તમને કોલેજમાંથીજ કાઢી મૂકવામાં આવે તો!"

નંદકિશોરઃ—(હસતાં હસતા) ઓહો' ત્યારે તો તમે મારા પ્રિન્સિપાલ સાથે પણ ઓળખાણ ધરાવો છો' હવે તો "સૂપડાશાસ્ત્ર સાહિત્ય પરિષદ્" ના પ્રમુખ તરીકે જરૂરજ તમને ચૂંટવાં પડવાનાં'"

સાવિત્રીઃ—"ઓળખાણ નહિ શા માટે રાખીએ? તે તો અમારી નણંદના સગા સસરા લાગે છે ને!'" એટલુ સાંભળતાજ નંદકિશોર તો ત્યાંથી અગિઆરાજ ગણી ગયો અને નણંદ ભોજાઇ હસવા મંડી ગયાં.

૧૪

પોથી-પુરાણ

એક દિવસ સંધ્યાકાળે હું મારા એક મિત્રને મળવા ગયો
ણુ દિવાનખાનામાં તેને નહિ જોવાથી ઘરના અંદરના ભાગમાં જઇ
ડોકિયો. અમે બચપણના સાથી હતા. હું તેના કુટુંબમાં એટલો
ધો ભળી ગયો હતો, કે સઘળાં માણસો મને પોતાનાજ કુટુંબનો
ણીને મારા પર સ્નેહ રાખતાં. બારણામાં પગ મૂકતાંજ મે કોલા-
ન સાંભળ્યો અને આગળ જઇને જોઉં છું તો મારા મિત્રની ત્રણ
હેનો એક બિલાડીનો પગ દોરીથી બાંધીને ઘણીજ નિર્દયતાથી તે
ચારીને આમ તેમ ઘસડી રહી હતી. બીજી તરફ તેનો નાનો ભાઇ
લા પાસે બેસીને રાખની ગોળીઓ વાળી રહ્યો હતો. મારો મિત્ર
મો ઉભો છોકરીઓને ધમકી આપી રહ્યો હતો પણ સાંભળેજ કોણ?
જાણ્યું કે આ નગારાની ધૂનમાં તતૂડીનો અવાજ સંભળાશે નહિ
ટે કંઇ પણ કહેવું વ્યર્થ છે. પણ આવો નિર્દય તમાસો હું કયાં
ની જોઇ શકું? તરતજ એક બાજુએ પડેલા મેજ પર હું બેસી
યો, અને મારા હાથમાં એક કાવ્યસંગ્રહનું પુસ્તક હતું તે ઉઘા-
ને તેમાંથી "ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણીરે" એ જશમા
ડણની ગરબી ઉંચે સ્વરે ગાવા લાગ્યો.

એકાદ કડી લલકારી એટલામાંજ વિજળી જેવી અસર થઇ
ઇ. બિલાડી બિલાડીને ઠેકાણે રહી ગઇ, અને બધી છોડીઓ દોડી
વીને મારી આસપાસ વિંટાઇ વળી. ગરબીનો રાગ ઘણો સુંદર

હતો અને ભાવ પણ ઝટ સમજી શકાય એવો સરળ અને બધાંને રુચે એવો હતો. વળી મેં પણ જરા દિલ ખોલીને લલકાર્યું હતું એટલે તે બધાં મારી સાથે એકતાન થઇ ગયાં. છોકરીઓ ભણવા જતી એટલે તેમને કંઇક કંઇક વાંચતાં આવડતું હોવાથી તેઓ પણ ચોપડીમાં ડોકાવી ડોકાવીને મારી સાથે સૂર પૂરવા લાગી. ઘરમાં કોલાહલને ઠેકાણે મધુર સંગીતધ્વનિથી શાંતિનું રાજ્ય ફેલાઈ રહેલું જોઇને રસોડામાંથી માજી પણ ત્યાં આવી પહોંચ્યાં, અને આ અદ્‌ભુત લીલા જોઈને ચકિત થઈ ગયાં. મારી પ્રશંસાનો તો એમણે પૂલજ બાંધી દીધો અને પોતાનાં છોકરાં તરફ આંગળી બતાવીને કહેવા લાગ્યાં કેઃ—

"ભાઇ, આ છોકરીઓ તો હત્યારીજ છે અને છોકરો પણ તેવોજ! કોઈ બિલાડીને બાંધે તો કોઇ કુતરાંના બચ્ચાંને બાથ ભરે. કોઈ દેવતા સાથે ખેલ કરતું હોય તો કોઇ ચપ્પુ છરી ઉછાળતું હોય. પ્રભુ તોબા એ છોકરાંઓથી! હું તો હવે છેકજ કંટાળી છું. કહી કહીને થાકી પણ માનેજ કોણ? આ તારો ભાઇબંધ બાપુ પણ ઘણીએ ધમકી આપે છે અને મારઝુડ કરે છે પણ એમ તે કંઇ છોકરાં સુધરતાં હશે? એથી તો ઉલટાં નફ્ટ થઇ જાય. આમ તારી પેઠે ઘરમાં બેસીને સારૂં સારૂં વાંચતો વંચાવતો હોય તો પછી આટલી ધીંગામસ્તી શાની રહે? આઠે પહોર ઘરમાં બસ શોર બકોરજ મચી રહે છે અને કાન પડયું સંભળાતું પણ નથી; ને માથાં દુઃખી જાય છે, તેને બદલે જુઓને, આજે કેવાં બધાં શાંત થઈ ગયાં છે! હા, કોઇક વખત ભય પણ બતાવવો પણ આવું થતું રહે તો પછી તેનીએ જરૂર ન રહે.

વચમાં મોટી છોકરી બોલી ઉઠી;—મા, મા, મને પણ આવી ચોપડી મળે તો આખો દિવસ વાંચ્યાજ કરૂં અને સારી સારી કવિ-

તાઓ તો બસ મોઢેજ કરી દઉં. ગીત શીખવાને તો હું જેનાં તેનાં મોં જોયા કરૂં છું. પેલી કુંદન બે ચાર લીટી બતાવે છે પણ તે બિચારીને તેના ઘરનાં જરાયે નવરી બેસવા દે ત્યારેને? ભાઇ શીખવતા હોય તો પછી મારે શું કામ કોઇનાં ઓશિયાળાં થવું પડે? અને મા, અમને સારૂં સારૂં વાંચવાનું મળતું હોય તો પછી અમે તોફાન કરીને તારૂં માથું દુ:ખવવા પણ નવરાંજ ક્યાંથી પડીએ?"

આ સાંભળીને મને ઘણો આનંદ થયો. કાવ્યનો આવો ચમત્કાર આટલાં નાનાં બાળકો ઉપર મેં કદી પણ જોયો ન હતો. ક્યાં તે ભાઇની ધમકીને પણ હવામાં ઉડાવનારી તોફાની બાલિકાઓ ને ક્યાં આ ક્ષણવાર પછીની શાંત મૂર્તિઓ! મને ખાત્રી થઈ કે ખરેખર ગાયનના શબ્દોમાં મંત્ર જેવો કંઇક પ્રભાવ રહેલો છે, અને શબ્દ—બ્રહ્મ કહેવાય છે તે યથાર્થજ છે. એનાજ વડે આપણે સંસારમાં ધર્મ, સુખશાંતિ અને સભ્યતાનો સારી પેઠે સંચાર કરીને સૃષ્ટિને આનંદમય બનાવી શકીએ તેમ છીએ. હું આવા વિચારોના તરંગમાં ઝિલતો કંઇક ગણગણવા લાગ્યો;—

" संसारविषवृक्षस्य द्वे एव रसवत् फले ॥
काव्यामृतरसास्वादः संगमः सज्जनैः सह ॥ "*

મારી આવી સ્થિતિ જોઇને માજી બોલ્યાં,—ભાઈ, હમણા તેં શુ ગાયું? અમને સંભળાવશે કે તું એકલોજ સમજીને બેસી રહીશ?" આથી મેં એ શ્લોક ફરીથી ગાયો અને તેમને અર્થ કહી સંભળાવ્યો.

વિદ્યાની (કાવ્યની) આટલી મહત્તા સાંભળીને તે બોલી ઉઠ્યા,—"બેટા, મને સારાં સારાં પુસ્તકોની એક યાદી કરી આપ, કે

---

* " સંસાર વિષવૃક્ષે છે, બેજ આ મધુરાં ફલ;
કાવ્યામૃત તણો સ્વાદ, સંગમ સજ્જનો સહ."
ભૂમિપુત્ર.

તે સઘળાં મંગાવી લઉં." મેં કહ્યું, માજી યાદી તો તૈયારજ છે. "સાહિત્ય", "સુંદરી સુબોધ" અને "લાયબ્રેરી મિસલેની" માસિકોમાં તે પ્રકટ થઇ ચૂકી છે; છતાં હું તમને તેમાંથી પણ તારવી કાઢીને બીજી યાદી કરી આપીશ, પણ હમણા તો પુસ્તકના સંબંધમાં તમારો અભિપ્રાય કેવો છે અને તમે તે સંબંધમાં શું સમજો છો તે મને જરા જણાવશો?"

આથી તેઓ મનમાં કંઇક લજ્જિત થઇને બોલ્યાં:—

"ભાઇ, સાચું પૂછો તો હું તો આજ સુધી એમજ ધારતી હતી, કે પુસ્તકો વાંચવાથી કેવળ નોકરીનેજ લાયક થવાય છે, માટે જેમને નોકરી નહિ કરવી હોય તેમને તે વાંચવાની જરૂરજ નથી; પરંતુ હવે મારો તે ભ્રમ ભાગી ગયો છે, અને આજના બનાવથી હું સમજી છું કે સારાં પુસ્તકોથી વખત સારી રીતે જાય છે અને નકામા વિચારો તથા કામોથી દૂર રહેવાઇને અવકાશનો વખત સારા વિચારોમા અને આનંદમાં વીતે છે.

મે કહ્યું: માજી આપ ખરૂ કહો છો. મારા અનુભવ પ્રમાણે તો પુસ્તકોની મહત્તા જો તેની પસંદગી સારી કરતાં આવડે અને તેનો સારી રીતે લાભ લેતાં આવડે તો આપ કહો છો તે કરતાએ બહુ વધારે છે.

કેટલાંક પુસ્તકો તો બીલકુલ હાથમાંજ લેવા જેવાં હોતા નથી, કેટલાંક પુસ્તકો ઉપર ઉપરથી નજર નાખી જવા જેવાંજ હોય છે, અને કેટલાંક એકાદ વખત વાંચી જવા લાયક હોય છે, કેટલાક ધ્યાન-પૂર્વક ઘણો વખત ગાળીને વાંચવા જેવાં હોય છે, અને કેટલાંક તો આખી જીંદગી સુધી સદા–સર્વદા સાથેજ રાખીને પાઠ કરવા જેવાં હોય છે, અર્થાત્ તેમના શબ્દેશબ્દ વાટી ઘૂંટીને પી જવા જેવાં હોય છે. છેલ્લા બે પ્રકારવાળાં પુસ્તકોનો સંગ્રહ તો દરેક માણસે જેટલો બની શકે તેટલો કરવોજ જોઇએ. આ વખતમાં બાળકો માટે તેમને

લાયક, સ્ત્રીઓને માટે તેમને લાયક, વૃદ્ધો માટે વૃદ્ધોને લાયક અને યુવકોને માટે તેમને લાયક પુસ્તકો, કેટલાંક તો બહુજ સારાં સારાં નીકળેલાં છે. યથાશક્તિ તે સર્વ પ્રકારનાં પુસ્તકો ખરીદીને ઘરમાંનાં સર્વ મનુષ્યોને તેનો લાભ મળે તેમ કરવું જોઇએ. ગરીબ સ્થિતિ હોય તો ગામની લાયબ્રેરીનો લાભ લેવો એ પણ સારૂં છે; પણ આપના જેવાં કુટુંબો તો પુસ્તકો ખરીદવાનુંજ ધોરણ રાખે એજ સારૂં. કારણ કે એથી પોતાની ઇચ્છામાં આવે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય છે, ગ્રંથકારને ઉત્તેજન મળે છે; અને વળી આડોસીપાડોશીઓ, સગાં વહાલાં, તથા ઓળખીતાં માણસો પણ તે વાંચવાનો લાભ લઇ શકે એ વાત તો જુદીજ.

મારૂં આ લાંબું પહોળું ભાષણ સાંભળીને માજી જરા કંટાળો ખાઇને બોલ્યાં, કે બસ થયું, વાતોમાંજ મને રાજી કરવી છે કે પુસ્તકોની યાદી કરી આપવી છે? આજ નજરોનજર તમે જે ગાઇ અને વાંચી સંભળાવ્યું તેનો લાભ મેં જોયો અને અનુભવ્યો છે. અમે સ્ત્રી જાત ભોળી તો ખરી, પણ જે વાત અમારે ગળે ઉતરી જાય તેમાં પછી અમને વધુ સમજાવવું પડે તેમ નથી.

મેં તેમની ક્ષમા માગી, અને કહ્યું, કે આપનું કહેવું ખરૂં છે. હું તો સ્ત્રીઓને દેવી—અરે સાક્ષાત્ લક્ષ્મી સમજું છું. તમારી સમજશક્તિ માટે મને બહુજ માન છે. કારણ કે એક ડગલું બતાવતાં તમે ચાર ડગલાં આગળ ભરી શકો છો.

જુઓ, પુસ્તકો માટે તમે આજ પહેલાં વિચાર પણ ન કર્યો હતો! છતાં આજ તે વાત સમજાઇ કે તરતજ તે મંગાવવાનો વિચાર પણ નક્કી કરી દીધો. એટલી તત્પરતા તો અમો પુરુષવર્ગમાં પણ સર્વને હોતી નથી. હજી તો પુસ્તકો આપના ઘરમાં આવ્યા પછીજ આપ અને ઘરનાં બાળકો વગેરેને તેના બીજા લાભ સમજાશે. જુઓને!

તમે લોકો (સ્ત્રીઓ) વાતચિત પણ કેવી છેક અશુદ્ધ ભાષામં કરો છો? જરા કઠણ શબ્દ આવ્યો કે તે બિચારાના બે ત્રણ અવતાર થઇ ગએલા સમજવા! વળી તમને તમારા હૃદયના વિચારો અને ભાવો બરાબર રીતે દર્શાવવાને પૂરતા શબ્દો પણ મળતા નથી અને તેથી કેટલીક વખત તો છેક નાનાં બાળકોની પેઠે તમારે પણ અધુરૂં અધુરૂં બોલીનેજ શરમાઈ રહેવું પડે છે! કોઇ કંઇ કહેતુ હોય તેમાં જરા પણ બારીકી આવી જાય એટલે તમે તે સમજીજ શકતાં નથી. આવા આવાં કારણોથીજ વિચાર કરવા જેવા વિષયે પર તમારી સાથે પુરુષો વાત કરી શકતા નથી. અને તેથી મા: તેઓ ઘરધંધાને લગતા કે હસવાના બે બોલ બોલીનેજ ચૂપ રહે છે. ધર્મ, સાહિત્ય, કળા, અને વિજ્ઞાન વગેરેની સારી સારી સમજવા જેવી અને ઘણી રીતે લાભ આપનારી તથા મનને આનંદ આપનારી વાતો કેવળ પુરુષમંડળીમાંજ ચર્ચાયા કરે છે, આથી તેમના ઉચ્ચ વિચાર અને અભિલાષાઓ જાણવાનું અને સમજી શકવાનું તથા તેમાં ભાગ લેવાનું તમારાથી બની શકતું નથી. એકજ ઘરમાં કે ઓરડામાં સાથે રહેવા છતાં પણ પુરુષો જાણે જુદીજ સૃષ્ટિમાં રહેતા હોય એમ થઇ પડે છે અને તમારે માટે તો અંધકારજ! જ્યારે ઘરના માણસોનો સદાનો સહવાસ છતાં પણ તેમને પાસેથી વાંચતાં શીખવા જેટલો અને તે પણ ન બને તો આગ્રહથ માગણી કરીને સારાં સારાં પુસ્તકો તેમની પાસે વચાવીને તે સમજવા જેટલો લાભ પણ તમે લઇ શકો તો પછી એવી દશા તમારી શા માટે રહે? ઘરમાં સલાહ–મસલત કરવાની કે નવી નવી વાતચીત કરીને આનંદ લેવાની યોગ્યતાજ ન હોય એટલે બિચાર પુરુષો સાંજે, સવારે કે રાત્રે પણ પોતાના મિત્રો સાથે બે ઘડી આનં લેવા જાય ત્યારેજ શાંતિ વાળે! તમારે નહિ બહાર હરવા ફરવાન

કે નહિ ધંધારોજગારનો અનુભવ મેળવવાનો. વળી ઘરકામ આડે તમને પરસ્પર સ્ત્રીઓનો સમાગમ કરવાનું પણ ઝાઝું પરવડે નહિ. ને નાતજાત કે સારા નરસા પ્રસંગે કોઈ કોઈ વખત મળવાનું થાય તો પણ ભણી ગણીને કાંઇ વાંચ્યુ તો હોય નહિ એટલે પછી "ચાર મળે ચોટલા તો ભાગે ઘર ઓટલા" તેની પેઠે બસ નિંદા અને નકામી કુથલી કરવાનુંજ કિસ્મતમાં લખાયલું હોય ! માટે મને તો એમજ લાગે છે કે તમારે માટે તો પુસ્તકો એ સાક્ષાત્ દેવતા-સ્વરૂપજ છે. પુરુષો કરતાં પણ તમારે માટે તે વધુ જરૂરનાં છે.

જ્યા સુધી સારા સારા વિચારો અને જરૂરી વિષયોનું જ્ઞાન તમો (સ્ત્રીઓ) નહિ મેળવો ત્યાં સુધી હિંદુસ્થાનની ઉન્નતિનાં સઘળાં દ્વાર બંધજ છે. અમે પુરુષો ગમે તેટલું બોલીએ કે કરીએ પણ ઘર રૂપી ગાડાનું સ્ત્રીરૂપી એક પૈડું જ્યાં સુધી ખરાબ હોય ત્યાં સુધી અમારાથી ખરૂ જોતાં ઉન્નતિનો માર્ગ કપાવો બહુજ કઠિન છે.

માજી અહીં વચમાંજ બોલી ઉઠયાં "ભાઇ તે કેમ મનાય ! જગતમા મોટા મોટાં કામ તો પુરુષોજ કરી ગયા છે કાંઇ સ્ત્રીઓએ કર્યા નથી !"

મેં ઉત્તર આપ્યો—એ વાત દેખીતી રીતે ખરી છે, પણ એવા મોટા માણસો પોતેજ કહી ગયા છે, કે એ મોટાઇ મેળવવાની લાયકાત તેમને આપનાર તેમની માતાઓજ હતી. અને ઘોડીયામાં, ધાવણમા તેમજ બાલ્યાવસ્થામાં તેમણે તેમનાં કુમળાં હૃદયોમાં રેડેલા ધર્મના, બહાદુરીના અને એવા એવા ઉત્તમ વિચારોથીજ તેઓ મોટા બની શક્યા હતા. આપણા દેશને જુલ્મી રાજ્યમાંથી મુક્ત કરનાર મહારાજ શિવાજી અને આખા યુરોપને ધ્રુજાવી નાખનાર નેપોલીયન જેવા મહાન પુરુષોનાં જીવનચરિત્રો એ વાતની સાક્ષી પુરે છે.

માજી બોલ્યાં:—ભાઇ ! ત્યારે એ જીવનચરિત્રો તો મ્હારે સર્વેથી પહેલાંજ મંગાવવાં છે. લે આ પૈસા લેતો જા અને મને તે

હાલને હાલ મંગાવી આપ.

મેં કહ્યું–માજી એવાં તો સ્ત્રીઓ તેમજ પુરુષોનાં ઉત્તમ ચરિત્રોનાં કંઇએક પુસ્તકો મુબઇના "સસ્તા સાહિત્ય" ખાતામાંથી નીકળેલાં છે. એ સર્વની યાદી હું તમને કરી આપનાર છું એટલે સામટાંજ મંગાવી લેજો. અને એ ખાતામાંથી નીકળતી ચરિત્રમાળાના ગ્રાહક તરીકે નામ નોંધાવવા આજેજ હું લખી દઇશ. તમારી આવી આતુરતા જોઇને આજ હું બહુજ રાજી થયો છું. પેલા એક 'પઢીયાર' કરીને કહેવાય છે તેમનાં પુસ્તકો "સ્વર્ગની સુંદરીઓ" "સંસારમાં સ્વર્ગ" વગેરે નીકળેલાં છે તે વાચીને પણ તમે બહુ આનંદ સાથે ઉપદેશ મેળવશો. એ વિના બીજે ઠેકાણેથી પણ કંઇએક સારાં સારાં પુસ્તકો નીકળેલાં છે તે સર્વની યાદી તારવી તારવીને હુ તમને કરી આપીશ. એ પુસ્તકો ઘરમાં આવતાંની સાથે એક વર્ષમાંજ ઘરનો રંગ બદલાઇ ગયેલો અને તમારૂ મન પણ વધુ આનંદી અને રૂચ્ય બનેલું તમે જોશો. સારા પુસ્તકોનું સેવન એ સ્ત્રીવર્ગ માટે કેટલું બધુ ઉપકારક છે એ વિષયપર હજી મને બહુએ કહેવાનુ મન થઇ આવે છે. જગતની અને સમાજની વાતોથી અજ્ઞાન રહેવાથી તમારા મગજમાં સાંકડાપણું આવી જાય છે, હૃદયમા અને વિચારોમાં પણ ક્ષુદ્રતા આવી જતી જણાય છે, અને તેથીજ "સ્ત્રીની બુદ્ધિ પાનીએ" એવી કહેવત પડી ગઇ છે; એ કલંક પુસ્તકોના વાચનથી જ્ઞાન પ્રાપ્ત કરીને હવે તમારે ધોઇ નાખવું જોઇએ. આજે તમે લોકો કોઇ પણ વિષય ઉપર તમારો અભિપ્રાય આપી શકવાની શક્તિથી રહિત બની ગયાં છો, ગાડરાંનાં ટોળાંની પેઠે તમે ગમે તે એક બાજુએ દોરાઇ જાઓ છો, અને પોતાના વિચારમાં પણ દૃઢ રહી શકતાં નથી એટલા માટે પણ તમારે પુસ્તકોની મદદ લેવી જરૂરની છે.

જો તમે દશવીશ ગ્રંથો એક વાર જોઇ લો તો પછી ચાહે

ગમે તેવો પ્રશ્ન પણ ક્યાં સામે નહિ આવે! તમે અવશ્ય તે સંબંધમાં કંઇ પણ કહીજ શકો, ગમે તેવો પ્રસંગ આવે તો પણ તમારૂં કર્તવ્ય નિશ્ચિત કરી શકો અને અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ તમે છુટકારાનો ઉપાય શોધી શકો અને પુરુષો આગળ ગમે તે વિષયને લગતો પોતાનો સિદ્ધાંત રજુ કરવા સમર્થ થઈ પ્રતિષ્ઠા મેળવી શકો એમાં નવાઈ નથી. કદાપી કોઇ દોઢ ડાહ્યું માણસ તમને એમ પણ કહેનારૂં મળી આવે કે "પુસ્તકો વાંચ્યાથી શું વળે? આપણી રહેણી સુધારો એટલે પત્યું" તો તેમના એ અર્ધા સાચા ને અર્ધા જૂઠા વચનથી ભોળવાઇને પુસ્તકોપર અભાવ લાવવા જેવું નથી. કેમકે એવાં માણસ બિચારાં એટલું પણ નથી સમજતાં કે સારૂં શું ને ખોટું શું? તે સમજ્યા વિના રહેણી સુધરે ક્યાંથી અને સમજ્યા છતાં પણ વારંવાર ટકોર તથા યાદી મળ્યા વિના એકદમ તે સુધરી ક્યાંથી જાય? માટે સારાં પુસ્તકો સારા નરસાનો વિવેક શીખવવા સાથે વારંવાર અનેક રીતે અનેક પ્રસંગદ્વારા આપણને ભલા થવાની ટકોર કર્યા કરતાં હોવાથી રહેણીના માર્ગમાં પણ આપણને આગળ વધારવાનું કામ એક સારા ઉપદેશક કરતાં પણ વધુ સારી રીતે બજાવે છે. કારણ કે તેનો ઉપદેશ તો અમુક દિવસે અને કલાકેજ મળે, ને તે વખત બીજું કામ હોય તોપણ તે મૂકીનેજ જવું પડે, અને આ પુસ્તકરૂપી ઉપદેશક તો જ્યારે પણ અવકાશ મળે ત્યારે તૈયાર! ના જોઇએ તેને પૈ પૈસો દક્ષિણાનો કે ના જોઇએ સીધુ સામાન! બોલતાં બોલતાં માજીના ચ્હેરાપરથી હું જોઈ શક્યો કે તેઓ મારા શબ્દેશબ્દને બહુજ આનંદથી ખરો માનતાં હતાં અને એકી ટસે મારા સામુ જોઈ રહીને એક પ્રકારનો 'ત્રાટક'જ જમાવી બેઠાં હતાં! પણ એટલામાંજ મને યાદ આવ્યું કે મેં એમની વાત તો બાજુએજ મૂકી દીધી છે. ઠીક, હવે તે વાત ઉપાડીને એમને

ખુશ કરૂં, આથી મેં કહ્યું, "કેમ માજી, તમે તો કહેતાં હતાં કે પુસ્તક એ મનને બે ઘડી આનંદ પમાડવાની ચીજ છે?"

પણ જુઓ, જેમ કોઈ વાણીઓ કાગળને પડીકાં બાંધવાની ચીજ માને છે, તે ઉપરથી કાંઈ કાગળોનો એટલોજ ઉપયોગ છે એમ કહેવું ભૂલભરેલું છે, તેમ આપનું એ કહેવું પણ તેટલુંજ ભૂલભરેલું છે. અલબત્ત, કેટલાંક પુસ્તકો એવાં પણ છે ખરાં કે જે માત્ર આનંદજ આપવાનું કામ કરે છે, પણ લોકોમાં તેવાં પુસ્તકોનો દરજ્જો પણ બહુ ઉચો ગણાતો નથી. માટે જો એવાં અને મનને હલકા વિષયો તરફ ઉશ્કેરનારાં પુસ્તકો ભૂલેચૂકે પણ ઘરમાં વસાવ્યાં તો જરૂર ઠોકર ખાશો, અને બે ચાર પુસ્તકો વાંચી કંટાળી જઇને તે ઉપરથી પાછો મને દોષ દેશો."

માજી બોલ્યાં:—"કહે ભાઈ કહે, જે કહીશ તે સુખે સાંભળીશ. નવા લોકો નવી વાત! ઠીક, આગળ ચાલવા દો."

મેં જરા ભારેખમ થઇને જણાવ્યું, "માજી, સાંભળો, દિલ તો ગંજીફા રમવાથી કે નટ, મદારીના ખેલ જોવાથી પણ ખુશ થાય છે તો પછી પુસ્તકોમાં શી વિશેષતા રહી? એટલું ખરૂં કે દિલને આનંદ આપવાનાં જેટલાં સાધનો છે તે સર્વમાં પુસ્તકોનો માર્ગ નિરાળોજ છે, તે હલકી જાતના મશ્કરીઠઠ્ઠામાંથી બચાવીને મનને નિર્દોષ હાસ્યવિનોદ આપી શકે છે. મૂર્ખ અને વિદ્વાનના આનંદો અને વિનોદોમાં એજ મોટો તફાવત રહેલો છે. કહ્યું છે, કે:—

* काव्यशास्त्रविनोदेन कालोगच्छति धीमताम् ।
व्यसनेन च मूर्खाणाम् निद्रया कलहेन वा ॥"

એનો અર્થ સમજાવ્યા પછી મેં આગળ જારી રાખ્યું:—"આવો

* "કાવ્યશાસ્ત્રવિનોદમાં કાળ સુજ્ઞનો જાય;
વ્યસન ઉંઘ કે કલહમાં મૂર્ખ તણો ખોવાય."

પુસ્તકોનો આનંદ એક વખત પણ જેણે લીધો હોય છે તેને પછી કદી પણ ઠઠ્ઠામશ્કરીમાં ગમ્મત પડશે નહિ અને તેનું મન કોઇ ઉંચા વિચારમાં કે પુસ્તકમાંજ લાગેલું રહેશે. પણ શું દરેક માણસ દરેક સમયે આનંદ મેળવવાજ વાંચતો હશે? ના, તેમ નથી. એવા આનંદને માટે તો બહુ થોડોજ સમય કાઢી શકાય છે. બાકી સંસારભરમાં સુખ મેળવવા કરતાં તો દુઃખનિવારણની ચિંતા અને પ્રયત્નમાંજ માણસોનો ઘણો કાળ ગુજરે છે. પગલે પગલે સંકટ, મોહ અને ક્લેશોની સામે થવું પડે છે. એવે સમયે પુસ્તકો શું શું કરી શકે છે તે જુઓ.

આ જગતમાં એવાં તો થોડાંજ માણસો હશે કે જેમને ધનનો કે મનુષ્યોનો ક્ષય નહિ નડયો હોય, કે જેમનાં માનમર્યાદાનો ભંગ ન થયો હોય. મોટે ભાગે એવાજ લોકો મળી આવશે કે જેમને તરેહતરેહનાં માનસિક કે શારીરિક દુઃખો અને નિરાશા ખમવાં પડયાં હશે.

ધારો કે કોઈ એક સ્ત્રીનો એકનો એક વહાલો પુત્ર કે ભાઇ વરસ છ મહિનાને માટે તેની પાસેથી વિદાય થાય છે ત્યારે તે પોતે સ્વસ્થ રહીને તેને બારણાં સુધી વળાવવા કેવી રીતે જઇ શકશે? અને તેના જવા પછી પણ તે બેઠી બેઠી રાત દિવસ ચિંતા કર્યા કરે તો તેની કેવી દશા થાય? અને એજ પ્રમાણે કદાચ કમનસીબે કોઇને પોતાના આત્મીય સ્વજનનો જિંદગીભરનો વિયોગ થઇ જાય તો તેનો એકાંતમાં કેવી રીતે સમય વીતી શકે? તેની વ્યાકુળતા અને મનોવેદનાનું વર્ણન શું થઇ શકે એમ છે? આવેજ વખતે ભણેલા અને અભણ વચ્ચેનો તફાવત જણાઇ આવે છે. બન્નેનાં સાહસ અને સહનશીલતામાં કેટલો મોટો ભેદ પડે છે? હું તો માનું છું કે આ દુનીઆમાંથી કદાચ વાંચવા લખવાનાં સાધનો એકાએક લઇ લેવામાં આવે તો કોણ જાણે કેટલાંએ માણસોની છાતી શોકથી ચૂર્ણ થઇ

જાય અને કેટલાંએ જીવનોની આહુતિ અપાઈ જાય! પુસ્તકો એ એક એટલી બધી આકર્ષક અને આશ્વાસનજનક વસ્તુ છે, કે આપણા એક કવિએ તો એટલે સુધી કહ્યું હતું કેઃ—

" જીવીશ હું હવે પુસ્તકો થકી,
મરીશ હું હવે પુસ્તકો મહીં."

તમે જાણો છો? પુસ્તકોમાં કેવું કેવું જ્ઞાન ભર્યું હોય છે? સૃષ્ટિના આરંભથી માંડીને મનુષ્યોએ આજ સુધી જેટલા જેટલા વિચારો અને નિર્ણયો આત્મા—પરમાત્મા, લોક—પરલોક અને ધર્મ—અધર્મ વગેરે બહુજ મહત્ત્વના વિષયોના સંબંધમાં કર્યા છે, તે સઘળાનો એમાં ઉલ્લેખ હોય છે. સાહિત્યમાં એવાં કેટલાંએ નાટકો અને કાવ્યો છે કે જે ઉત્તમ ઉપદેશોના ભંડારરૂપ હોય. એ ઉપરાંત અનેક ઉચ્ચ કોટિનાં ભજનો અને પ્રતાપી સ્ત્રીપુરુષોનાં ચરિત્રોથી સાહિત્યનો ભંડાર ભરપૂર છે. હજારો વર્ષના અનુભવોનો તે ખજાનામાં સંગ્રહ થએલો છે. તેનાથી પૂર્વ પુરુષોને જે માર્ગે ચાલવાથી સુખ—દુઃખ, લાભ—હાનિ અને માન—અપમાન મળ્યા હોય તેની આપણને ચેતવણી મળી શકે છે. સંકટમાં આવી પડવા છતાં તેમણે કેવી રીતે સત્ય, ધર્મ અને ન્યાયનું પાલન કર્યું હતું તે વાત આપણી નજર સમક્ષ તરતી રહીને આપણને પાપમાર્ગથી બચાવે છે. જે ધર્મવ્રતથી ચિતોડની એક નહિ પણ અનેક રમણીઓએ પોતાનાં શરીર ભસ્મીભૂત કરી દીધાં હતાં તે ગૌરવભરી વાતોથી શું અમારી બ્હેનો વિમુખ રહેવી જોઇએ? જે શાહજહાંનની પિતૃભક્ત પુત્રી જહાનઆરાએ પોતાના પિતાની સેવાને માટે રાજમહેલના વૈભવો અને પુષ્પની પથારીનો ત્યાગ કરીને એક અંધારી ઓરડીમાં પોતાના યૌવનકાળના દિવસો ગુજાર્યા હતા તે વાત પર અમારી બ્હેનો શું ઓછી ભક્તિ રાખશે? આવી આવી અનેક પ્રાચીન સમયની વાતોનાં રેખાચિત્ર ઇતિહાસ અને

જીવનચરિત્રોનાં પુસ્તકોના એકેએક પાનામાં અંકાઇ રહેલાં છે. જેથી તે દરેક યુગનાં સાહસ, ઉત્સાહ અને બીજા અનેક સદ્‌ગુણોનું આપણને ભાન થઇ આવે છે અને જાણે કે અજાણે તે તે ગુણો તરફ થોડાં ઘણાં પણ ખેંચાયા વિના આપણે રહી શકતાં નથી. આવી પુરાણી વાતો સાંભળ્યા પછી તમે પોતાને એકલાં કદી પણ નહિ સમજતાં, કહેવા મંડશો કે, ધર્મ અને ઇશ્વર અમારી સાથે છે. આ પ્રમાણે પુસ્તકો હંમેશને માટે તમારા માર્ગદર્શકનું કામ બજાવશે. દુઃખમાં, રોગમાં અને શોકમાં પણ તે તમારી પાસેજ રહેશે, તમને સલાહ આપશે અને કદાચ તમારાં સગાંવહાલાં પણ તમારો સાથ છોડી દેશે ત્યારે પણ એતો તમને મદદજ કર્યા કરશે. એની સાથે તમે હંમેશાં વાત કરવાનું રાખો, એ તમને તમારા આર્યાવર્તના ગૌરવની અને બીજા દૂર દૂરના દેશો—મિસર, રોમ, અને યુનાનની પુરાણી અદ્‌ભુત કથાઓ પણ સંભળાવશે. તમે જ્યારે ચાહશો ત્યારે એ સદાના સરળ મિત્રો તમારી સાથે હૃદય ખોલીને વાત કરવાને સદા તમારી વાટ જોઇ રહીને તૈયારજ બેઠેલા જણાશે. આ પુસ્તકરૂપી મિત્રો તમારાથી કદી પણ કંટાળતા કે રીસાતા નથી કે એને કોઇ પણ વ્યક્તિનો પક્ષપાત નથી. જેવી મમતા ને એકાગ્રતાથી માણસ તેને જુએ છે તેવું તે તેનું કલ્યાણ કરે છે. નિર્જન સ્થાનમાં કે માણસોની મેદનીમાં પણ તમે તેના તરફ ધ્યાન દેશો કે તરતજ તે તમારી સાથે વાતો કરવા માંડશે અને તમને સહનશક્તિ, દૂરદર્શિતા, અને આત્મબળ વગેરે જે ચાહશો તે સર્વ કાંઇ પણ બદલા વિના કે પડદો રાખ્યા વિના તમારાથી લેવાય તેટલું લેવા દેશે.

પુસ્તકોમાં જેમ જેમ તમે વધારે લીન થતાં જશો તેમ તેમ અગાધ જ્ઞાનથી તમને અપૂર્વ શાંતિ મળતી જશે, કદી કદી તમે આનંદમગ્ન થતાં જશો, કદી વીરતા અને ઉત્સાહનો ફુવારો હૃદયમાં ફૂટી રહેલો તમે

અનુભવશો અને કોઈ વેળા પોતાનું સર્વસ્વ અર્પણ કરીને જગતના જીવોનો જડતા અને માયામાંથી ઉદ્ધાર કરવાની સ્ફુરણા પણ પામશો."

મને એક્કે શ્વાસે બોલતો જોઇને માજી બોલ્યાંઃ—"ભાઇ ઉતાવળ શા માટે કરે છે? બાકીનું કાલે સાંભળી લઇશ. જુઓને આજે તો આ લોટ તૈયાર પડયો છે, થોડીક વડીઓ બનાવવી છે. ભલા, ખોટું ન લગાડીશ હોં!"

નિરુપાયે મેં મારૂ ફોનોગ્રાફ અટકાવ્યું, અને વખત ઘણો થઈ ગએલો હોવાથી હું વિદાય લઇ ચાલવા લાગ્યો, પણ માજીએ વળી મને રોક્યો, કે "અરે પેલી યાદી, પુસ્તકોની યાદી?"

અવસર જોઇને મેં કહ્યું, "માજી, વૈદ દવા આપે પણ સાથે અનુપાન ન કહે તો તેના ગુણમાં ખામી આવે છે માટે મારી બીજી પણ બે વાતો હજી સાંભળી લો, પછી યાદી લખી આપું છું."

એટલામાં મારા મિત્રની ફોઇ પણ બે ચાર છોકરીઓ સાથે ત્યા આવી પહોંચી. તેણે મને પૂછ્યું, "શું ચાલી રહ્યું છે?" મેં કહ્યું, "તમે તો તમારા ધંધામાં લાગી રહ્યાં હતાં ને!" તેણે જવાબ આપ્યો, "અરે શેનો ધંધો? આ છોકરીઓના પગે મેંદી તો મૂકતી હતી, મને જરા બોલાવી કેમ નહિ?"

મેં કહ્યું, "ઠીક, સાંભળો, અહીં તો 'પોથીપુરાણ' ચાલી રહ્યું છે.

પણ માજી, કેવળ પુસ્તકો વાંચવાથીજ બુદ્ધિ વધે છે એમ નથી. તે દ્વારા આપણામાં સ્વતંત્ર વિચાર ઉત્પન્ન થવા જોઇએ. કોઇ ગમે એટલું વાંચશે પણ તેની બુદ્ધિ તો તે પુસ્તકના વિષયોપર તે જેટલું ચિંતન અને મનન કરશે તેનાજ પ્રમાણમાં વધશે. પેલી દલપતરામ કાવની કડી યાદ છે ને માજી?

"વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ કંઈ પણ સાર."

મતલબ કે પુસ્તકો વાંચવાનો ખરો ફાયદો તો તેમાં લખેલી બાબતપર વિચાર કરવાથી અને બને તેટલું તેમાં જણાવ્યા પ્રમાણેનું

વર્તન રાખવાથીજ થાય છે. કંઈએક ઘણું ઘણું વાંચનારા અને પુસ્તકો લખનારા માણસો બીજાઓને ઉપદેશ આપવામાં એક્કા બની જાય છે, પણ તેમની ખાનગી ચાલચલગત જાણીએ તો તેમનાપર આપણને તિરસ્કારજ છુટે એમ હોય છે. આવા માણસો કરતાં તો સાધારણ શિક્ષણ પામેલાં પણ સદાચરણી માણસો લાખ દરજ્જે ચઢતાં હોય છે. આપણામાં પેલી સાદી કહેવત છે ને, કે " ભણ્યો પણ ગણ્યો નહિ. "

પણ આથી કાંઈ પુસ્તકોની મહત્તા ઘટતી નથી. સર્વથી પ્રથમ દરજ્જો જ્ઞાનનો છે. જ્ઞાન એટલે જાણવું. જે કરવા જેવું શું ને ન કરવા જેવું શું, સારૂં શું ને ખોટું શું, એ બાબતો માણસની જાણમાં આવી હશે, તો વહેલે કે મોડે સારે રસ્તે ચાલવાની વૃત્તિ તે માણસને થવીજ ઘટે છે. નિયમમાં અપવાદની પેઠે કોઈ કોઈ જડ માણસો જ્ઞાનનો દુરુપયોગ કરનારા પણ હોય છે, પણ તેથી જ્ઞાનને અથવા તો જ્ઞાન આપનારા ગ્રંથોને લેશ પણ દોષ ઘટતો નથી.

વાંચવાનો એવો નિયમ કરવો જોઇએ કે જેટલું વાંચવુ તેટલુ મગજમાં ઉતારી લેવું. થોડું વંચાય તો ફીકર નહિ પણ વિચાર વધારે કરવો. જેવો અવકાશ અને જેવો ગ્રંથ તે પ્રમાણમાં દરરોજ કલાક બે કલાક પાઠ કરવો. શાસ્ત્રમાં કહ્યું છે, કેઃ—

" बुद्धिवृद्धिकराण्याशु धन्यानि च हितानि च ॥
नित्यं शास्त्राण्यवेक्षेत निगमांश्चैव वैदिकान् ॥ "

અર્થાત્ સત્વર બુદ્ધિની વૃદ્ધિ કરનારાં, સારાં, હિતાવહ શાસ્ત્રો અને વૈદિક આગમ—ગ્રન્થો નિત્ય વાંચવા.

"હવે, લો આ પુસ્તકોની યાદી કરી આપું છું, પણ તે આજે સંપૂર્ણ થશે નહિ. ફરી કોઈક દિવસ ખુટતી બીજી યાદી કરી આપીશ." એમ કહીને મને જેટલાં ઉત્તમ ગુજરાતી પુસ્તકો તે સમયે યાદ હતાં તે લખી દીધાં.

પુરુષનું ગૌરવ કોના હાથમાં?

(૧)

લક્ષ્મીચંદ શેઠ ગર્ભશ્રીમંત હોવા છતાં, ઘણા વિદ્વાન હતા. તેમનાં પત્ની બુદ્ધિમતી પણ તેમના નામ પ્રમાણે ખરેખર બુદ્ધિનાં ભંડાર અને મધુરભાષિણી હતાં. નગરમાં શેઠની કીર્તિ સારી હતી અને તેઓ રાજનિષ્ઠ હોવાથી સરકારમા પણ તેમનુ માન જળવાતું. આ બધાં કારણોથી તેમને સરકારે ઓનરરી મેજીસ્ટ્રેટની પદવી આપી હતી. શેઠ પોતાના ઉદાર સ્વભાવ અને ન્યાયપરાયણતાથી સર્વ લોકોની પ્રીતિનુ પાત્ર થઈ પડયા હતા.

એક દિવસ તે શેઠ—શેઠાણી પોતાના સુસજ્જિત શયનગૃહમાં એન્નીને વાતો કરી રહ્યાં હતાં. એવામાં પ્રશ્ન ઉઠયો, કે "પુરુષનું ગૌરવ કોના હાથમાં? પુરુષના પોતાના હાથમાં કે તેની સ્ત્રીના હાથમાં?" શેઠે જણાવ્યુ કે "પુરુષનુ ગૌરવ તેના પોતાનાજ હાથમાં છે, એટલુંજ નહિ પણ તેની સ્ત્રીનુ ગૌરવ પણ તેનેજ અધીન છે." જ્યારે શેઠાણીએ એવો અભિપ્રાય દર્શાવ્યો, કે "પુરુષનું ગૌરવ સ્ત્રીનાજ હાથમાં છે. તે ચાહે તો જરા વારમાં તેનું ગૌરવ વધારી દે છે અને ચાહે તો ક્ષણ વારમાં ઘટાડી દે છે."

આથી શેઠે જવાબ આપ્યો:—"ત્યારે આ બધા મહાન પુરુષો જેઓ આત્મ—બળથી ઉન્નતિના શિખરે પહોંચ્યા હતા તેઓ બધા સ્ત્રીઓજદ્વારા કેમ? મને પણ રાજા—પ્રજામાં આજે માન મળી રહ્યું

છે એ પણ તમારાજ પ્રયત્નથીને ? હું તો કેવળ પુતળા જેવોજ બેસી રહેલો અને વાઘ તો તમેજ મારેલો કેમ ?"

શેઠાણીઃ—"અમે વાઘ મારવા તો નથી ગયાં, છતાં તમારાં માન-મર્યાદા વધ્યાં છે તેમાં અમારોજ પ્રતાપ છે એ વાતતો ખરીજ. સ્ત્રીઓ વગરના આદમીને લોકો શું કહે છે તે સાંભળ્યું છે ને ? જરા તેમને ગામમાં કોઈ સારા માણસનુ ઘર ભાડે રાખવા મોકલી જોજો તો ખરા ! કોઈ ઉમરે પણ નહિ ચઢવા દે !"

શેઠઃ—"વાહ શું પૂછવું ? ગાડા નીચે કુતરૂં ચાલે તે એમજ સમજે કે "આ ગાડું હુંજ ખેચું છું."

એજ પ્રમાણે તમે લોકો પણ સમજતાં લાગો છો કે લગ્ન કરવા પછી તમારે પ્રતાપેજ માણસ ગૃહસ્થ થઇને ઇજ્જત—આબરૂ મેળવી શકે છે; પરન્તુ તમે લોકો જાણતાં નથી કે પુરુષની પાછળજ સંસાર તો રહેલો છે. પુરુષ ન હોય તો તમારો સંસાર સ્મશાન જેવોજ બની જાય."

શેઠાણીઃ—"હું એ કબૂલ કરૂં છુ કે પુરુષ વિના અમારો સંસાર સૂનો પડી જાય. હું એવું કયાં કહું છું કે પુરુષ સ્ત્રીનું સર્વસ્વ નથી; પણ મારૂં કહેવું એવું છે, કે પુરુષનાં માન—મર્યાદાની ક્ષયવૃદ્ધિનો આધાર તો સ્ત્રીના ઉપરજ રહેલો છે."

શેઠઃ—(જરા ચિઢાઇને) "જરા પણ નહિ, બીલકુલ ખોટી વાત !"

શેઠાણીઃ—(જરા હસીને) "ઠીક ત્યારે, અનુભવ થશે ત્યારે તો માનશો ખરા ને ?"

શેઠઃ—"અલબત્ત, શા માટે નહિ ?"

શેઠાણીઃ—"બહુ સારૂં, પ્રસંગ આવ્યે ખાત્રી કરાવ્યા સિવાય નહિ રહું." એ પછી આ વિનોદપૂર્ણ વાર્તાલાપનો એટલેથીજ અંત આવ્યો ને સૌ પોતપોતાના ધંધે વળગ્યાં.

(૨)

ઉપરના પ્રસંગને કેટલાક દિવસ વીતી જવા પછી શેઠ સાહેબ એક દિવસ પોતાની ઓફીસમાં બેઠા બેઠા કેટલુંક કામ કરી રહ્યા હતા. તેમના એ ચાર મિત્રો, અને બીજા કેટલાક લોકો પણ ત્યાં હાજર હતા.

આ તરફ શેઠાણીએ નોકરને બોલાવીને કહ્યું કે ઑફિસમાં જા અને શેઠને જરા મોટેથી કહે જે, કે "શેઠાણી નાહી ધોઇને પરવાર્યા છે, એટલે નાસ્તો કરવા કબાટ ઉઘાડવો છે માટે ચાવી આપો."

નોકરે ઑફિસમાં આવીને આ હકીકત બધા સાંભળે એમ કહી સંભળાવી. શેઠના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે જાણે તે વાતને સાંભળી ન સાંભળી કરી નાખી. પણ તેના મિત્રો અને બીજા લોકો માંહોમાંહે કાન કરડવા લાગ્યા, કે "શેઠ લખપતિ હોવા છતાં આટલા બધા કંજુસ છે કે શું? ખાવાની વસ્તુને પણ તાળું લગાવીને ચાવી પોતાની પાસે રાખે છે! ખાવાની ચીજના આવા હાલ તો બીજાંનુ તો પછી પૂછવુંજ શું?"

શેઠને મૂગા રહેલા જોઇને, જરા વાર પછી નોકર બોલ્યો; "સાહેબ, મને શો હુકમ છે? હું જઇને શેઠાણીજીને શું કહું?"

શેઠને તો નોકરની મૂર્ખાઇ અને શેઠાણીની ધૃષ્ટતા ઉપર કયાર-નોય ક્રોધ આવી ગયો હતો, આથી નોકર બીજી વાર બોલતાંની સાથેજ તેઓ સળગી ઉઠયા, અને ચાવીનો જુમખો કાઢીને એવા તો જોરથી નોકરના તરફ ફેંકયો, કે તે આવીને નોકરના પગમાંજ વાગ્યો. તે બિચારો પંપાળતો પંપાળતો ત્યાંથી નાઠો અને શેઠાણીને જઇને ચાવી આપી.

શેઠાણીએ પૂછયું:-"ચાવી આપતી વેળા શેઠ કંઈ બોલ્યા હતા?"

નોકર:—"અરે! બોલ્યા હતા શું? રાતા પીળાજ થઇ ગયા

રતા, અને એવા તો જોરથી મારા તરફ જુમખો ફેંક્યો હતો કે મારો તો પગજ ભાગી ગયો."

શેઠાણી કશું પણ બોલ્યાં નહિ, અને હસવા લાગ્યાં. એ પછી શેઠાણીએ એક ખુમચામાં કંઇક મૂક્યું અને ઉપર એક મેલો કકડો ઢાંકીને નોકરને આપીને કહ્યું, "જા આને ઑફિસમાં લઇ જા, અને શેઠના ટેબલ પર મૂકીને કહેજે કે શેઠાણીએ આપને માટે તથા મિત્રો અને નોકરોને માટે નાસ્તા સારૂ આ ચણા મોકલ્યા છે."

નોકરે થાળ લઈને ઑફિસમાં આવીને આજ્ઞા પ્રમાણે કર્યુ. શેઠજી આજે પોતાનું ભર ઓફીસમાં અપમાન થવાથી શેઠાણી ઉપર દાંત પીસી રહ્યા હતા તેમાં વળી ફરીથી નોકરને આવા મેલા કકડા સાથે નાસ્તો લઈને આવેલો જોઇને તો તેમના ક્રોધનો પારજ રહ્યો નહિ. તમણે આ વખતે તો નોકરને આડી અવળી ઘણીએ સંભળાવી દીધી. પણ નોકર બિચારો શું કરે? એ તો ચિઠ્ઠીનો ચાકર!

એવામાં એક મિત્રે કહ્યું, "શેઠજી, અમને હમણા ભૂખ લાગી છે તો લાવોને જરા નાસ્તો કરી લઇએ. ઠીક થયુ કે શેઠાણીએ એને હમણા મોકલ્યો." એમ કહીને તેણે થાળ પરનો કકડો ખેંચી લીધો. કકડો ખસી જતાંજ નીચેથી એક સુદર નવીન રૂમાલ ઓછાડેલો નીકળ્યો અને નીચેથી રત્નજડિત સુવર્ણનો થાળ ઝગઝગી ઉઠયો. એમા ચણાને ઠેકાણે બહુ મૂલ્ય હીરા, માણેક અને મોતી મોકલેલા હતાં. બધા લોકો આ જોતાંજ ચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે આપના જેવા શ્રીમાન અને વિદ્વાન શેઠને ત્યાં હીરા, માણેક, મોતી જેવી વસ્તુઓ ચણા તુલ્ય ગણાય એમાં શું આશ્ચર્ય?

શેઠ ઘણાજ આનંદમાં આવીને ઉભા થઇ ગયા, અને થાળમાંની વસ્તુઓ પોતાના મિત્રો તથા નોકરો વચ્ચે વહેંચી નાખી! આ પ્રમાણે આનદમાં ને આનંદમાં શેઠ ઘેર આવ્યા અને આખા

શહેરમાં તેમની ઉદારતાનાં વખાણ થઈ રહ્યાં.

શેઠે ઘરમાં પગ મૂકતાંજ શેઠાણીને કહ્યું:—" આજે તો તમે ગજબજ કર્યો. શું કોઇ સ્ત્રી ભર ઓફીસમાં આ પ્રમાણે પોતાના પતિનું ગૌરવ ઉતારી પાડતી હશે ? પણ પાછળથી તમે બહુ સારી યુક્તિ કરી. જો આજે રત્નો મોકલ્યાં ન હોત તો મારી ઇજ્જત કોડીનીજ થઈ ગઇ હોત ! આથી શેઠાણીએ હસતાં હસતાં કહ્યું:–" કેમ, સરકાર ! પુરુષનું ગૌરવ વધારવું–ઘટાડવું સ્ત્રીના હાથમાં ખરૂં કે નહિ ? આજે તો આપને બરાબર અનુભવ મળી ચૂક્યો હશે ? "

શેઠને આ સાંભળતાંજ પેલી ઘટના યાદ આવી ગઈ અને તેમને હસવું આવી ગયું. તેમણે જવાબ દીધો:—

" હું હાર્યો ને તમે જીત્યાં, થયું હવે ? તમે લોકો જેટલું નહિ કરો તેટલું ઓછું ! પરન્તુ તમારા જેવી સુશિક્ષિત અને ચતુર સ્ત્રી હોય તોજ તેના હાથમાં અમારૂં ગૌરવ રહેલું છે, બાકી અશિક્ષિત અને મૂર્ખ સ્ત્રીઓ તો પતિને ઉતારી પાડી પોતાની મ્હોટાઇ બતાવવામાંજ વડાઈ માને છે. અહોભાગ્ય છે તેમનાં કે જેમને તમારા જેવી સુશિક્ષિત પત્ની મળી હોય ! "

૧૬

દોષ કોનો ?

(૧)

ઇ. સ. ૧૮૮૭ માં સ્વર્ગસ્થ લૉર્ડ રૉબર્ટ્સ જ્યારે કાબૂલપર ચઢાઇ લઈ ગયા હતા ત્યારે સરદાર અકરમખાન રિસાલદાર પણ એક મેજર તરીકે તેમની સાથે હતા. એ શૂરવીર મેજરે અનેક આક્રમણોમાં પૂરા એકોતેર જખમ પોતાના શરીરપર ખમ્યા હતા. જનરલ રૉબર્ટ્સે એમની સેવાની કદર કરીને એમને ૨૧ હજાર રૂપીઆની એક જાગીર અપાવી હતી.

આ સમયે સરદારની ઉમ્મર ૫૫ વરસની હતી. એમની પહેલી વારની સ્ત્રી ગુજરી ગઈ હતી અને તેઓને સંતાન નહિ હોવાથી એમના મિત્રોએ જીદ કરી કરીને એમનું બીજી વાર લગ્ન કરાવી દીધું. બીબી જુવાન અને રૂપવતી હતી, આથી સરદારના આનંદનો પાર રહ્યો નહિ. તેમને ખબર નહોતી કે એ આનંદજ તેના શોકનું કારણ થઇ પડશે !

(૨)

લગ્નને બે વરસ વીતી ગયાં છે. સરદાર રણક્ષેત્રમાં હતા ત્યાંથી કેટલાક દિવસ પછી રજા લઇને ઘર આગળ આવ્યા છે. 'દગલબાજ દુના નમે' એ અનુસાર પેલી સ્ત્રીએ તેમનુ બહારથી ઘણાજ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું.

૩

સરદાર રૂપીઆ અને સુવર્ણમહોરો સાથે ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક ચોરની નજર તેમના ઉપર પડી હતી,

પણ સરદારની સામે આવીને તેમને લૂંટવાનો પ્રયત્ન કરવો એ તો સાક્ષાત્ મોતનેજ નિમંત્રણ કરવા જેવું હોવાથી તે ચોરે તેમની પાછળ-પાછળ આવીને તેમનું ઘર જોઈ લીધું.

(૪)

જે રાતે સરદાર સાહેબ ઘેર આવ્યા તેજ રાત્રિએ તેમના ઘરમાં એક ભેદભરી યોજના ચાલી રહી હતી.

સરદાર મુસાફરીથી થાક્યા પાક્યા આવેલા હોવાથી ભોજન કરીને નિરાંતે સુઇ ગયા અને પેલો ચોર પણ સંધિ મળતાં ઘરમાં ઘૂસી જઇને એક ખૂણામાં છૂપાઇ રહ્યો. પરંતુ થોડી રાત ગયા પછી તે ઘરમાં નીચે પ્રમાણેનો વિચિત્રજ દેખાવ તેના જોવામાં આવ્યો:–

" એક સ્ત્રી અને એક પુરુષ ધીમે ધીમે વાતો કરી રહ્યાં હતાં. સ્ત્રીએ પુરુષને સંબોધીને કહ્યું, " જુઓ, ઘણી ખબરદારીથી કામ કરવાનું છે; હં ! " પેલા પુરુષે જવાબ આપ્યો:–" તમારે ડરવાનુ જરા પણ કારણ નથી, આજે આબાદ રીતે આપણી વચ્ચેનો કાંટો કાઢી નાંખું છું. "

સ્ત્રી:—" અને પછી આપણે કરારે ચેન કરીશું. આ મસાણે પહોચેલા બુઢ્ઢાનું જીવન મારે માટે એક ચિતા સમાનજ છે ! "

એક નીતિગ્રંથમાં કહ્યું છેજ કે;—

दुष्टा भार्या शठं मित्रं भृत्याश्चोत्तरदायका:
ससर्पे च गृहेवासो मृत्युरेव न संशयः ॥

અર્થાત્ જે ઘરમાં દુષ્ટ ભાર્યા, શઠ મિત્ર, સામો જવાબ આપ-નાર નોકર અને સાપનો નિવાસ, આમાંનું એક પણ હોય તે ઘરમાં સદા મૃત્યુનોજ ભય રહેલો છે.

(૫)

ચોર તો પેલાં બે જણની ઉપલી વાત સાંભળીને સ્તબ્ધજ થઇ ગયો. તેના સમજવામાં તરતજ આવી ગયું કે સરદારના ખૂનની પેરવી

ચાલી રહી છે અને પેલી યુવાન સ્ત્રી તે બીજી કોઈ નહિ પણ સરદારની બીજીવારની સ્ત્રીજ હોવી જોઇએ.

આ ઘોર પાપનો પ્રપંચ જોઇને તે ચોરનું હૃદય પીગળી ગયું અને તેના અંતઃકરણમાં દયાનો સંચાર થઈ આવ્યો. તેનો ધનલોભ અને ચોરીનો વિચાર તો ક્યાંનો ક્યાંય જતો રહ્યો અને તેનું સ્થાન કોઇ પણ રીતે આ બહાદુર સરદારને બચાવી લેવાના દૃઢ સંકલ્પે લીધું. તેણે વિચાર કર્યો, કેઃ—" આ દુષ્ટા એક વીર પુરુષનું જીવન લૂંટવાનો પાપી પ્રયત્ન કરી રહી છે, જે બહાદુર નર અનેક ઘા પડવા છતાં પણ ન મર્યો તે શું આજે એક દુષ્ટ સ્ત્રીની પ્રપંચજાળથી આ કાયરના હાથે આમ માર્યો જશે? નહિ, નહિ, હું એમ કદી પણ થવા દઇશ નહિ. ખરેખર પ્રભુએજ મને આજે ચોરીને બહાને એનો જીવ બચાવવા અહીં મોકલ્યો છે.

જો કે એને બચાવવા જતાં મારે પકડાઇ જવાનો ભય રહે છે ખરો, પરન્તુ પ્રાણરક્ષાના મહાપુણ્ય આગળ તે ભય શા હિસાબનો? જરૂર હું એને બચાવીશજ."

(૬)

રાત્રિના બેનો અમલ થયો હશે, એ અરસામાં પેલો જુવાન સરદારના પલંગ પાસે ઉભો છે. પેલી સ્ત્રીએ સરદારની ઝગઝગતી તલવાર મ્યાનમાંથી કાઢીને તેના હાથમાં આપી અને કામ ખતમ કરવા ઇસારો કર્યો।

પણ કાળાં કામ કરનારના પગ હંમેશાં ઢીલા હોય છે, અને તેનું અંતઃકરણ તેને કંઇક ડંખતું જણાય છે; તેમ એ યુવકના પગ પણ ધ્રૂજી ગયા અને તેનો હાથ ઉપડી શક્યો નહિ. તે જાણતો હતો કે સરદાર એક સિંહ જેવો પુરુષ છે, અને તેના હાથે પોતાના જેવા એક બે તો શું પણ સેંકડો માણસો રણક્ષેત્રમાં યમપુરીનો માર્ગ પામી ચૂક્યાં હતાં. કદાચ ચોટ બરાબર ન લાગે અને સરદાર થોડી વારને

મારે પણ બચી જાય તો પોતાની કેવી કમબખ્તી થાય, તેનો વિચાર આવી જતાં તેના શરીરપર પરસેવાનાં બિંદુઓ જામી આવ્યાં !

તેને આમ ભીરુતાથી વિલંબ કરતો જોઇને પેલી રાક્ષસીએ કપાળ ચઢાવીને અને આંખો ફેરવીને તેને ધમકી બતાવી ઠપકો આપ્યો.

જરા વાર પછી આખરે પેલો દૃઢસંકલ્પ થયો અને સરદારનું ડોકું વાંકું હતું તે ઠીક કરવા સૂચવ્યું.

તરતજ પેલી કુલટા પલંગ ઉપર સૂઇ ગઇ અને સરદારનું મસ્તક પોતાના હાથ વડે બરાબર ઘા પડે તેવી રીતે ગોઠવ્યું !

(૭)

ખૂણામાં ઉભેલા પેલા ચોરે આ જોતાં ક્રોધથી હોઠ પીસ્યા અને મનમાં ને મનમાં કંઇક ગણગણ્યોઃ—

અરે આ તે પત્ની કે પિશાચિની ?

"હવે તો ધૃષ્ટતાની હદજ આવી ગઈ! ધિક્કાર છે તને ! ખરેખર કામી માણસો કામવશ થઇને કેવાં આંધળાં બની જાય છે અને શું શું પાપ નથી કરતાં ? તું તો ગમે તેવાં વલખાં મારીશ પણ આખરે તો ધર્મનોજ જય છે." "જેને રામ રાખે, તેને કોણ મારી શકે !"

"ચાલ જીવ ! આગળ ધસ, અને બતાવ પેલા દુષ્ટને તારો હાથ!"

(૮)

પેલા ઘાતકીએ સરદારપર ઘા કરવાને જેવી તલવાર ઉગામી કે તરતજ પેલા ચોરે પાછળથી એકદમ ધસી આવીને પોતાની તલવાર તેની ગરદનપર એવા તો જોરથી લગાવી કે તેનું શિર ધડથી જૂદું થઇને પડ્યું ! આટલું કરીને તેજ ક્ષણે પેલો ચોર એવો તો નાસી છૂટયો કે તેનો પત્તોજ લાગે નહિ.

હવે પેલી દુષ્ટાએ જાણ્યું, કે બાજી હાથથી ગઈ છે, અને બધો ભેદ થોડીજ વારમાં ખુલ્લો પડી જશે. આથી તે એકદમ બરાડી ઉઠી "હાય હાયરે ! આ બિચારાને તમે શું કામ મારી નાખ્યો ?" હવે

શું બાકી રહે ? લોકો અને પોલિસ દોડી આવ્યા અને સરદારને માથે ખૂનનો આરોપ મૂકાઇ ચૂક્યો.

(૯)

કોર્ટમાં મુકરદમો ચાલી રહ્યો છે, વાદી પોલીસ અને આરોપી સરદારની જુબાની લેવાઇ ચૂકી છે. પેલી નિષ્ઠુર સ્ત્રીની સાક્ષી લેવામાં આવતાં તેણે સોગન લઇને જણાવ્યું, કે:–"તે રાતે અમે સૂતાં હતાં, અને સુમારે બેએક વાગતે મેં એકાએક ચીસ સાંભળી ને હુ જાગી ઉઠી. હાય ! પછી શું થયું તે કહેતાં મને કંપારી આવે છે (!) મેં મારા પતિને હાથમાં તલવાર લઇને ઉભેલા જોયા અને મરનારનું ધડ જમીનપર પડયું હતું ! બસ આટલુંજ હું જાણું છું. એ પહેલાં શો બનાવ બન્યો હશે તે હું કહી શકતી નથી. અરે ! ભગવાન્ ! મને મારા પતિની વિરુદ્ધ જુબાની આપવાનો પ્રસંગ આવતાં પહેલાં મારી કેમ નહિ નાખી ? હું હાથ જોડીને સરકાર માબાપને અરજ કરૂં છું કે મારા પતિને તે વખતે કંઇ નબળી બુદ્ધિ સૂઝેલી નેથીજ તેમનાથી આવું થઇ ગયું છે માટે તેમના તરફ દયા કરજો."

પાખંડીઓના પાખંડની હદ હોઈ શકે ખરી ?

સરદારની વિરુદ્ધ તેની સ્ત્રીનીજ આવી જુબાની સાંભળીને બધા ચકિતજ થઇ ગયા. અને સૌએ માની લીધું કે જરૂર આ ખૂન સરદારેજ કરેલું હોવું જોઇએ.

(૧૦)

જુરીનો અભિપ્રાય લેવાનો હજી બાકી હતો, એટલામાં માજીસ્ટ્રેટ સાહેબના નામપર એક રજીસ્ટર પાકીટ આવ્યું, તેમાં લખ્યું હતું, કે:–

" આ મુકરદમામાં એક ભેદ છે. ખૂન કરનાર માણસ સરદાર સાહેબ નહિ પણ હું છું. કાલે હું આપની કચેરીમાં હાજર થઇ જઇશ."

મેજીસ્ટ્રેટ પત્ર વાંચીને આશ્ચર્ય પામ્યા અને જજમેન્ટ આપવાનું મુલતવી રાખ્યું.

૧૧)

આખા શહેરમાં પત્રની વાત ફેલાઇ ગઈ હતી, આવો તે કયો સત્યવક્તા ખૂની હશે કે જે પોતાની મેળે આમ છતો થાય છે. લોકો તેનાં દર્શન કરવાને ઈંતેજાર થઇ રહ્યા હતા અને વખત થતાં પહેલાંજ કોર્ટ ચિક્કાર ભરાઇ ગઈ હતી.

એટલામાં એક માણસે મેજીસ્ટ્રેટ સાહેબને ઇસારો કર્યો અને તેઓ ઉઠીને ' ચેમ્બર ' માં (ખાનગી ઓરડામાં) ગયા. ત્યાં જેણે સરદારનો જીવ બચાવ્યો હતો તે ચોર બીજે રસ્તેથી આવીને હાજર થયલો હતો. તેણે મેજીસ્ટ્રેટને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. આથી તેઓ ચોકસી કરવાને જ્યુરરો અને કેટલાક પોલિસનાં માણસો સાથે સરદારના મકાન પર ગયા. ત્યાં ચોરે ઘરમાં દાખલ થવાને પાડેલું બાકું જોતાં અને ચોરનું બીજું વર્ણન પણ મળતું આવતાં મેજીસ્ટ્રેટ સાહેબની ખાત્રી થઈ કે જે માણસ માર્યો ગયો હતો તે સરદારની દુરાચરણી સ્ત્રીનો યારજ હતો ! પછી તે પછી તેમણે ' જજમેન્ટ ' વાંચી સંભળાવ્યું, તેમાં પેલી સ્ત્રીને કાળા પાણીની સજા ફરમાવવામાં આવેલી હતી અને પેલા ચોરને ખાતર પાડવા માટે તથા ખૂન કરવા બદલ (તેનો શુભ આશય ધ્યાનમાં લઈને) કેવળ છ મહીનાની સખ્ત કેદની સજા ફરમાવી હતી.

સરદારે એ માણસે પોતાનો જાન બચાવ્યો હતો માટે તેની સજા માફ કરવા પ્રાર્થના કરી, પણ મેજીસ્ટ્રેટે જણાવ્યુ, કે " ગુન્હાની સજા તો થવીજ જોઈએ. "

પણ સરદારે વધારે આજીજી કરી અને પોતે સરકારની કેવી સેવા બજાવી હતી તે જણાવ્યું. આથી તેની વાત ધ્યાનમાં લઇને મેજીસ્ટ્રેટ સાહેબ ચોરની સજા સખત કેદને બદલે આસન કેદની કરી.

(૧૨)

સરદાર સાહેબ પોતાની સ્ત્રીની બેવફાઇથી ઘણા દુઃખી થયા, અને તેમને સંસાર ઉપર ઘણો કંટાળો આવી ગયો. જે સ્ત્રીને તેઓ પોતાનું સર્વસ્વ અર્પણ કરી ચૂકયા હતા તેજ જ્યારે પોતાપ્રતિ આમ બેવફા થાય તો પછી 'આ ખારા ઝેર જેવા સંસારમાં શો સાર છે ?' આમ વિચારીને જેમ રાજર્ષિ ભર્તૃહરિ પોતાની પત્ની પિંગલાનાં કૃત્યથી ત્રાસ પામીને રાજપાટ વિક્રમને સોંપીને સંસારત્યાગ કરી જંગલમાં ચાલ્યા ગયા હતા; તેજ પ્રમાણે સરદાર પણ પોતાની તમામ માલમિલ-કત પોતાનો જાન બચાવનાર પેલા ચોરને સોંપી દઈ ને એકાંતવાસ કરી પોતાનું બાકીનું જીવન પ્રભુભક્તિમાં ગાળવા લાગ્યા !

વાંચક બંધુ ! આ એક ઘડપણમાં લગ્ન કરવાનુંજ અતિ ભયંકર પરિણામ છે. ઘડપણનાં બધાંજ લગ્નોમાં આવાં પરિણામ નહિ નીપજતા હોય તોપણ ઘણે ભાગે ખરાબ પરિણામ તો આવે છેજ. આ દેશમાં એક તો સ્ત્રી જાતિ રહી અજ્ઞાન, અને તેમાં વૃદ્ધ સાથે અકુદરતી લગ્ન થાય, એટલે બિચારી અજ્ઞાન ભોળી યુવતિ કુસંગ અને કુસંસ્કાર વશ થઇ પડે અને પછી તેનાં આગળ વધીને આવાં ખરાબ પરિણામ આવે, એમાં દોષ તે તેવી સ્ત્રીનો કે પેલા ઉમરે પહોંચેલા અને અનેક અનુભવોથી ઘડાયલા છતાં યુવતી સાથે લગ્ન કરનાર ડોસાજીનો ? એ વાતનો ઇન્સાફ કરવા માટે વાંચક સજ્જનનેજ અમે ન્યાયાધીશની ખુરસી સોંપી અત્યારે તો રૂખસત લઇએ છીએ, અને જતાં જતા એટલું કહેતા જઈએ છીએ કે જો ડોસાનોજ મુખ્ય વાંક એમાં જણાય, તો એવાં વૃદ્ધલગ્ન થવાનાં હોય એવી વાત જ્યારે પણ વાંચકની જાણમાં આવે, ત્યારે તેણે તેનો અટકાવ કરવા માટે દરેક સમજાુત અને પેરવી કરવા મંડી પડવું એ ઘટિત છે.

નવ્વાણુનો ફેર.

(૧)

દિલ્હીમાં ચંદ્રગુપ્ત નામના એક ધનાઢ્ય વણિકની પાડોશમા કૃષ્ણદાસ નામનો એક સુથાર રહેતો હતો.

કૃષ્ણદાસની પત્ની કમળાએ બહાર આંગણામાં આવીને બુમ મારી:—" બ્હેન શશિમુખી ! ઓ શશિમુખી બ્હેન ! "

અવાજ સાંભળતાંજ વણિક સ્ત્રીએ અગાસીમાં આવીને કહ્યું:- " કેમ બ્હેન ! આજે આટલું બધું મોડું થયું ? હું તો કયારની વાટ જોઇ રહી છું."

કમલા:—" શું કરૂ બ્હેન ! આજે જરા એમને માટે વેડમી બનાવવામાં રોકાઈ ગઇ હતી, એટલે મોડું થયું."

શશિમુખી:—" અલિ ! તું તો રોજ રોજ નવાં નવાં મિષ્ટાન્ન બનાવતાંજ પરવારતી નથી. તમારો ખરચે કોણ જાણે કેમ નીભે છે ? તારા પતિ તો રોજનો ચોકખો ને ચટ એક રૂપીઓ કમાઈ લાવે છે તે પર આટલો બધો ખરચ ! એ તે કેમ પાલવે બા ?

કમળાએ હસતાં હસતાં જવાબ આપ્યો:—" અલિ બેન ' તું તો છેકજ ગાંડી લાગે છે. એટલું પણ સમઝતી નથી કે દાળભાતનો સાધારણ ખોરાક તો મહિને દશ કે પાંચ રૂપીઆ કમાનાર પણ ખાઈ શકે છે, તો અમારે ત્યાંના તો ૩૦ રૂપીઆ લાવે છે ! તેમાં અમે જરા સારૂં સારૂં કરીને ખાઈ શકીએ એમાં તે શી નવાઇ ? તારા પતિની રોજની આટલા આટલા રૂપીઆની કમાણી છતાં જાણે તે

રૂપીઆનું મોંજ ન જોયું હોય તેવી વાત કરે છે! અમારે ક્યાં સાત પાંચ ખાનાર છે? એ ને હું બે જણાં, ને વળી અહીં ક્યાં તમારી પેઠે કોઇને માટે બચાવી મૂકવાનું છે? લાખ મળવાનાએ નથી ને લખેસરી થવાનાંએ નથી.

એટલામાં શશિમુખીએ બારણાં ખખડવાનો અવાજ સાંભળ્યો; આથી તેણે કમળાને કહ્યું "બ્હેન! એ આજે વહેલા આવ્યા હોય એમ લાગે છે. ચાલ ત્યારે, હમણાં તો હું જરા જાઉં છું. વળી કાલે મળીશું" એમ કહીને શશિમુખીએ નીચે ઉતરીને કમાડ ઉઘાડયાં તો માલમ પડયું કે કામવાળી આવી છે. પણ પછી તે ઘરમાં આવીને કામમાં જ મંડી, અને થોડી વાર પછી પરવારીને પતિની વાટ જોતી બેઠી.

(૨

બરાબર પાંચના ટકોરાએ શેઠ દુકાનેથી ઘેર આવ્યા. શશિમુખીએ મધુર ભાષણથી તેમનું સ્વાગત કર્યું અને પંખો નાખવા લાગી. એટલામાં કામવાળીએ આવીને કહ્યું:—" " વહુજી! બધું કામ થઇ ગયું છે. હવે હું ઘેર જાઉં છું."

તેને રજા આપીને શશિમુખીએ પતિને પાણીનો લોટો આણી આપ્યો અને તે પછી જમવા ઉઠાડયા. ચંદ્રગુપ્તે ભોજન કરતાં કરતાં શશિમુખી તરફ તાકી તાકીને જોયું અને બોલ્યા:—

"આજે કેમ તું આમ વિચારમાં જણાય છે?"

શશિમુખીએ હસતું મોં કરીને જવાબ આપ્યો:—" આજે મને એક શંકા ઉત્પન્ન થઇ છે, કે આ આપણા પાડોશી મિસ્ત્રી રોજનો એક રૂપીઓ કમાઇ લાવે છે, તેટલામાં એ બન્ને જણ દરરોજ બે ધાન સાથે ખાય છે અને રોજ નવાં નવાં લૂગડાં બદલે છે. ત્યારે આપણે તો પ્રભુની મહેરબાનીથી પાંચ પૈસે સુખી છીએ છતાં સામાન્ય રીતનું ભોજન અને રીતસરનાંજ કપડાં કેમ રાખીએ છીએ?

હવે અમારે તો ક્યાં રળવા જવું છે પણ આપને માટે તો કાલથી કંઇક કરવાની રજા આપો તો ઠીક, નહિ વારૂ ?"

શેઠ પોતાની પત્નીનાં આવાં મીઠાં અને સરળ વચન સાંભળીને હસીને બોલ્યાઃ—"તું તો છેકજ ગાંડી છે! તને એટલું પણ જ્ઞાન નથી કે એ લોકો હજી તરુણ અવસ્થામાં છે, અને જેટલું લાવે છે તેટલું વાપરી નાખે છે. પણ જ્યારે એઓ ઘડપણમાં આવશે ને જ્યારે હાથ પગ અટકી જશે ત્યારે એમની શી દશા થશે? અને હમણા નહિ તો પાછળથી પણ સંતાન થયાં તો તેમની પણ કેવી કમબખ્તી થશે? તે વખતે એમને બચાવ કરવાના ફાયદા જણાઇ આવશે અને હમણાના ઉડાઉપણા માટે પશ્ચાત્તાપ થશે. અરે! ઘડપણની વાત તો દૂર રહી પણ હમણાંજ સાજા માંદા થયા કે બે દિવસ કામપર ન જઇ શકાયું ત્યારે શું કરશે?"

પોતાની બ્હેનપણીના ભવિષ્યના દુઃખનો ચિતાર ખડો થતાં શશિમુખીનું હૃદય કંપી ઉઠયું, અને તે શોકગ્રસ્ત થઇને બોલીઃ— એવો કોઈ માર્ગ છે કે જેનાથી મારી સખી કમળા અને તેના પતિનું એ ભાવીદુઃખ દૂર થાય અને તેઓ સુધરી શકે?

કદાચ તે ઉપાય કરવામાં પાંચ પૈસાનો ખરચ થાય તો તે પણ એક માણસનું આખું ભવિષ્ય સુધરી જાય તેના પુણ્ય આગળ શા હિસાબમાં?"

પોતાની પત્નીનો આવો ઉત્તમ સખીપ્રેમ અને પારમાર્થિક વૃત્તિ જોઇને શેઠને ઘણો આનંદ થયો. તેણે કહ્યુંઃ—"તું જરા ધીરજ રાખ, ઇશ્વર કરે ને તેની દશા સુધરી પણ જાય."

એટલું કહીને તેમણે તેને કુંચીઓનો ઝુમખો આપીને નવ્વાણુ રૂપીઆ કાઢી લાવવા જણાવ્યું, રૂપીઆ આવ્યા પછી એક કાપલી

મૂકીને કડકામાં બાંધીને કહ્યું, કે "પ્રિયે, આ પોટલી લઈ જા અને આજે રાતે ગુપચૂપ રીતે એ લોકોના બારણામાં ફેંકી આવજે."

(૩)

બીજે દિવસે પ્રાતઃકાલમાં કમળા ઉઠીને જેવી બારણા બહાર પગ મૂકવા જાય છે તેવીજ પેલી પોટલી પર તેની નજર પડી. ઉઠાવીને જોતાંજ તે હર્ષઘેલી થઇને પતિ પાસે દોડી ગઇ. અને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. કૃષ્ણદાસને પણ આનંદ થયો પરન્તુ તે બોલી ઉઠયો, "પણ આ પોટલી આપણે શા ખપની ? એ રૂપીઆ આપણા તો થોડાજ છે ? કોઈ ભલા માણસના પડી ગયા હશે કે ગમે તેમ હો પણ એ પ્રામાણિકપણે આપણા તો નજ કહી શકાય. આપણે એનો માલિક શોધીને તેને પહોંચતા કરવા જોઇએ."

એમ કહીને તેણે રૂપીઆ કેટલા છે તે ગણી જોવા પોટલી છોડી. તો માંહેથી એક નાની સરખી કાગળની કાપલી મળી આવી. તેના પર એટલુંજ લખ્યું હતું, કે "**કૃષ્ણદાસને ભેટ.**" હવે મિસ્ત્રીના આનંદનો પાર રહ્યો નહિ, કમળા પણ બહુજ રાજી થઈ અને પછી તેઓ વિચારવા લાગ્યાં કે એવો તે કયો સખી ગૃહસ્થ હશે કે જેમણે આટલી મોટી ભેટ આપણે માટે આમ ગુપ્ત રીતે મોકલી છે ? પણ તેઓ એનો ભેદ પામી શકયાં નહિ. પછી મિસ્ત્રી રૂપીઆ ગણવા લાગ્યો, એક, બે, ને ત્રણ વખત એણે ફરી ફરીને તે ગણી જોયા !

આથી કમળા બોલી ઉઠી, "હરખના માર્યા કંઇ ગાંડા થઇ ગયા કે શું ? એમાં ત્રણ ત્રણ વખત તે શું ગણવાનું હતું ?"

કૃષ્ણદાસ:—"મને લાગ્યું કે મોકલનારાએ 'નવ્વાણુ ત્યાં ભર્યા સો' એ કહેવત પ્રમાણે કંઈ એક રૂપીઆ માટે બાકી ન રાખ્યું હોય, કદાચ મારી ગણવામાં ભૂલ થતી હશે એમ ધારીને ફરી ફરીને

ગણી જોયા, પણ **એ તો નવ્વાણુજ થયા!"**

હવે તેઓ રૂપીઆના મોહમાં ઘેરાયાં અને પરસ્પર કહેવા લાગ્યાં, કે "આપણે એકાદ રૂપીઓ બચાવીને પણ જેમ બને તેમ જલદી પૂરા સો રૂપીઆ કરવા જોઇએ."

તેમણે ઠરાવ કર્યો, કે આજના રૂપીઆમાંથી **"ચાર આના બચાવવા અને બારઆનાજ ખરચવા."** અને એ પ્રમાણે ચાર દિવસમાં એક પૂરો રૂપીઓ બચાવી દેવો. બરાબર ચોથે દિવસે પેલી પોટલી પૂરા સો રૂપીઆની થઇ; પણ હવે તો તેમને વધારે ને વધારે પૈસા એકત્ર કરવાનો મોહ લાગ્યો.

દિવસે દિવસે જેટલો બીનજરૂરી અને ઉડાઉ ખરચ થતો હતો તે કમી થઈ ગયો અને તેઓ રૂપીઆ જોડવાના પ્રયત્નમાં તનમનથી મંડી ગયાં. હવે તો સામાન્ય પ્રકારનાં ભોજન અને મધ્યમ પ્રકારનાં કપડા ઉપર તેમની રુચિ થઇ ગઈ, અને તેમાંજ તેઓને ખરો આનંદ લાગવા માંડયો.

(૪)

નવ્વાણુ રૂપીઆની પોટલી ફેંકયા પછી કેટલાક દિવસે શશિમુખીએ અગાસીમાં આવીને પોતાની સખીને બૂમ મારી.

શશિમુખીનો બોલ સાંભળીને કમળા તરતજ બહાર દોડી આવી અને બોલી ઉઠી: "કેમ બ્હેન! તમે તો આજે ઘણે દહાડે દર્શન દીધાં!"

શશિમુખી:—"વાહરે અલિ! તું તો 'ચોર કોટવાળને દંડે' એના જેવું કરે છે! હું તો અહીં દરરોજ આવીને બેસું છું અને તારી વાટ જોઉં છું, પણ તું તો કોણ જાણે શાં શાં પકવાન્ન બનાવવામાં ડૂબી ગઇ હશે તે બહાર દેખાયજ શેની?"

કમળાઃ—(જરા હસીને) "અરે બ્હેન ! શેનાં પકવાન ? હમણા તો કામની મારી જરાએ નવરીજ પડતી નથી."

શશિમુખીઃ—"પણ બ્હેન ! આજે તો તારો રંગ કંઈક જૂદોજ જણાય છે ! ક્યાં ગઈ પેલી તારી ચમકતી સાડી કે આજે મારા જેવું લુગડું પહેર્યું ? અને વળી તમારે તે એ જણાનું કામ કેટલું કે નવરીજ પડતી નથી એમ કહે છે ?"

આથી કમળાએ ખુલ્લા દીલથી બધી વાત માંડીને કહી સંભળાવી.

શશિમુખીએ પ્રસન્નવદને જણાવ્યુંઃ—"હાં ! બ્હેન ! હવેજ તમને રૂપીઆની કિમ્મત જણાઈ ! ઈશ્વરને ધન્યવાદ ઘટે છે કે તેણે તમને ખરો માર્ગ અને ખરૂં સુખ આપ્યાં."

એટલું કહીને તે વહેલીવહેલી ચંદ્રગુપ્ત પાસે ચાલી ગઈ.

ચંદ્રગુપ્ત તેને આનંદમાં ને આનંદમાં પોતાના તરફ દોડી આવતી જોઇને બોલી ઉઠયોઃ—

"કેમ ! કેમ ! આટલું બધું શું છે ?"

શશિમુખીઃ—આજે મેં કમળાની મુલાકાત લીધી, પણ હવે તો તેના ઘરમાં તદ્દનજ ફેરફાર થઈ ગયો..."

વચમાંજ ચંદ્રગુપ્ત બોલી ઉઠયોઃ—"નહિ કેમ થાય ? એતો છે બધો નવ્વાણુનો ફેર."

૧૮

'ઈસ હાથે દે ઉસ હાથ લે.'

(૧)

શુક્રવારનો દિવસ હતો. લખનૌના અલિગંજ મહોલ્લામાં એક સાત વરસની બ્રાહ્મણ કન્યા ખાવાને માટે બે પૈસાની કચોરી લઇ આવીને પોતાના ઘરના ઓટલા ઉપર ઉભી હતી. એટલામાં ભુખ્યા જેવો એક બુઢ્ઢો માણુસ તેના બારણા આગળ આવી ચઢયો. તે કશુ બોલી શકયો નહિ પણ તેની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. તેને રોતો જોઇને પેલી છોકરીએ એકદમ પૃછ્યું:—" સાંઇ બાબા ! તમે કેમ રડો છો ? "

ફકીરે અચકાતા અચકાતાં જવાબ આપ્યો:—" બેટા ! આજે ત્રણ ત્રણ દિવસનો હું ભૂખ્યો છું. જ્યાં ગયો ત્યાંથી કોઇએ પણ મને ટુકડો રોટલી નાખી નથી. હવે આજે ભૂખથી મારા પ્રાણ નીકળી રહ્યા છે ! "

તે સહૃદય બાલિકાને ફકીરની વાત સાંભળીને ઘણી દયા આવી ગઇ, તેણે ફકીરને કહ્યું:—" બાબા, તમે અહીં બેસો, હું મારી મા પાસેથી તમારે માટે રોટી લઇ આવું છું. " એમ કહીને તે ઘરમા દોડી ગઇ અને પોતાની માને કહેવા લાગી; " મા, મા, આપણે બારણે બિચારો એક ઘરડો માણુસ ઉભો છે, અને ત્રણ દિવસથી તેને કોઇએ ખાવાનું આપ્યું નથી, તે બિચારાને કેટલી બધી ભૂખ લાગી હશે ? જો ને આજે આપણે જરા વહેલું ખાધું હતું, તેથી

અત્યારમાંજ મને કેટલી બધી ભૂખ લાગી આવી છે કે મારે કચોરી લેવી પડી? ત્યારે એ બિચારો ત્રણ ત્રણ દિવસની ભૂખ કેમ વેઠી શકતો હશે? મા, તું મને રોટલી કાઢી આપે તો હું તે બાપડાને ખવડાવી ને પાણી પાઈ આવું."

માતાએ કહ્યું:—"બેટા, શું કરીએ આજે ઘરમાં ખાવાનું કંઇ પણ વધ્યું નથી; નહિ તો તને પણ કચોરી લાવવા પૈસા શું કામ આપત?"

આ સાંભળીને તે બાલિકા નિરાશ થઇ ગઇ અને બહાર આવીને ફકીરને કહેવા લાગી:—"બાબા! આજે તો ઘરમાં એક પણ રોટી રહી નથી; પરન્તુ મારી પાસે આટલી કચોરી છે તે લો."

ડોસો:—"લાવ બેટા, એટલું તો એટલું. ખાઇને પાણી પીવાનો આધાર તો થશે?"

એમ કહીને તેણે પેલી કચોરી ખાધી અને બાલિકાએ તેના કટોરામાં પાણી લાવી આપ્યું તે પીને "પ્રભુ તારૂં ભલું કરે" એમ દુવા દઇને ચાલતો થયો.

(૨)

ઉપરના બનાવને કેટલાક દિવસ વીતી ગયા છે. એક દિવસ તે બાલિકા સારાં સારાં વસ્ત્રાભૂષણ પહેરીને પોતાના એક સગાને ત્યાં લગ્નમાં ગઇ હતી, ત્યાંથી સન્ધ્યાકાળ થતાં તે એકલીજ પોતાના ઘર તરફ આવવા ચાલી નીકળી, અને બધાં લગ્નની ધામધૂમમાં પડેલાં હોવાથી કોઇનું તેના તરફ લક્ષ ગયું નહિ. તેને આમ એકલી જતી જોઇને એક ઠગારી સ્ત્રી તેની પાછળ પડી અને તક મળતાં તેણે પેલી નિર્દોષ બાલિકાના મોંમાં કપડાંના ડુચા મારી દીધા અને તેને પીઠપર નાખીને શહેર બહાર એકાંતમાં ચાલી ગઇ. થોડેક દૂર જવા પછી તે અટકી અને આમતેમ નજર ફેરવીને કોઇ નહિ જણાવાથી

બાલિકાનાં ઘરેણાં ઉતારવા મંડી.

પાસેના ઝાડ નીચે બેઠેલો એક માણસ આ સઘળું જોયા કરતો હતો; પણ તે ઝાડના થડની ઓથમાં હોવાથી પેલી દુષ્ટાના જોવામ આવ્યો ન હતો. તેણે એકદમ દોડી આવીને પોતાની ડાંગ તે દુષ્ટા વાંસાપર ફેરવી વાળી અને તે "ઓ બાપરે, મારી નાખીરે ! એમ પોકારતી પોકારતી નાશી ગઇ. પેલો માણસ બિચારો બુઢ્ઢો હતો એટલે તેની પાછળ દોડીને તેને પકડી શક્યો નહિ ને તે પોતાના પાપની આટલીજ સજા પામીને છટકી જવા પામી.

હવે ફકીરે પેલી બાલિકા તરફ ધ્યાન આપ્યું, પણ તેને જોતાં તે અચંબો પામ્યો ! અને પોકારી ઉઠયો—અરે ! આતો તેજ ભલ છોકરી, કે જેણે તે દિવસે કચોરી આપીને મારો જીવ બચાવ્યો હતો

ડોસાએ તે બાલિકાને સોડમાં લીધી, તેનાપર મમતાથી હા ફેરવ્યા અને તેને આશ્વાસન આપીને બધી હકીકત પૂછી; અને પછ તે તેને ઠેઠ ઘર સુધી પહોંચાડવા આવ્યો.

ત્યાં તે છોકરીનાં માબાપ રોતાં કકળતાં તેને શોધી રહ્યાં હતાં તેમને પોતાની દીકરીને સાજીસમી પાછી આવેલી જોઇને કેટલો બધો આનંદ થયો હશે ? તેમણે પેલા બુઢ્ઢા ફકીરની બહુ પ્રશંસા કરી અને તેને કંઇક ભેટ આપવા માંડી. પણ તેનો સ્વીકાર ન કરતાં તે બોલ્યો: "બાબા, તમારી છોકરી પોતાના પુણ્યબળથી પોતાની મેળેજ બચી શકી છે; કારણ કે તે દિવસે એણે મને ખવડાવીને જીવતો રાખ્યો તોજ આજે એનો જાન બચાવવા પ્રભુએ મને તક આપી. એતો મહાન પ્રભુનો કાયદોજ છે કે "**ઇસિ હાથ દે, ઉસ હાથ લે !**" એ પછી તે ફકીર ત્યાં નહિ રોકાતાં ચાલી નીકળ્યો.

૧૯

દેવી સુશીલા.

(૧)

સુખદેવ પોતાની વિધવા માતાનો એકનો એક પુત્ર હતો, તેનો પિતા લશ્કરમાં ડાક્ટર હતો; પરંતુ દૈવગતિથી સુખદેવની બાલ્યાવસ્થામાંજ તે શત્રુની એક ગોળીનો ભોગ થઇ પડયો હતો. સુશીલાના હૃદય ઉપર આ એક જીવલેણ આઘાત હતો પણ તેના સંસ્કારી હૃદયને

"છે વૈધવ્યે વધુ વિમલતા! બ્હેન! સૌભાગ્યથી કે!
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન! શૃંગારથી કે!
બાબાં! ત્હારા મૃદુ હૃદયને આપ વૈધવ્ય આપી,
ઉંચે ઉંચે તુજ દિલ જશે લેઇ ધીમે ઉપાડી."

એ "વિધવા બ્હેન બાબાંને" **કલાપીએ** આપેલાં આશ્વાસનજનક વચનોના સ્મરણથી ઘણી શાંતિ મળતી, અને તે પોતાના પુત્રને જોઇને આશામાં ને આશામાં દિવસ ગુજારતી હતી. એના પતિની સેવાના બદલા તરીકે એને સરકાર તરફથી કંઇક પેન્શન મળતું, તે નાની રકમ ઉપર તે પોતાનો નિર્વાહ ચલાવી લેતી હતી. તે સુશિક્ષિત, સતીત્વધર્મપરાયણ, અને પવિત્રતાની મૂર્તિ હતી. આથી સુખદેવના શિક્ષણ તરફ તેનું ધ્યાન વધારે રહેતું હતું.

એક દિવસ સુખદેવ નિશાળેથી આવ્યો, અને ઉદાસ ચહેરે માતાને કહેવા લાગ્યોઃ—"મા! હું કાલથી નિશાળે નહિ જાઉં."

સુશીલાઃ—(ચોંકીને) "હેં! સુખદેવ! આ શું? તને ભણ-

વાનું તો બહુ ગમે છે અને આજે એમ કેમ બોલે છે? વળી તું આજે આટલો ઉદાસ પણ કેમ જણાય છે?"

સુખદેવઃ—"કેટલાક દિવસ થયાં અમારા વર્ગમાં કાલિપ્રસાદ નામનો એક છોકરો આવ્યો છે; મેં તેનું કંઇ પણ બગાડયું નથી તે છતાં તે મને નબાપો જાણીને વારંવાર સતાવ્યા કરે છે, જરાજરામાં દબાવ્યા કરે છે અને બપોરની રજામાં અમે રમવા જઇએ છીએ ત્યારે મને માર્યા કરે છે. આથી હવે મને તેની ઘણી બીક લાગે છે. હવે હું એ નિશાળમાં નહિ જાઉં."

"નબાપો" શબ્દ સાંભળીને સુશીલાની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં; પણ બાળકને તે વાત જાણવા નહિ દેતાં બોલીઃ—"ઓહો! એજ વાત છે ને? ત્યારે તું માસ્તર સાહેબને કેમ જણાવતો નથી? તેઓ ઝટ બંદોબસ્ત કરી દેશે."

સુખદેવઃ—"મા! મેં કેટલીએ વાર માસ્તર સાહેબને કહ્યું હતું પણ એ પૈસાદારનો છોકરો હોવાથી તેઓ એના દબાયલા રહે છે. એને કોઇ પણ માસ્તર કંઇજ કહી શકતા નથી."

સુશીલા ઉદાસ થઇને બોલીઃ—"તો પછી શું કરવું? તું જાણે છે ને ભાઈ? આ ગામમાં આટલી એકજ નિશાળ છે; જો કોઈ બીજી નિશાળ હોત તો હું તને તેમાં પણ મોકલી શકત, અને આપણી એટલી શક્તિ પણ નથી કે શહેરમાં ઘર રાખીને–કે તને બોર્ડિંગ-હાઉસમાં મૂકીને ભણાવી શકાય. વળી ભણ્યા વગર પણ કેમ ચાલે? માટે હાલ તો આ નિશાળ વગર આપણો છૂટકો નથી. વિદ્યા મેળવતાં વખતે કષ્ટ સહન કરવું પડે તો તે ખુશીથી ખમી લેવું જોઇએ. કાલિપ્રસાદ તને ખીજવે કે કંઇ અપશબ્દ કહે તો તે સાંભળ્યું ન સાંભળ્યું કરી દેવું; એટલુંજ નહિ પણ પ્રસંગે તેનું કંઇ કામ હોય તો તે પણ કરી આપવું આથી તે તને કનડગત નહિ કરશે. એ સિવાય આપણે બીજો શો ઉપાય કરીએ?

(૨)

સુખદેવ ઘણો સમજુ અને માતાની આજ્ઞા ઉઠાવનાર બાળક હતો. તેણે શાળામાં માતાના ઉપદેશ પ્રમાણે હંમેશ વર્તવા માંડયું. તેનું ધ્યાન કેવળ ભણવા તરફજ હતું, છતાં કાલિપ્રસાદ હજી પણ એને વારંવાર ધમકાવતો અને મારતો પણ ખરો. સુખદેવ બિચારો તે સઘળો સીતમ મૂગે મોઢે સહન કર્યો જતો હતો.

એક દિવસ એવું બન્યું કે સાંજે ઘેર જતી વખતે કાલિપ્રસાદે રસ્તાની બાજુ પરથી મળમૂત્રની જગ્યામાં પડેલું એક મલીન ગંધાતું કપડું ઉપાડી લઇને સુખદેવ ઉપર ફેંક્યું ! સુખદેવ અનાથ હતો ખરો પણ કાયર નહોતો. અત્યાર સુધી સઘળું સહન કરી રહ્યો હતો પણ આજે તે પોતાના ધાર્મિક અને પવિત્રતાના જુસ્સાને રોકી શક્યો નહિ; તેના ઉપર તુટી પડયો. બીજા બધા છોકરાઓ પણ કાલિપ્રસાદથી ત્રાસી રહેલા હોવાથી તેઓએ આજે લાગ જાણીને સુખદેવનો પક્ષ લીધો, અને બધાએ મળીને તે છકેલા છોકરાને ખૂબ જમાડયો. આખરે કાલિપ્રસાદે જ્યારે હાથ જોડીને સોગન ખાધા કે "હવેથી સુખદેવને કે બીજા કોઇ પણ વિદ્યાર્થીને આંગળી પણ અડાડીશ નહિ કે કોઇને એક શબ્દ પણ કહીશ નહિ." ત્યારેજ તેનો છૂટકારો થયો.

સુખદેવે ઘેર આવીને મોટા ગૌરવ સાથે આજનો બધો વૃત્તાંત પોતાની માતાને કહી સંભળાવ્યો. પુત્રનો ધાર્મિક જુસ્સો અને જાહેર હિમ્મત જોઇને સુશીલાને ઘણો આનંદ થયો. તેણે સુખદેવને કહ્યું:— "ઠીક કર્યું બેટા, એક હિન્દુનો છોકરો થઇને એને ગંદી વસ્તુ ઉઠાવતાં એ શરમ નહિ આવી ? એવાને તો હાથ બતાવવાજ જોઇએ."

(૩)

ઉપરના બનાવ પછી કાલિપ્રસાદ સીધો દોર થઈ ગયો. હવે તે

સુખદેવના તરફ નજર પણ કરી શકતો ન હતો; પણ તેનું અંતઃકરણ પેલા દિવસનો બદલો લેવાને તલસી રહ્યું હતું.

એક દિવસ નિશાળમાં રજા હતી. સઘળા વિદ્યાર્થીઓ ફૂટબોલની (પગથી દડો ઉછાળવાની) રમત રમવા સવારથી મેદાનમાં એકત્ર થવા લાગ્યા અને વખત થતાં નિયમ પ્રમાણે ટોળીઓ ગોઠવવામાં આવી. દૈવયોગે સુખદેવ અને કાલિપ્રસાદ સામસામી મંડળીમાં આવી ગયા. સુખદેવે પોતાના પક્ષના વિદ્યાર્થીઓને કહ્યું, કે "જુઓ, કાલિપ્રસાદ રમતાં રમતાં મારી સાથે લડી ન પડે." બધાએ ખાત્રી આપી કે આમ રમતમાં કોઇથી આગલી પાછલી યાદ કરીને લઢી શકાયજ નહિ એવો નિયમ છે, છતાં તે નિયમ જો કોઈ તોડશે તો અમે બધા મળીને તેને સજા કરીશું." એ પછી રમત શરૂ થઇ.

(૪)

રમત પૂર બહારમાં ચાલી રહી હતી. બન્ને 'પાર્ટી'—પક્ષ—ના છોકરાઓ 'ગોલ'—જીતનું નિયતસ્થાન—આગળ પહેલા પહોંચવાને એકચિત્ત થઇને પરિશ્રમ કરી રહ્યા હતા, કોઇને કોઇની ખબર રહી ન હતી, બધાજ દડાની પાછળ લાગી રહ્યા હતા. એવામાં એકાએક એક તરફ હાહાકાર મચી ગયો અને એક છોકરો ધબ્બ દઇને પૃથ્વીપર ગબડી પડયો. રમતમાં ભંગ પડયો અને આનંદ ઉડી ગયો. તરતજ બધા છોકરાઓ તેના તરફ દોડી ગયા અને જુએ છે તો પેલી બિચારી વિધવા સુશીલાનો એકનો એક છોકરો—તેના જીવનનો આધાર સુખદેવ તરફડીઆં મારતો જમીનપર પડયો છે, મોંમાંથી લોહી નીકળી રહ્યું છે અને બોલવાની જરા પણ શક્તિ રહી નથી. માસ્તરની આજ્ઞા પ્રમાણે તેને તરતજ પાસેની ઇસ્પિતાલમાં લઈ જવામાં આવ્યો. ડાક્ટરે તપાસ કરીને કહ્યું, કે "એના કલેજાને સખત આઘાત પહોંચ્યો છે, એ બચવો મુશ્કેલ છે."

આ સાંભળીને સઘળાના હોશ ઉડી ગયા. આ તરફ એક છોકરો સુશીલાને ખબર આપવા દોડયો અને માસ્તરે "આ કયા બદમાસનું કામ છે?" એમ કહીને તેની તપાસ કરવા માંડી.

સુખદેવ બેભાન થઈ ગયો હતો. ડાક્ટરે અનેક પ્રયત્નો કર્યા ત્યારે તેણે માંડ માંડ આંખો ઉઘાડી અને વારંવાર પૂછવામાં આવતાં જણાવ્યું કે "જે છોકરાએ મારા પેટમાં માર્યું હતું તે લાલ રૂમાલ અને બદામી બૂટવાળો હતો, બસ એ પછી વધારે હું કંઇ પણ જોઇ શક્યો નથી." એમ કહીને તેણે પોતાની માતાને યાદ કરી અને ક્ષીણ સ્વરે ગાયત્રી મંત્રનો જપ કરવા લાગ્યો.

એટલામાં બેબાકળી બની ગયલી બિચારી સુશીલા પડતી આખડતી આવી પહોંચી; પણ હવે સુખદેવનામાં બોલવાની જરા પણ શક્તિ રહી ન હતી. તેણે મૂગે મોંએજ માતાને અંતિમ નમસ્કાર કર્યા અને આંખો બંધ કરી દીધી. આ એક એવો હૃદયભેદક બનાવ હતો કે ભલભલા દૃઢ અંતઃકરણવાળા પુરુષનું પણ ચિત્ત ઠેકાણે ન રહી શકે, તો બિચારી સુશીલા તો એક અબળા સ્ત્રી હતી અને તેની તમામ આશાઓ એક સુખદેવ ઉપરજ નિર્ભર હતી; તે ક્યાં સુધી ધૈર્ય રાખી શકે? સુખદેવને વળગી પડીને તે એવા કરુણ સ્વરથી વિલાપ કરવા લાગી કે સાંભળનારાઓનાં હૃદય પણ દુઃખી થઇ ગયાં.

આ વજ્રપાતથી તેને આગલાં પાછલાં દુઃખો પણ સાંભરી આવ્યાં, અને તે બિચારી દુઃખના ડુંગરાઓ નીચે દબાઇ ગઇ હતી. તેને હવે આખો સંસાર ખારો ઝેર જેવો ભાસવા માંડયો અને સુખદેવના પહેલાંજ પોતાને શામાટે ઉઠાવી લીધી નહિ તે માટે તે પ્રભુને દોષ દેવા લાગી. સુખદેવે એક બે અટકડી ખાધી અને જોતજોતામાં તેનો જીવનદીપ સદાને માટે બૂઝાઈ ગયો.

વિદ્યાર્થીઓ અને માસ્તરો મળી તેના શબને સ્મશાન ભૂમિમાં

લઇ ગયા અને સુશીલાની ઇચ્છા પ્રમાણે ત્યાં તેનો અંત્યેષ્ટિસંસ્કાર કર્યો. બીજે દિવસે નિશાળના મેદાનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની એક મોટી સભા સુખદેવના મૃત્યુનો શોક પ્રદર્શિત કરવા અને તેની દુઃખી માતા તરફ દિલસોજી બતાવવા મળી હતી. તેમાં સુખદેવનો ઘાત કરનારને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યો હતો અને કોઇ પણ રીતે તેનો પત્તો મેળવવાનો ઠરાવ થયો હતો. હેડમાસ્તરે સભાનું પ્રમુખસ્થાન લીધુ હતું, તેમણે સુખદેવના માનમાં બે દિવસ સ્કૂલ બંધ રહેવાનું જણાવ્યું હતું.

(૫)

સુખદેવના મરણને ધીમે ધીમે અઠવાડીઆંઓ વીતી ગયાં પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પોલિસવાળાઓની સઘળી તપાસ નિષ્ફળ નીવડી. સુખદેવે જે નિશાની આપી હતી તે બધીજ એક પણ વિદ્યાર્થીમાં જોવામાં ન આવી. કોઇની પાસે લાલ રૂમાલ હોય તો તેનાં બૂટ પીળાં ન નીકળે, ને જેણે પીળા બૂટ પહેરેલાં તેની પાસે રૂમાલ ન હોય. વળી તે છોકરાઓએ સુખદેવનું કદી સ્વપ્નમાં પણ બગાડ્યુ ન હોય એવા હતા. આથી કશો પણ ભેદ સમજી શકાયો નહિ. આ તરફ બિચારી સુશીલાની દશા હવે જોઇએ. આ દુર્ઘટનાથી તેના દુઃખી હૃદયને જે આઘાત લાગ્યો હતો તેનું વર્ણન કોણ કરી શકે એમ છે? કેટલાક દિવસ સુધી તો તેના ઘરનાં બારણાં બીલકુલ ઉઘડ્યાજ નહિ અને તે અચેત જેવી જમીનપર પડી રહી. એવી સ્વપ્ન જેવી સ્થિતિમાં તેને એક દિવસ સુખદેવ પોતાની સામે આવીને ઉભેલો જણાયો; તેણે દોડી જઇને તેને હૃદય સરસો ચાંપવાની ઇચ્છા કરી પણ તે પાછળ હઠી જઇને હસીને બોલ્યોઃ—" મા, તું આવી કેમ થઇ ગઇ છે? તું તો ઘણી વિદ્વાન અને સમજુ છે. યાદ કર, ગયે વરસે જ્યારે રામલાલનું પ્લેગથી અવસાન થયું હતું ત્યારે તું તેની

તાને કેવા કેવા ઉપદેશ આપતી હતી ? તેં " **उदारचरितानां तु** **सुधैव कुटुम्बकम्** " વાળો શ્લોક તેને કહી સંભળાવીને સમજાવ્યું તું, કે " આપણા પુત્રના વિયોગનો શોક ક્યાં સુધી કરીશું ? જો :યમાં સ્થાન હોય તો સંસારનાં તમામ બાળકો આપણાંજ છે તો. ી તેં એ પણ કહ્યું હતું કે " **त्याज्यं न धैर्यं विधुरेऽपि** **ले** "—દુઃખના સમયમાં પણ બુદ્ધિમાન માણસોએ ધૈર્યને છોડવું ઈએ નહિ. માતા ! જે પવિત્ર ઉપદેશથી તેં બીજાંને શાંતિ આપવાનો ત્ન કર્યો હતો; તેજ ઉપદેશનો તું પોતે કેમ લાભ નથી મેળવી તી ? અને પેલી તારી મુદ્રાલેખ જેવી 'કલાપી'ની કડીઓ—

" વ્હાલી બાબાં ! કુદરત કૃતિ સર્વદા હેતુવાળી,
ઇચ્છે દેવા અનુભવ પ્રભુ સર્વને સર્વ વ્હાલી !
બાપુ આ સૌ સુખદુ ખ તણી વેડ નાખી નથી કે,
આતો બોજો કુદરત તણો માત્ર કલ્યાણકારી;
ટુંકી દૃષ્ટિ જનહૃદયની અલ્પ ખંડોજ જોતી,
ને તેથી આ સુઘટ સરણી દીસતી ડાઘવાળી. "

એનું તને કેમ વિસ્મરણ થઈ ગયું ?

એટલું કહીને માતાને પ્રણામ કરીને સુખદેવ અંતર્ધાન થઇ ા. સુશીલાની આંખ ઉઘડી ગઇ. ત્યાં તો સુખદેવ કે કોઈજ નજરે યું નહિ; પણ સ્વપ્નમાં સાંભળેલા સુખદેવના શબ્દો તેના કાનમા જી રહ્યા હતા. તે પોતાની વર્તમાન અવસ્થાપર ઘણી લજ્જિત . સવાર થઈ ચૂક્યું હતું. ઉઠીને તેણે સ્નાન કર્યું અને કપડાં બદ- ાં. પછી પ્રભુનું ધ્યાન ધરવા બેઠી; તે વખતે તેણે પોતાના મનમાં તું દૃઢ વ્રત ધારણ કર્યું, કે " આજથી સંસારમાંનાં સર્વ બાળકોને ાં પોતાનાંજ ગણીને તેમની જેટલી બની શકે તેટલી સેવા ઉઠા- ામાંજ મારૂં શેષ જીવન વ્યતીત કરીશ. "

હવે તેના જીવનમાં ઘણું પરિવર્તન થઇ ગયું, ગીતા, ઉપનિષદ અને સ્વામી રામતીર્થના ગ્રંથોનું વાચન એ તેનો નિત્યનિયમ થઇ પડયો.

તેણે પોતાના ઘરમાં નાનાં નાનાં બાળક બાલિકાઓ માટે એક નિશાળ ખોલી દીધી છે. અને કોઈ પણ રીતનો ભેદ રાખ્યા સિવાય તે તેમને ઘણાજ પ્રેમપૂર્વક ભણાવી રહી છે.

(૬)

આપણે જાણીએ છીએ કે સુશીલા એક ડાકટરની પત્ની હતી. હિન્દુસ્તાનમાં બહુધા એવું જોવામાં આવે છે કે પતિ ગણિતશાસ્ત્રના પ્રોફેસર હોય અને ઘરમાં બાયડીને પૂરી ૧૦૦ સુધીની સંખ્યા પણ ગણતાં ન આવડતી હોય. ભોગજોગે કંઇક ગણવાનો પ્રસંગ આવ્યો તો "બે વીસને બે કે ત્રણ વીસને ચાર" કરીનેજ ગણતી હોય. ખરેખર નવલરામે કહ્યું છે તેમઃ—

" ભાઇ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે,
બાઇનું તો ચિત્ત ચૂલામાંય. "

એવીજ સ્થિતિ આપણા દેશની છે. બહાર ભાષણો આપનારા અને જગતસુધારણાનો ઝંડો લઇને ફરનારા પતિને પોતાના અર્ધા અંગને કેળવવા માટે અવકાશ મેળવવાનું કે તસ્દી લેવાનું મન જ થતું નથી.

પણ સુભાગ્યે સુશીલાના સંબંધમાં તેમ બન્યું નહતું. તેના પતિએ તેને "અકસ્માત્ અને તેના તાત્કાળિક ઉપાયો"નું જ્ઞાન સારી પેઠે આપ્યું હતું. તે સિવાય રોગીઓની સારવાર અને વૈદક શાસ્ત્રનાં મૂળતત્વોનું જ્ઞાન પણ તેને આપ્યું હતું. આ જ્ઞાન તેના સેવાપરાયણ જીવનમાં હવે તેને ઘણું કીમતી થઈ પડયું. છોકરાંઓને ભણાવવાના કામથી પરવારીને મહોલ્લાનાં અને ગામનાં રોગી સ્ત્રી છોકરાંઓની સારવારમાં તે મંડી જતી. ગરીબમાં ગરીબ શૂદ્રની

ઝુંપડીમાં પણ તેનો શાંતિદાયક હાથ રોગીનાં શરીરપર ફરી રહેતો હતો. હવે લોકો તેને સુશીલા તરીકે નહિ પણ **"દયાની દેવી"** તરીકેજ ઓળખવા લાગ્યા હતા.

(૭)

રવિવારનો દિવસ હતો, કેટલાક વિદ્યાર્થીઓ "આમલીપીપળી" ની રમત રમી રહ્યા હતા, અને એક ઝાડપરથી બીજા ઝાડપર અને અને બીજી ડાળીએથી ત્રીજી ડાળીપર કૂદી રહ્યા હતા.

એટલામા એક છોકરાનો પગ લપસી ગયો અને ઘણે ઉંચેથી તે ધબ દઈને નીચે પડયો. "અરે! રંગમાં ભંગ થયો! એ કોણ પડ્યો?" જુએ છે તો કાલિપ્રસાદ, બિચારો ખૂબ પછડાયો હતો, અને પડતાં પડતાં ઝાડના ડાંખળાં નડવાથી શરીરપર ઉઝરડા પડયા હતા તેમાંથી લોહી નીકળી રહ્યું હતું. આંખો બંધ હતી અને બોલવાની શક્તિ રહી નહોતી. શ્રીમંત માણસનો છોકરો હતો; તરતજ તેને ઘેર લઈ જવામાં આવ્યો અને હાડવૈદ તથા ડાક્ટરને બોલાવવામાં આવ્યા, અને મલમપટ્ટી થવા લાગી.

(૮)

આ તરફ સુશીલાને તેની ખબર પડતાં તે પણ ત્યાં આવી પહોંચી. કાલિ તેને જોઇને કંપી ઉઠયો, તે તેના તરફ જોવાની હિમ્મત પણ ન કરી શકયો. પરંતુ સુશીલાએ તેના ઘા તપાસીને તેના શરીર પર મમતા ભર્યો હાથ ફેરવીને મધુર વાણીથી કહ્યું:—"બેટા, ગભરાવાનું કંઇ પણ કારણ નથી, તું તો મારા સુખદેવ સાથે રમ્યો હતો, હું તો તને તેની બરાબરજ ગણું છું." પછી તેણે કાલિની માતા તરફ જોઇને કહ્યુ, "બ્હેન તમે જરાપણ મુંઝાશો નહિ. ઇશ્વરેચ્છાથી આપના પુત્રને જલદીજ આરામ થઇ જશે. આજથી એની સારવારનો ભાર હું મારા માથાપર લઉં છું. હું સવાર, બપોર ને

સાંજ આવતી રહીશ; પણ તેમ છતાં વચમાં જરૂર પડે તો કોઇને બોલાવવા મોકલજો એટલે હું તરત દોડી આવીશ."

કાલિપ્રસાદની માતા તો સુશીલાની ઉદારતા અને પ્રેમ જોઇને દંગજ થઈ ગઈ અને આભારની લાગણીથી તેણે કહ્યું:–"બ્હેન ! તમે તો દેવ જેવાં લાગો છો. ભગવાન તમારૂં ભલું કરો."

સુશીલાઃ—"બ્હેન ! એમાં હું કંઈ ઉપકાર કરતી નથી. માણસમાત્રનો ધર્મજ છે કે પ્રાણીમાત્રને મિત્રવત્ ગણવાં. એક પ્રાર્થના મંત્રમાં કહ્યું છે કે "**मित्रस्य चक्षुषा समीक्षामहे**" માટે એ તો આપણી એક પવિત્ર ફરજજ છે. તમે જરા પણ સંકોચ રાખ્યા સિવાય મને બોલાવતાં રહેજો."

એ પછી સુશીલા દરરોજ આવીને પ્રેમપૂર્વક કાલિપ્રસાદના ઘા ધોવા અને મલમપટ્ટી લગાડવા માંડી. પ્રેમમાં અદ્દભુત બળ રહેલું છે. કેવળ પગારનીજ લાલસાથી વેઠ પ્રમાણે થતાં કામ કરતાં કેવળ નિઃસ્વાર્થે વિશુદ્ધ અંતઃકરણથી કરાતી પ્રેમપૂર્વક સેવાની અસર કંઇક ઓરજ હોય છે. સુશીલાની સેવાથી કાલિપ્રસાદના ઘા જલદીજ રૂઝાઇ ગયા અને તે સારી સ્થિતિમાં આવવા લાગ્યો.

(૯)

એક દિવસ સુશીલા ઘેર જવાને ઉભી થઈ હતી એટલામાં કાલિપ્રસાદ તેના ચરણપર લોટી પડયો અને ડસકાં ભરી ભરીને રોવા લાગ્યો. સુશીલાએ તેને ઉઠાડી આંસુ લૂછીને પૂછ્યું:–"કેમ બેટા ! આજે આમ એકાએક શું થઇ આવ્યું ?"

કાલિપ્રસાદઃ—"માતા, મને ક્ષમા કરો. હું ઘણો પાપી છું, મેં આપને ઘણુંજ કષ્ટ આપ્યું છે."

સુશીલાઃ—"બેટા ! તારી જરા સેવા કરી એમાં કષ્ટ શેનું ? એ તો મારો ધર્મ છે અને તે બજાવતાં મને ઘણો આનંદ થાય છે. ચાલ

છાનો રહી જા, હવેથી મનમાં એવું કશું લાવીશ નહિ."

કાલિપ્રસાદ ગદગદ કંઠે બોલ્યોઃ—"હું એ સેવાની બાબતમાં નથી કહેતો. અરે મેં પાપીએ તમને એવું કષ્ટ આપ્યું છે કે જેની આપ તો કદાચ ક્ષમા આપશો, પણ પરમેશ્વર તો કદી પણ તેમ કરશેજ નહિ. મેં તમને એવું દુઃખ દીધું છે કે જે મારા આ શારીરિક દુઃખ કરતાં હજારોગણું વધારે હતું. મેં તમારા હૃદયમાં એવો અગ્નિ લગાડયો છે, કે તેનો ધૂમાડો કદાચ બહાર નહિ જણાતો હોય પણ તે ભીતર ને ભીતર આપના કોમળ હૃદયને બાળીને ભસ્મ કરી નાખતો હશે. તમારા ઘરનો એકનોએક દીપક બુઝવી નાખનાર દુષ્ટ હુંજ છું! મેંજ અભાગીએ તમારા ઘડપણની લાકડી છીનવી લીધી છે. માતા ! સત્ય વાત એ છે કે તમને ખરેખર માતા કહી બોલાવનારને મેંજ તમારાથી હંમેશને માટે અલગ કરી દીધો છે. તે વખતે શેતાન મારામાં ભરાઇ બેઠો હતો. મને કશું પણ સૂઝયું નહિ. હાય હું એવું કામ કરી બેઠો છું કે અધમમાં અધમ માણુસ પણ તેવું નહિ કરતો હોય.

કાલિપ્રસાદ માંદગીથી અશક્ત થયો હતો એટલે આટલું બોલતા તો તે થાકી ગયો. પણ વળી જરા વાર પછી તે પોકારી ઉઠયોઃ—

"સુખદેવ ! પ્યારા સુખદેવ ! તું કયા લોકમાં હશે ? જો તું એક ક્ષણને માટે પણ મને મળી જાય તો હું મારૂં હૃદય ચીરીને તને બતાવું, કે મારા તે દુષ્ટ કૃત્યનું હમણા મને કેટલું દુઃખ થાય છે ? કદાચ હું મારાં કાળાં કામને માટે પસ્તાવો કરતાં ન શીખ્યો હોત પરંતુ તારી—નહિ, નહિ, આજથી મારી—માતાએ પોતાના વિશુદ્ધ પ્રેમ—ભાવથી અને સાચા માતૃસ્નેહથી મારા પાપી હૃદયનાં આવરણો દૂર કર્યાં છે, અને આજે હું મારાં પાપ જોઇ શકયો છું. મને હવે જિંદગી અકારી લાગે છે અને મૃત્યુ પણ ભય આપે છે. હાય ! હું

સુખથી મરી પણ શકતો નથી ! ભાઈ, જો હું આ વખતે બચી જઇશ તો તું જોઈ શકીશ, કે હું માતાને તારી ખોટ પૂરી પાડવા મારૂં સર્વસ્વ અર્પણ કરી દઇશ."

પછી સુશીલા તરફ જોઇને વળી કહેવા લાગ્યો:—"માતા ! મને ક્ષમા કરો, માફ કરો, હું આપને શરણે આવ્યો છું."

સુશીલાનો ઘા તાજો થઈ આવ્યો હતો અને તેનું હૃદય ભરાઈ આવ્યું હતું, છતાં તે સ્વસ્થ થઇને બોલી:–"બેટા, એમાં તેં કંઇ પણ કર્યું નથી. ઇશ્વરની ઇચ્છાજ એવી હશે; અને બનનાર વાત બની ગઇ. હવે તો મારી એટલીજ ઇચ્છા છે કે પ્રભુ તને જલદી આરામ કરે."

કાલિપ્રસાદની માતાએ સુશીલાને કહ્યું:—"બ્હેન ! હું તમને શું મોઢું બતાવું ?..." તે આગળ બોલવા જતી હતી પણ સુશીલાએ તેને અટકાવી અને આશ્વાસન આપ્યું. પણ તે વળી પાછી બોલી:–"બ્હેન ! આ છોકરો તમારી દયાથીજ જીવ્યો છે અને જીવશે, માટે એ આજથી તમારોજ પુત્ર છે. અમે એના પરથી અમારો હાથ ઉઠાવી લઇએ છીએ."

(૧૦)

કેટલાક દિવસ પછી કાલિપ્રસાદને તદ્દન આરામ થઇ ગયો. ત્યારે એક દિવસ તે તેનાં માતપિતા સાથે સુશીલાને ત્યાં ગયો. તેણે સુશીલાને વિનતિ કરી કે "તમારા ઉપકારોનો બદલો તો અમારાથી જન્મોજન્મ વળી શકે એમ નથી; પણ હવેથી તમે બાકીનું જીવન અમારે ત્યાંજ રહીને ગાળો અને અમારૂં ઘર પવિત્ર કરો. આપ દેવી જેવાં છો, અમે સૌ તમારી આજ્ઞા પ્રમાણે વર્તી કૃતાર્થ થઇશું."

સુશીલા:—તમારા હૃદયનો પ્રેમ છે તેને હું સર્વસ્વ માની લઉં છું, અને મને કામ પડશે ત્યારે જરૂર હું તમને કહીશ. પણ હાલ તો મારી આટલી વાત તમે સ્વીકારીજ લેશો. હું હાલ જે કર્તવ્ય-

સંજોગમાં મૂકાઇ છું તેને માટે મોટા લોકોનાં ઘર કરતાં એક ઝુંપડીજ વધારે અનુકૂળ થઈ પડે એમ છે. શ્રીમંતો ગમે તેટલા સહૃદય હોય કે દયાથી ભરેલા હોય, છતાં બિચારાં દીન–દુઃખીઓને તેમને બારણે ચઢવામાં કંઇક ભય લાગે છે અને સંકોચ થાય છે. પણ આ ઝુંપડીનાં બારણાં તો સદા ખુલ્લાંજ રહે છે અને અહીં કોઇ રોકટોક કરનાર નહિ હોવાથી તે બિચારાં સુખે આવીને મને પોતાનાં દુઃખ નિવેદન કરી શકે છે; માટે મારી વિનતિ છે કે આપ મને માફ કરશો અને મારા કહેવાનો હેતુ બીજો કશો પણ સમજશો નહિ."

પેલાં બધાં નિરાશ થઇ ગયાં, પણ કાલિપ્રસાદ બોલી ઉઠયોઃ— "ત્યારે માતા ! હું તમારે ત્યાં આવું તો મને રાખશો ?"

સુશીલાઃ—"શામાટે નહિ ? તારાં માબાપને ઓછું નહિ આવે તો ઘણી ખુશીથી તેમ કરજે."

કાલિપ્રસાદનાં માબાપ સુશીલાના આભાર નીચે દબાયલાં હતાં અને કોઈ પણ રીતે તેનો બદલો આપવાજ ઇચ્છતાં હતાં; તેથી તેમણે તેની સેવાને માટે કાલિપ્રસાદને તેજ દિવસથી ત્યાં રાખ્યો. અને સુશીલાનો ઘરખરચ તેમણે ખાસ આગ્રહ પૂર્વક પૂરો પાડવા જણાવ્યું.

કાલિપ્રસાદને પોતાના નામ ઉપર કંટાળો આવી ગયો હતો તેથી તેણે પોતાના મરનાર ભાઇનું સુંદર નામ ધારણ કર્યું. હવે તે સુખદેવના નામથીજ ઓળખાવા લાગ્યો. તેણે સુશીલાની એક માતા કરતાં પણ વધારે પ્રેમથી ભક્તિ કરવા માંડી, અને સુશીલાની સાથે દીન દુઃખીઓની નિષ્કામ સેવામાં તે પોતાનું જીવન ગાળવા લાગ્યો.

વાંચક ! વેરનું ઓસડ વેર નહિ પણ પ્રેમજ છે. દેવી સુશીલાના પરોપકારી અને પ્રેમી હૃદયે એક પાપી જીવનને સુધારીને કેવી અદ્ભુત રીતે ઉન્નત અને પરમાર્થી બનાવી દીધું ?

૨૦

પુનર્જન્મ.

(૧)

"તારા હાથમાં તારા પતિના લખેલા આટલા આટલા તો કાગળ છે પછી તું શાથી કહે છે કે એ તને ચાહતા નથી?" એટલું કહીને કાન્તાએ બળપૂર્વક સરલાના હાથમાંથી કાગળોનું બંડલ છીનવી લીધું.

મ્લાન–મુખે સરલાએ કહ્યું:—"બ્હેન! એ પત્રો પહેલાંના છે. આજે ત્રણ વરસથી તો એક દિવસ પણ એમનું હસતું વદન જોવા હું ભાગ્યશાળી થઈ નથી. રાત્રિએ તો ઘરમાં ટકતા પણ નથી, દિવસનાએ કોઈ કોઇ વખતેજ દેખાવ દે છે; ત્યારે પણ દીલ ખોલીને બે વાત કરતા નથી."

કાન્તા કાગળો વાંચવા મંડી. એ પત્રો શ્રીધરે વિવાહ પછી પોતાની બાલિકા પત્ની સરલાને લખ્યા હતા. તે સમયે તે નવ–યુવક હતો અને પોતાના પિતાની–સોનીની–દુકાનમાં ઘરેણાં ઉપર નકશી ચીતરવાનું કામ કરતો હતો, શ્રીધરે નકશીકામમાં ઘણી નિપુણતા મેળવી હતી, અને પિતાપુત્રની કમાણીથી તેમની આજીવિકા સારી રીતે ચાલતી હતી.

(૨)

'પુત્ર હવે લાયક થઇ ગયો છે' એમ જાણીને શ્રીધરના પિતા રામદાસ સોની તેના વિવાહ માટે પ્રયત્ન કરવા મંડયા. તપાસ કરતાં

કરતાં સરલા ઉપર તેમની નજર ઠરી. જો કે તે રંગે શામળી હતી, પણ ઘાટીલી, કામકાજમાં ચતુર અને પુષ્ટ હતી તેથી તથા એક માબાપ વિનાની છોકરી જાણીને રામદાસે તેને પુત્રવધૂ તરીકે સ્વીકારી હતી. શ્રીધર પણ કૃષ્ણવર્ણોજ હતો એટલે તેના કરતાં તો સરલા ઓછી સુંદર નજ હતી.

એ સમયે શ્રીધર પ્રથમ યૌવનમાં હતો, આથી તે સરલાને નાના પ્રકારની શબ્દરચનાઓવાળા પત્ર લખતો હતો. તેણે પત્ર લખવાની શૈલી એક કવિતાના પુસ્તકમાંથી ઉપાડી લીધી હતી. કેટલાંક પોતાનાં જોડકણાંઓ અને કેટલીક પેલા પુસ્તકમાંની કડીઓ તે કાગળપર સુંદર રીતે ચાંપી ચાંપીને લખતો, અને તેની આજુબાજુ સુંદર વેલ ચીતરીને તે પત્ર સરલા ઉપર મોકલી દેતો. પત્ર લખવામાં તે આટલી મહેનત અને આટલી નકશી શામાટે કરતો હશે એતો તે પોતે પણ બરાબર સમજી શકયો નહતો.

બાલિકા સરલાની તો વાતજ જૂદી હતી. તે પણ સ્વામીનો પત્ર મળતાં સર્વેની નજર ચૂકાવીને કંઇક લજ્જા સાથે તે વાંચવા અને કવિતાનો અર્થ સમજવા યત્ન કરવા મંડી જતી; પરંતુ તે સમજવા જેટલી યોગ્યતા, મિશનરી સ્કૂલના શિક્ષણથી તેનામાં આવી ન હતી. પણ આ અપૂર્ણતાથી તો એક જુદીજ ખૂબી આવી ગઇ હતી. જે કડી તે બરાબર સમજી ન શકતી તેમાંથી તે સ્વામીના અસીમ પ્રેમનો મનમાન્યો અર્થ ઉપજાવીને—કલ્પીને આનંદસાગરમાં ડુબી જતી.

બચપણમાં જે અક્ષરો જોઇને મહેતીજી એને સજા કરતી તેવાજ બેઢંગા અક્ષરોમાં તે સ્વામીના પત્રોના ઉત્તર લખતી હતી. એ પત્રો સાદા અને સરલ હતા. પ્રેમપત્રની રચના અને આંટીઘુંટી બતાવવાને એની પાસે કોઇ સખી નહતી. માતપિતાના મૃત્યુથી તે મામાને ઘેર અનાદર સાથે ઉછરતી હતી; આથી તે ત્યાં ઘણા સંકોચથી

રહેતી. જવાબ લખવાને માટે કાગળ, કવર અને ટીકીટ પણ શ્રીધર-નેજ મોકલવાં પડતાં. શ્રીધર તેને કેટલી બધી ચાહતો હતો ! પત્રમાં કેવી કેવી વાતો લખતો હતો ! તે સઘળું વાંચીને હમણાં પણ તેને તે સોનાના દિવસો યાદ આવતા હતા.

કાન્તા જ્યારે આ સઘળા પત્રો વાંચવામાં પડી હતી ત્યારે સરલાને બધી પાછલી ઘટનાઓ યાદ આવવા લાગી. ટપાલી આવવાની વખતે તે બારણા તરફ કેવી નજર રાખતી હતી, અને કેવી છૂપી-રીતે અને ખબરદારીથી તે પોતાના કાગળની થોડી લીટીઓ લખતી હતી—ઇત્યાદિ સઘળી બાલ્ય—લીલા તેના સ્મરણપટપર તરી આવી.

(૩)

આજે તેજ સ્વામી તેનાથી વિમુખ થઈ ગયો છે. રામદાસ તો બિચારો ત્રણ વરસથી આ લોકનો પરિત્યાગ કરી ગયો છે અને સોનીની દુકાન પણ ઉઠી ગઇ છે. શ્રીધર હવે કશો પણ ઉદ્યમ કરતો નથી, અને મહોલ્લાના કેટલાક નિરુદ્યમી છોકરાઓ સાથે ભળીને એક ગાયનમંડળી ઉભી કરવાની ચેષ્ટા કરી રહ્યો છે. એક છોકરાના ઘરમાં અખાડો જમાવવામાં આવ્યો અને એક પેટી (હારમોનિયમ), એક જોડ તબલાં, એક જાજમ અને હુક્કા, ચલમો તથા તંબાકુ એકત્ર કરવામાં આવ્યાં. ડ્રેસ—પોશાક—ક્યાંથી લાવવો તે નક્કી કરવામાં આવ્યું ન હતું, પણ તેટલાથીજ કંઇ કામ અટકે એમ ન હતું. દરરોજ નવા નવા વેશ ભજવાવા માંડ્યા. શ્રીધર રાત્રે ત્યાંજ પડી રહેતો, દિવસે પણ જમવાના વખતેજ આવતો. અધૂરામાં પૂરૂં બેએક દિવસથી સરલાને સ્વામીના મુખમાંથી દારૂની ગંધ આવતી માલૂમ પડી !

છેલ્લાં ત્રણ વર્ષો આમનેઆમ કેવાં દુઃખમાં વીત્યાં હતાં તે તો સરલાનુંજ મન જાણતું હતું. પોતાની પાસે અને તેની સાસુની પાસે જે બેચાર ઘરેણાંગાંઠાં હતાં તે વેચી-સાટીને તેઓ એક ટંક આખું-

પાતળું ખાઇને દિવસ ગુજારી રહ્યાં હતાં. શ્રીધર સાંજે ખાવા આવતો ન હતો, આથી સરલા અને તેની સાસુ પણ કદી કદી એક બે પૈસાના ચણા-મમરા ફાકીને કે ઘણી ખરી વાર તો એમને એમજ ચલાવી લેતાં. તે બિચારાં દિવસે પણ પેટ ભરીને અન્ન પામતાં ન હતાં. શ્રીધરે એક પણ દિવસ વિચાર કર્યો ન હતો કે બપોરે હું જે જમી જાઉં છું, તેને માટેનો ખર્ચ ક્યાંથી આવતો હશે? કોઈ દિવસ તેની માતા પૈસાની તંગીની વાત કાઢતી તો તે ગુસ્સે થઇને ચાલ્યો જતો અને બે ત્રણ દિવસ સુધી મ્હોંજ બતાવતો નહિ.

કાન્તાનો પતિ છાપખાનામાં કંપોઝિટર હતો. તે પણ પહેલાં શ્રીધરની મંડળીમાં હતો; પણ કેટલાક દિવસ થયાં તેણે પ્રભુકૃપાથી એ મંડળીનો સંસર્ગ છોડી દીધો છે. હવે તે બે પૈસાની મજુરી કરે છે અને કદી કદી 'નાઇટ'—રાત—ભરીને ચાલુ પગાર ઉપરાંત દશ બાર આના મેળવે છે. આ રીતે પોતાની જાતમહેનતના બચાવેલા પૈસામાંથી તેણે કાન્તાને એક સોનાની મોહનમાળા પણ કરાવી આપી છે.

કાન્તા તેને વારંવાર કહેતી, કે "તમે શ્રીધરને સુમાર્ગે ચઢાવો." પરન્તુ શ્રીધર બીજાના કહેવાથી સુધરે તેવો ન હતો.

(૪)

શ્રીધરના પત્રો વાંચી રહ્યા પછી કાન્તાએ કહ્યું:—"જો બ્હેન! એક કામ બની શકે તો તારો પતિ તારા ઉપર સ્નેહ રાખતો થઈ જાય."

સરલાએ આતુરતાથી પૂછ્યું:—"બ્હેન! કહેને કયું કામ?"

કાન્તા:—"સાંભળ, એક દિવસ મારી સ્થિતિ પણ તારા જેવીજ હતી. આટલા દિવસ સુધી મેં વાત કાઢી ન હતી, પણ હવે તારૂં દુ:ખ જોયું જતું નથી. તું સિદ્ધેશ્વરીમાતાની માનતા લે અને પાંચ ફૂળ તથા સિંદૂરની દાબડી સાથે પૂજા મોકલી દે."

સ૦:—" બ્હેન ! કેટલોક ખર્ચ થશે ? "

કાન્તા:—" આઠ આનાથી ઓછો તો નહિ થાય. તું મને પૈસા આપીશ એટલે સઘળો સામાન હું મંગાવીને તને પહોંચતો કરીશ. "

સ૦:—" પણ આઠ આના લાવું ક્યાંથી ? કાન્તા ! મારી પાસે તો એક પૈસો પણ નથી. " આપણુને આજનો દહાડો ગમ્યડશે " એમ કહીને માએ આજે ચણા પણ લીધા નથી.

કાન્તા:—" બ્હેન ! હું તો હમણાં આઠ આના આપું; પણ પારકા પૈસાથી પૂજાનું ફળ મળતું નથી. વળી ' ઉછીના આપું છુ ' એમ કહીને આપવાથી પણ કામ સરતું નથી. જો કોઇ પણ રીતે તું તારા સ્વામી પાસેથી આઠ આના લઇ શકે તો સૌ કરતાં સારૂં."

સ૦:—" બ્હેન ! તે તો મારા ભાગ્યમાંજ નથી. જો એવું બની શકતું હોય તો પછી આટલુ દુઃખ શા માટે વેઠું ? આજ સુધીમા એક પૈસો પણ પામી નથી તો વળી આજે આઠ આના ! "

કાન્તા:—" તો પણ એકાદ વખત માગી તો જો. પ્રયત્ન કરવો એ આપણું કામ છે. મેં પણ મહામહેનતે એમની પાસેથી એક રૂપીઓ મેળવ્યો હતો; અને તેજ રૂપીઆમાંથી ભેટ–પૂજા મોકલવાથી માતા સિદ્ધેશ્વરીએ કૃપાદૃષ્ટિ કરી હતી. "

બહારથી સરલાની સાસુએ બૂમ પાડી:—" વહૂ ! "

સરલા:—" બ્હેન જરા બેસજે, હું હમણા જાઉં છું. માઉ બોલાવે છે. "

કાન્તા:—" ત્યારે હું પણ હવે તો જાઇશ. વળી કાલે આવીશ. '

શ્રીધરને કોઈએ કહ્યું-હતું કે:—" પાનાનો જુગાર ખેલવાથી ભાગ્યજ ફરી જાય છે ! એક રૂપીઆના ચાર રૂપીઆ તો શું પણ

૨૫—૫૦ પણ થઈ જાય છે. માત્ર દાવ સારા પડવા જોઇએ અને જરા હોશિઆરી રાખવી જોઇએ."

શ્રીધર એક દિવસ બે ચાર પૈસા મૂકીને રમ્યો અને ચાર આના લઇને ઉઠયો. આથી તેનો લોભ વધ્યો, ને જુગારની લતમાં પડયો. હવે તે પાઇ પૈસો મૂકતો ન હતો પણ ઝુકાવવાજ મંડયો હતો. તેની પાસે તો વધારે પૈસા ન હતા, પણ જુગારના અખાડાવાળો છોટુમિયાં જુગારીઓને રૂપીઆ ધીરતો. છોટુમિયાં ઝાઝું ભણેલો ન હતો એટલે વ્યાજનો દર કે હિસાબ ગણવાની માથાફોડમાં પડતો નહિ. ચારના પાંચ રૂપીઆ લેવાનો તેનો સાદોસટ નિયમ હતો અને મુદત વધારેમાં વધારે સાત દહાડાની! આ ઉપરાંત તે દરેક દાવ ઉપર "નાલ" (હકસાઇ) લેતો તેની કમાણી તો જૂદીજ હતી. છોટુમિયાં આ કામ બહુ સાવચેતી અને યુક્તિપ્રયુક્તિથી કરતો હોવાથી આ અખાડાની વાત સરકારની જાણમાં આવવા પામતી નહિ. કોઇ બિચારો છેકજ આવી ગયો હોય ને છોટુમિયાંનું દેવું અદા ન કરી શકતો તો તે તેને ગમે તે રીતે જુગારી તરીકે પકડાવી દેતો અને આ પ્રમાણે ઉલટો તે જુગારની બદી ઓછી કરાવનાર તથા પોલીસના કામમાં મદદ કરનાર તરીકે ગણાઇને સરકારમાં માન પામતો હતો.

(૬)

શ્રીધરની માતા દરરોજ ચાર વાગ્યે ઉઠીને નદીએ સ્નાન કરવા જતી હતી. આજે તે નદીએ જવા નીકળી અને સરલાને કહેતી ગઇ:—"વહુ! હું નદીએ જાઉં છું, તું બારણાં વાસી દેજે."

શિઆળાનો દિવસ હતો. સરલાની ઉંઘ ઉડી ન હતી. અર્ધ જાગૃત અવસ્થામાંજ તેણે જવાબ આપ્યો:—"જાઓ, હું બારણાં બંધ કરૂં છું." પરન્તુ એ શબ્દો કેવળ બોલવામાંજ રહી ગયા, તે ગોદડાંમાંજ વીંટાઇ રહી.

થોડી વાર પછી એકાએક પાસેના ઓરડામાં કંઇક અવાજ થયો અને તેની ઉંઘ ઉડી ગઈ. તે ચોંકીને ઉઠી અને જુએ છે તો શ્રીધર બારણા તરફ દોડી જતો જણાયો. સરલાને જોતાં તે જરા અચકાયો અને ઉતાવળો ઉતાવળો કંઇક ગભરાટથી બોલ્યો, "મા ક્યાં છે? ન્હાવા ગઇ? હું આજે બપોરે જમવા આવવાનો નથી એ કહેવાને હમણા આવ્યો હતો; કહેજે તેને."

સરલાએ કહ્યું:—"ઠીક."

શ્રીધરે, ચાલતી પકડી; પણ સરલાએ કહ્યું:—"જરા થોભો તો ખરા. મારી એક વાત સાંભળશો?"

શ્રીધરઃ—"વળી શી વાત કહેવાની રહી ગઈ?"

સરલાઃ—"મને એક આઠ આના નહિ આપો?"

શ્રીધરઃ—"શું કરે છે? લે આ."

એમ કહીને તેણે એક અડધો ફેંક્યો અને ત્યાંથી ચાલી નીકળ્યો.

(૭)

શ્રીધર આજે જમવા નહિ આવવાનો હોવાથી ચૂલો સળગ્યો નહિ અને સાસુવહુએ બે પૈસાના મમરા ફાકીને ચલાવી લીધું.

બપોરે સરલાએ કાન્તાને કહ્યું:—"એ મને અડધો આપી ગયા છે, આજેજ પૂજા ચઢાવીએ તો ઠીક."

આ સાંભળીને કાન્તાને ઘણો આનંદ થયો. તે બોલી, "હું સઘળી વસ્તુઓ મંગાવું છું. સાંજ પહેલાં તે આવી જશે, પૈસા પણ ત્યારેજ આપજે. ત્યાં સુધીમાં તું એક થાળી સારી પેઠે માંજી મૂકજે." એટલું કહી તે ચાલી ગઇ.

સરલાએ ઘણુાજ આનંદપૂર્વક થાળી માંજી અને ચકચકિત કરી. પછી સિદ્ધેશ્વરીને પ્રણામ કરીને કહેવા લાગી "મા! કૃપા કરીને મારા સ્વામીને સુમતિ આપો."

સન્ધ્યાકાળ થતાં સ્નાન કરી, ધોયેલાં વસ્ત્રો પહેરીને તે કાન્તાની વાટ જોવા લાગી. થોડી વાર પછી તે પાંચ પ્રકારનાં ફળ, કેટલીક જાતનાં ફૂલ અને સિંદૂરની દાબડી લઇને આવી પહોંચી. સરલાએ ધ્રૂજતે હાથે તે સઘળી વસ્તુઓ થાળીમાં ગોઠવી. તેના મનમાં કેટલી આશાઓ ભરેલી હતી ? શું માતાજી કૃપાદૃષ્ટિ કરશે ?

થાળી બરાબર સજીને કાન્તાના હાથમાં મૂકી. તે થાળીમાં કેવળ આઠ આનાની વસ્તુઓજ ભરેલી ન હતી; પણ સરલાના જીવનનાં તમામ સુખ અને તમામ આશા—આકાંક્ષાઓ પણ તેમાં ભરેલાં હતાં.

સરલા લૂગડાને છેડેથી અડધો છોડવા લાગી એટલામાં તેની સાસુ બૂમ પાડી ઉઠી:—" હાયરે ! આ શો ગજબ ! આ મારી પેટી કોણે તોડી નાખી ? "

સરલા અને કાન્તા ચોંકી ઉઠયાં. હજી તેઓ ઓરડામાંથી બહાર પણ નીકળ્યાં ન હતાં એટલામાંજ સરલાની સાસુ હાયપીટ કરતી ત્યાં આવી પહોંચી. માલમ પડયુ કે તે બિચારીની રહીસહી પૂંજી—એક સોનાનું કડું અને દોઢ રૂપીઓ નગદ—કોઈ તાળું તોડીને ચોરી ગયું છે.

કાન્તાએ આશ્વાસન આપતાં પૂછયુ:—" ચોરી કયારે થઇ ? "

ડોશી:—" તે તો કોણ જાણે ? પણ કાલે મેં પેટી જોઇ હતી ત્યારે બરાબર હતી, અને આજે તો મેં ઉઘાડીજ નથી."

છેડે ચાર પૈસા બાંધેલા હતા તેનાજ મમરા મંગાવીને ખાઈ લીધા હતા. હમણાં જઇને જોઉ છું તો પેટી તુટેલી, હાય ! હું દુ:ખીઆરીનું કોણે સત્યાનાશ વાળી દીધું ? અરે ભગવાન ! કાલની હું ભૂખે મરી રહી છું. પેટે પાટા બાંધી બાંધીને એટલું બચાવ્યું હતું. હાય હવે શું ખાઇશું ? "

કાન્તા:—" આતો ઘણી નવાઇ જેવી વાત ! સરલા તો રાત દિવસ ઘરમાંજ રહે છે, તો પછી મુઆની હિમ્મતજ કેમ ચાલી હશે ? "

સરલાની છાતી ઉપર વજ્રાઘાત થયો. "પેટી પાસે તો સ્વામીજી ગયા હતા. તો શું તેમણે..." એ પછી તે કંઇ પણ વિચારી શકી નહિ.

(૮)

સરલાની સાસુની નજર હજી સુધી પેલી થાળી ઉપર ગઇ ન હતી. જેવી તે તેના જોવામાં આવી કે તરતજ બોલી ઉઠી:—"આ થાળીમાં શું ભર્યું છે?

કાન્તા:—"સરલા સિદ્ધેશ્વરીમાને પૂજા ચઢાવે છે, તે હું લઇ જવાની છું."

સાસુ૦:—"વહૂ! તું પૈસા ક્યાંથી લાવી? એમાં કેટલા પૈસા ખરચ્યા?"

કાન્તા:—"આઠ આનામાં બધી ચીજો આવી ગઇ છે. પૈસા તો એના ધણી એને અડધો આપી ગયા હતા."

સાસુ:—"જોઉં, અડધો કેવો છે?"

સરલાએ છેડેથી અડધો છોડી આપ્યો, તેને ફેરવી ફેરવીને તપાસી જોયા પછી ડોશી પોકારી ઉઠી:—"આ અડધો તો મારા વાળોજ છે, એતો પેટીમાં દાબડીમાં મૂક્યો હતો. શ્રીધર ક્યાંથી આપી શકે? આ કોનું કામ છે?"

સરલા મૂગીજ ઉભી રહી. કાન્તાએ જવાબ આપ્યો:—"શું ત્યારે એ ચોરી કરવા ગઇ હતી? એ તો તમારા સપુતનાંજ કામ છે, અને સરલાને અડધો આપી ગયા છે."

સાસુ ક્રોધથી બરાડી ઉઠી:—"મારો પુત્ર ચોરી કરે? કદી નહિ. એ તો આ અભાગિણીનાંજ કામ છે. ચોરી કરીને હવે પૂજા ચઢાવવાની ધૂમ મચાવી છે. કોઇ હલકા કુળની! જન્મતાંજ માબાપને ખાઈ ગઇ, ને પરણ્યા પછી સસરાને! એને લીધે તો મારા શ્રીધ-

રની આવી દશા થઈ છે. પહેલાં એ કેવો કામ-ધંધો કરતો હતો ? આ બાઇડી આવ્યા પછીજ એ બગડી ગયો છે. હાય હાયરે ! હવે હું કયાં જાઉં. ઘરમાં ને ઘરમાંજ ચોરી ! ”

કાન્તાઃ—“ માજી ! તમે ખાત્રી કર્યા વગર આવું શા માટે બોલો છો ? ”

સાસુઃ—“ પૂછી જો ત્યારે, શું એ ગળાપર હાથ રાખીને સોગન ખાય છે કે મેં ચોરી નથી કરી ? ”

કાન્તાઃ—“ ઠીક, કહે સરલા, આ અડધો તારા ધણીએ આપ્યો હતો ને ? ”

સરલાઃ—‘ નહિ. ’

કાન્તાઃ—“ અરે ! શું ત્યારે તેંજ ચોરી કરી હતી ? ”

સરલાઃ—‘ હા ’

કાન્તા આશ્ચર્યચક્તિ થઇને બોલીઃ—“ શું ત્યારે તું આ ચોરીના પૈસાથી માતાને થાળ ધરાવવા જતી હતી ? મા તો સઘળુ જાણે છે. શું એનાથી કંઇ છુપું રહી શકે એમ છે ? આ રહી તારી થાળી, બ્હેન ! મારાથી તો હવે કામ નહિ બને. ” એટલું કહીને તે થાળી ફેંકીને ચાલી ગઇ.

(૯)

થાળી ઉંધી પડી ગઈ અને બધી ચીજ વેરાઇ ગઇ. કેટલી કેટલી આશાઓથી તે થાળી ભરવામાં આવી હતી ! બિચારી સરલાનું મ્હોં ફિકકું પડી ગયું, તેના પગ કંપવા લાગ્યા, મહામહેનને તે દિવાલ પકડીને ઉભી રહી શકી. તેનું મગજ ઘેરાઇ આવી આંખે અંધારાં આવી ગયાં હતાં.

તેની સાસુ ઘાંટો પાડી ઉઠીઃ—“ અરે ! તું તો ઘરની વહુ છે; તારોજ વિશ્વાસ ન કરૂં તો કોનો કરૂં ? તેંજ આવું કામ કર્યું ? તને

શી જરૂર પડી ? અને શું ચોરી કરી એટલે પામી જવાની હતી ! માથા ઉપર ભગવાન કેવો જોતો બેઠો છે ! ડાકણ, જરા તો વિચાર કરવો હતો ? લોકો કહે છે કે "વહુ તો લખમી જેવી છે" તેઓ જરા આવીને લખમીનાં કરતુક તો જુએ. લાવ, કાઢી આપ મારૂ કડું અને રૂપીઓ."

સરલા કંઇ પણ બોલી નહિ, એટલે વળી સાસુનો મિજાજ ગયોઃ "કહું છું કે લાવી આપ, નહિ તો માથુંજ ભાગી ગયુ સમજજે. ઢોંગ કરીને ઉભી છે તે !"

"અરે ! ઠોયાં જેવી ઉભા કેમ રહી છે ? જા, અબ ઘડી કાઢી લાવ જ્યાં સંતાડયું હોય ત્યાંથી, નહિ તો હાથમાં ડામજ દઇશ ડામ."

એમ કહીને તેણે સરલાની પેટી ઉઘાડી અને એકેએક ચીજ ખોલીને જોયું પણ કશુંએ હાથમાં ન આવ્યું. આથી તો હવે તેના ક્રોધનો પાર રહ્યો નહિ અને તેણે સરલાનું ગળું પકડીને તેનું માથુ ભીંત સાથે પછાડયુ. "કહુ છું કે હજી પણ બતાવ !"

સરલાના મુખમાંથી અસ્ફુટ કાતર ધ્વનિ નીકળી ગયો. તેણે કશો પણ જવાબ આપ્યો નહિ. હવે તે વધારે વાર ઉભી ન રહી શકવાથી જમીનપર બેસી ગઇ. તેને ભાસ થયો કે મરણકાળ પાસે આવ્યો છે. તે મનમાં કહેવા લાગી, "મા સિદ્ધેશ્વરી ! તારાથી કંઇજ છાનુ નથી. તું મારા પતિને સુમતિ આપ."

વળી ડોશી ઘાંટો પાડી ઉઠીઃ—"નથી બોલવું કેમ ? ઠીક, જોઉ આજે તું જીતે છે કે હું ?" એટલું કહીને તેણે સરલાનું માથુ પકડીને જમીનપર પછાડયું ! સરલાએ જરા પણ પ્રતિરોધ કર્યો નહિ; આથી તો તેને વધારેને વધારે જોર આવતુ ગયું અને તે બિચારીનું મોં પકડીને જમીન સાથે ઘસવા લાગી.

જમીનપર લોહીનાં ત્રણ ટીપાં જોવામાં આવ્યાં. સરલા ચીસ પાડીને બોલી ઉઠી “ માતેશ્વરી ! ”

(૧૦)

એટલામાં બારણા તરફથી અવાજ આવ્યો, “ મા ! ” ડોસીએ જોયું કે શ્રીધર આવ્યો છે, ને તેની બન્ને આંખોમાંથી અશ્રુધારા વહી રહી છે.

તે બોલી ઉઠ્યો, “ મા ! મેંજ તારી પેટી તોડી હતી અને કડું લઇ ગયો હતો. એનો કશો પણ દોષ નથી. કેવળ મને બચાવવાને માટેજ એણે પોતાને માથે આફત વ્હોરી લીધી છે. મા ! જુગારમાં હું પચાસ રૂપીઆ હારી ગયો હતો, તે છોટુમિયાંના આપવાના હતા. આજે નહિ આપીશ તો તેણે મને પોલીસ પાસે પકડાવી દેવાનું કહ્યું હતું અને માર મારવાની પણ ધમકી આપી હતી. મા ! હું એને ત્યાં જુગાર રમવા જતો ત્યારે મેં સાંભળ્યુ હતું કે એણે કેટલાએ જણને એ પ્રમાણે મારી પણ નખાવ્યા હતા. આથી હું ઘણો ભય પામી ગયો હતો અને તેના પંજામાંથી છુટવા મે એ કામ કર્યું હતું ! પણ મા ! હવે મને બરાબર ઠોકર વાગી છે. આજથી હું પાણી મૂકું છું કે કદી પણ જુગાર રમવા નહિ જાઉં અને નઠારાની સોબત નહિ કરૂં. હું આપણો ધંધો કરીશ. આટલી વખત મને ક્ષમા કરો. આજથી હું નવોજ માણસ થાઉં છું. આજે મારો “ પુનર્જન્મજ ” થયો સમજજો. ”

શ્રીધરની માતા ઘણીજ લજ્જિત થઇ ગઇ, “ હાય બિચારી વહુને મેં......હવે હું શુ મ્હોં બતાવું ? ” એટલું કહીને તે પોતાના ઓરડામાં જઈ ઢગલો થઇને પડી અને રડવા લાગી.

શ્રીધરે જમીનપર પડેલી સરલાને ઉઠાડીને સજળનયને કહ્યું:— “ સરલા ! મેં સઘળું જોયું છે, હાય ! હું તને આજ સુધી નહિ

પિછાની શકયો ! તું દેવી છે, મને ક્ષમા કર. આજથી હું નઠારા વિચારો ને નઠારી સોબત છોડી દઉં છું. કહે, તું મને માફ નહિ કરે ?"

સરલા ક્ષીણસ્વરથી બોલી:—"હં ! એવું શું બોલો છો ?"

તેને ઘણી વેદના થતી હતી તો પણ આ વખતે તેને કેટલો બધો આનંદ થયો ! તેણે આંખો બંધ કરી અને કહેવા લાગી, "મા ! સિદ્ધેશ્વરિ ! તેં મારી પ્રાર્થના સાંભળી છે. મેં આજે મારા સ્વામીને ફરીથી મેળવ્યા છે."



૨૧

કાષ્ટનો ઘોડો

(૧)

વાંચક ! આજે મુંબઈના 'ચોરબજાર' તરફ નજર કરીએ. ત્યાં રસ્તા ઉપર અને દુકાનોમાં 'Second-hand'–વપરાયલું ફરનીચર, ઉતરેલાં કપડાં, જૂનાં-પુરાણાં પુસ્તકો તથા છબીઓ અને નાની મોટી અનેક ચીજો વેચવાને માટે ગોઠવેલી નજરે પડે છે.

ખાસ કરીને કેટલાક મુસલમાન લોકો શહેરમાં ફરી ફરીને શ્રીમતોને ત્યાં નકામી થઈ પડેલી વસ્તુઓ ખરીદી લાવે છે કે કોઈ સાહેબ બીજે દેશ જવાનો હોય ત્યારે તેનો સરસામાન લીલામમાંથી લઇ આવીને પોતાની દુકાનમાં એકત્ર કરે છે. અનેક ગરીબ-ગુરબાંઓ અને સામાન્ય પંક્તિના માણસો તેમાંની ચીજો ખરીદી લઈ તેવડે પોતાનું કામ ચલાવે છે.

"કેમ મિયાં જુમ્મન શેખ ! આ ઘોડો તો બહુ દિવસથી તારે ત્યાં વા ખાયા કરતો જણાય છે. એ તને પૈસા પરખાવે એમ લાગતું નથી. ત્યારે દોસ્ત ! મને ભેટજ કરી દેને કે જગ્યા રોકતો મટે." ચોરબજારમાંના એક દુકાનદારે પોતાના પાડોશી દુકાનદારને કહ્યું.

જુમ્મન શેખઃ—"વાહ દોસ્ત ! ખૂબ કીધી ! ગ્રાહક અને મોતનું કંઈ ઠેકાણું છે, કે ક્યારે આવી ચઢે ? કમાનદાર ઘોડાની કિમ્મત જાણનાર કંઈ બધાંજ ગ્રાહક થોડાં હોય ?"

રસ્તે જતાં ૬૦–૬૫ વર્ષની ઉમ્મરના એક વૃદ્ધ પુરુષના કાને

આ શબ્દો પડતાંજ તે ઉભો રહ્યો અને પૂછવા લાગ્યોઃ—"બતાવ જોઉ, કમાનદાર ઘોડો કેવો છે? અરે! આજ કે? પણ એના માથા-પર આ બે તલવારો કેવી! હં! હં! કંઇ સમજમાં આવતું નથી."

એટલું કહીને તે વૃદ્ધ પુરુષ ઘોડાના માથાપરની એક બીજાને કાપતી તલવાર અને તેની અદ્દભુત કારીગરી જોવા લાગ્યો.

વૃદ્ધઃ—"આ ઘોડો તને ક્યાંથી અને ક્યારે મળ્યો હતો?"

જુમ્મનઃ—"સાહેબ, પાંચ છ મહીનાપર 'સિંધીગલી'માં રહેતા એક હિન્દુને ત્યાંથી લાવ્યો હતો. એ ઘોડો તેના એક નાના સરખા છોકરાનો હતો, તેથી જ્યારે એ મને વેચવામાં આવ્યો ત્યારે તે બિચારો જમીનપર આળોટી આળોટીને ખૂબ રડયો હતો."

વૃદ્ધઃ—"હં: નાના છોકરાનો! ઠીક, તું એની શી કિમ્મત લઇશ?"

જુમ્મનઃ—"સાહેબ! ચાર રૂપીઆમાં એક પાઇ પણ ઓછી નહિ. જુઓ, કેવો મજબૂત છે! રંગ પણ જરાયે ઝાંખો થયો નથી."

વૃદ્ધઃ—"ચાર રૂપીઆ? ઠીક, લે આ મોં માગ્યા પૈસા આપું છુ. પણ હવે એક હેલકરી (મજુર)ને બોલાવ અને જે જગ્યાએથી તેં ઘોડો આણ્યો હતો તેનું બરાબર ઠેકાણું લખાવ."

(૨)

પેલો વૃદ્ધ પુરુષ હેલકરી સાથે સિંધીગલીના એક જુના પુરાણા માળામાં આવી પહોંચ્યો. દાદરા ચઢઉતર કરીકરીને અંતે તે પહેલાજ માળની એક ખૂણા પડતી ઓરડી આગળ આવીને અટક્યો. ઓર-ડીમાં એક યુવતી પોતાના ચારેક વર્ષના બાળક સાથે બેઠી હતી. તેનું ગૌર અને સુંદર વદન ચિંતાથી છવાયલું હતું. તેને જોતાંજ કોઇ પણ માણસને લાગી આવ્યા સિવાય નહિ રહેતું કે એણે અગાઉ સુખના દહાડા જોયા હશે. પેલા વૃદ્ધ પુરુષના હૃદયમાં આ દશ્ય જોતાંજ જાત-

જાતની લાગણીઓ તરવરી આવી, અને તેની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં.

તેણે પૂછ્યું:—"બાઈ! જરા જુઓને આ ઘોડો તમારોજ કે?"

તે સ્રીની નજર અત્યાર સુધી પેલા વૃદ્ધ પુરુષ ઉપર પડી ન હતી તેથી તે આ શબ્દો સાંભળતાંજ જરા ચોંકી અને ઉભી થઇ ગઇ. ઘોડા તરફ જોતાં તેની આંખમાં પાણી આવી ગયુ, તેનું હૃદય ભરાઇ આવ્યું અને તે કશું પણ બોલી શકી નહિ.

એટલામાં નાનો ધીમન્ત ઘોડા પાસે દોડી ગયો અને પેલી તલવાર પકડીને બોલી ઉઠયો:—"બા! બા! આ તો મારો ઘોડો છે." એમ કહીને તે તેના ઉપર ચઢી બેઠો અને આનંદમાં આવી જઇને "બાજુ ખસો, ઘોડો આવે છે" એમ પોકારવા લાગ્યો.

પેલી સ્રી ધીમુને રોકવા જતી હતી, પરન્તુ વૃદ્ધ પુરુષે તેને તેમ કરતાં અટકાવીને કહ્યું:—

"ઘોડાને જોતાંજ હું સમજ્યો હતો, કે એના વિના કોઈ બાળક રડી રહ્યોજ હશે. તે બાળકને ફરીથી આનંદ આપવાજ હું એને ખરીદીને તમારે હવાલે કરવા આવ્યો છું."

યુવતીએ આંસુ લૂછીને કહ્યું:—"આપ ઘણા દયાળુ લાગો છો, બાળકો આપને બહુ વ્હાલાં હોય એમ જણાય છે."

વૃદ્ધ—:"બાળકો! અરે! એ તે કોને વ્હાલાં ન લાગે? બાળકો તો પ્રભુનાં સુંદર રમકડાંઓ છે.

યુવતી ગદગદ કંઠે બોલી:—"અમે આપનો પાડ શી રીતે વાળીશું?"

વૃદ્ધ:—"પાડ પ્રભુનો! પણ હમણા તો હું અવસ્થાએ પહોંચેલો છું એટલે થાકી ગયો છું તેથી જરા વિશ્રાન્તિ લેવા બેસું છું. તરસ પણ લાગી છે. થોડું પાણી આપો." એમ કહીને તે વૃદ્ધ

પુરુષ યુવતીએ એક શેત્રંજી પાથરી આપી તેપર બેઠો.

પાણી પીધા પછી વૃદ્ધે પૂછ્યું:—"તમારા પતિ શો ધંધો કરે છે ?"

યુવતી નિસાસો મૂકીને બોલી:—આજે કેટલાએ દિવસ થયા નોકરીની શોધમાં જાય છે પણ હજી સુધી કહીંએ પત્તો લાગતો નથી. શું કરીએ ? ઈજતદારનાં ફરજંદથી કંઈ મજુરી કરવા થોડુંજ જવાય છે ! ઘરમાં વેચવા જેવી ચીજો હતી તે વેચીને આજ સુધી નિભાવ્યું છે, હવે તો ભગવાનની મરજી હશે તેમ થશે."

વૃદ્ધ:—"ખરેખર તમે લોકો ઘણું દુઃખ ભોગવી ચૂકયાં છો. પણ ઈશ્વરની મરજીથી સૌ સારાં વાનાં થશે. ચિંતા કરવાથી શું વળે ? બધા દિવસ કંઈ સરખા થોડાજ જાય છે ? વારૂ, તમારાં કોઈ સગાં-વહાલાં હશે ને ?"

યુવતી:—"નહિ, મારા પિયરમાં તો કોઈજ નથી. એકલી મા હતી તે પણ મારાં લગ્ન પછી તરતજ મરી ગઈ હતી. મારા સાસરીઆં તો મોટાં માણસ છે, પણ મારા પતિને તેમની સાથે જરા અણબનાવ થયો હતો."

વૃદ્ધે આતુરતાથી પૂછ્યું:—"શા માટે ?"

યુવતી:—"મારા પતિએ મારી ગરીબ વિધવા માતા તરફ જોઈને કોઈને પણ પૂછ્યા વિનાજ મારી સાથે લગ્ન કરી દીધું હતુ, વળી અમે બન્ને જૂદા જૂદા ગોળ-તડ-નાં હોવાથી મારા સસરા ઘણા નારાજ થયા અને તેમણે એમને કાઢી મૂકયા હતા. મહારાજ ! હમણા તો અમે બહુજ ગરીબ છીએ. પણ પહેલાં એવાં ન હતાં. મારા પિતા એક સોલિસિટરની ફર્મમાં નોકર હતા અને મહીને દહાડે ૨૦૦ રૂપીઆ કમાતા હતા. ત્યારે અમે આઠ ભાઈ બ્હેન હતાં અને આનંદથી રહેતાં હતાં; પણ હાય ! આજે તો તે બધાંમાંથી દુઃખ ભોગ-

વવા હું એકલીજ જીવતી રહી છું. ગયાં તે સુખીઆં થયાં!" આટલું બોલતાં બોલતાંમાં તેની આંખોમાંથી ચોધાર આંસુ વરસવા લાગ્યાં.

વૃદ્ધ પુરુષે તેને દિલાસો આપીને પૂછ્યું:—"તમારા પિતાનો આટલો મોટો પગાર હતો છતાં તેઓ કંઇજ બચાવી શકયા ન હતા ?"

યુવતી નિશ્વાસ મૂકીને બોલી:—"આપ કયાં નથી જાણતા કે પડતા ઉપર તો પાટુજ પડયા કરે છે ? ત્રણ ચાર હજાર રૂપીઆ હતા તે "ક્રેડિટ બૅંક" માં ડૂબ્યા અને બેએક હજાર 'સ્પિરીઍક'ના શેરમાં રોકાયા હતા તે તો ગયા તે ગયાજ, અને વળી હમણા એવી ખબર મળી છે કે તેનો બાકીનો હપ્તો પણ ઉઘરાવવાનો ઠરાવ થયો છે' હાય' ખાવાનાજ સાંસા છે તો તે કયાંથી ભરીશું ?

વૃદ્ધ:—"તમારો સસરો મદદ નહિ કરે ? કદાચ તમારા પતિએ તેની આજ્ઞા ન માની હશે પણ તમે તો કંઇ તેનું અપમાન નથી કર્યુ ને !"

યુવતી:—"ખરી રીતે તો મારા પતિએ પણ શું ખોટું કર્યુ હતું તે સમજી શકતી નથી. પોતાની નાત–જાતનાં માણસો તરફ દયા રાખીને તેમને મદદ કરવા જેવું સારૂં કામ બીજું કયું છે ? પૈસાદાર માણસો પૈસાદારનાંજ સગાં–વ્હાલાં થઇને ભરતામાં ભરે તેના કરતાં મારા પતિએ ગરીબ કુટુંબના બેલી થઇને તેની સાથે સંબંધ બાંધવામાં શું ખોટું કર્યું હતું ? આમાં જો કાંઇ દોષ હોય તો કેવળ મારોજ છે; કારણ કે હુંજ અભાગિણીને લીધે તેમને આ સ્વપ્નમાં નહિ દીઠેલું તે આજે વેઠવું પડે છે."

એટલામાં બહારથી ઘોડાને ઉભા રહેવાનો ધીમુનો હુકમ સંભળાયો, વૃદ્ધ પુરુષ તે સાંભળીને હસી પડયો.

વૃદ્ધે પ્રેમપૂર્વક પૂછયું:—"એનું નામ શું ?

યુવતી:—"ધીમન્ત."

વૃદ્ધ:—"તમારા પતિ ક્યારે આવશે?"

યુવતી:—"તેમને આવવાનો સમય તો થઇ ગયો છે. હવે આવતાજ હશે."

વૃદ્ધ:—"તેમણે પહેલાં કંઇ નોકરી હતી? બનશે તો હું તેમને માટે આજે કંઇક ગોઠવણ કરી શકીશ."

યુવતી:—"દાદાજી! એટલી દયા કરશો તો અમારાં બધાં દુ:ખ ટાળવાનું આપને પુણ્ય લાગશે. એઓ હિસાબી કામ સારૂં જાણે છે, 'સ્પિશીબૅંક'માં કામ કરી ચૂકયા છે. બૅંક તૂટયા પછી કેટલાક મહીને એક યુરોપીઅન વેપારીને ત્યાં ૩૦ રૂપીઆની નોકરી મળી ગઇ હતી પણ આ લડાઇ જાગ્યા પછી તે વેપારી જરમન હોવાથી તેને અહમદનગર પકડી લઇ ગયા અને તે દુકાન પણ બંધ થઇ. આવા વખતમાં વેપારીઓને જૂના નોકરો નિભાવવાજ ભારે થઇ પડયા છે તો નવા તો કયાંથીજ રાખે? આથી મહીનાઓ થયાં અમારાં નશીબે દેવાયલાં તાળાં ઉઘડી શકતાં નથી. લગ્ન પહેલાં તો એ મહેનત કેવી હોય તે પણ સમજતા ન હતા."

વૃદ્ધ:—"અને પેલો ઘરડો રાક્ષસ પોતાના એકનાએક પુત્રને અને લક્ષ્મી જેવી વહુને કાઢી મૂકીને હવે જરા પણ ખબરે રાખતો નથી કે શું? તે પગપર પગ ચઢાવીને મિષ્ટાન્ન ઉડાવ્યા કરે અને આ તરફ તેનાં છોકરાંને ટુકડા રોટલા માટે નોકરીનાં વલખાં મારવાં પડે!"

યુવતી:—"દોષ કોઇનોએ નથી. જ્યાં અમારૂં ભાગ્યજ ખોટું ત્યાં કોઇને શું કહેવું? જો એમને ૨૦–૨૫ રૂપીઆની નોકરી મળી જાય–"

"માત્ર ૨૦–૨૫ ની?"

"જી! તેટલાને તો હું ૨૦ લાખ રૂપીઆ મળ્યા સમજું છું. અમે કંઇ ઉડાઉ નથી અને મને કરકસરથી ઘરસંસાર ચલાવતાં સારી રીતે આવડે છે; એટલે એટલી નોકરી પણ અમને તો પૂરતીજ છે."

(૩)

એટલામાં તે યુવતીનો પતિ રખડી રખડીને થાકયો પાકયો આવીને ઉમરા ઉપરજ લમણે હાથ દઇને બેસી ગયો, આજે તેની નિરાશાનો પારજ ન હતો, તેનું મગજ ભ્રમિતના જેવું થઇ ગયું હતું; તેથી ઘરમાં કોણ બેઠેલું છે તે તે જોઇ શકયો નહિ અને નિસાસા મૂકીને કહેવા લાગ્યો:—"અરે ભગવાન! હજી શુ વીતવાનું બાકી રહ્યું છે! આજે બબ્બે મહીનાનું ભાડું ચઢી ગયું છે. હમણા ભૈયો આવશે તેને શો જવાબ દઈશ? ઓરડી ખાલી કરી જવાની પણ નોટીસ મળી ચૂકી છે, હાય! હવે શું કરવું? ફરી ફરીને થાકયો પણ હજી નોકરીનો પત્તાજ નહિ."

વિમળા અવસર જોઇને બોલી ઉઠી:—"અરે! જરા જુઓ તો ખરા, ઘરમાં કોણ આવીને બેઠું છે? એમણે તમને નોકરીએ લગાડી આપવાનું માથે લીધું છે. જરા એમની સાથે વાત તો કરો. રડવાથી શું થવાનું હતું?"

આ સાંભળતાંજ તેને ભાન આવ્યુ. કંઇક સંકોચથી પણ આશાભરી નજરે તેણે વૃદ્ધ તરફ જોયું, તો તેની આંખમાંથી પણ પોશ પોશ આંસુ વહી રહ્યાં હતાં. તે બોલ્યો, "શેઠજી"

વૃદ્ધ પુરુપ બોલી ઉઠયો:—"બેટા! લલિતમોહન!"

"કોણ? પિતાજી!" એમ કહીને લલિતમોહન દોડીને તેના પગ સાથે બાઝી પડયો. વિમળા પોતાના સસરાને જોઇને જરા સંકોચ પામી અને પ્રણામ કરીને ઉભી. બધાંની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

થોડી વાર પછી જ્યારે હૈયાં ખાલી થયાં અને બધાં કૈક સ્વસ્થ થયાં ત્યારે સાહસલાલે દમ ખેંચીને કહ્યું:—"બેટા! આવો ગાંડો ટેક? આજે બાર બાર વર્પ થયાં ન કાગળ કે પત્ર, ડોસો મરી ગયો

છે કે જીવે છે એટલું જાણવાની પણ તને ઇચ્છા ન થઇ? ઘરડું માણસ આવેશના માર્યા બે બોલ બોલી નાખે તેપર આટલો ક્રોધ! અરે ભગવાન! મારાં છોકરાંને પેટને માટે આટલાં ફાંફાં! પાંચ પચીસ માણસને ઠેકાણે પાડનારના છોકરાનેજ નોકરી માટે રખડવાનું! ભલું થયુ, કે આજે ચોરબજારમાં જઇ ચઢ્યો."

લલિતમોહનઃ—" પણ પિતાજી, આપ અહીં શી રીતે આવી શક્યા? આપને કોણે ખબર કહી?"

સાહસલાલઃ—" આ ઘોડાએ. તને યાદ છે? તારે માટે મેં એક ઘોડો કરાવ્યો હતો. બરાબર તેવાજ ઘાટનો અને પેલી માથા ઉપરની તલવારોવાળો ઘોડો બજારમાં મળવો તો તદ્દન અસંભવિતજ છે. તેથી જ્યારે આજે ચોરબજારમાં આ ઘોડો જોયો ત્યારે મને શંકા પડી અને મેં ધાર્યું કે જરૂર આની સાથે તારો કંઇક સંબંધ હોવો જોઇએ. એ પછી તે મિયાંને ઠેકાણું પૂછીને અહીં આવ્યો અને પ્રભુએ મારા પશ્ચાત્તાપ તરફ જોયું. ત્રણે વરસે મારાં ખોવાયલાં રત્નો મેળવી શક્યો, પછી તેણે વિમળા તરફ જોઇને કહ્યુંઃ—"બેટા, હવે પેલા ઘોડેસ્વારને તો જરા આમ લાવ."

ધીમુ આવતાંજ ડોસાએ તેના બન્ને હાથ પકડી લીધા. ધીમુ તેમના સામું જોઈ રહ્યો અને બોલી ઉઠ્યોઃ—" શું તમે મારો ઘોડો પાછો લઈ જશો?"

" ના, બેટા, ના. આ ઘોડાનો બાપ મારે ઘેર છે તે પણ હવે તમે ત્યાં આવશો એટલે તમારો થઈ જશે."

ધીમુઃ—" શુ તે ઘોડો તમારો છે? તમે તેનાપર બેસો છો?"

વૃદ્ધ પુરુષે હસીને જવાબ આપ્યોઃ—" હુ તો નહિ પણ તારા બાપુજી તારા જેવડા હતા ત્યારે તેનાપર બેસતા."

ધીમુએ ફરીને પોતાના પિતા તરફ જોયું અને બોલ્યોઃ—" મેં

તો એમને મારા જેવડા કદી પણ જોયા નથી ? ”

ધીમુના આ શબ્દોથી થોડી વાર પહેલાંની કરુણતા ભરી ઓરડી આનંદથી ઉભરાઈ ગઇ.

(૪)

બીજે દિવસે સવારમાં તે માળા આગળ એ ગાડી આવીને ઉભી અને થોડીવાર પછી ચર્નીરોડ તરફ ઉપડી ગઇ. વિમળાએ અને લલિતમોહને દુઃખીઆને વિસામો આપનાર તે ઝુંપડીને ભક્તિભાવથી સજ્જનયને છેલ્લા પ્રણામ કર્યા.

સાંજ થતાં આગગાડી સુવર્ણપુરના સ્ટેશને આવી પહોંચી. ગામના સઘળા લોકો જાગીરદાર સાહેબનો તાર મળી ગયલો હોવાથી સ્ટેશનપર એકઠા થઇ જઇને કયારના ટ્રેનની વાટ જોઇ રહ્યા હતા. તેમણે સાહસલાલ અને લલિતમોહનને જોતાંજ આનંદના પોકાર સાથે પુષ્પવૃષ્ટિ કરી.

બાર વરસથી સૂની પડેલી સુવર્ણપુરની હવેલી પાછી દીપી નીકળી. સાહસસિંહે પુત્રવિયોગના શોકમાં પંચકેશ વધાર્યા હતા. ઘેર પહોચતાંજ ધીમુએ દાદાની દાઢી પકડીને પેલા ઘોડાના બાપને જોવા માગ્યો. તરતજ એક “ ગોડાઉન ” માંથી તેને બહાર કાઢવામાં આવ્યો અને તેપરની ધૂળ ઝાપટી નંખાઈ. ધીમુએ તેના તરફ કેટલીકવાર ધારી ધારીને જોયું અને પછી પોતાના ઘોડાની પીઠ થાબડીને બોલ્યો, “ દાદા ! મારોજ ઘોડો સારો છે. મારે એનો આ ઘરડો બાપ નથી જોઈતો. ”

દાદાએ હસીને જવાબ આપ્યોઃ—“ ખરી વાત બેટા ! આપણે આપણા જૂના મિત્રને કદી પણ નહિ છોડવો. ”

૨૨

દેવી ભગવતી

(૧)

બહુ દિવસની વાત નથી, આજથી દશેક વર્ષ ઉપર બનેલી એક સત્ય ઘટનાનો ઉલ્લેખ વાચકો સમક્ષ રજુ કરવામાં આવે છે.

હાલ તે કન્યા ૨૦ વર્ષની યુવતી છે; સુંદરતામાં તે લક્ષ્મીને બાજુએ મૂકે એવી છે, તેના ગુણો તરફ જોશો તો તેને સરસ્વતીજ કહેવી પડશે અને દયાની તો તે સાક્ષાત્ દેવીજ છે. તેનું ખરૂ નામ અમે રજુ કરી શકતા નથી પણ તેના ગુણો તરફ જોતાં તે ભગવતીના નામનેજ યોગ્ય છે.

ભગવતી મારા એક મિત્રની એકની એક પુત્રી છે. તે દશ વર્ષની હતી ત્યારે પોતાના માતપિતાના સોળે સોળઆના પ્રેમની અધિકારિણી હતી. તેને આખો દિવસ હાથમાં ને હાથમાં રાખવામાં આવતી. તે વડિલોની આજ્ઞાને માન આપનારી, ગરીબોની દાઝ ધરનારી અને મધુર-ભાષિણી હતી. આથી ગામના લોકો પણ તેને દેવીજ કહીને બોલાવતા

(૨)

મારા મિત્રના ગામથી બે ગાઉ દૂર એક બીજું ગામ આવેલુ છે. તે ગામનો જમીનદાર એક બ્રાહ્મણ છે. તે ૧૦–૨૦ વીંઘા જમીન ધરાવતો બેહુ જમીનદાર નથી પણ તે ૩–૪ ગામોનો માલીક છે. જો કે તેની પાસે પોતાના વડવાઓ જેટલી સંપત્તિ તો રહી નથી છતાં પણ તે એક મોટો માણસ ગણી શકાય એટલી દોલતનો ધણી છે.

જેની પાસે કેવળ પૈસોજ હોય તેને શું મોટો માણસ કહી શકાય ? દુનીઆ તો તેમજ કહે છે. પણ વાસ્તવિક રીતે તો સમજુ પુરુષો કરતાં અભિમાની શ્રીમંતનો દરજ્જો નીચો છે. આ બ્રાહ્મણ જમીનદાર પણ એજ કોટિના માણસ હતા. મનમાન્યા પૈસા મળી જવાથી સાહેબ ગર્વથી છલકાઈ ગયા હતા. તેઓ પોતાની પ્રજાને દુઃખ દેતા અને પાડોશી જમીનદારોને બહુ કનડગત કરતા હતા. લોભવશ થઇને તે કોઇની જમીન દબાવી પાડતા તો કોઇના ખેતરમાંથી પાક કપાવી લેતા. એવું એક પણ અઠવાડીઉ ભાગ્યેજ પસાર થતું કે જેમાં જમીનદાર સાહેબ કૉર્ટે ન ચઢ્યા હોય !

પરંતુ આવી જહાંગીરી કેટલા દિવસ નીભી શકે ? તેનો વખત લડવામાં જવા લાગ્યો. વકીલોની અને કાગળોની ફી, નાચરંગ અને બીજા ઉડાઉ ખરચોમાં જમીનદારનું તમામ ધન સ્વાહા થઇ ગયું; એટલુંજ નહિ પણ કરજ કરવું પડયું. જે જમીનદારોને એ પહેલાં કનડગત કરતો હતો તેમની દાઢીમાં હવે એને હાથ ઘાલવાનો પ્રસંગ આવ્યો, તેમણે રૂપીઆ તો ધીર્યા પણ જમીન ઉપર. જ્યારે તે વાયદાસર ઋણ ચૂકવી ન શકયો ત્યારે પેલા લોકો એનું પહેલાંનું વર્તન યાદ લાવીને એની જમીન હરાજ કરી કરીને સોંઘામાં રાખી લેવા લાગ્યા. થોડાજ વખતમાં તે એક માનનીય તાલુકદાર મટીને કોડીનો માણસ થઇ ગયો અને તેને ખાવાને ટુકડો રોટલો મળવો પણ મુશ્કેલ થઈ પડયો. 'વાવે તેવું લણે.' લોકો એનાથી એટલા હેરાન થઇ ગયા હતા, કે તેની આવી દુર્દશામાં પણ તેને માટે ભાગ્યેજ કોઈની આંખમાં બે આંસુ આવ્યાં હોય.

(૩)

એ બ્રાહ્મણ જમીનદાર સાથે મારા મિત્રનો પણ એક મોટો મુકદ્દમો ચાલી રહ્યો હતો. પરિણામે તેનું એક આખું ગામ મારા મિત્રના

હાથમાં આવ્યું. લાંબા વખતને અંતે આખરે પોતાનો વિજય થવાથી તેણે એક મોટો આનંદોત્સવ કર્યો. તે ઉત્સવમાં ભાગ લેવા આવેલા મિત્રો અને સગાં–વહાલાંની મેદનીથી આજે તેનું ઘર ગાજી ઉઠયું હતું.

ભગવતી આ બધી ધામધૂમ જોઇને પોતાના પિતા પાસે આવી અને તેને પૂછવા લાગી, "બાપુજી, આજે આપણે ત્યાં શા માટે ઉત્સવ કરવામાં આવ્યો છે ?"

મિત્ર:—"બ્હેન ! મારો એક ઘણો મોટો દુશ્મન છે, તે મને ઘણું દુઃખ દેતો હતો, આજે તેનું એક ગામ ઘણાજ સસ્તામાં આપણા હાથમાં આવી ગયું છે. કરજનો માર્યો તે પોતાની જમીનદારી બચાવી શકયો નથી."

પિતાજીની વાત સાંભળીને તેનું મોં ઉતરી ગયું અને આંખમાં પાણી આવી ગયાં. તે ધીમે રહીને બોલી, "તો પિતાજી, આપણે ત્યા આ વાજાં વગાડવાની શી જરૂર ? તે બિચારો આજે શોકમાં ડૂબી જઈને ભૂખે પડી રહ્યો હશે અને આપણે ત્યાં આમ પકવાન્ન લ ટાય ? પિતાજી ! ગમે તેવો હોય તે સુખમાં રહેલો માણસ છે. તેનો આત્મા આજે કેટલો સંતાપ પામતો હશે ? કેટલા શાપ દઈ રહ્યો હશે ? અને આપણે ઉત્સવ કરીએ એ કેવી વાત ? મારાથી આ દેખી શકાતું નથી. આ બધી ધામધૂમ બંધ કરાવી દો. તેનું ગામ તેને પાછું સોંપી દો. જરૂર તે હવે સુધરી જશે અને પોતાનું કરજ પણ ફેડી દેશે. ભલા, કોઇને ચૂસીને આપણે માતબર બનીએ તેથી શું ભગવાન આપણાપર રાજી રહેશે ? આવો મોટો જમીનદાર આજે ટુકડા રોટલા માટે ભીખ માગતો ફરે તે શું આપનાથી જોઇ શકાય છે?"

કન્યાની વાત સાંભળીને બધા છક થઇ ગયા. તેનો પિતા પણ ચૂપજ રહી ગયો. થોડી વાર પછી તેણે કહ્યું, "બેટા, તું ખરેખર ભગવતી છે. તું કહે છે તેમજ હું કરૂં છું." એમ કહીને તે તરતજ પોતાના શત્રુને ત્યાં પહોંચ્યો અને પોતાની કન્યાની સઘળી વાત તેને

કહી સંભળાવીને કહ્યું:—"ભાઈ, આજથી આપણી વચ્ચેના વિરોધનો અંત આવ્યો છે. હવેથી તું મને તારો મિત્રજ જાણજે."

(૪)

દેવીની દયા મેળવ્યા પછી તે બ્રાહ્મણનો અધઃપાત થતો અટકી ગયો. પોતાનું ગામ મળવાથી તેણે પોતાનું વર્તન ઘણું સુધારી દીધું. બહુધા સંકટમાં આવી પડવાથી માણસને સારી શિખામણ મળી જાય છે. અહીં પણ તેમજ થયું. હવે તે એક સજ્જન તરીકે ઓળખાય છે, તેણે પોતાનું તમામ કરજ ચૂકવી દીધું છે, અને પોતાનાં ગયેલાં ગામો પણ તે પાછાં મેળવી શક્યો છે. આ પ્રમાણે એક ડૂબતો માણસ એક તરણાની સહાયથી કિનારે લાગ્યો.

આ સઘળો પ્રતાપ કોનો ? એક નાની સરખી દેવીના કોમળ કાળજામાંથી ઝરી નીકળેલી દયાનોજ. અનંત દયાના સાગર મંગલમય ભગવાને એક નાની સરખી બાલિકાના હૃદયમાં ઉતરીને એક દુર્બુદ્ધિ જમીનદારના મનમાં સારા નઠારાનો વિચાર કરવાની શક્તિ ઉત્પન્ન કરાવી દીધી. કરૂણામયી દેવીની પવિત્રતાથી પાપનો અંધકાર દૂર થઇ ગયો.

(૫)

આજે દશ વર્ષ પછી તે બ્રાહ્મણ જમીનદારે તે કન્યા પાસે આવીને પુષ્પ અને ચંદનથી તેની ખરેખરી પૂજા કરી અને હાથ જોડીને બોલ્યો, "ભગવતિ ! તું માનવી નહિ પણ ખરેખરી દેવીજ છે. તેં મને પાપમાંથી ઉગાર્યો અને દુઃખદારિદ્રયના સમુદ્રમાં ડૂબી જતાં બચાવ્યો. તું ન હોત તો કોણ જાણે આજે મારી કેવી અવસ્થા થઈ હોત ? ખરે તું પૂજાને યોગ્યજ છે."

બાબુ ગિરિજાકુમાર ઘોષના લખવા પ્રમાણે આ એક સત્ય ઘટના છે. તે ઉપરથી શત્રુને પણ મિત્ર ગણીને વર્તવાથી પરિણામ કેટલું બધુ કલ્યાણકારી આવે છે તે વાચકો જોઇ શકશે.

૨૩

"માતા ઉઘાડીને છોકરી ફૅનસી?"

(૧)

પ્રૉફેસર નલિનીકાન્ત સુરતના પ્રસિદ્ધ દેશાભિમાની નાગરિક રામરાય મહેતાના પુત્ર થાય. મેટ્રીક પાસ થયા પછી તેમનો વિચાર મુબઇની કોઈ કૉલેજમાં દાખલ થવાનો હતો. રામરાય મહેતા મર્હુમ દેશભક્ત મહાન ગોખલેના અંગત મિત્રોમાંના એક હતા તેમને એ વિચાર રૂચ્યો નહિ, આથી નલિનીકાન્ત પિતાની ઇચ્છા પ્રમાણે પુણાની 'ફર્ગ્યુસન કૉલેજ'માં દાખલ થયા. વીસ વર્ષની વયમાં માન સાથે બી. એ. પાસ થયા પછી તેમનો વિચાર સિવિલિયન થવા માટે વિલાયત જવાનો હતો; પણ રામરાય મહેતા પાસે એટલા પૈસા ન હતા કે પુત્રની ઇચ્છા પાર પડી શકે. જો થોડો પ્રયત્ન કરવામાં આવ્યો હોત તો 'તાતાની સ્કૉલરશિપ' મળી શકત, પણ પ્રિન્સિપલ સાહેબ નલિનીકાન્ત સિવિલિયન થાય તે કરતાં 'સિનિયર રેંગ્લર' થઇને પોતાની જાત થોડા પગારમાં કોઇ પ્રજાકીય સંસ્થાને અર્પણ કરે એવુ ઇચ્છતા હતા. વળી નલિનીકાન્તની ઉમ્મર ૨૧ વર્ષની થઈ ગએલી હોવાથી સિવિલ સર્વિસની પરીક્ષા માટે ફક્ત એકજ "ચાન્સ' મળી શકે એમ હતું. તેથી કદાચ ભોગજોગે પહેલાજ પ્રયત્નમાં સફળતા ન મળી તો બધી ઉમેદ ભાગી જાય એમ હતું. આ સઘળી વસ્તુ સ્થિતિનો વિચાર કરતાં સિવિલિયન થવાનો વિચાર માંડી વળાયો. બીજે વર્ષે ગણિતશાસ્ત્રમાં "ફર્સ્ટકલાસ ફર્સ્ટૅચ" માં આવીને તેમણે એમ. એ. ની પદવી પ્રાપ્ત કરી.

પૂણાના સ્વદેશાભિમાન અને સ્વાર્પણમય વાતાવરણમાં પાંચ વર્ષ રહેવાથી અને ગુરુઓનાં સ્વાર્થત્યાગનાં જ્વલંત દષ્ટાન્તની હરહંમેશ છાપ પડવાથી નલિનીકાન્તના વિચારમાં ઘણું પરિવર્તન થઈ ગયું હતું. તેણે હવે ગુજરાતમાં પ્રજાકીય કેળવણીની સંસ્થાના અભાવે "ડેકન એજ્યુકેશન સોસાયટી"ની સેવા સ્વીકારી અને ૭૫ રૂપીઆના પગારથી તેઓ હમણા "ફર્ગ્યુસન કૉલેજ"ના સ્ટાફમાં જોડાયા.

એમના સ્વાર્થત્યાગની વર્તમાનપત્રોમાં (ખાસ કરીને ગુજરાતનાં) ઘણી પ્રશંસા થઈ. પણ હમણા તેમની જે જ્વલંત કીર્તિ દિગંતમાં વ્યાપી રહી છે તે તો તેમના પ્રબળ લેખિનીપ્રભાવનેજ આભારી છે.

તેમને જે કંઇ પ્રતિપાદન કરવાનું હોય છે તે સચોટરીતે અનેક દાખલા દલીલો આપીને સરળ પણ એવી તો ઓજસ્વિની ભાષામાં રજુ કરે છે, કે તે વાત વાચકના મગજમાં આબાદ રીતે ઠસી જાય. "મોડર્નરિવ્યુ," "ઇન્ડિઅનરિવ્યુ," "હિન્દુરિવ્યુ," અને "રિવ્યુ ઑફ રિવ્યુઝ" જેવાં સમર્થ માસિકપત્રોમાં એમના લેખો વારંવાર પ્રકટ થતા રહે છે. જે પત્રમાં એમના લેખો પ્રકટ થાય છે તેના આગામી અંકની બહુજ આતુરતાથી લોકો વાટ જોઈ રહે છે એમની કીર્તિ આટલેથી અટકતી નથી પણ વિલાયતની સાહિત્ય-પ્રચારક મંડળીઓ તરફથી એમને લેખો માટે આગ્રહપૂર્વક વિનાત થતી રહે છે, અને હમણા તેમણે તેમાંની એક સોસાયટી માટે લખેલુ પુસ્તક ત્યાં ઘણું આદર પામ્યું છે. પણ વાચક ! આ દેશાભિમાની સમર્થ લેખકનો વાણીપ્રસાદ અત્યાર સુધી અંગ્રેજીમાંજ વહી રહ્યો છે ! ગુજરાતનાં વર્તમાનપત્રો કે માસિકોના તંત્રીઓએ 'દિવાળી'ના કે 'પટેટી'ના ખાસ અંકો માટે વારંવાર વિનતિજ નહિ પણ આજીજી કરવા છતાં વખતના અભાવે અને ગુજરાતીની "શું શાં પૈસા ચાર" એવી કિમ્મત કંઇક અજબ રીતે એમના મગજમાં ઘૂસી ગયેલી

હોવાથી તે આજીજી સફળ થઇ શકી નહોતી અને બિચારાં ગુજરાતી પત્રો અને ગુજરાતી પ્રજા તેમના જ્ઞાનનો લાભ લેવાથી બેનસીબજ રહ્યાં હતાં.

(૨)

કુસુમનો માતૃભાષા ઉપરનો પ્રેમ અગાધ છે. ગુજરાતી સાહિત્યની ઉન્નતિ થયલી જોવાને તેનું હૃદય સદા ઉત્સુક છે. પોતાના પતિ ધારે તો બિચારી અનેક અડધાં-ઉઘાડાં અંગોવાળી માતૃભાષાને સુંદર અલંકારોથી શણગારવતી બનાવી શકે એમ છે. છતાં તે વાત તેમના ધ્યાનમાં નહિ ઉતરતી હોવાથી કુસુમને મનમાં ઘણો સંતાપ થયા કરતો હતો. તે અનેકવાર વિનવી વિનવીને કહી ચૂકી હતી પણ તેની આશા હજી સુધી સફળ થઈ શકી ન હતી. આથી તે બિચારી પોતાનાથી બની શકે તેટલી સેવા "સુંદરીસુબોધ" આદિ માસિકદ્વારા બજાવતી અને સંતોષ માનતી.

(૩)

દિવાળીના દિવસો હતા. પ્રૉફેસર નલિનીકાંત અને તેમનુ કુટુંબ વતનમાં આવ્યાં હતા. સંધ્યાકાળ થયો હતો, દીપમાળના પ્રકાશથી મહોલ્લેમહોલ્લા ઝગઝગી ઉઠયા હતા. આંગણામાં રસિક રમણીઓએ પૂરેલા વિવિધરંગી સ્વસ્તિકો રસદષ્ટિને ઠારી રહ્યા હતા એવા વખતમાં ગોપીપરાના એક રસ્તાપર પડતા મકાનમાંથી હારમોનિયમનો સુદર ધ્વનિ સંભળાયો. સુર મેળવી લીધા પછી કોકિલ કંઠને પણ લજાવે એવા સ્વરથી વાજા સાથે એક રમણીએ ગાવાનું શરૂ કર્યુંઃ—

"સાંગોપાંગ સુરંગ વ્યંગ્ય અતિશે, ધારો ગિરા ગુર્જરી,
પાદેપાદ રસાળ ભૂષણવતી, થાઓ સખી ઉપરી;
જે ગિર્વાણ ગિરા ગણાય, ગણતાં તે સ્થાન એ લ્યો વરી,
થાયે શ્રેષ્ઠ સહુ સખિજન થકી, એ આશ પુરો હરિ."

વાચક ! આજે બેસતા વર્ષને દિવસે ભાષાભક્ત પ્રેમાનંદની એ પ્રાર્થનામાં કોનું હૃદય આટલું તલ્લીન થઇ ગયું હશે ? તમે જાણી શક્યા ? એ ગુંજન માતૃભાષાભક્ત કુસુમનાજ હૃદયનું હતું.

(૪)

એની એ કડી પહેલી વાર નહિ, બીજી વાર નહિ પણ ત્રીજી વાર ભક્તિભાવથી ગવાઈ રહી હતી એટલામાં પ્રો. નલિનીકાન્ત પોતાના એક સાહિત્ય પ્રેમી ગાઢ પરિચયવાળા મિત્ર મી. રસિકલાલ સાથે ત્યાં આવી પહોંચ્યા. કુસુમ હારમોનિયમ બંધ કરીને અને પ્રાર્થના અધૂરી મૂકીનેજ એકદમ ઉભી થઈ ગઇ; પણ રસિકલાલના આગ્રહથી તે પંક્તિઓ તેને પૂરી કરવી પડી, અને " વન્સ—મોર " કહી એક વધુ વખત ગાવા હવે તો પ્રૉફેસર સાહેબેજ દરખાસ્ત મૂકી. કુસુમની વાદન-કળાનિપુણતા, તેનો સુમધુર કંઠ અને તેની માતૃભાષાપ્રતિ ભક્તિ એ સર્વેની આજે પ્રૉફેસર સાહેબ ઉપર ચમત્કારિક અસર થઇ. તેઓ ઘણા ખુશ થઈ ગયા અને પોતાને આવી પત્ની મળવા માટે ભાગ્ય-શાળી માનવા લાગ્યા. કુસુમને માટે નવા વર્ષની ભેટ તરીકે લીધેલાં એરિંગ તેને આપવાની આ કરતાં બીજી કયી સુંદર તક હોઇ શકે ?

(૫)

પ્રૉફેસર સાહેબે બે સુંદર એરીંગ ગજવામાંથી કાઢીને હારમો-નિયમની કોરપર મૂકીને કહ્યું:—" આ એક એરિંગ હમણા અમને જે અપૂર્વ આનંદ મળ્યો તે બદલ અને આ એક આજના બેસતા વર્ષની મારા તરફની દેવીને ભેટ !"

કુસુમ તેને પ્રૉફેસરના હાથમાં પાછાં મૂકી દઇને બોલી—" હું એને શું કરૂં ?"

પ્રૉફેસરઃ—અરે ! વાહ ! આ કેવો પ્રશ્ન ? શું કરૂં તે કાન શણગારો, જો જો ખાવાબાવાની વસ્તુ નથી, વખતે ભૂલમાં મોંમાં મૂકી દેતાં !

સૌ હસી પડયાં; પણ કુસુમ જરા ભારેખમ થઇને બોલી, "મારે તમારી આવી ભેટ નથી જોઇતી."

પ્રૉફેસરઃ—"ત્યારે શું જોઇએ છે ? પેલી પારસણોના જેવી મગમાળા કે રાયણમાળાથી દેવીને શણગારાવું છે ?"

કુસુમઃ—"ના, તે પણ નહિ."

પ્રૉફેસરઃ—"ત્યારે વળી શું જોઇએ છે ? સ્પષ્ટજ કહી દોને કે પ્રકરણ ટુંકમાંજ પતે."

કુસુમઃ—"એમ તે કંઇ કહી દેવાતું હશે ? અમારા બોલ કંઇ કિંમત વગરના નથી. હમણા હું માગું અને તમે આ કાને સાંભળીને પેલા કાનેથી કાઢી નાખો તો ?"

પ્રૉફેસરઃ—"આજે બેસતા વર્ષને દિવસેજ તમારો શુકન નહિ રાખીશ એટલો બધો અવિશ્વાસ ?"

કુસુમઃ—"અવિશ્વાસ તો ખરોજ. તમે પુરુષ લોકો આ પ્રમાણે કેટલીએ વાર અમને મોંએ મીઠું મીઠું પીરસીને રાજી કરી દો છો; પણ પાછળથી તેમાંનું કશુંજ નહિ. એક વાર પતીજ ગુમાવનારનો પછી કોણ ભરોંસો કરે ?"

પ્રૉફેસરઃ—"ત્યારે કહો તો દસ્તાવેજ કરી આપું ?"

કુસુમઃ—"ના, મારે દસ્તાવેજ નથી જોઇતો પણ આ રસિકભાઇ જામીન થાય તો બસ !"

રસિકલાલ બોલી ઉઠયાઃ—"અરે ભાઇ, આ તમારા ઝગડામાં વળી મને કયાં હોમો છો ? તમે તો વખતે રાણી થઇ બેસવાનું માગો તો પછી મારે નલિનીકાન્તભાઇને કયા રાજાના સિંહાસનપર બેસાડવા ?"

કુસુમઃ—"આવીજ મિત્રતાને ? આટલોએ વિશ્વાસ નથી કે ? મારી આગળ પણ જામીન નથી થઇ શકતા તો જરૂર પડયે સરકાર

દરબારમાં તો ઉભાએ શેનાજ રહો ? ”

રસિકભાઈ ઝાંખા પડયા અને જામીન થવા કબૂલ થયા.

કુસુમઃ—“ જુઓ ફરીથી કહું છું—મારો બોલ હવામાં ન ઉડી જાય. માગું તે આપવું પડશે. પણ એટલી શાંતિ રાખજો કે હું કંઇ હાથી ઘોડા માગવાની નથી. તમારાથી સહેલાઇથી બની શકે એવુજ માગીશ. ”

નલિનીકાન્તઃ—“ હજી અવિશ્વાસ ! જુઓ રસિકભાઇ, જાણે એ લોકો હરિશ્ચંદ્રનો અવતાર નહિ હોય ને ? અને આપણે તો બધા જૂઠ્ઠાજ ! ”

કુસુમઃ—“ સારૂં ત્યારે, હવે જોઉં છું કે કેવુંક બોલ્યુ પાળો છો ? પણ હું માગું તે પહેલા મારા એક પ્રશ્નનો ઉત્તર આપો. ધારો કે કોઇ છોકરીની મા બહુજ દુર્દશામાં આવી પડી હોય ત્યારે તેની જરા પણ પરવા કર્યા સિવાય તે છોકરી પોતાને સુંદર વસ્ત્રાભૂષણ મળે તેટલાંથીજ સુખ માની શકશે ? ”

નલિનીઃ—“ સારી છોકરી હોય તો નજ માને. માતાનું દુઃખ તેને સાલવુંજ જોઇએ. માતા દુર્બળ ને છોકરાં—”

કુસુમઃ—“ બસ ! મારા સાહેબ, એટલુંજ મારે કહેવડાવવુ હતું. કહો ત્યારે, મારી માતૃભાષા બિચારી કેવી દુર્દશામાં આવી પડી છે ? એ બિચારીનું એકે અંગ પણ પૂરૂં ઢંકાયલું છે ખરૂ ? ”

“ આવી અવસ્થામાં તે પોતાની બંગાળી, દક્ષિણી વગેરે શણગારવતી સખીઓ આગળ કેવી શરમાતી ફરે છે ? **મારી માતા ઉઘાડી ને છોકરી ફૅનસી ?** એ તે કેમ બને ? ”

હું તે એ એરીંગ કે મગમાળા કેમ પહેરી શકું ? માટે જો મને શણગારવી હોય તો પહેલાં આજથી **ગુજરાતી સાહિત્યની સેવા**

કરતા રહેવાની પ્રતિજ્ઞા લો. જોજો હવે ફરી જતા, રસિકભાઇ, જોખમદાર તમે છો હો !"

પ્રૉફેસરઃ—"પ્રિયે ! ધન્ય તારો માતૃભાષા ઉપરનો પ્રેમ ! આખરે વરસોને અંતે પણ તું મને જીતી શકી—અરે ! કર્ત્તવ્યપથપર દોરી શકી. આજથી હું હવે આપણી માતૃભાષાની સેવા યથાશક્તિ અવશ્ય કરતો રહીશ."

વાચક બ્હેનો, અને બંધુઓ ! કુસુમના માતૃભાષા ઉપરના આ અગાધ પ્રેમથી આપના કોઇ સગા સ્નેહીમાં "સાહેબ બની ગયલાથી તે ગુજરાતી કેમ લખાય ?" એવું ભૂત ભરાઇ ગયલું હોય તો તે કઢાવવાનો પ્રયત્ન કરવાનું ધ્યાનમાં લેશો કે ? બોલો એક વખત—

"ગુજરાતી ભાષાના જયશ્રીરંગ વિરાજો."



રૂ. ૮ાા નો ઉત્તમ ધર્મગ્રંથ દિવાળી સુધી માત્ર ૨ા માં !

ભગવતી ભાગવત

અથવા 'દેવીભાગવત'

વેદધર્મ સભાવાળું ઉત્તમ ભાષાન્તર.

અગાઉ રૂ. ૮ાા થી નીકળેલા ગ્રંથની આ નવીન આવૃત્તિ, શ્લોકના અંક, મ્હોટા અક્ષર, જાડા કાગળ, તથા પાકાં સોનેરી પૂંઠાં સહિત તૈયાર છે. પૃષ્ઠ ૯૫૦ છતાં માત્ર રૂ. ૨ાા. દિવાળી સુધી ૨ા અને ૧૯૭૨ આખર સુધી ૨ાા.

આ ગ્રંથના નામ ઉપરથી તેને કોઇ વામમાર્ગીઓનો ગ્રંથ ન માની લે, તે અર્થે જણાવવાનું કે,–'વેદધર્મસભા' જેવી કાળજીથી પસંદગી કરનારી સંસ્થાએ તેનું ભાષાંતર કરાવીને પ્રથમ છપાવ્યો હતો; અને અનેક સાધુચરિત્ર ગૃહસ્થો તથા વિદ્વાનો તેને વિષ્ણુભાગવત કરતાં ચ્હડીયાતો અને તેમાંનો ઘણોખરો ઉપદેશ વેદાનુકૂળ તથા ઉપકારક માને છે.

આ પુરાણના વાચનથી શોધકવૃત્તિવાળા વિદ્વાનોને જગતના અતિ પ્રાચીન ઇતિહાસ સંબંધી માહિતી મળી શકે તેમ છે; જિજ્ઞાસુજનોને આમાં ઠેકાણે ઠેકાણે વેદ અને ઉપનિષદના ગૂઢ આધ્યાત્મિક ઉપદેશો સરળ રૂપમાં ગોઠવાયલા જણાશે; સર્વ સજ્જનોને એમાંથી નીતિ, ધર્મ, ભક્તિ ઇ૦ ઉત્તમ વિષયોથી ભરપૂર પુષ્કળ સુબોધક કથાઓનો લાભ મળી શકશે; અને સ્ત્રીવર્ગ માટે મહાન સતીઓનાં અનેક અસરકારક આખ્યાનો આ ગ્રંથમાં આવેલાં જણાશે. પો. ૦ાાના

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ ૨ અને અમદાવાદ.

૯—સહાયસ્વીકાર

ગત ૭ માસમાં મળેલી નીચે પ્રમાણેની આર્થિક સહાય આભાર સહિત સ્વીકારવામાં આવી છે.

૧૫—૦—૦ શેઠ પ્રાણજીવનદાસ નારણદાસના પુન્યાર્થે, હા. શેઠ રણછોડદાસ નારણદાસ સોલીસીટર, મુબઇ તા. ૨૬—૩—૧૫.
૧—૦—૦ રા. સુંદરલાલ મોતીલાલ શાહ. અમદાવાદ તા.૨૫—૧૨—૧૪.
૫—૦—૦ સ્વામીશ્રી ભૂમાનંદજી મારફત અંકેવાળીઆ ધર્માદાફંડ તરફથી તા. ૧૫—૫—૧૫.
૨૫—૦—૦ શેઠ અમરચંદ માધવજીની કુ. રંગુન તા. ૫—૬—૧૫.
૫—૦—૦ શ્રીમાન મણિલાલ મગનલાલ શાહ,અમદાવાદ તા.૧૭—૯—૧૫
૧—૦—૦ શ્રીમાન તાપીદાસ હીરાચંદ, સુરત તા. ૧૫—૭—૧૫.
૧—૦—૦ શ્રીમાન ત્રિભુવન ત્રિકમજી—ભાવનગરઃ તા. ૧૪—૧૦—૧૫.

ગ્રંથમાળા ઇ૦ ના પ્રચારમાં આ વર્ષમાં સહાયકરનાર સજ્જનોની નામાવલિ ધન્યવાદ સહિત નીચે આપવામાં આવે છે.

મગનલાલ મૂલજીભાઈ પટેલ વાંધાડીઆ, હીમ્મતલાલ પિતામ્બરદાસ પરીખ મુબઈ, હરિવલ્લભ ઉમિયાશંકર મ્હેતા ઝાડેશ્વર, ડૉકટર નાથુભાઇ દેવશંકર સુવાલા, મોહનલાલ નાગજી ગાંધી ધોરાજી, આણંદરાય શિવાભાઇ પટેલ અમદાવાદ, વ્રજલાલ દલપતભાઈ શેઠ ધરમપુર, છોટાલાલ ડાહ્યાલાલ મ્હેતા ગદગ, થીઓસોફિકલ સોસાઇટીના સેક્રેટરી કરાંચી, ડૉકટર બલવંતરાય ઝવેરીલાલ કીમ, વેલજી મોરારજી મ્હેતા કુંભકોનમ, માધવજી જીવાભાઇ પઢીઆર જુનાગઢ, ઠાકોરદાસ ચુનીલાલ કાંટાવાળા કપડવંજ, પ્રાગજી ડોસજી કાનાબાર થરા, શાહ રણછોડદાસ વરજીવનદાસ પેટલાદી મુંબઈ, અમૃતલાલ મણિશંકર વૈદ્ય મુબઇ, પોપટલાલ ગોકુલદાસ મીસ્રી મુંબઇ, કિશોરભાઇ કુબેરભાઇ પટેલ સાસ્તાપુર, નરોતમ રામશંકર પાઠક ઇટોલા, ત્રિભુવનદાસ કલ્યાણજી કનૈયા ચોરડી, ડાહ્યાભાઇ પુરૂષોત્તમ એણાસણ, નારણદાસ મ્હાવજી ઠક્કર દીલ્હી, ચુનીલાલ હીરાલાલ ગોધરા,

મુનિમહારાજ શ્રી નાનચંદજી લીંબડી, દલપતરામ કાળિદાસ પંચોલી વઢવાણ, બાવાજી ભુરાભારતી ગોઆરીઆ, છોટાલાલ માનસંગ કામદાર જેતપુર, ગોરધનદાસ હરિવલ્લવદાસ કાસરવાળા ઠાસરા, કાશીભાઈ બાપુભાઇ દેશાઇ રોહ, ત્રિભુવન દયારામ જોશી હિમ્મતનગર, દોલતરામ નૃસિંહરામ ભટ્ટ ભાલજ, દલપતરામ ગૌરીશંકર નવલખી જામનગર, દલપતરામ હરિરામ ભટ્ટ માંડવી, નારણજી પુરુષોત્તમ સાંગાણી મુંબઇ, ઘેલાભાઇ પ્રભુદાસ દલાલ મોરબી, અબદુલા હસનઅલી મામુવાળા સિદ્ધપુર, ચીમનભાઇ મોતીભાઈ પટેલ નીમેટા, ત્રિકમજી પ્રેમજી સરવૈઅર જામ-ખંભાલીઆ, ગોવિંદભાઈ એન. પટેલ માઉસમીટ, મંગલદાસ છબીલદાસ તલાટી કરાંચી, ભીમજી હરજીવન પરીખ મઢડા, મહાશંકર અંદરજી દવે રાજકોટ, સુખલાલ છગનલાલ સંઘવી ભરૂચ, ડોસુભા રત્નસિંહજી જાડેજા, માધવરામ અમ્બારામ ત્રિવેદી દીલ્હી, રેવાશંકર લાલજી માસ્તર જેતપુર, ગોરધનદાસ કહાનદાસ અમીન સિનોર, વેલજી જૂ. હાથી માંડવી, હરગોવિંદ ભગવાનજી ભાવનગર, કે. એલ. શાહ ભરૂચ, જુઠાલાલ છબીલદાસ માસ્તર કચ્છ માંડવી, મુલજી દયાલજી કરાંચી, ચંપકરામ રામજી વૈદ્ય કાલાવડ, નટવરલાલ ગિરધરલાલ શાહ સિનોર, હરજીવન જીણાભાઇ જેતપુર, નામદાર હીરાંકુંવરી બાસાહેબ ધ્રાંગધ્રા, નથુભાઈ નેમીદાસ પારેખ કચ્છમાંડવી, માણેકલાલ વૃંદ્રાવનદાસ સરવૈયર કડાણા, રામનારાયણ કલકત્તા, પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર કેશોદ, સોમેશ્વર છગનલાલ કીશોરામપાટણ, દીનશા બે માણેકશા વલસાડ, મૂલજીમલ ઈશ્વરદાસ ઠઠ્ઠા-સિંધ, ઝીણાભાઈ ડાહ્યાભાઇ વલસાડ, શંભુલાલ માસ્તર બખરલા, આણંદરાય મગનલાલ પંડિત વડોદરા, કરસનદાસ જીવણદાસ દોશી કચ્છમાંડવી, આણંદજી નાગરદાસ જુનાગઢ, કુમારશ્રી નૃસિંહદેવજી ધરમપુર, નૃસિંહલાલ ધનીમલ ભાટિયા ઠઠ્ઠા-સિંધ, મોતીભાઈ નાથાભાઈ પટેલ સંખેડા, નવનીતરાય કે. માંકડ આદોણી, મણિલાલ મથુરદાસ છત્રપતિ જંબુસર, ચત્રભુજ ઠાકરસી જોશી કુંભકોનમ, ચંદુલાલ જયશંકર પંડયા ઇંદોરકેમ્પ, કઠવાડીઆ મોહન બાવા હીમ્મતબાવા વાલીઆ, કેશવલાલ આત્મારામ કડી, અમૃતલાલ મો. પરીખ રતલામ.

ગ્રંથસ્વીકાર

નીચેનાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારી વાચકવર્ગની જાણ માટે તેનાં નામ, મૂલ્ય, કદ, ઈ. નીચે આપવામાં આવે છે. એમાંનાં પુસ્તક લેવા ઇચ્છનારે અમને ન લખતાં તેના માલીકનેજ લખવું.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' તરફથી પ્રસિદ્ધ થયેલાં—

૧. **ગુજરાતી ભાષાનો કોશ**—(વ્યંજન વિભાગ—**क**) રોયલ આઠ પેજી પૃષ્ઠ ૧૫૨, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું, કિં. રૂ. ૦ાા

૨. **મહાભારતની સમાલોચના**—અનુવાદક: મોહનલાલ પાર્વતીશંકર દવે એમ. એ., એલ. એલ. બી., સુપરરૉયલ સોળ પેજી પૃષ્ઠ ૨૫૨, કાગળ ગ્લેઝ, પૂઠું પાકું, કિં. રૂ. ૦ાાા

૩. **હિન્દ સામ્રાજ્ય**—વૉલ્યુમ ૪ થું. ભાષાન્તર કર્ત્તા: સ્વ. રા. બ. દુર્લભજી ધરમસી વેદ. સુપરરૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૪૩૨, કાગળ ગ્લેઝ, પૂઠું પાકું સોનેરી નામ સાથે, કિં. રૂ. ૧).

૪. **મિરાતે સિકંદરી**—ભાષાન્તર કર્ત્તા: આત્મારામ મોતીરામ દીવાનજી બી. એ., સુપરરૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૪૯૨, કાગળ ગ્લેઝ, પૂઠું પાકું, કિં. રૂ. ૧).

'સસ્તી વાર્તામાળા'નાં પુસ્તકો.

વ્યવસ્થાપક ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા:—કદ સુપરરૉયલ ૧૬ પેજી, કાગળ ગ્લેજ ૪૦ રતલી, દરવર્ષે પૃષ્ઠ ૧૫૦૦, વાર્ષિક મૂલ્ય રૂ. ૨, પાકાં પૂઠાં સાથે રૂ. ૩, પોસ્ટેજ માફ.

૧. **શાહેનશાહ જહાંગીર**—(વર્ષ ૨ જું પુસ્તક ૭–૮) લેખક: રતનલાલ ચીમનલાલ દેસાઇ. પૃષ્ઠ ૨૧૬.

૨. **મહારાષ્ટ્રીય કથાકુંજ**—(વર્ષ ૨ જું પુસ્તક ૯–૧૦) લેખકઃ છોટુભાઈ દાજીભાઈ દેશાઇ. પૃષ્ઠ ૩૦૪.

૩. **ઉમાજી નાયક**—(વર્ષ ૨ જું પુસ્તક ૧૧–૧૨) લેખકઃ ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા. પૃષ્ઠ ૨૫૬.

'જ્ઞાનવર્ધક પુસ્તકમાળા'નાં પુસ્તકો–

૧ **હાસ્ય મંદિર.**—કર્તાઃ રા. બ. રમણભાઇ મહિપતરામ નીલકંઠ તથા સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠ બી. એ., ડેમી આઠ પેજી, પૃષ્ઠ ૨૦૦, કાગળ ગ્લેજ, પૂઠું સોનેરી કિં. રૂ. ૧ા.

૨ **ગોપાળ કૃષ્ણ ગોખલે.**—(સચિત્ર જીવન ચરિત્ર) ભાષાન્તર કર્તા–જીવનલાલ અમરશી મહેતા, રૉયલ આઠ પેજી, પૃષ્ઠ ૮૮, કાગળ ગ્લેજ, પૂઠું બૉર્ડપટીનું, કિં. રૂ. ૦ાા

પ્રવેશ ફીના આઠ આના ભરીને ગ્રાહક થનારને આ માળાનાં દરેક પુસ્તક અર્ધી કીંમતે અપાય છે. મેનેજર રા. રા. જીવણલાલ અમરશી મહેતા. ઠે. પીરમશાહ રોડ–અમદાવાદ.

'વિજયકૃષિમાળા' દ્વારા નીકળેલાં–

લેખક તથા પ્રકાશકઃ વજેરામ મોતીચંદ રતનસી નાગોરી. મુ. જામનગર. કદ રૉયલ ૧૬ પેજી, કાગળ ગ્લેજ, પૂઠાં સાદાં. પ્રત્યેક મણકાનો રૂ. ૦ા, પરંતુ ખેડુતને માટે ચારે પુસ્તકના પોસ્ટેજ બદલ માત્ર ૦)– ની ટીકીટો પ્રકાશકપર મોકલવાથી મફત મોકલવા તેમણે જણાવ્યું છે. આ પુસ્તકોના લેખક મદ્રાસ તરફની ખેતીવાડીની કૉલેજમાં અભ્યાસ કરી ચૂકેલા ખેતીવાડી ખાતાના અનુભવી છે. આ ચારે ન્હાની બૂકોમાં ખેડુતવર્ગ માટે જે ઉપયોગી બાબતોનો તેમણે સંગ્રહ કર્યો છે, અને તેની સાથે ખેડુતવર્ગના માણસોને માત્ર પોસ્ટેજ ખર્ચ લઇને ચારે પુસ્તકો મોકલવાની જે ઉદારતા તેમણે દર્શાવી

છે તે અત્યંત ધન્યવાદને પાત્ર છે. ગરીબ, અજ્ઞાન, નિર્બળ ભારતને આવા ઉદારાત્માઓની જરૂર છે. પોતાનાં લખાણોની વિદ્વત્તા અને તે પાછળની મહેનતની મ્હોટી કિંમત પોતાથી ઉતરતા દેશબંધુઓ માટે આંકનારા તેમ કરવાને સ્વતંત્ર છે, પરંતુ પરહિત માટે તે સર્વ વાતને બાજુ મૂકી ઉલટી છપામણી વગેરે ઘરનું ખર્ચનાર નરદેવોની વાત જૂદીજ છે. આવા સજ્જનોને આવાં કાર્યોમાં સહાય આપવી એ પ્રત્યેક સમજુ ધનિકનું કર્ત્તવ્ય છે. આ ઉપયોગી છતાં મફત મળતી બૂકો ૦)– ની ટીકીટો બીડીને મેળવવામાં પણ જેમને સુસ્તી રહેતી હોય તેમને પણ ધન્ય છે !

મણકો ૧ લો (જમીન) રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૬૦.

મણકો ૨ જો (ખેડ અને તેનાં ઓજાર) પૃષ્ઠ ૪૮.

મણકો ૩ જો (ખાતર અને તેની સંભાળ) પૃષ્ઠ ૭૨.

મણકો ૪ થો (બીયાં અને તેની સાચવણુ) પૃષ્ઠ ૭૨.

સનાતન ધર્મની ગર્જનાઓ–

પ્રકાશકઃ મણિલાલ મગનલાલ ત્રિવેદી, મંત્રી શ્રી 'સનાતન ધર્મ પુસ્તકપ્રસારક મંડળ' અમદાવાદ—

વર્ષ ૨ જું ગર્જના ૬ થી ૧૦. (બ્રહ્મચર્યવ્રતનું દૌર્લભ્યઃ) લેખક પીતાંબર ગોવિંદરામ ભટ્ટ, રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૪૪, કાગળ ૨૬, પૂઠું સાદું, કિં. રૂ. ૦।

વર્ષ ૨ જું, ગર્જના ૧૧–૧૨. (વિચારવિનાનો આચાર તથા વિવેક વિનાની વિદ્યા) રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૮૮, કાગળ ૨૬, પૂઠું સાદું, કિં. રૂ. ૦)≈.

'દિગમ્બર જૈન' માસિક પત્ર–સુરતની ભેટો.

૧. સાગાર ધર્મામૃત–(પૂર્વાર્દ્ધ) **હિંદી ભાષાનુવાદકઃ**– પંડિત લાલારામ જૈન, ઇન્દોર, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૩૧૨, કાગળ

ગ્લેજ, પૂઠું સાદું, કિં. રૂ. ૧ાા.

૨. **શ્રાવિકા સુબોધ–અનુવાદકઃ** આશાલાલ અમૂલખ શાહ સુરત. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૨૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. રૂા. ૦।≈.

૩. **રૂપસુંદરી–અનુવાદકઃ** આશાલાલ અમૂલખ શાહ સુરત. ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૬૬, કાગળ ગ્લેઝ, પૂઠું આર્ટપેપરનું, કિં. રૂ. ૦ા

૪. **હિન્દી ભક્તામર ઔર પ્રાણપ્રિય કાવ્ય**—(હીંદી) લેખકઃ પનાલાલ વિહારીલાલ વિસાના (હાથરસ), ક્રાઉન બત્રીસ પેજી, પૃષ્ઠ ૪૦, કાગળ ગ્લેઝ, પૂઠું આર્ટપેપરનું, કિં. રૂા. ૦)–

'દિગંબર જૈન' માસિક પત્રનું વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સાથે રૂ. ૧–૧૨–૦ છે. આ માસિક પત્ર પોતાના જૈન વાચકોને ઉપયોગી થાય તેવાં દરવર્ષે આઠ દસ પુસ્તકો ભેટ આપે છે. તેમાંની આઠમા વર્ષ પૈકી ચાર ભેટો ઉપર જણાવેલાં પુસ્તકોની છે. હિંદુસ્તાનભરમાં કોઇ પણ ધાર્મિક કે બીજું માસિક આટલી અને આવી ભેટો આપતું હોય એમ અમારી જાણમાં નથી. ગ્રંથદાન અને જ્ઞાનપ્રચારનો મહિમા સમજનાર જૈન ધનિક બંધુઓ અને બ્હેનો તથા તેમને તેવે માર્ગે વાળનાર વિરક્ત જૈન ધર્મગુરુઓ તરફની સહાયતા આવા કાર્યમાં બહુ ઉપકારક થઇ પડે છે. પુણ્ય–દાનના પ્રસંગોપર પોતાના દ્રવ્યનો આવા માર્ગે સદુપયોગ કરનાર–કરાવનાર અવશ્ય ઉત્તમ પુણ્યને પ્રાપ્ત કરે છે, અને જે માનવના નિમિત્તે તે કરાય છે તેના આત્માને એથી સહાય પહોંચે છે એ નિઃસંશય છે. આવા ઉત્તમ કાર્યની વ્યવસ્થા ચલાવનાર સુરતનિવાસી શ્રીયુત મૂળચંદ કિસનદાસ કાપડિયા પ્રત્યે અમારો સપ્રેમ ધન્યવાદ છે. અમારા હિંદુ ભ્રાતાઓ ક્યારે આવા માર્ગે વળશે ? સ્વચરણમાં સેવા ધરાવનારા સ્વાર્થી ધર્મગુરુઓનું સ્વાર્થીપણું સમજશે અને કંઇક સ્વતંત્ર અક્કલ ચલાવતાં શીખશે ત્યારે !

બીજી માળાઓ તરફથી નીકળેલાં–

ગુલસાના અથવા આદર્શ અબળા—('કથાકુંજ નવલકથા માળા' વર્ષ ૧ લું પુસ્તક ૬–૭–૮). પ્રયોજક તથા પ્રકાશકઃ વ્રજલાલ જાદવજી ઠક્કર–અમદાવાદ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૦૦, કાગળ ગ્લેઝ, પૂઠું બૉર્ડ પટીનું. કિં. રૂ. ૧–૦–૦.

બેકનના નિબંધો—(ઉપયોગી જ્ઞાનમાળા વર્ષ ૧ લું મણકો ૧ લો) અનુવાદક તથા પ્રકાશકઃ રત્નસિંહ દીપસિંહ પરમાર, અમદાવાદ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૬૦, કાગળ રફ, પૂઠું સાદું, કિં. રૂા. ૦।=.

ચેતન–કર્મ ચરિત્ર—(સસ્તી જૈન ગ્રંથમાળા–પ્રથમ મણકો) લેખકઃ જીવણલાલ કસનદાસ કાપડીઆ. પ્રકાશકઃ મૂળચંદ કસનદાસ કાપડીઆ સુરત. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૨૧૦, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું. કિં. રૂા. ૦।. આ માળાનું વાર્ષિક ૪૦૦ પૃષ્ઠનું મૂલ્ય પો. સાથે રૂ. ૦॥ છે.

બીજાં પુસ્તકો–

શ્રીહિતોપદેશ માળા પાંચમી-(શ્રી ઉપયોગી ખાસ અંક) પ્રકાશકઃ ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, ૬૧, વાલકેશ્વર મુબઇ. રૉયલ ચાર પેજી, પૃષ્ઠ ૬૮, કાગળ ગ્લેજ, પૂઠું કાગળનું, કિં. લખી નથી. મંડળના મેમ્બરને આ માળા મફત મોકલવામાં આવે છે, અને તેમાં સ્ત્રીવર્ગ માટે ઉપયોગી વિષયો અપાતા રહે છે.

સંસારસાર અને બ્રહ્મવિચાર—લેખક તથા પ્રકાશકઃ અંબાલાલ દામોદર જોશી, કપડવંજ. રૉયલ બાર પેજી પૃષ્ઠ ૨૭૨, કાગળ ગ્લેઝ, પૂઠું સોનેરી, કિં. રૂ. ૧॥

દયારામ કૃત કાવ્યમણિમાલા–ભાગ ૧ લો. સંગ્રાહક તથા

પ્રકાશકઃ નારાયણદાસ પરમાનંદદાસ શાહ, ઠે. કુંભારટુકડા, ગીરગામ, મુંબઇ નં. ૪. રૉયલ બાર પેજી, પૃષ્ઠ ૨૬૦, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, કિં. રૂ. ૧ા.

દેશ દેશની માર્મિક વાતો—લેખકોઃ હરિલાલ માણેકલાલ દેશાઇ બી. એ. અને કલ્યાણરાય નથુભાઇ જોશી બી. એ., પ્રકાશકઃ મોહનલાલ મનઃસુખરામ શાહ બુકસેલર વડોદરા. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૧૨, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, કિં. રૂ. ૦ાા.

સ્ત્રીશૃંગાર—લેખક તથા પ્રકાશકઃ એસ્તરબાઇ ખીમચંદ પોરબંદર. સુપરરૉયલ, સોળ પેજી પૃષ્ઠ ૩૧૬, કાગળ ગ્લેજ, પુઠું પાકું, કિં. રૂ. ૧ા.

કમલિની—('સુંદરીસુબોધ'ના દશમા તથા બારમા વર્ષની ભેટ) **ભાષાન્તર કર્તાઃ** સ્વ. સૌ. ઉર્મિલા દયારામ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૨૫૬, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિ. રૂ. ૧).

નૃસિંહ નીતિ—લેખક તથા પ્રકાશકઃ કવિ નરસિંહરામ જેઠાભાઇ અમરેલી (કાઠીઆવાડ). રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૩૬, કાગળ ગ્લેજ, પૂઠું સાદું કિં. રૂ. ૦ાા.

શ્રી નવપદ માહાત્મ્ય અને વિશસ્થાનકાદિ તપ ગુણ વર્ણનમ્—યોજકઃ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ, પ્રસિદ્ધ કર્તાઃ શ્રી જૈન યુવકમંડળ, સાણંદ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૬૮, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. ૦)

મહાત્મા શ્રીલવજી સ્વામીનું જીવનચરિત્ર—કર્તાઃ મુનિશ્રીજેઠમલજી, પ્રકાશકઃ કેશવલાલ શામળજી ચોવટીઆ ઠે. ઉપરકોટ, જુનાગઢ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૦૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. અમૂલ્ય.

પ્રાણ ચિકિત્સા—**પ્રસિદ્ધ કર્તાઃ** પ્રભુશંકર નરભેરામ વ્યાસ–તંત્રી,

'ચંદ્રપ્રકાશ' સુરત. ડેમી સોળ પેજી, પૃષ્ઠ ૪૮, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. ૦)≡ પોસ્ટેજ સાથે.

શ્રી રૂદ્રાક્ષ જાબાલોપનિષત્—અનુવાદક: દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદી બી. એ. **પ્રસિદ્ધ કર્તા:** પ્રભુશંકર નરભેરામ વ્યાસ, તંત્રી 'ચંદ્રપ્રકાશ' સુરત. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૮૪, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું. કિં. ૦।=.

મુમુક્ષુ ભજનાવળી—રચનાર: સ્વામી શ્રી સ્વયંપ્રકાશ તીર્થ, પ્રસિદ્ધ કર્તા: પરી ચીમનલાલ જેઠાલાલ માંડવીની પોળ, અમદાવાદ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૬, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું કિં. ૦)−

મોલાકત એવરત વિધિ—કર્તા: મુનિ શ્રીકૃષ્ણજી સ્વામી. પ્રસિદ્ધ કર્તા: માસ્તર વલ્લભજી મેઘજી શાહ જુનાગઢ. રૉયલ સોળ પેજી, પૃષ્ઠ ૫૬, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું, કિં. ૦)=

સ્વર્ગ પ્રાપ્તિ—**અનુવાદક** તથા **પ્રકાશક:**—નરસિંહલાલ ધમનમલ ભાટિયા નગરઠઠ્ઠા (સિંધ) રૉયલ સોળપેજી, પૃષ્ઠ ૫૬, કાગળ ગ્લેઝ પૂઠું સાદું, કિં. ૦)≡

યજ્ઞ—કર્તા તથા પ્રકાશક: નરસિંહલાલ ધમનમલ ભાટિયા નગરઠઠ્ઠા (સિંધ) રૉયલ સોળપેજી, પૃષ્ઠ ૨૪, કાગળ ગ્લેઝ, પૂઠું કાગળનું, કિં. ૦)−

સાચો વિશ્વાસ—**અનુવાદક** તથા **પ્રકાશક:** મણિલાલ છોટાલાલ પારેખ બી. એ. સાન્તાક્રુજ (થાણા) સુપરરૉયલ બત્રીસ પેજી, પૃષ્ઠ ૪૦, કાગળ ગ્લેઝ, પૂઠું સાદું. કિં. લખી નથી.

મહારાણા હમ્મીરસિંહ—લેખક: જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ એમ. એ., પ્રકાશક: હીરાલાલ વસંતદાસ ધર્મવિજય પ્રેસ અમદાવાદ. ડેમી આઠ પેજી, પૃષ્ઠ ૧૨૬, પૂઠું પાકું, કિં. ૦ાા.

પરચુરણ પુસ્તકો—

૧ ભક્તિનો ઉપદેશક, ૨ શ્રીપ્રભુ પદાલય, ૩ દેવાવિલાસ, ૪ વેદ ઝરોખો, ૫ તત્ત્વ ઝરોખો.

રિપોર્ટો—

૧. નડિયાદ હિંદુ અનાથાશ્રમનો ૧–૮–૧૩ થી ૩૧–૭–૧૫ સુધીનો.
૨. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇ. સ. ૧૯૧૪ ના વર્ષનો.
૩. અમદાવાદ વનિતાવિશ્રામનો સંવત ૧૯૭૦–૭૧ નો.
૪. શેઠ રામજી જસરાજ વાલજી લોહાણા ઑર્ફનેજ અને બૉર્ડિંગ હાઉસ—જોડીયાનો ૧૯૬૮ ના આસો શુદી ૧૦ થી ૧૯૭૦ ના અષાડ શુદી ૨ સુધીનો.
૫. ચોરવાડ મિત્રમંડળ લાઇબ્રેરીનો ઇ. સ. ૧૯૧૪ નો.
૬. શ્રી ચોરવાડ ગિરનારા વિદ્યાર્થીભુવન ઇ. સ. ૧૯૧૪ નો.
૭. દાદાભાઇ નવરોજી લાયબ્રેરી અને ફ્રી રીડીંગ રૂમનો ૧–૪–૧૪ થી ૩૧–૩–૧૫ સુધીનો.
૮ સમસ્ત ગુજરાત પૈસાફંડ—અમદાવાદનો પ્રથમ રિપોર્ટ.

ધ્યાન આપો—

ગુજરાતીના બળાપાનો રસીયો—એની કેટલીક જૂદી નકલ છપાવી છે તે, તથા આ સાથે વહેંચાયલાં **સં. ૧૯૭૨ નાં તિથિ-પત્ર** તથા આ ખાતાનાં હાલ નવીન છપાયલાં **ટુંકાં હેન્ડબીલ,** એ ત્રણે વસ્તુઓ યોગ્ય માણુસોમાં ફેલાવવા સારૂ મંગાવનારને વિના મૂલ્યે તથા વિના પોસ્ટેજે શિલક હશે ત્યાં સુધી મોકલવામાં આવશે. કેટલી કેટલી પ્રત, તે વાત પત્રમાં લખવા ભૂલવું નહિ.

આ સંસ્થામાંથી મળતાં પુસ્તકો.

શ્રીમદ્ ભગવતી ભાગવત–રૂ. ૨ાા ૧૯૭૨ આખર સુધી. ૨ાા
શ્રી શાન્તિપર્વ–મહાભારતનું. રૂ. ૨ાા, ૨૬ કાગળ. ... ૨)
શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ–ભાગ ૧ લો. ... ... ૩)
સ્વામી રામતીર્થ–ભાગ ૧ થી ૫. ... ... ૧ા
શ્રીમદ્ ભાગવત ભાષાન્તર– ... ... ૨)‌=
શ્રી શિવાજી છત્રપતિ– રૂ. ૦ાા, મધ્યમવૃત્તિ ૧) ઉંચી ૧ા
આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદ્યરાજ– .. ૧ાા
રાજસ્થાનનો ઈતિહાસ–ગ્રંથ ૧ લો. ૨, ૨ાા, ૩ાા
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–ફરી ૧૯૭૨ માં છપાશે. ૧ાાા
શ્રીમદ્ ભગવદ્ગીતાના ગુટકા–૦)= ૦)‌≡ ૦ા તથા ૦ાા વાળા.
એકાદશ સ્કંધ– ... ...પાકું પૂઠું ૦ા=ાા સોનેરી ૦ાા
સદ્ગુણી બાળકો– ... ... કાપડી પૂઠું ૦ા
સુબોધ રત્નાકર–૦ા–ાા, **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**– ૦)≡.
આર્યધર્મનીતિ– ... ... પાકું પૂઠું ૦ાા, સાદુ પૂઠું ૦ા
મનહરપદ– ... ... પાકું પૂઠું ૦ા, સાદું પૂઠું ૦)=ાા
વસિષ્ઠ સારગીતા–૦ાા=. **સુબોધ છત્રીશી**– ૦ાાા
ભગવાનની છબી ૦)– **જ્ઞાનપટ સોપાનપટ**– ૦)–

દરેકનું પોસ્ટેજ જૂદું છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

કાલબાદેવી રોડ, ભાંગવાડી, હાથીબિલ્ડીંગ ત્રીજે માળે–**મુંબઈ. ૨**
તથા, ત્રણ દરવાજા બહાર નદીએ જવાને રસ્તે–**અમદાવાદ.**

જે પ્રભુએ આપ્યું હોય તો સત્‌પાત્રે દાન કરી પરલોકનું ભાથું બાંધી લ્યો.

લક્ષ્મીનો વાસ.

એક દિવસ ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને પૂછ્યું–"પ્રિયે! સ્ત્રીજાતિમાં તમારો વાસ ક્યાં ક્યાં છે? લક્ષ્મીજીએ જવાબ આપ્યો:–

"પ્રભો! જે સ્ત્રી માતપિતા, સાસુસસરા આદિ વડિલોની પૂજા કરે છે, અને પતિ ઉપર પ્રેમ રાખે છે તેને ત્યાં મારો વાસ છે.

જે સ્ત્રી સુંદર સુંદર વસ્ત્રાલંકારોથીજ નહિ પણ સદાચારથી પોતાના અંગને શણગારે છે, કંકણોથીજ નહિ [illegible] પોતાના હાથને શોભાવે છે, નવા નવા અભિલાષોને [illegible] નહિ થતાં આત્મ સંયમનેજ વશ થાય છે, સર્વ પ્રાણી [illegible] વર્તી સદા [illegible] રહે છે અને [illegible] મધુર વાણીથી બોલે છે તેને ત્યાં મારો વાસ છે.

જે સ્ત્રી સદા ઉદ્યોગી, સંતોષી [illegible] [illegible] [illegible] રહીને પોતાના કુટુંબને અને [illegible] છે તેને ત્યાં મારો વાસ છે.

જે સ્ત્રી પોતાની [illegible] બાળબચ્ચાંની, પતિની, અને [illegible] કુટુંબીજનોની [illegible] રાખે છે, અભ્યાગતને પ્રીતિપૂર્વક [illegible] વહેંચે છે અને [illegible] તેને ત્યાં મારો વાસ છે.

જે સ્ત્રી સૂર્યોદય [illegible] ઉઠીને દૈવ, વાળ, હાથ, [illegible] અને ઘરની તમામ ચીજો સાફસુફ [illegible] છે, કામ [illegible] ઘર [illegible] જાય છે, અને પતિને અને [illegible] પ્રેમપૂર્વક આનંદમાં રાખે છે તેને ત્યાં મારો વાસ છે."